દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ/2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 240 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ આશ્વિન સુદ-૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 9 October 2024, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૯ ઓક્ટોબર ૨૦૨૪, (૧૮ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ ૧૧ ૧૨ ૧૩ ૧૪ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# હરિયાણામાં ભાજપની હેટ-ટ્રિક: જમ્મુ-કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સ



**જમ્મુ-કાશ્મીર**

| | |
|---|---|
| કુલ | ૯૦ |
| બહુમતી | ૪૬ |
| એનસી | ૪૨ |
| ભાજપ | ૨૯ |
| કૉંગ્રેસ | ૬ |
| પીડીપી | ૩ |
| અન્ય | ૧૦ |

ચંડીગઢ/શ્રીનગર: હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે એક્ઝિટ પોલના પરિણામને ખોટા ઠેરવીને સતત ત્રીજી વખત સત્તા કબજે કરી છે. ભાજપનો જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ચૂંટણીમાં પણ દેખાવ સારો રહ્યો છે.

જમ્મુ અને કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સ અનેક વર્ષો પછી સત્તામાં આવવામાં સફળ થાય એવી પૂરી શક્યતા છે. તેને એકલા હાથે સંપૂર્ણ બહુમતી સાબિત કરવા થોડી બેઠક ઓછી પડી છે, પરંતુ તે કૉંગ્રેસના ટેકા સાથે રાજ્યમાં સરકાર રચી શકે છે.

હરિયાણાના મુખ્ય પ્રધાન અને ભાજપના નેતા નાયબસિંહ સૈનીએ કુરુક્ષેત્રની લાડવા બેઠક પરથી કૉંગ્રેસના મેગા સિંહને હરાવ્યા હતા. તેમણે નજીકના હરીફ કૉંગ્રેસના ઉમેદવારને ૧૬,૦૦૦ કરતાં વધુ મતથી હરાવ્યા હતા.

દેશની સૌથી શ્રીમંત મહિલા અને ભાજપના સાંસદ નવીન જિંદલનાં માતા સાવિત્રી જિંદલ હિસારની બેઠક પરથી અપક્ષ ઉમેદવાર તરીકે કૉંગ્રેસના ઉમેદવાર રામનિવાસ રાણાને ૧૮,૯૪૧ મતના તફાવતથી હરાવીને જીતી હતી.

કૉંગ્રેસનાં ઉમેદવાર અને ભૂતપૂર્વ કુસ્તીબાજ વિનેશ ફોગાટે ભાજપના યોગેશકુમારને જુલન બેઠક પરથી હરાવ્યા હતા.

હરિયાણા વિધાનસભાના સ્પીકર અને પંચકુલાના વિધાનસભ્ય જ્ઞાનચંદ ગુપ્તા કૉંગ્રેસના ચંદર મોહનની સામે ૧,૯૯૭ મતના તફાવતથી હાર્યા હતા. ચંદર મોહન હરિયાણાના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન સ્વ. ભજનલાલના મોટા દીકરા છે.

આઇએનએલડીના અભય ચૌટાલા કૉંગ્રેસના ઉમેદવાર ભરતસિંહ બેનીવાલની સામે ૧૫,૦૦૦ કરતાં વધુ મતના તફાવતથી હાર્યા હતા.

કૉંગ્રેસના નેતા ભૂપેન્દ્રસિંહ હૂડાએ રોહતાક જિલ્લામાંની ગઢી સમ્પલા-કિલોઇની બેઠક પરથી ભાજપના ઉમેદવારને હરાવીને આ બેઠક પોતાની પાસે જાળવી રાખી હતી.

ભાજપના વરિષ્ઠ નેતા અનિલ વીજ અંબાલા કેન્ટની બેઠક પરથી અપક્ષ ઉમેદવાર ચિત્રા સરવરાને હરાવીને જીત્યા હતા.

કેન્દ્રના પ્રધાન એમ. એલ. ખટ્ટરે હરિયાણાની ચૂંટણીના પરિણામ જાહેર થયા બાદ જણાવ્યું હતું કે મતદારોએ મોદી સરકારની નીતિ, સિદ્ધિ અને કાર્યને ધ્યાનામાં રાખીને ભાજપના ઉમેદવારોને જિતાડ્યા છે.

જમ્મુ અને કાશ્મીરમાં ઓમર અબદુલ્લા બડગામ અને ગંદેરબલની બેઠક પરથી જીત્યા હતા.

નેશનલ કોન્ફરન્સના યુવા પ્રમુખ સલમાન સાગરે હઝરતબલની બેઠક પરથી વિજય મેળવ્યો હતો. તેમણે પીડીપીના નેતા અને ભૂતપૂર્વ પ્રધાન આસિઆ નકાશને ૧૦,૦૦૦થી વધુ મતથી હરાવ્યા હતા.

જમ્મુ અને કાશ્મીરમાં ભાજપના દર્શન કુમારે જમ્મુના કઠુઆ જિલ્લાની બશોલી બેઠક પરથી કૉંગ્રેસના ચૌધરી લાલ સિંહને હરાવ્યા હતા.

નેશનલ કોન્ફરન્સના નઝીર અહેમદ ખાને જમ્મુ અને કાશ્મીરની ગુરેઝ (અનુસૂચિત જનજાતિ)ની બેઠક પરથી ભાજપના ફકીર મહંમદ ખાનને ૧,૧૩૨ મતના તફાવતથી હરાવ્યા હતા.

નેશનલ કોન્ફરન્સનાં સકીના મસૂદે ડીએચ પોરા બેઠક પરથી પીડીપીના હરીફ ગુલઝાર દરને ૧૭,૦૦૦ જેટલા મતના તફાવતથી હરાવ્યા હતા.

જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં આમ આદમી પાર્ટી (આપ) મેહરાજ મલિકે પોતાના પક્ષનું ખાતું ખોલાવ્યું હતું. તેમણે ભાજપના ઉમેદવારને ૪,૫૩૮ મતના તફાવથી હરાવ્યા હતા.

માર્ક્સવાદી નેતા એમ. વાય. તારીગામીએ દક્ષિણ કાશ્મીરના કુલગામ બેઠક પરથી સતત પાંચમી વખત વિજય મેળવ્યો હતો.

જમ્મુ અને કાશ્મીરમાંના ભાજપના વડા રવીન્દ્ર રૈના નૌશેરા બેઠક પરથી નેશનલ કોન્ફરના નેતા સુરીન્દર ચૌધરીની સામે ૭,૮૧૯ બેઠકના તફાવતથી હારી ગયા હતા. (એજન્સી)■



**હરિયાણા**

| | |
|---|---|
| કુલ | ૯૦ |
| બહુમતી | ૪૬ |
| ભાજપ | ૪૮ |
| કૉંગ્રેસ | ૩૭ |
| આઈએનએલડી | ૨ |
| આપ | ૦ |
| અન્ય | ૩ |

## કોલકાતાની આરજી કર હૉસ્પિટલના ૫૦ સિનિયર ડૉક્ટરનાં રાજીનામાં

કોલકાતા: મૃત્યુ પામેલી મહિલા ડૉક્ટર માટે ન્યાયની માગણી કરી રહેલા તબીબોના સમર્થનમાં આરજી કર મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલના ૫૦ સિનિયર ડૉક્ટરોએ રાજીનામાં આપ્યાં હતાં, એવી માહિતી હૉસ્પિટલનાં સૂત્રોએ આપી હતી. મંગળવારે સવારે સરકાર દ્વારા સંચાલિત હૉસ્પિટલના વિભાગીય વડાની બેઠકમાં સામૂહિક રાજીનામાં આપવાનો નિર્ણય લેવાયો હતો.

એક સિનિયર ડૉક્ટરે માહિતી આપી હતી કે મંગળવારે વિભાગના વડાની બેઠક યોજાઈ હતી. એ હૉસ્પિટલના ૫૦ સિનિયર ડૉક્ટરોએ રાજીનામા પત્રમાં સહી કરી છે. મહિલા તબીબને ન્યાય અપાવવા માટે લડતા જુનિયર ડૉક્ટરોને ટેકો આપવા આમ કરાયું છે.

એનઆરએસ મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલના સિનિયર ડૉક્ટરો પણ કર હૉસ્પિટલના તેમના સાથીદારોનું અનુસરણ કરે એવી સંભાવના છે. જુનિયર તબીબો તેમની માગણીઓના સમર્થનમાં છેલ્લા ચાર દિવસથી આમરણાંત ઉપવાસ પર ઊતર્યા છે. તબીબોના પ્લેટફોર્મે ઉપવાસ પર ઊતરેલા તબીબોની હાલત અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે આ તબીબો કેમ્પસ લોકશાહી અને દર્દીને સુગમતા મળે એવી સિસ્ટમ માટે લડી રહ્યા છે. (એજન્સી)■

## બાંગ્લાદેશી તસ્કરોનો ભારતીય ક્ષેત્રમાં બીએસએફ પર હુમલો

નવી દિલ્હી: ત્રિપુરામાં સાલપોકર નજીક સરહદી વિસ્તારોમાં સોમવારે ભારતીય વિસ્તારમાં પોતાના સાથીઓ સાથે ઘૂસણખોરી કરનારા એક બાંગ્લાદેશી તસ્કરને બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ) જવાનોએ જવાબી કાર્યવાહીમાં ઠાર માર્યો હતો. સત્તાવાર સૂત્રોએ આ માહિતી આપી હતી. સૂત્રોએ જણાવ્યું કે તીક્ષ્ણ હથિયારોથી સજ્જ બાંગ્લાદેશી તસ્કર ભારતમાં દાણચોરી કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ગ્રૂપમાં ૧૨ થી ૧૫ તસ્કરો સામેલ હતા અને આ ઘટના સોમવારે સાંજે લગભગ ૬ વાગ્યે ત્રિપુરાના ગોકુલ નગરના સાલપોકરમાં બની હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે ફરજ પરના બીએસએફના જવાનોએ તસ્કરોને જોયા અને જ્યારે જવાનોએ એક તસ્કરને ઝડપ્યો ત્યારે તસ્કરોએ સૈનિકો પર હુમલો કરી દીધો હતો.

સૂત્રોએ જણાવ્યું હતું કે લગભગ ૪૦ મીટર દૂરથી હવામાં ફાયરિંગ કરાયું હતું. ત્યારબાદ કેટલાક બદમાશો બાંગ્લાદેશ પાછા ભાગી ગયા હતા. અન્ય લોકોએ બીએસએફ જવાનને ઘેરી લીધો અને તેના પર ધારદાર હથિયારથી હુમલો કર્યો અને તેને પકડીને નીચે ફેંકી દીધો હતો. બાદમાં પોતાનો જીવ બચાવવાનો પ્રયાસ કરતાં સૈનિકે પોતાની ગનમાંથી ફાયરિંગ કરતા અન્ય બદમાશો બાંગ્લાદેશ ભાગી ગયા હતા.

સૂત્રોએ માહિતી આપી હતી કે આ વિસ્તારમાં શોધખોળ કર્યા બાદ એક બાંગ્લાદેશી દાણચોર મૃત હાલતમાં મળી આવ્યો હતો. આ અથડામણમાં ઘાયલ જવાન હાલમાં સારવાર હેઠળ છે. ■

## હવાઇદળને વધુ શક્તિશાળી અને સ્વાવલંબી બનાવીશું: ઍર ચીફ માર્શલ

ચેન્નઇ: ઍફ સ્ટાફના વડા અને ઍર ચીફ માર્શલ અમર પ્રીત સિંહે મંગળવારે જણાવ્યું હતું કે અમે દેશના હવાઇદળને વધુ શક્તિશાળી અને સ્વાવલંબી બનાવવા સતત પ્રયાસ કરતા રહીશું.

ભારતીય હવાઇદળના ૯૨મા સ્થાપના દિન નિમિત્તે અહીંથી નજીકમાં આવેલા તાંબારામ ઍર ફોર્સ સ્ટેશન ખાતે કવાયતનું નિરીક્ષણ કર્યા બાદ તેમણે જણાવ્યું હતું કે વિશ્વમાં હાલમાં અનેક દેશ વચ્ચે લડાઇ ચાલી રહી છે અને તેમાં સાબિત થયું છે કે રાષ્ટ્રની સુરક્ષામાં હવાઇદળ મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. ઍર ચીફ માર્શલ અમર પ્રીત સિંહે જણાવ્યું હતું કે હવાઇદળના વાર્ષિક દિનનો થીમ 'ભારતીય વાયુ સેના: સક્ષમ, સશક્ત અને આત્મનિર્ભર' છે. દેશના હવાઇદળને સ્વાવલંબી બનાવવા માટે વિવિધ પ્રયાસ થઇ રહ્યા છે. દેશમાં હવે યુદ્ધવિમાનો અને જરૂરી શસ્ત્રો તેમ જ સાધનસામગ્રીનું ઉત્પાદન થઇ રહ્યું છે અને તેને લીધે તેઓની આયાત કરવી નથી પડતી.

તેમણે જણાવ્યું હતું કે દેશમાં ૬૧ વર્ષના સમયગાળા બાદ બહુરાષ્ટ્રીય હવાઇ કવાયત 'તિરંગ શક્તિ' યોજાઇ હતી અને તેમાં ૩૧ દેશે ભાગ લીધો હતો.

'તિરંગ શક્તિ'નો પ્રથમ તબક્કો તમિળનાડુના સુલુરમાં અને બીજો તબક્કો રાજસ્થાનના જોધપુરમાં યોજાયો હતો. (એજન્સી)



**સ્થાપના દિન:** ભારતીય હવાઈદળના ૯૨મા સ્થાપના દિનની ઉજવણી વખતે ચેન્નઈના તાંબારામમાંના ઍર ફોર્સ સ્ટેશન ખાતે હવાઈદળના જવાનો. (પીટીઆઇ)

## મધ્યપ્રદેશમાં પાણીના ગ્રાહકોની પેનલની ચૂંટણી બાદ અથડામણમાં ૧૪ ઘાયલ

ખરગોન: મધ્ય પ્રદેશના ખરગોન જિલ્લામાં સ્થાનિક પાણી ગ્રાહક સમિતિની ચૂંટણી પછી બે જૂથો વચ્ચેની અથડામણમાં ૧૪ લોકો ઘાયલ થયા હોવાની માહિતી પોલીસે મંગળવારે આપી હતી.

એક અધિકારીએ જણાવ્યું હતું કે, ભીકનગાંવ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના જળ ઉપભોક્તા સમિતિના વિજય સરઘસ દરમિયાન સોમવારે રાત્રે ખજુઆ ગામમાં આ ઘટના બની હતી.

સમિતિ નહેરો અને સિંચાઈની જાળવણી અને દેખરેખ માટે જવાબદાર છે.

ભીકનગાંવના પોલીસ સબ ડિવિઝનલ ઓફિસર રાકેશ આર્યએ જણાવ્યું હતું કે, ચૂંટણીમાં હારેલા લોકોના સમર્થકોનાં ઘર આગળથી વિજય સરઘસ પસાર થયું ત્યારે વિવાદ થયો હતો.

ભીકનગાંવ પોલીસ સ્ટેશનના પ્રભારી રામેશ્વર ઠાકુરે જણાવ્યું હતું કે, આ વિવાદને કારણે એક જ સમુદાયના સભ્યો ધરાવતા બે જૂથો વચ્ચે અથડામણ થઈ હતી.

એક જૂથના નવ અને બીજાના પાંચ લોકો ઘાયલ થયા હતા. તેમણે જણાવ્યું હતું કે ગંભીર રીતે ઘાયલ લોકોને જિલ્લા હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. પોલીસે પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી અને એફઆઈઆર નોંધી વધુ તપાસ શરૂ કરી હતી. ■

## ભૌતિકશાસ્ત્રનું નોબેલ પારિતોષિક બે જણને મળ્યું

સ્ટોકહોમ: જૉન હોપફિલ્ડ અને જેફ્રી હિલ્ટનને 'મશીનના બિલ્ડિંગ બ્લોક્સ'ને લગતી શોધ માટે ભૌતિકશાસ્ત્રનું નોબેલ પારિતોષિક આપવાની મંગળવારે જાહેરાત કરાઇ હતી.

નોબેલ પારિતોષિક માટેની સમિતિએ જણાવ્યું હતું કે મશીનની કામગીરી શીખવામાં મદદરૂપ થાય એવી પદ્ધતિ વિકસવામાં પાયાનું કામ કરનારા બે ભૌતિકશાસ્ત્રીને આ વખતે અવૉર્ડ અપાશે.

જૉન હોપફિલ્ડે પ્રિન્સ્ટન યુનિવર્સિટીમાં અને જેફ્રી હિલ્ટને ટોરન્ટો યુનિવર્સિટીમાં સંશોધન કર્યું હતું.

ગયા વર્ષે ત્રણ ભૌતિકશાસ્ત્રીને અણુની નાભિને ફરતે ભ્રમણ કરતા ઇલેક્ટ્રોન્સ અંગેના સંશોધન બદલ નોબલ પારિતોષિક અપાયું હતું.

અમેરિકાના વિક્ટર એમ્બ્રોસ અને ગેરી રુવકનને મેડિસિન માટે નોબેલ પારિતોષિક આપવાની સોમવારે જાહેરાત કરાઇ હતી. ભૌતિકશાસ્ત્રના નોબેલ પારિતોષિક વિજેતાને ૧.૧ કરોડ સ્વિડિશ ક્રોનોર (અંદાજે દસ લાખ ડૉલર) અપાય છે.

રસાયણશાસ્ત્ર માટેના નોબેલ પારિતોષિક વિજેતાનું નામ બુધવારે અને સાહિત્ય માટેના અવૉર્ડ વિજેતાનું ગુરુવારે જાહેર કરાશે.

શાંતિ માટેના નોબેલ પારિતોષિક વિજેતાનું નામ શુક્રવારે અને અર્થશાસ્ત્ર માટેના પારિતોષિક વિજેતાનું નામ ૧૪ ઑક્ટોબરે જાહેર કરાશે. (એજન્સી)■

## મોરોક્કોના સહારાના રણમાં વિરલ વરસાદ પડ્યો

રાબત (મોરોક્કો): દાયકાઓ પછી સહરાના રણમાં મુશળધાર વરસાદ પડ્યો છે અને આને લીધે રણપ્રદેશના રેતીના ટેકરામાં તથા પામ ઝાડમાં પાણી વહેવા માંડ્યું હતું અને ઠેર ઠેર પાણીની ખાડી સર્જાઈ છે. પાણી રેતી અને બગીચામાં ઘૂસતાં મોરોક્કો અને અલજેરિયામાં ૨૦ જણ મૃત્યું પામ્યાં હતાં તથા ખેડૂતોના પાકને નુકસાન થયું હતું. આને લીધે સરકારને તાકીદનું રાહત ભંડોળ આપવું પડ્યું હતું. આમાંનો થોડો વિસ્તાર એ છે જ્યાં ગયા વર્ષે ભૂકંપે તારાજી કરી હતી.

અગ્નિ મોરોક્કોમાં આવેલું સહરાના રણની ગણના વિશ્વના સૌથી સુકા પ્રદેશમાં થાય છે અને ઉનાળાના ઉત્તરાર્ધમાં ત્યાં ભાગ્યે જ વરસાદ પડે છે.

મોરોક્કોની સરકારે કહ્યું હતું કે સપ્ટેમ્બરમાં બે દિવસના વરસાદે અનેક વિસ્તારોમાં વાર્ષિક સરેરાશને પણ આંબી દીધી હતી. આ વિસ્તારોમાં વર્ષે સરેરાશ ૨૫૦ મિલિમીટરથી ઓછો વરસાદ પડે છે. ટાટામાં સૌથી વધારે વરસાદ પડ્યો હતો. રાજધાની રબાતથી ૪૫૦ કિલોમીટર દક્ષિણે આવેલા તેગૌનાઈટમાં ૨૪ કલાકમાં ૧૦૦ મિલિમીટરથી વધારે વરસાદ પડ્યો હતો.

તોફાનને લીધે દાયકાઓમાં ન જોવા મળ્યો હોય એવો વરસાદ પડ્યો છે અને પાણી સહરાની રેતી અને રણપ્રદેશના ઝાડોમાં વહી રહ્યું છે. અનેક સહેલાણીઓ રણ જોવા આવે છે અને પાણીના ખોબોચિયા જોઈને તેમને આશ્ચર્ય થયું હતું. રહેવાસી પણ આવા દૃશ્ય જોઈને દંગ થઈ ગયા હતા. મોરોક્કોના હવામાન ખાતાના ડિરેક્ટર હુસૈન યોયાબેબે કહ્યું હતું કે ૩૦થી ૫૦ વર્ષ પછી આટલા ટૂંકા સમયમાં આટલો બધો મુશળધાર વરસાદ પડ્યો છે. હવામાનશાસ્ત્રી આને માટે કટીબંધીય તોફાનને જવાબદાર ગણે છે. આવાં તોફાનોને લીધે મહિના કે વર્ષોમાં આ વિસ્તારનું હવામાન બદલાઈ જશે. હવા વધુ ભેજ જાળવી રાખશે અને વધુ તોફાનો આવશે. મોરોક્કોમાં સતત છ વર્ષથી દુકાળ પડવાથી પડકારો ઊભા થયા છે. ખેડૂતોએ જમીન પડતર છોડી છે અને શહેરો તથા ગામોમાં પાણીના વપરાશનું રેશનિંગ કરવું પડ્યું છે.

જોરદાર વરસાદને લીધે ભૂગર્ભમાં જળનો જથ્થો વધશે અને રણપ્રદેશમાં પાણી પૂરું પાડવામાં મદદ મળશે.

સપ્ટેમ્બરના વરસાદને લીધે પ્રદેશનાં જળાશયો વિક્રમી ઝડપે ભરાઈ રહ્યાં છે. જોકે આનાથી દુકાળની અસર કેટલી ઓછી થશે એ કહેવું મુશ્કેલ છે. ■

## હૈદરાબાદ ક્રિકેટ એસોસિએશન મની લૉન્ડરિંગ કેસમાં અઝહરુદ્દીન ઇડી સમક્ષ હાજર થયો

હૈદરાબાદ: ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન અને કૉંગ્રેસના નેતા મોહમ્મદ અઝહરુદ્દીન મંગળવારે હૈદરાબાદ ક્રિકેટ એસોસિએશનમાં કથિત નાણાકીય ગેરરીતિઓ સાથે જોડાયેલા મની લૉન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) સમક્ષ હાજર થયા હતા.

સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે ઇડી તેમની પૂછપરછ કરશે અને પ્રિવેન્શન ઓફ મની લૉન્ડરિંગ એક્ટ હેઠળ તેમનું નિવેદન રેકોર્ડ કરશે.

૬૧ વર્ષીય ભૂતપૂર્વ સંસદસભ્યને ૩ ઑક્ટોબરે ફતેહ મેદાન રોડ પર આવેલી તેની ઑફિસમાં એજન્સી સમક્ષ સૌપ્રથમ જુબાની આપવાનું કહેવામાં આવ્યું હતું, પરંતુ તેમણે નવી તારીખ માગી હતી અને તેથી તેમને ૮ ઑક્ટોબરના રોજ બોલાવવામાં આવ્યા હતા.

આ તપાસ હૈદરાબાદ ક્રિકેટ એસોસિએશનમાં કથિત નાણાકીય ગેરરીતિઓ સાથે સંબંધિત છે જેમાં ઇડીએ ગયા વર્ષે નવેમ્બરમાં તપાસ શરૂ કરી હતી.

એસોસિએશનમાં પ્રમુખ તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન અઝહરુદ્દીનની ભૂમિકા એજન્સી તપાસ હેઠળ છે.

ભૂતપૂર્વ ભારતીય સુકાની તરફથી કોઈ તાત્કાલિક પ્રતિસાદ મળ્યો ન હતો.

ગયા વર્ષે તેલંગાણા પોલીસ દ્વારા કેસની નોંધણી બાદ, તેણે કહ્યું હતું કે તેના પર લગાવવામાં આવેલા આરોપો ''ખોટા'' અને ''પ્રેરિત'' હતા અને તે તેમની પ્રતિષ્ઠાને બગાડવા માટે તેમના હરીફો દ્વારા ''માત્ર એક સ્ટંટ'' હતો. ■

## કિમે ફરીથી દક્ષિણ કોરિયા, અમેરિકા સામે પરમાણુ હથિયારોનો ઉપયોગ કરવાની ધમકી આપી

સિઓલ: ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉને ફરીથી ચેતવણી આપી છે કે તે દક્ષિણ કોરિયા અને અમેરિકા સાથે સંભવિત સંઘર્ષમાં પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરી શકે છે, કારણ કે તેણે ઉત્તર કોરિયાને ઉશ્કેરવાનો અને કોરિયન દ્વીપકલ્પ પર દુશ્મનાવટ વધારવાનો આરોપ મૂક્યો હતો, તેવો અહેવાલ રાજ્ય મીડિયા મંગળવારે આપ્યો.

નિષ્ણાતોના કહેવા પ્રમાણે કિમે અસંખ્ય વખત અગાઉ પણ પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરવા માટે આવી ધમકીઓ જારી કરી છે, પરંતુ તેની નવીનતમ ચેતવણી આવતા મહિને યુએસ પ્રમુખપદની ચૂંટણી પહેલા ઉત્તર કોરિયા દુશ્મનાવટ વધારી શકે છે.

ઉત્તરની સત્તાવાર કોરિયન સેન્ટ્રલ ન્યૂઝ એજન્સી અનુસાર ''કિમ જોંગ ઉન યુનિવર્સિટી ઑફ નેશનલ ડિફેન્સ'' નામની યુનિવર્સિટીમાં સોમવારે આપેલા ભાષણમાં, તેણે કહ્યું હતું કે ''જો તેઓ ઉત્તર કોરિયા સામે સશસ્ત્ર દળોનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરશે તો ઉત્તર કોરિયા તેના દુશ્મનો સામે તેની તમામ હુમલા ક્ષમતાઓનો ખચકાટ વિના ઉપયોગ કરશે.''

''આ કિસ્સામાં પરમાણુ હથિયારોના ઉપયોગને નકારી શકાય નહીં,'' એમ તેમણે કહ્યું.

કિમે જણાવ્યું હતું કે ઉત્તર કોરિયાની પરમાણુ પ્રતિસાદની શક્તિ સંપૂર્ણ રીતે વધારવી જોઈએ કારણ કે દક્ષિણ કોરિયા અને યુનાઇટેડ સ્ટેટ્સ સંયુક્ત પરમાણુ અને વ્યૂહાત્મક આયોજનના આધારે તેમના લશ્કરી જોડાણને મજબૂત બનાવવા દબાણ કરી રહ્યા છે, આ પગલું કોરિયન દ્વીપકલ્પમાં શક્તિનું સંતુલન તોડવાનું જોખમ વધારશે. ■

## ભારતે પૂરગ્રસ્ત નેપાળને ૪.૨ ટન રાહત સામગ્રી સોંપી

કાઠમંડુ : અહીંના ભારતીય દૂતાવાસે પૂરગ્રસ્ત નેપાળમાં સત્તાવાળાઓને સ્લીપિંગ બેગ, ધાબળા અને તાડપત્રી સહિતની કટોકટીની રાહત સામગ્રીની પ્રથમ ખેપ સોંપી હતી.

ભારતીય દૂતાવાસે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે સોમવારે સોંપવામાં આવેલ ૪.૨ ટન સહાય પુરવઠો નેપાળમાં તાજેતરના પાણીથી પ્રભાવિત પરિવારો માટે હતો.

ગયા મહિનાના અંતમાં સતત ધોધમાર વરસાદને લીધે ત્યાં વ્યાપક પૂર અને ભૂસ્ખલન આવ્યું હતું, જેના કારણે સમગ્ર નેપાળમાં ૨૪૦ થી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા.

આ માલ ભારત સરકાર વતી સેકન્ડ સેક્રેટરી નારાયણ સિંઘ દ્વારા બાંકેના મુખ્ય જિલ્લા અધિકારી ખગેન્દ્ર પ્રસાદ રિજલને સોંપવામાં આવ્યો હતો, એમ અખબારી યાદીમાં જણાવાયું છે. ■

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# હરિયાણા-કાશ્મીરનાં પરિણામો, ભાજપ માટે ચમત્કાર થઈ ગયો

હરિયાણા અને જમ્મુ તથા કાશ્મીર એ બંને વિધાનસભાની ચૂંટણીનાં પરિણામ આવી ગયાં અને આ પરિણામોએ રાજકારણની અનિશ્ચિતતાને ફરી છતી કરી દીધી. સાથે સાથે એક્ઝિટ પોલ ભરોસાપાત્ર નથી એ ફરી સાબિત કરી દીધું. હરિયાણામાં કૉંગ્રેસની સરકાર પાકી મનાતી હતી પણ પરિણામ કંઈક અલગ જ આવ્યાં ને ભાજપ હેટ્રિક કરીને ફરી સરકાર રચવાની સ્થિતિમાં છે. બીજી તરફ જમ્મુ અને કાશ્મીરમાં કૉંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સની સરકાર આવી ગઈ છે અને ભાજપને પછડાટ મળી છે.

આ પરિણામો ભાજપ માટે ખરેખર સારાં છે અને કૉંગ્રેસ માટે નિરાશાજનક છે કેમ કે બંને રાજ્યો ભાજપના હાથમાંથી જશે અને કૉંગ્રેસ બંને રાજ્યો કબજે કરશે એવી હવા જામેલી હતી. તેના બદલે ભાજપ હરિયાણામાં સત્તા જાળવવામાં સફળ થયો છે જ્યારે જમ્મુ અને કાશ્મીરમાં ભાજપની સરકાર રચાવાની વાત જ નહોતી.

જમ્મુ અને કાશ્મીરમાં ભાજપ એકલા હાથે સરકાર રચી શકે એવી સ્થિતિમાં જ નહોતો. ભાજપ ૬૩ બેઠકો પર જ ચૂંટણી લડેલો અને કાશ્મીર ખીણમાં તેનો પ્રભાવ નથી એ જોતાં ભાજપને સ્પષ્ટ બહુમતીની આશા નહોતી તેથી જમ્મુ અને કાશ્મીરનાં પરિણામો ભાજપ માટે બહુ આંચકાજનક નથી પણ હરિયાણામાં ભાજપને ચોક્કસ બોનસ મળ્યું છે. કોઈ ચમત્કાર જ ભાજપને જીતાડી શકે એવી હવા જામેલી હતી તેમાંથી ભાજપ એકલા હાથે સરકાર રચવાની સ્થિતિમાં છે.

હરિયાણાનાં પરિણામો ભાજપ માટે એ રીતે બોનસ છે કે હવે પછી યોજાનાર મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના કાર્યકરોનો જુસ્સો જળવાયેલો રહેશે. ભાજપ આ બે રાજ્યોમાં હારી ગયો હોત તો ભાજપનાં વળતાં પાણી શરૂ થઈ ગયાં છે, નરેન્દ્ર મોદીનો કરિશ્મા ખતમ થઈ ગયો છે એવી હવા જામી ગઈ હોત. રાજકારણમાં કાર્યકરો મહત્ત્વના છે ને કાર્યકરોમાં ઉત્સાહ ના હોય તો કોઈ પાર્ટી જીતી ના શકે એ જોતાં ભાજપના કાર્યકરોમાં હતાશા આવી ગઈ હોત તો તેની અસર બંને રાજ્યોમાં વર્તાઈ હોત. ભાજપ આ હતાશાના મારમાંથી બચી ગયો છે.

હરિયાણા નાનકડું રાજ્ય છે પણ તેમાં ભાજપની જીત એ રીતે મોટી છે કે ભાજપને લોકસભાની ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતી ન મળી પછી ભાજપ કઈ દિશામાં જવું એ અંગે અવઢવમાં હતો. મતલબ કે, ક્યા પ્રકારની વ્યૂહરચના અપનાવવી એ ભાજપે નક્કી કરવાનું હતું. હરિયાણામાં ભાજપે હિંદુત્વનો રાગ ફરી આલાપવા માંડ્યો ને તેનાં પરિણામ ભાજપને મળ્યાં છે તેથી વિચારધારાની રીતે પોતે ક્યાં રહેવું તેની સ્પષ્ટતા ભાજપને થઈ ગઈ છે.

જમ્મુ અને કાશ્મીરમાં ભાજપ આશા રાખતો હતો એવો દેખાવ થયો નથી પણ સાવ નિરાશાજનક દેખાવ પણ નથી. જમ્મુનો ગઢ સચવાયો છે એ તેના માટે મોટી વાત છે. જમ્મુ અને કાશ્મીરમાં કોંગ્રેસ પણ ફાયદામાં નથી. ફાયદામાં કોઈ હોય તો એ નેશનલ કોન્ફરન્સ છે. ભાજપે નેશનલ કોન્ફરન્સના પરિવારવાદને, અબ્દુલ્લા પરિવારના ભ્રષ્ટાચારને મુદ્દો બનાવેલો છતાં નેશનલ કોન્ફરન્સ એકલા હાથે સરકાર રચવાની સ્થિતિમાં આવી જવા જેટલી બેઠકો લઈ ગઈ એ મોટી વાત છે. સાવ પતી ગયેલા મનાતા અબ્દુલ્લા પરિવારે જબરદસ્ત વાપસી કરી છે એ સ્વીકારવું પડે.

આ પરિણામોએ એક્ઝિટ પોલની પોલ ફરી ખોલી દીધી. જમ્મુ અને કાશ્મીર તથા હરિયાણા એ બંને વિધાનસભા ચૂંટણીની ૯૦-૯૦ બેઠક માટે કરાયેલા એક્ઝિટ પોલ પૈકી મોટા ભાગના એક્ઝિટ પોલમાં હરિયાણામાં કૉંગ્રેસની સરકાર રચાવાની આગાહી કરાઈ હતી અને કૉંગ્રેસ સ્પષ્ટ બહુમતી સાથે સરકાર રચશે એવો દાવો કરાયો હતો જ્યારે જમ્મુ અને કાશ્મીરમાં કોઈને સ્પષ્ટ બહુમતી નહીં મળે એવી આગાહી થઈ હતી. હરિયાણામાં શરૂઆતનાં ટ્રેન્ડમાં કૉંગ્રેસને ૬૦ કરતાં વધારે બેઠકો મળી હોવાનું બતાવાયું ત્યારે લાગતું હતું કે, આ વખતે એક્ઝિટ પોલ સાચા પડી રહ્યા છે પણ ચૂંટણીનાં પરિણામ તેના કરતાં બિલકુલ અલગ આવ્યાં છે.

હરિયાણામાં કૉંગ્રેસની સરકાર આવશે ને દસ વર્ષથી જામેલા ભાજપને લોકો ઘરભેગો કરી દેશે એવા એક્ઝિટ પોલના દાવા સાવ ખોટા સાબિત થયા છે અને ભાજપ સળંગ ત્રીજી વાર સરકાર રચવામાં સફળ થશે એ નક્કી થઈ ગયું છે. ૨૦૧૪માં ભાજપને સ્પષ્ટ બહુમતી મળી પછી ૨૦૧૯માં સ્પષ્ટ બહુમતી નહોતી મળી અને ૪૦ બેઠકો મળતાં દુષ્યંત ચૌટાલાની જનનાયક જનતા પાર્ટી (જેજેપી)ના ટેકાથી સરકાર રચવી પડેલી. આ વખતે ભાજપને સ્પષ્ટ બહુમતી મળી છે એ જોતાં ભાજપ કોઈના પર નિર્ભર નહીં રહે ને પોતાની તાકાત પર સરકાર રચી શકશે.

જમ્મુ અને કાશ્મીરમાં પણ એ જ હાલત છે કેમ કે નેશનલ કોન્ફરન્સ અને કૉંગ્રેસના જોડાણને સ્પષ્ટ બહુમતી મળી ગઈ છે જ્યારે એક્ઝિટ પોલ કોઈને સ્પષ્ટ બહુમતી નહીં મળે એવી આગાહી કરતા હતા. જમ્મુ કાશ્મીર વિધાનસભા ચૂંટણીમાં ફારુક અબ્દુલ્લાની પાર્ટી નેશનલ કોન્ફરન્સ અને કૉંગ્રેસ સાથે મળીને ચૂંટણી લડ્યાં હતાં જ્યારે મહબૂબા મુફતીની પાર્ટી પીડીપી અને ભાજપે એકલા હાથે ચૂંટણી લડી હતી. આ સિવાય બીજા નાના નાના પક્ષો પણ મેદાનમાં હતા પણ એ બધાં ધોવાઈ ગયાં છે. મોટા ભાગનાં એક્ઝિટ પોલ નેશનલ કોન્ફરન્સ અને કૉંગ્રેસ જોડાણને સૌથી વધારે બેઠકોની આગાહી કરતા હતા પણ બંને સ્પષ્ટ બહુમતી મેળવીને સરકાર રચશે એવું ખોંખારીને કહેતા નહોતા. મોટા ભાગના એક્ઝિટ પોલ ત્રિશંકુ વિધાનસભાની આગાહી કરી રહ્યા હતા. કેટલાક પોલમાં કૉંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સ સ્પષ્ટ બહુમતી મેળવીને સરકાર રચશે એવી આગાહી કરી રહ્યા હતા પણ ૯૦ બેઠકોમાંથી કૉંગ્રેસ-નેશનલ કોન્ફરન્સનું જોડાણ ૫૦ બેઠકોના આંકડાને પાર કરશે એવું કોઈએ કહ્યું નહોતું.

ભાજપ પોતે સ્પષ્ટ બહુમતી મેળવીને સરકાર રચશે એવા દાવા જોરશોરથી કરતો હતો પણ કોઈ એક્ઝિટ પોલમાં ભાજપને ૩૫ કરતાં વધારે બેઠકો અપાઈ નહોતી ને સ્પષ્ટ બહુમતીમાં ભાજપનો પનો ટૂંકો પડી જશે એવું એક્ઝિટ પોલ કહેતા હતા. આ વાત સાચી પડી છે પણ કૉંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સ બંનેને સ્પષ્ટ બહુમતી મળશે એવું કોઈ કહેતું નહોતું. પરિણામોમાં નેશનલ કોન્ફરન્સ અને કૉંગ્રેસને મળીને ૫૨ બેઠકો મળી છે ને તેમાં પણ નેશનલ કોન્ફરન્સે એકલા હાથે ૪૨ બેઠકો જીતી છે. મહેબૂબા મુફતીની પીડીપી માત્ર ૨ બેઠકો જીતીને સમેટાઈ ગઈ છે.

ભાજપ અને કૉંગ્રેસ બંને માટે આ પરિણામો કહીં ખુશી કહીં ગમ જેવાં છે. તેના કારણે ઝારખંડ અને મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીઓ રસપ્રદ બની ગઈ છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), બુધવાર, તા. ૯-૧૦-૨૦૨૪, સરસ્વતી આહ્‌વાન,

- ભારતીય દિનાંક ૧૭, માહે આશ્વિન, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, આશ્વિન સુદ -૬
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે આશ્વિન, તિથિ સુદ-૬
- પારસી શહેનશાહી રોજ ૨૬મો આસતાદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૬મો આસતાદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૫મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૬ઠ્ઠો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર મૂળ મધ્યરાત્રિ પછી ક. ૨૯-૧૪ સુધી (તા. ૧૦મી) પછી પૂર્વાષાઢા.
- ચંદ્ર ધનુમાં • ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૩૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૯, સ્ટા. ટા. : મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :ઞ્
- ભરતીઃ બપોરે ક. ૧૪-૫૪, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૧૩ (તા. ૧૦)
- ઓટઃ સવારે ક. ૦૯-૦૪, રાત્રે ક. ૨૧-૦૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, આશ્વિન શુક્લ - ષષ્ઠી. સરસ્વતી આહ્‌વાન, ગુરુ વક્રી થાય છે, સૂર્ય મહાનક્ષત્ર હસ્ત, વાહન મોર.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ મૂળ જન્મનક્ષત્ર શાંતિ પૂજા, ઔષધ ઉપચાર, પરદેશગમનનું પસ્તાનું સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, વિદ્યારંભ, બી વાવવું, ધાન્ય ભરવું, પ્રાણી પાળવા, નિત્ય થતાં ખેતીવાડીના કામકાજ, બુધ-કેતુ ગ્રહદેવતાનું પૂજન
- નવરાત્રિ મહિમાઃ માં દુર્ગાની સાતમી શક્તિ "કાલરાત્રિ" છે. અત્યંત ભયાનક સ્વરૂપ વાળી માં કાલરાત્રિ નિત્ય શુભ ફળ આપે છે.આથી શુભંકારી એમ ઓળખાતી માંની સાધનાંથી ભય મુક્ત થવાય છે, ગ્રહ બાધાઓ દૂર થાય છે.દુષ્ટોનો વિનાશ થાય છે. સાતમા દિવસે શિવયોગી સાધક સહસ્ત્રાચાર ચક્રમાં માં કાલરાત્રીનું ધ્યાન ધરી મંત્ર જાપ કરે છે. માં જ્ઞાન આપી જ્યોતિસ્વરૂપ પરમાત્માના દર્શન કરાવે છે. પુરુષનું હૃદય કઠોર હોય છે તેથી શિવ ભગવાનની તપશ્ચર્યાની જ અતિ કઠોરતા ધ્યાનમાં પરિણમે છે અને માતાજીના આશીર્વાદથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ વૈચારિક અસ્થિરતા આવે. ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ સંગીતપ્રિય, ચંદ્ર-બુધ ચતુષ્કોણ પીઠ પાછળ નિંદા કરવાની આદત.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર-બુધ ચતુષ્કોણ (તા. ૧૦) ચંદ્ર વિષુવવૃત્તથી મહત્તમ દક્ષિણે ૨૮ અંશ ૩૯ કળાના અંતરે રહે છે. ગુરુ સ્તંભી થઇ વક્રી થશે.
- ગ્રહગોચરઃ સૂર્ય-કન્યા, મંગળ-મિથુન, બુધ-કન્યા, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-તુલા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# નેશનલ કોન્ફરન્સ-કૉંગ્રેસ ગઠબંધનના ૪૮ વિજેતામાં માત્ર બે હિન્દુ

જમ્મુઃ નેશનલ કોન્ફરન્સ (એનસી) અને કોંગ્રેસ ગઠબંધન ૪૮ બેઠકો જીતીને બહુમતીનો આંકડો પાર કરીને જમ્મુ અને કાશ્મીરમાં આગામી સરકાર બનાવવાની તૈયારીમાં છે, ત્યારે એવું જાણવા મળ્યું છે કે તેમના વિજેતામાં માત્ર બે હિન્દુ ચહેરાઓ છે જેઓ પ્રાદેશિક પક્ષની ટિકિટ પર ચૂંટણી જીત્યા છે. ભાગીદારોએ શીખ સમુદાયના કેટલાક સભ્યો સહિત ૩૦ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા.

જો કે, ૨૯ બેઠકો પર વિજય મેળવનાર ભાજપ પાસે ૨૮ હિંદુઓ અને એક શીખ સભ્ય છે. તેમના બે ભૂતપૂર્વ પ્રધાનો સહિત કોઈપણ મુસ્લિમ ઉમેદવારો જીતવામાં સફળ થયા નથી. નેશનલ કોન્ફરન્સના સુરિન્દર ચૌધરી જાયન્ટ કિલર તરીકે ઊભરી આવ્યા હતા જ્યારે તેમણે જમ્મુ અને કાશ્મીરના ભાજપના ચીફ રવિન્દર રૈનાને રાજૌરી જિલ્લાના નૌશેરા મતવિસ્તારમાંથી ૭,૮૧૯ મતોના માર્જિનથી હરાવ્યા હતા.

ભૂતપૂર્વ એમએલસી ચૌધરીએ ૩૫,૦૬૯ મત મેળવ્યા હતા જ્યારે રૈનાને ૨૭,૨૫૦ મત મળ્યા હતા.

રૈનાએ ૨૦૧૪ની વિધાનસભા ચૂંટણીમાં ચૌધરીને ૧૦,૦૦૦ મતોના માર્જિનથી હરાવીને નૌશેરા બેઠક જીતી હતી, જેઓ તે સમયે પીડીપીની ટિકિટ પર લડી રહ્યા હતા.

જો કે, ચૌધરીએ ગયા વર્ષે જુલાઈમાં નેશનલ કોન્ફરન્સમાં જોડાવા માટે પાર્ટી સાથેના તેમના એક વર્ષથી વધુ સમયના જોડાણને સમાપ્ત કરતા પહેલા ભાજપમાં જોડાવા માટે ૨૦૨૨માં પીડીપીમાંથી રાજીનામું આપ્યું હતું. અર્જુન સિંહ રાજુ રામબન વિધાનસભા સીટથી નેશનલ કોન્ફરન્સની ટિકિટ પર ચૂંટણી જીતનાર બીજો હિંદુ ચહેરો છે.

રાજુએ તેમના નજીકના હરીફ અને ભાજપના બળવાખોર ઉમેદવાર સૂરજ સિંહ પરિહારના ૧૯,૪૧૨ મતો સામે ૨૮,૪૨૫ મત મેળવ્યા અને ૯,૦૧૩ મતોના માર્જિનથી જીત નોંધાવી. ભાજપના ઉમેદવાર રાકેશ સિંહ ઠાકુર ૧૭,૫૧૧ મત મેળવીને ત્રીજા ક્રમે રહ્યા હતા.

નેશનલ કોન્ફરન્સે એક મહિલા સહિત નવ હિન્દુ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા, પરંતુ તેમાંથી માત્ર બે જ ઉમેદવારો જીતવામાં સફળ થયા હતા.

બીજી તરફ, કોંગ્રેસે ૧૯ હિંદુ અને બે શીખ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા, પરંતુ તેમાંથી કોઈ પણ જીત મેળવી શક્યું ન હતું.

બે ભૂતપૂર્વ પ્રધાનો સહિત ભાજપના ૨૫ મુસ્લિમ ઉમેદવારોમાંથી કોઈ પણ ચૂંટણી જીતી શક્યું ન હતું, જેમાંના મોટાભાગના લોકોએ તેમની સિક્યોરિટી ડિપોઝિટ ગુમાવી હતી, ખાસ કરીને કાશ્મીર ખીણમાં.

ભાજપે કુલ ૬૨ ઉમેદવારો ઉભા રાખ્યા હતા, પરંતુ જમ્મુ ક્ષેત્રમાં માત્ર ૨૮ હિંદુઓ અને એક શીખ ઉમેદવારે જ જીત મેળવી હતી. ■

# હરિયાણામાં ૦.૩૮ ટકાની સામે જમ્મુ-કાશ્મીરના ૧.૪૮ ટકા મતદારોએ નોટાને વોટ કર્યો

નવી દિલ્હીઃ જમ્મુ અને કાશ્મીરમાં હરિયાણા કરતાં વધુ મતદારોએ નોટા બટનનો ઉપયોગ કર્યો હોવાનું તાજેતરના ચૂંટણી પંચના આંકડા દર્શાવે છે.

૯૦ સભ્યોની હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં બે કરોડથી વધુ મતદારોમાંથી ૬૭.૯૦ ટકાએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. તેમાંથી ૦.૩૮ ટકા લોકોએ વોટિંગ મશીન પર ઉપરોક્તમાંથી એક પણ નહીં (નોટા) વિકલ્પનો ઉપયોગ કર્યો હતો.

જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ૯૦ બેઠકો માટે ત્રણ તબક્કામાં યોજાયેલી ચૂંટણીમાં કુલ મતદારોના ૬૩.૮૮ ટકાએ મતદાન કર્યું હતું. તેમાંથી ૧.૪૮ ટકા લોકોએ નોટા વિકલ્પ પસંદ કર્યો હતો.

વલણો અનુસાર બે ટકાથી વધુ મતદારોએ નોટાનો વિકલ્પ પસંદ કર્યો છે. જે વિકલ્પ પસંદ કરવામાં મતદારોની સતત અનિચ્છા દર્શાવે છે.

૨૦૧૩ માં રજૂ કરાયેલી ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીનો પરના નોટા વિકલ્પનું પોતાનું પ્રતીક બેલેટ પેપરમાં કાળા ક્રોસમાં જોવા મળે છે.

સપ્ટેમ્બર ૨૦૧૩ માં સુપ્રીમ કોર્ટના આદેશ પછી, ચૂંટણી પંચે મતદાન પેનલ પર છેલ્લા વિકલ્પ તરીકે ઈવીએમ પર નોટાનું બટન ઉમેર્યું હતું. સર્વોચ્ચ અદાલતના આદેશ પહેલાં જેઓ કોઈપણ ઉમેદવારને મત આપવાની ઈચ્છા ધરાવતા ન હતા તેઓ પાસે ફોર્મ ૪૯-ઓ તરીકે ઓળખાતા ફોર્મ ભરવાનો વિકલ્પ હતો. પરંતુ ચૂંટણી આચારસંહિતાના નિયમો, ૧૯૬૧ ના નિયમ ૪૯-ઓ હેઠળ મતદાન મથક પર ફોર્મ ભરવાથી મતદારની ગુપ્તતા સાથે ચેડાં થતા હતા. જો કે, જો બહુમતી મતદારો મતદાન કરતી વખતે નોટા વિકલ્પનો ઉપયોગ કરે તો સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને નવેસરથી ચૂંટણી યોજવા માટે નિર્દેશ આપવાનો ઇનકાર કર્યો હતો.

તાજેતરમાં ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર ઓ પી રાવતે કહ્યું હતું કે, વર્તમાન સ્થિતિમાં, નોટા માત્ર પ્રતીકાત્મક મહત્ત્વ ધરાવે છે અને તે કોઈપણ સીટના ચૂંટણી પરિણામ પર અસર કરી શકે નહીં.

૫૦ ટકાથી વધુ મતદારોએ રાજકીય સમુદાયને બતાવવા માટે એકવાર સીટ પર નોટા પસંદ કરવું પડશે કે તેઓ ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા અથવા અન્ય અયોગ્ય ઉમેદવારોને તેમના મત માટે લાયક નથી માનતા. આ પછી જ સંસદ અને ચૂંટણીપંચ પર દબાણ આવશે. કમિશન પર દબાણ વધશે અને તેમણે ચૂંટણી પરિણામો પર નોટાને અસરકારક બનાવવા કાયદા બદલવા વિશે વિચારવું પડશે, એમ પણ તેમણે કહ્યું હતું. ■

# રાષ્ટ્રપતિએ મિથુનને દાદાસાહેબ ફાળકે એવૉર્ડ એનાયત કર્યો

નવી દિલ્હી : રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ મંગળવારે પીઢ કલાકાર મિથુન ચક્રવર્તીને પ્રતિષ્ઠિત દાદાસાહેબ ફાળકે એવૉર્ડ એનાયત કર્યો હતો. રાષ્ટ્રપતિએ આ સાથે ૭૦મા ફિલ્મ એવૉર્ડના સંગીતકાર એ. આર. રહેમાન, એક્ટર ઋષભ શેટ્ટી, નિત્યા મેનીન અને માનસી પારેખ સહિત બીજા વિજેતાઓનું સમ્માન કર્યું હતું.

નેશનલ ફિલ્મ એવૉર્ડ વર્ષ ૨૦૨૨માં સિનેમામાં ઉત્તમ દેખાવ કરનારનું સમ્માન કરવા જાહેર થયા હતા. વિજ્ઞાન ભવનમાં યોજાયેલા સમારોહમાં રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે ભારતીય સિનેમા વિશ્વનો સૌથી મોટો ઉદ્યોગ છે અને તે અનેક ભાષા અને પ્રદેશમાં ફિલ્મો બનાવે છે. આ કળાના ક્ષેત્રમાં સૌથી વિવિધતાવાળો એરિયા છે.

તેમણે નિર્દેશ કર્યો હતો કે આજે ૮૫ એવૉર્ડ વિજેતામાંથી ૧૫ મહિલા છે. ફિલ્મ ઉદ્યોગમાં મહિલાલક્ષી વિકાસ કરવા વધુ પ્રયાસો કરવા જોઈએ. હું માનું છું કે સમાજમાં ફેરફાર લાવવા ફિલ્મ અને સોશિયલ મીડિયા મોટા ઓજારો છે. રાષ્ટ્રપતિએ ફાળકે એવૉર્ડ મેળવવા બદલ મિથુનને અભિનંદન આપ્યાં હતાં. મિથુન જમણા હાથમાં આર્મ બ્રાસ પહેરીને આવ્યો હતો. હર્ષનાદો મધ્યે તેણે એવૉર્ડ સ્વીકાર્યો હતો. (એજન્સી) ■

# કાશ્મીરીઓએ ઓમર અબ્દુલ્લાને જીતાડ્યા, ઈલ્તિજાને નકાર્યા

સુરેશ એસ ડુગ્ગર

જમ્મુ : કાશ્મીરની ચૂંટણીના અનોખા રંગ છે. જ્યારે વંશવાદની વાત આવે છે ત્યારે કાશ્મીરી ચકાસીને જ ફેંસલો કરે છે. લોકસભા ચૂંટણીમાં કાશ્મીરીઓએ ઓમર અબ્દુલ્લાને હાર આપી તો વિધાનસભાની ચૂંટણીમાં તેઓએ મહબૂબા મુફતીની પુત્રી ઈલ્તિજાને નકારી દીધી.

એ પણ હકીકત છે કે જમ્મુ કાશ્મીર નેશનલ કોન્ફરન્સે (જેકેએનસી) બડગામ બેઠક જીતીને ખાતું ખોલ્યું છે. બડગામમાં ઉમર અબ્દુલ્લાએ પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીના આગા સૈયદ મુંતજીરને હરાવીને જીત હાંસલ કરી છે. ભારતની ચૂંટણી પંચના આંકડા પ્રમાણે ઉમર અબ્દુલ્લા ૩૬,૦૧૦ મત મેળવીને વિજયી થયા છે, જ્યારે મુંતજિરને ૧૭,૫૨૫ મત મળ્યા હતા.

૨૦૧૪ની વિધાનસભા ચૂંટણીમાં બડગામ બેઠક પર નેશનલ કોન્ફરન્સના આગા રુહુલ્લાહે ૨,૭૮૭ મતની સરસાઈથી વિજય મેળવ્યો હતો. તેમને ૩૦,૦૯૦ મત મળ્યા હતા, જ્યારે પીડીપીના મોહિઉદ્દીન ભટે ૨૭,૩૦૩ મત હાંસલ કર્યા હતા.

જોકે કાશ્મીરી મતદાતાઓએ પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીનાં પ્રમુખ મહેબૂબાની ચબરાક પુત્રી ઈલ્તિજા મુફતીને હરાવી છે. ઈલ્તિજા શ્રીગુફવારા-બિજબેહરા મતદારક્ષેત્રમાંથી ઊભી હતી. તેમણે પરિણામ સત્તાવાર રીતે જાહેર થાય એ પહેલાં જ તેમનો પરાજય સ્વીકારી લીધો હતો. ઈલ્તિજા ૯,૭૭૦ મતથી ચૂંટણી હારી હતી. નેશનલ કોન્ફરન્સના ઉમેદવાર બશીર અહમદ શાહ વીરીએ ૩૩,૨૯૯ મત મેળવ્યા હતા, જ્યારે ઈલ્તિજાએ તેમના કરતાં ૯,૭૭૦ મત ઓછા મેળવ્યા હતા.

આ હાર બાદ ઈલ્તિજાએ 'એક્સ' પર લખ્યું કે હું લોકોના જનાદેશને સ્વીકારું છું. બિજબિહાડામાં મને બધાનો સ્નેહ અને પ્યાર મળ્યો જે મારી જોડે રહેશે. મારા પીડીપી કાર્યકર્તાનો પણ આભાર. અહીં ઉલ્લેખનીય છે કે વિબજબિહાડા પીડીપીનો ગઢ મનાય છે. ■

## જમ્મુ-કાશ્મીર સરકારના કામમાં હસ્તક્ષેપ ન કરે મોદી સરકારઃ મહેબૂબા

શ્રીનગરઃ પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી)ના અધ્યક્ષ મહેબૂબા મુફતીએ મંગળવારે કહ્યું હતું કે કેન્દ્ર સરકારે જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણીના નિર્ણાયક નિર્ણયમાંથી પાઠ શીખવો જોઇએ અને આગામી નેશનલ કોન્ફરન્સ-કૉંગ્રેસ સરકારની બાબતોમાં હસ્તક્ષેપ કરવો જોઇએ નહીં. મુફતીએ નેશનલ કોન્ફરન્સના નેતૃત્વને તેમની જીત બદલ અભિનંદન પાઠવ્યા હતા અને કહ્યું હતું કે તેમની પાર્ટી રચનાત્મક વિપક્ષની ભૂમિકા ભજવશે. ■

# ભયના માહોલ વચ્ચે આ વર્ષે બાંગ્લાદેશમાં મોળી નવરાત્રી

## મા દુર્ગાના પંડાલો પર હુમલો થવાની ભીતિ

ઢાકાઃ બાંગ્લાદેશમાં વડા પ્રધાન શેખ હસીનાને પાંચમી ઑગસ્ટના રોજ સત્તા બહાર કરવામાં આવ્યા ત્યાર પછી ત્યાંના હિંદુ સહિતના લઘુમતિ સમુદાયની સ્થિતિ અત્યંત દયનીય બની ગઇ હતી અને યુવતીઓ સાથે દુષ્કર્મ તેમ જ હિંસાની અનેક અમાનવીય ઘટનાઓ બની હતી.

જેને પગલે ત્યાંના હિંદુઓમાં હજી પણ ભયનો માહોલ છે અને તેના જ કારણે બંગાળી હિંદુઓ માટે ખૂબ જ મહત્ત્વનો મનાતો નવરાત્રીનો તહેવાર આ વર્ષે સાવ ફિક્કો જણાઇ રહ્યો છે.

દર વર્ષે ધામધૂમથી અને ભવ્ય રીતે મનાવવામાં આવતી નવરાત્રી અને ઠેર ઠેર ઊભા કરવામાં આવતા દુર્ગા માતાના પંડાલ આ વર્ષે બાંગ્લાદેશના મોટાભાગના વિસ્તારોમાંથી ગાયબ છે. દુર્ગા પંડાલ પર તેમ જ તહેવાર મનાવતા લોકો પર કટ્ટરપંથીઓ હુમલો કરે તેવો ભય હોવાના કારણે આ વર્ષે લગભગ હજારો દુર્ગા પંડાલ ઊભા કરવામાં આવ્યા નથી.

ઉલ્લેખનીય છે કે આ શેખ હસીનાને દેશવટો લેવો પડ્યો ત્યાર પછી બાંગ્લાદેશમાં હિંદુઓ પર હુમલાની લગભગ ૨,૦૦૦ કરતાં વધુ ઘટનાઓ સામે આવી હતી.

બાંગ્લાદેશ હિંદુ બુદ્ધિસ્ટ ક્રિશ્ચિયન યુનિટી કાઉન્સિલ (બીએચબીસીઓપી)ના સભ્ય રંજન કરમાકરે આ દુર્ગા પૂજાની ઉજવણી વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે દેશમાં ચાલી રહેલી હિંસાના કારણે સાંસ્કૃતિક ધરોહર એવી દુર્ગા પૂજાની ઉજવણી ન કરવાનું ઘણા અમારા સમુદાયના વડાઓએ નક્કી કર્યું છે. આ વર્ષે અમે ફક્ત દુર્ગા પૂજા કરીને જ સંતોષ માનીશું, ઉજવણી નહીં કરીએ. હિંદુઓ પર સતત થઇ રહેલા હુમલાના કારણે અમે ઉજવણીમાં ભાગ લેવાની માનસિક સ્થિતિમાં નથી. ■

# હરિયાણામાં ભાજપની વિકાસ નીતિ અને સુવહીવટનો વિજયઃ મોદી

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ભાજપની જીતને ભાજપના વિકાસના રાજકારણ અને સુવહીવટનો વિજય ગણાવ્યો હતો. મોદીએ લોકોને એવી ખાતરી આપી હતી કે પક્ષ લોકોની અપેક્ષા સાકાર કરવામાં કોઈ કસર બાકી નહીં રાખે.

'એક્સ' પર શ્રેણીબદ્ધ પોસ્ટ મૂકતા મોદીએ જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણીમાં સરાહનીય દેખાવ કરવા બદલ નેશનલ કોન્ફરન્સને અભિનંદન આપ્યા હતા.

તેમણે કહ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરની આ ચૂંટણી ખાસ હતી. કલમ ૩૭૦ અને ૩૫(એ)ને રદ કર્યા બાદ પહેલી વાર ચૂંટણી યોજાઈ હતી. આમાં લોકોએ જંગી મતદાન કર્યું હતું જે લોકોની લોકશાહીમાં શ્રદ્ધા સૂચવે છે. હું આ માટે કેન્દ્રશાસિત પ્રદેશના દરેક માનવીને અભિનંદન આપું છું.

હરિયાણાના લોકોનો દિલથી આભાર માનતાં મોદીએ સતત ત્રીજી મુદત માટે ભાજપને બહુમતી આપવા માટે લોકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

આ વિજયને ભવ્ય વિજય ગણાવતાં તેમણે લોકોની સેવા કરતા અને સંસ્થાના વિકાસ એજન્ડાને આગળ ધપાવતાં પક્ષના મહેનતુ સભ્યોને બીરદાવ્યા હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આને લીધે ભાજપે ઐતિહાસિક વિજય મેળવ્યો છે. પક્ષે હરિયાણા અને જમ્મુ અને કાશ્મીરમાં સારી સંખ્યામાં બેઠકો જીતી એ અંગે કહ્યું હતું કે હું કેન્દ્રશાસિત પ્રદેશમાં ભાજપના દેખાવ અંગે ગર્વ અનુભવું છું.

ભાજપે હરિયાણામાં ૪૮ અને જમ્મુ અને કાશ્મીરમાં ૨૯ બેઠક જીતી હતી. (એજન્સી) ■

# બોગસ બિલિંગ કૌભાંડ મામલે જીએસટીના દરોડાઃ પત્રકાર મહેશ લાંગાની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર ક્રાઈમ બ્રાન્ચે મંગળવારે કથિત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) કૌભાંડમાં ગુજરાતના અગ્રણી અખબારના એક સિનિયર પત્રકારની ધરપકડ કરી હતી, વિગતવાર પૂછપરછ બાદ, પત્રકાર મહેશ લાંગાની મંગળવારે સવારે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.

આ સમગ્ર મામલે ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ક્રાઈમ) અજીત રાજિયાણે જણાવ્યું હતું કે, સેન્ટ્રલ જીએસટીના બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને મહેશ લાંગાની પત્ની અને પિતાના નામ પર બનાવવામાં આવેલી બોગસ કંપનીઓમાં કેટલાક શંકાસ્પદ ટ્રાન્ઝેક્શનો મળી આવ્યા હતા. વધુ તપાસ માટે લંગાની ધરપકડ કરવામાં આવી હતી.

આ મામલે ક્રાઈમ બ્રાન્ચે જણાવ્યું હતું કે, સોમવારે, શહેર ક્રાઇમ બ્રાન્ચે ખોટા ટ્રાન્ઝેક્શનો દ્વારા બોગસ ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવીને સરકારને છેતરવાના ઇરાદા સાથે બોગસ કંપનીઓના કથિત કૌભાંડ અંગે સેન્ટ્રલ જીએસટી તરફથી ફરિયાદ મળ્યા બાદ અનેક વ્યક્તિઓ અને સંસ્થાઓ સામે એફઆઇઆર નોંધવામાં આવી હતી. એફઆઈઆર નોંધાયા પછી, ગુજરાતની આર્થિક ગુના શાખા સાથે ક્રાઈમ બ્રાન્ચે અમદાવાદ, જૂનાગઢ, સુરત, ખેડા અને ભાવનગર સહિત રાજ્યભરમાં ૧૪ જુદા જુદા સ્થળોએ દરોડા પાડ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, સેન્ટ્રલ જીએસટી વિભાગ દ્વારા દેશભરમાં ૨૦૦ થી વધુ બોગસ કંપનીઓની સંડોવણીનો પર્દાફાશ કરાયો હતો, જે સંગઠિત રીતે બોગસ ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવીને સરકારી તિજોરીને છેતરવા માટે કામ કરી રહી છે. બનાવટી દસ્તાવેજો અને ઓળખનો ઉપયોગ કરચોરી માટે આવી કંપનીઓ બનાવવા માટે કરવામાં આવ્યો હતો.

બોગસ કંપનીઓ બનાવીને તેના બનાવટી બિલો અને દસ્તાવેજોનો ઉપયોગ કરીને દેશને કરોડો રૂપિયાનું નાણાકીય નુકસાન પહોંચાડવાનું ષડયંત્ર રચવા માટે એક "મોટું જૂથ" કામ કરી રહ્યું છે. એફઆઈઆરમાં આરોપી તરીકે નામ આપવામાં આવેલી કેટલીક સંસ્થાઓમાં ધ્રુવી એન્ટરપ્રાઈઝ, ઓમ કન્સ્ટ્રક્શન, રાજ ઈન્ફ્રા, હરેશ કન્સ્ટ્રક્શન કંપની અને ડીએ એન્ટરપ્રાઈઝનો સમાવેશ થાય છે. ■

# ગુજરાતનાં ૨૩ આઈકોનિક સ્થળોએ ૧૫મી ઓક્ટોબર સુધી 'વિકાસ પદયાત્રા' યોજાશે

## વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ૨૩ વર્ષની વિકાસ યાત્રાની ઝાંખી કરાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધાના ૨૩ વર્ષ પૂર્ણ થવાના અવસરે ગુજરાત સરકારે દર વર્ષે ૭ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન વિકાસ સપ્તાહની ઉજવણી કરવાનો નિર્ણય લીધો છે. રાજ્ય સરકાર ગુજરાતનાં ૨૩ આઇકોનિક સ્થળોએ 'વિકાસ પદયાત્રા'નું આયોજન કરવામાં આવશે. આ એ પ્રતિષ્ઠિત સ્થળો છે, જે શ્રી નરેન્દ્ર મોદીના કાર્યકાળ દરમિયાન તેમના વિઝન અને નેતૃત્વને પ્રતિબિંબિત કરે છે, તેમજ તેમણે લોન્ચ કરેલા કે ઉદઘાટન કરેલા નોંધપાત્ર પ્રોજેક્ટ્સની ઝાંખી કરાવે છે.

આ આઇકોનિક સ્થળોની યાદીમાં વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા- સ્ટેચ્યૂ ઓફ યુનિટી છે, જે એકતા અને નેતૃત્વના વૈશ્વિક પ્રતિક તરીકે ઊભી છે. અન્ય નોંધપાત્ર સ્થળોની યાદીમાં શહેરી કાયાકલ્પનું શ્રેષ્ઠતમ ઉદાહરણ એવું અમદાવાદ રિવરફ્રન્ટ, વિશ્વનું સૌથી મોટું ઓફિસ કોમ્પ્લેક્સ- સુરત ડાયમંડ બુર્સ, રાષ્ટ્રીય ગૌરવનું પ્રતીક અને ભારતમાં પ્રિમિયર કન્વેન્શન સેન્ટર- મહાત્મા મંદિર વગેરેનો સમાવેશ થાય છે.

વડા પ્રધાનની પહેલ હેઠળ મોઢેરા સૂર્ય મંદિર, વડનગર મોનેસ્ટરી અને દ્વારકા સુદામા બ્રિજ જેવા હેરિટેજ સ્થળોને પ્રવાસન અને સંસ્કૃતિના અગ્રણી કેન્દ્રોમાં પરિવર્તિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, ભારતનું ફિનટેક કેપિટલ ગણાતું ગિફ્ટ સિટી અને દેશની પ્રથમ બુલેટ ટ્રેન માટે સૂચિત હબ એવું સાબરમતી રેલવે સ્ટેશન જેવા પ્રોજેક્ટ્સ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેક્નોલોજિકલ એડવાન્સમેન્ટ માટેના તેમના વિઝનને પ્રતિબિંબિત કરે છે.

વિકાસ પદયાત્રામાં ૫૧ શક્તિપીઠો પૈકી એક એવા પાવાગઢ, જ્યાં વડા પ્રધાનશ્રીએ ૫૦૦ વર્ષ પછી ધ્વજ ફરકાવ્યો હતો, કચ્છમાં સ્મૃતિવન- ૨૦૦૧ના ભૂકંપના પીડિતોનું સ્મારક અને નવીનીકરણીય ઊર્જામાં ગુજરાતની અગ્રણી ભૂમિકા દર્શાવતા ચારણકા સોલાર પાર્ક જેવી જગ્યાઓનો પણ સમાવેશ થાય છે. આ દરેક સ્થાનો આધુનિકતાને પરંપરા સાથે જોડવાની વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પ્રતિબદ્ધતા દર્શાવે છે અને સાથે ટકાઉ વિકાસને પણ પ્રોત્સાહન આપે છે.

આ વિકાસ પદયાત્રામાં સહભાગીઓ ૨૩ સ્થળોની મુલાકાત લેશે, એ સ્થળ વિશે જાણકારી મેળવશે તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ અને પ્રદર્શની પણ નિહાળશે. સહભાગીઓને એ આઇકોનિક સ્થાનો સાથે જોડાવાની તક મળશે, જે માત્ર ગુજરાત માટે જ નહીં પરંતુ સમગ્ર દેશ માટે પ્રગતિના માપદંડ બની ગયા છે. આ કાર્યક્રમમાં નાગરિકો, સરકારી અધિકારીઓ અને પ્રવાસીઓ સહિત રાજ્ય અને દેશભરમાંથી સહભાગીઓ જોડાશે. ■

# દિવાળી પર્વ માટે એસટી વિભાગ વધારાની બસ દોડાવશેઃ પચીસમી ઓક્ટોબરથી પ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિવાળીના તહેવાર દરમિયાન મુસાફરોનો ધસારો વધુ હોય છે, તહેવારની ઉજવણી કરવા વતન રવાના થતાં યાત્રિકોના ધસારાને પહોંચી વળવા અને લોકો વાજબી ભાડે મુસાફરી કરી શકે તે માટે ૨૫ ઓક્ટોબરથી રાજકોટ એસટી વિભાગ દ્વારા મુસાફરોને તેમના ગંતવ્ય સ્થળે પહોંચવા માટે ૧૦૦ એક્સ્ટ્રા બસ દોડાવવા માટેનું આયોજન કરાયું છે. જેમાં રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં આવતા ૯ ડેપો પરથી વધારાની બસો મુકવામાં આવી છે. જેમાં અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, દ્વારકા, સોમનાથ, દાહોદ, મંડોર અને છોટાઉદેપુરની બસમાં દિવાળી દરમિયાન વધુ ટ્રાફિક રહેતો હોવાથી એક્સ્ટ્રા બસો મૂકવામાં આવશે. આ વધારાની બસોનો લાભ મુસાફરોને ૨૫ ઓક્ટોબરથી લગભગ એક માસ સુધી મળી રહેશે.

જેને કારણે તેઓને ખાનગી બસોમાં વધુ નાણાં ચૂકવી લૂંટાવવું નહીં પડે. જો કે, એસટી વિભાગની એક્સ્ટ્રા બસોમાં સવા ગણું ભાડું વસૂલવામાં આવે છે પરંતુ તે ખાનગી બસોના ભાડા કરતાં ઘણું ઓછું હોય છે.

રાજકોટ એસટી વિભાગના વિભાગીય નિયામકએ જણાવ્યું હતું કે, ગત વર્ષે દિવાળીના તહેવારોમાં ૮૦ જેટલી વધારાની બસો દોડાવવામાં આવી હતી. ત્યારે હવે આ વર્ષે તેમાં વધારો થયો છે અને એક્સ્ટ્રા ૧૦૦ બસો દોડાવવામાં આવશે.

૨૫ ઓક્ટોબરથી લગભગ એક મહિના સુધી આ બસોનો લાભ મુસાફરોને મળી રહેશે. રાજકોટ એસટી વિભાગ દ્વારા દરરોજ ૫૨૦ જેટલા શેડ્યુલ એટલે કે, બસો દોડાવવામાં આવે છે. દિવાળી દરમિયાન આ શેડ્યુલમાં ૧૦૦ બસોનો વધારો કરવામાં આવશે. ■

# ભુજના નવનિર્મિત રેલવે સ્ટેશને ₹૪૦ કરોડના ખર્ચે ચોથું અત્યાધુનિક પ્લેટફોર્મ નિર્માણ પામશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ રેલ મંત્રાલય દ્વારા દેશના રેલવે સ્ટેશનોને મિશન ગ્રીન એનર્જી અન્વયે આધુનિક બનાવવાના પ્રકલ્પ અંતર્ગત સરહદી કચ્છના મુખ્ય મથક ભુજ ખાતેના રેલવે મથકનું રૂ.૧૮૦ કરોડના ખર્ચે શરૂ કરાયેલા અને પૂર્ણતાના આરે આવેલા નવીનીકરણ કાર્ય ઉપરાંત પ્રવાસીઓની સુવિધા માટે અગાઉ નક્કી કર્યા મુજબ નવી પીટલાઈન તેમજ નવાં સ્ટેશન યાર્ડ નજીક નવા પ્લેટફોર્મને બનાવવા માટે નવા ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે.

આ અંગે રેલવેના અંતરંગ સૂત્રોના જણાવ્યા પ્રમાણે, નવા રેલવે સ્ટેશનમાં બે પ્રવેશદ્વાર બનવાના છે જેમાં મુખ્ય પ્રવેશદ્વાર હાલના વર્તમાન સ્ટેશનના સ્થળે જ આકાર પામી રહ્યું છે જેમાં ત્રણ પ્લેટફોર્મ પહેલાંથી અસ્તિત્વમાં છે અને પાછળના ભાગે બની રહેલાં બીજા પ્રવેશદ્વારમાં એરપોર્ટ રીંગરોડથી પહોંચી શકાશે જેથી આ પ્રવેશદ્વારને જોડતું નવું અને સ્ટેશનનું ચોથું પ્લેટફોર્મ યાર્ડ પાસે આકાર પામશે.

કુલ ૪૦ કરોડના ખર્ચે આ સુવિધા ઊભી કરવા રેલવે દ્વારા ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે.લાઇન નંબર ૬ સાથે આ પ્લેટફોર્મ જોડાશે. બાંધકામમાં કોન્ટ્રેકટરને સારી ગુણવત્તાના સિમેન્ટ, લોખંડ સહિતની વસ્તુ વાપરવા, સુરક્ષા તેમજ રેલ વ્યવહાર પ્રભાવિત ન થાય તે સહિતની તમામ બાબતોએ સૂચના જાહેર કરાઈ છે.

નવા પ્લેટફોર્મ અને પીટલાઇનના કારણે કચ્છને અન્ય નવી ટ્રેન મળવાની શક્યતાઓ વધી જાય છે. ભુજ-નલિયા બ્રોડગેજ લાઈનનું કામ પૂર્ણ થઈ ગયું છે અને તેનું ટેસ્ટિંગ હાલ ચાલુમાં છે ત્યારે ભવિષ્યમાં નલિયા સુધીની રેલસેવા શરૂ થતા ટ્રેનો ભુજમાં વધારે હોલ્ટ કરે તેવી સ્થિતિ સર્જાશે.

દરમ્યાન, રેલવે દ્વારા દર વર્ષે તહેવારમાં વધારાની ટ્રેનનું સંચાલન કરવામાં આવે છે ત્યારે આગામી દીપોત્સવી પર્વ માટે મુંબઈ માટે વધારાની સ્પેશિયલ ટ્રેન દોડાવાય તેવી માંગ પ્રવાસી વર્ગ કરી રહ્યા છે. અત્યારે દોડતી ટ્રેન હાઉસફુલ હોઈ, ટિકિટ મળવી અત્યંત મુશ્કેલ હોવાનું મુંબઈથી ભુજ અપડાઉન કરતા રહેતા દ્વિજલ મામતોરાએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, 'ગ્રીન બિલ્ડિંગ સર્ટિફિકેશન' સાથેના ન્યૂ ભુજ રેલવે સ્ટેશનમાં અલગ અલગ આગમન-પ્રસ્થાન યાત્રી પ્લાઝા, સ્ટેશન પરિસર ભીડમુક્ત અને સુગમ પ્રવેશ- નિકાસ, પાર્કિંગ વ્યવસ્થા હશે.

ભીડ ઓછી કરવા માટે પ્લેટફોર્મ ઉપર યાત્રી સુખ-સાધનો અને સુવિધાઓથી યુક્ત પૂરતા કોનકોર્સ- પ્રતીક્ષા સ્થાન બનાવવામાં આવશે તેમજ દિવ્યાંગજનો માટે સંપૂર્ણપણે અનુકૂળ બનાવવામાં આવશે.

'ગ્રીન બિલ્ડિંગમાં ઊર્જા, પાણી તથા અન્ય સંસાધનોનો કુશળ ઉપયોગ, રિન્યુએબલ ઊર્જાના ઉપયોગ પર ખાસ ધ્યાન આપવામાં આવશે.આ ઉપરાંત સોલાર પેનલ યુક્ત છત,૩૨૪૦ ચો.મી. ધરાવતા કોન્કોર્સ, ૬ મીટર પહોળા ૨ ફૂટના ઓવર બ્રિજ, ૧૩ લિફ્ટ,૧૦ એસ્કેલેટર્સ, ઇલેક્ટ્રિક વાહનો માટેના ઈવી ચાર્જિંગ સ્ટેશન વગેરે આધુનિક સુવિધાઓથી સુસજ્જિત સ્માર્ટ સ્ટેશન બનાવાશે.■

# વડોદરાના લક્ષ્મી વિલાસ પેલેસના હેરિટેજ ગરબામાં બે ગ્રૂપ વચ્ચે બબાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં નવરાત્રિના તહેવારમાં વિવિધ પાર્ટી પ્લોટમાં ખેલૈયાઓ ગરબા રમવા જાય છે, તેવામાં ઘણી વખત કોઈ દુર્ઘટના કે મારામારીની ઘટના સામે આવતી હોય છે, ત્યારે વડોદરાના લક્ષ્મી વિલાસ પેલેસના હેરિટેજ ગરબામાં મારામારીની ઘટનાનો વીડિયો વાઈરલ થયો છે.

વડોદરા શહેરના લક્ષ્મી વિલાસ પેલેસના હેરિટેજ ગરબામાં મારામારીની ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે. જેમાં કોઈ કારણોસર બે ગ્રુપ વચ્ચે બબાલ થતા તણાવ પેદા થયો હતો, પરંતુ આયોજક વચ્ચે પડી સમગ્ર મામલો થાળે પાડ્યો હતો. ઝઘડાનું કારણ હજુ સામે આવ્યું નથી.

થોડા દિવસ પહેલા પણ લક્ષ્મી વિલાસ પેલેસના હેરિટેજ ગરબાને લઈને વિવાદ થયો હતો. જેમાં ગરબાના આયોજનથી પરેશાન થયેલા ખેલૈયાઓએ જણાવ્યું હતું કે, મોંઘા ભાવે પાસ ખરીદ્યાની સામે યોગ્ય પાર્કિંગની વ્યવસ્થાનો અભાવ હતો જેથી પાર્કિંગ અને ટ્રાફિકની સમસ્યા ઊભી થઈ. જ્યારે પાર્ટી પ્લોટની બહાર નીકળવામાં ખેલૈયાને ઘણી મુશ્કેલી પડી હતી. ■

# વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર જનતાનો અતૂટ વિશ્વાસઃ સી.આર.પાટીલ

અમદાવાદઃ હરિયાણા અને જમ્મુ કાશ્મીરના જાહેર થયેલાં પરિણામથી સ્પષ્ટ થાય છે કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાહેબ પર અને ભા.જ.પા. પર જનતાનો અતૂટ વિશ્વાસ છે એવું ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી આર પાટીલે જણાવ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી હરિયાણામાં સતત ત્રીજી વખત સરકાર બનાવવા જઇ રહી છે. હરિયાણામાં ભાજપા સરકારે વિકાસના કરેલાં કામોને કારણે જનતાએ ફરી ભાજપને સત્તા સોંપી કામ કરવાની જવાબદારી આપી છે. કોંગ્રેસે ચૂંટણી દરમિયાન સતત નેગેટીવ પ્રચાર કરવા છતાં લોકોએ વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ પ્રત્યે વિશ્વાસ દાખવ્યો છે. જમ્મુ કાશ્મીરમાં પણ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને દેશના ગૃહ પ્રધાન અમિત શાહે આંતકવાદ મુક્ત કાશ્મીરની ઝુંબેશ ચલાવી તેના સારા પરિણામ મળ્યા છે. જમ્મુ કાશ્મીરના પરિણામ પરથી સ્પષ્ટ થાય છે કે જનતા વિકાસના કાર્યો ઝંખે છે તેમને મળેલા આઝાદી અને અધિકાર મળે તે માટે વિશ્વાસ રાખ્યો છે. આજે જમ્મુ કાશ્મીરની જનતાને પણ વિશ્વાસ થયો છે કે તે ભારતનો જ હિસ્સો છે. જમ્મુ કાશ્મીરમા પરણ ભારતીય જનતા પાર્ટી સૌથી મોટી પાર્ટી બનવા જઇ રહી છે. ■

# ગીર-સોમનાથમાં ઈકો ઝોનનો અનોખો વિરોધઃ બેનરો સાથે મહિલાઓ ગરબે ઘૂમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્ર સરકાર દ્વારા ઇકોસેન્સિટિવ ઝોનનું પ્રાથમિક જાહેરનામું બહાર પાડતાંની સાથે જ સતત તેના વિરુદ્ધ સૂર ઉઠી રહ્યા છે. ગીર સોમનાથ, જૂનાગઢ, અમરેલી જિલ્લામાં પણ છેલ્લા ઘણા સમયથી ઇકો ઝોનનો સતત અને સતત વિરોધ થઈ રહ્યો છે.

આ દરમિયાન સોમવારે તાલાલા લેઉવા પટેલ સમાજ દ્વારા નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, સમાજની આ ગરબીમાં મહિલાઓ ઇકોઝોન હટાવો ખેડૂત બચાવો બેનરો સાથે ગરબા રમી અને વિરોધ નોંધાવ્યો હતો. જ્યારે અંબે મા ઇકો ઝોન નાબૂદ કરવા માટે સરકારને સદબુદ્ધિ આપો તેવા બેનરો સાથે ખેડૂતોએ વિરોધ નોંધાવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકાર દ્વારા પ્રસ્તાવિત ઇકો સેન્સેટિવ ઝોનનો ગીર પંથકમાં સતત વિરોધના સૂર ઉઠી રહ્યા છે.

ઇકો ઝોનના વિરોધમાં ખેડૂતો અને રાજકીય નેતાઓ પણ જોડાઈ રહ્યા છે. 'ઇકો ઝોન હટાવો, ગામડાં બચાવો'નાં બેનર સાથે વિરોધ નોંધાવવામાં આવી રહ્યા છે. ■

# વડોદરા ગેંગરેપ કેસના આરોપીઓને બુરખા વગર કોર્ટમાં રજૂ કરાયાઃ કોર્ટમાં ટપલીદાવ થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના ભાયલીમાં સામૂહિક દુષ્કર્મ કેસના આરોપીઓની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવ્યા બાદ ૮ ઓક્ટોબર મંગળવારના રોજ ત્રણેય આરોપીઓને ઓળખ પરેડ માટે ત્રણેય આરોપીઓને બુરખા વગર ગ્રામ્ય મામલતદાર સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતાં. અહીં તમામ નરાધમોને પીડિતાએ ઓળખી બતાવ્યા હતા. જે બાદ પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે આરોપીઓને બુરખા વગર કોર્ટમાં રિમાન્ડ માગવા માટે રજૂ કરવામાં આવ્યા હતા.

ગેંગરેપના આરોપીઓ એવા મુમતાજ ઉર્ફ આફતાબ સૂબેદાર બનજારા, મુન્ના અબ્બાસ બનજારા અને શાહરૂખ કિસ્મતઅલી બનજારા કોર્ટમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે પોલીસવાનમાં લાવવામાં આવ્યા હતા. હવસખોરો ઉપર કોઇ હુમલો ન કરે તે માટે પોલીસ દ્વારા કોર્ડન કરીને કોર્ટમાં લઇ જવામાં આવ્યા હતા. આરોપીઓને કોર્ટમાં લાવવામાં આવતા વકીલો અને કોર્ટમાં આવેલા અસીલોનાં ટોળાં એકઠાં થઇ ગયાં હતાં. આ દરમિયાન આરોપીઓને ટપલીદાવ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ મામલે કોઈપણ વકીલ આરોપીઓ તરફથી કેસ નહીં લડે અને આરોપીઓને ફાંસીની સજા મળે તેવી માગ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત તારીખ ૪ ઓક્ટોબરના રોજ રાત્રે ૧૧ કલાકની આસપાસ સગીરા પોતાના બોયફ્રેન્ડને મળવા ગઈ હતી અને ૧૧.૩૦ વાગ્યાની આસપાસ સગીરા અને તેનો બોયફ્રેન્ડ ભાયલીના અવાવરું સ્થળે પોતાનું વાહન પાર્ક કરી વાતો કરતા હતા. આ દરમિયાન ત્રણ હવસખોરોએ સગીરાના મિત્રને પકડી રાખી એકબાદ એકે સગીરાનું મોઢું દબાવી દુષ્કર્મ આચર્યું હતું. આ ત્રણેય નરાધમો મુમતાજ ઉર્ફ આફતાબ સૂબેદાર બનજારા, મુન્ના અબ્બાસ બનજારા અને શાહરૂખ કિસ્મતઅલી બનજારાની શહેર ક્રાઇમ બ્રાન્ચે ધરપકડ કરી હતી. જે બાદ આગળની કાર્યવાહી માટે તાલુકા પોલીસના હવાલે કરવામાં આવ્યા હતા. ■

# ભુજ અને કંડલામાં ૩૭ ડિગ્રી મહત્તમ તાપમાન સાથે પડી રહેલો 'વૈશાખી તાપ'

ભુજઃકલાઈમેટ ચેન્જની અસર હેઠળ પૃથ્વીના ઋતુચક્ર પર થઇ રહેલી વિપરીત અસરોથી વિશ્વભરના મોસમ વૈજ્ઞાનિકો ચિંતામાં મુકાયા છે ત્યારે નૈઋત્ય ચોમાસાની વિદાય અને શિયાળાના આગમન વચ્ચે હાલ ચાલી રહેલા ઋતુ સંધિકાળમાં સરહદી કચ્છના લઘુતમ તાપમાનમાં ૨૦ ડિગ્રી જેટલો ઘટાડો નોંધાતા મોડી સાંજ બાદ ગુલાબી ઠંડી અનુભવાઈ રહી છે. અલબત્ત મહત્તમ તાપમાન ૩૬થી ૩૮ ડિગ્રી વચ્ચે રહેતાં દિવસભર અકળાવનારી ગરમીની આણ બરકરાર રહી છે.

જિલ્લા મથક ભુજમાં આજે મંગળવારે મહત્તમ ૩૮ જયારે લઘુતમ ૨૫ ડિગ્રી સે. તાપમાન નોંધાતા હાલ બેવડી ઋતુ અનુભવાઈ રહી છે. ભુજ ઉપરાંત બંદરીય કંડલા સંકુલમાં મહત્તમ ઉષ્ણતામાનનો આંક ૩૭ ડિગ્રી પર રહેતાં અહીં વૈશાખ માસ જેવી ગરમી પડી રહી છે, જો કે રાત્રે ૨૪-૨૫ ડિગ્રી સાથે ભેજના પ્રમાણમાં વધારો થતાં ગુલાબી ઠંડીના ચમકારા સાથે ઝાકળવર્ષાથી વહેલી સવારે માર્ગો ભીંજાયેલા જોવા મળી રહ્યા છે.અબડાસાના નલિયામાં દિવસે ૩૫ ડિગ્રી જયારે રાત્રે ૨૨ ડિગ્રી જેટલું નીચું તાપમાન રહેતાં શિયાળો જાણે આસપાસ હોય તેવી અનુભૂતિ થઇ રહી છે. ■

# રાજકોટ ગેમ ઝોન અગ્નિકાંડ કેસના આરોપી જાડેજાની જામીન અરજી નામંજૂર

અમદાવાદઃ રાજ્યમાં ચકચાર જગાવનાર રાજકોટના ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડના કેસ સેશન્સ કમિટ થયા બાદ ખેડૂત, આસિ.ફાયર ઓફિસર અને સસ્પેન્ડ બે આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર કરેલી જામીન અરજી રદ કરતો હુકમ કર્યા બાદ જમીન માલિક કિરીટસિંહ જાડેજાએ જેલ મુક્ત થવા જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા કોર્ટે ગુનાની ગંભીરતાને ધ્યાને લઇને આ જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો છે.

આ અંગેની હકીકત મુજબ, શહેરના કાલાવડ રોડ નજીક નાના મવા વિસ્તારમાં આવેલા ટીઆરપી ગેમ ઝોનમાં ગઇ તા.૨૮મી મે ૨૦૨૪ના રોજ આગ ફાટી નીકળતા નાના બાળકો અને ગેમ ઝોનના કર્મચારીઓ સહિત ૨૭ લોકો ભડથું થઈ ગયા હતા. આ બનાવને ગંભીરતાથી લઇ રાજ્ય સરકાર દ્વારા સીટની રચના કરવામાં આવી હતી. જે તપાસમાં ગેમ ઝોનના ભાગીદારો, સંચાલકો અને મહાનગરપાલિકા સહિતના જવાબદાર ધવલ ભરતભાઈ ઠક્કર, યુવરાજસિંહ હરિસિંહ સોલંકી, રાહુલ લલિતભાઈ રાઠોડ, નીતિન મહાવીરપ્રસાદ લોઢા, અશોકસિંહ જગદીશસિંહ જાડેજા, કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા, મહેશ અમૃતભાઈ રાઠોડ, મનસુખ ધનજીભાઈ સાગઠીયા, ગૌતમ દેવશંકર જોષી, મુકેશ રામજીભાઈ મકવાણા, જયદિપ બાલુભાઈ ચૌધરી, રાજેશ નરશીભાઈ મકવાણા, રોહિત અસમલભાઈ વિગોરા, ભીખાભાઈ જીવાભાઈ થીબા, ઈલેશ વલભભાઈ ખેર શખ્સો સામે ગુનો નોંધી ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા અદાલતમાં ચાર્જશીટ રજૂ થતા આ કેસ સેશન્સ કમિટ થયા બાદ જમીન માલિક અશોકસિંહ જાડેજા, આસિસ્ટન્ટ ફાયર ઓફિસર ઈલેશ ખેર, આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર ગૌતમ જોશી અને રાજેશ મકવાણાએ કરેલી જામીન અરજી કોર્ટ દ્વારા રદ કરતો હુકમ કર્યા બાદ જમીન માલિક કિરીટસિંહ જાડેજાએ જેલમુક્ત થવા સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા પોલીસને સોગંદનામુ રજૂ કર્યું હતું. જ્યારે સરકાર પક્ષે આરોપીની જામીન અરજી સામે વાંધા રજૂ કરવામાં આવ્યા હતા. બન્ને પક્ષની રજૂઆત બાદ સરકાર પક્ષે સ્પે. પીપી અને હતભાગી વતી રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઇ સેશન્સ કોર્ટ દ્વારા જામીન અરજી નામંજૂર કરતો હુકમ કરવામાં આવ્યો છે. ■

# ગુજરાતની ઓટો ઈન્ડસ્ટ્રીને મંદીનું ગ્રહણ

## કારનું ૨૯ ટકા અને ટૂ-વ્હીલરનું વેચાણ ૩૫.૮ ટકા ઘટ્યું

અમદાવાદઃ દેશ અને દુનિયામાં મંદીનો માહોલ છે, આ મંદીની અસર કારના વેચાણ પર થઈ છે. ગુજરાતમાં પણ કારનું ઘટ્યું છે, ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિયેશન (ફેડા)ના આંકડા મુજબ, ૨૬,૩૧૩ કારનાં એકમોનું વેચાણ થયું હતું જે ગયાં વર્ષનાં સમાન મહિનામાં ૩૭,૦૮૩ એકમોની સરખામણીએ ૨૯ ટકા ઘટી ગયું છે. બીજી તરફ ટુ-વ્હીલરના વેચાણમાં ૩૫.૮ ટકાનો તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો, જે ગયાં વર્ષનાં સમાન સમયગાળા દરમિયાન વેચાયેલા ૧.૨૯ લાખ એકમોની સરખામણીએ આ મહિનામાં ૮૩,૯૧૨ એકમોનું વેચાણ થયું હતું. ફેડા ગુજરાતનાં ચેરમેન જણાવ્યું હતું કે વેચાણમાં ઘટાડો ઘણાં કારણોસર થયો છે. રાજ્યનાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનાં વિસ્તારોમાં ભારે વરસાદને કારણે વેચાણ પર પ્રતિકૂળ અસર પડી છે. ઘણી જગ્યાએ પાણી ભરાયા હતાં. સપ્ટેમ્બરમાં શ્રાદ્ધનો સમયગાળો પણ વેચાણ માટે એક મોટો અવરોધ હતો, કારણ કે તે નવી ખરીદી માટે અશુભ સમય માનવામાં આવે છે.

ફેડાના અધિકારીઓના જણાવ્યા અનુસાર જો તહેવારોના સમયગાળા દરમિયાન વેચાણમાં વધારો ન થાય તો ભારે ડિસ્કાઉન્ટ અને ઑફર્સ ડીલરની નફાકારકતાને અસર કરી શકે છે. ગુજરાતમાં કાર અને ટુ-વ્હીલરના વેચાણમાં ઘટાડાના દર સમગ્ર ભારત કરતાં વધુ છે. સમગ્ર દેશમાં ટુ-વ્હીલરનું વેચાણ ૮.૫ ટકા ઘટ્યું હતું, જ્યારે આ સમયગાળા દરમિયાન કારનું વેચાણ ૧૮.૮૧ ટકા ઘટ્યું હતું. ■

# સુરતમાં ૩૫૨ ગ્રામ ડ્રગ્સ સાથે એક આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેર પોલીસ દ્વારા નો ડ્રગ્સ ઇન સુરત સિટી અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. પોલીસને મળેલી બાતમીના આધારે સુરતમાં ૩૫૨ ગ્રામ એમડી ડ્રગ્સ સાથે એસઓજી દ્વારા એક ઇસમને ઝડપી પાડવામાં આવ્યો હતો.

આરોપી પાસેથી ૩૫.૨૦ લાખ રૂપિયાનું ડ્રગ્સ પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવ્યું હતું, અત્રે ઉલ્લેખનીય છે કે, હિન્દુ સંગઠનો દ્વારા સુરત પોલીસ કમિશનરને નવરાત્રિ પહેલા અરજ કરવામાં આવી હતી કે, કેટલાક ઈસમો નવરાત્રિના આયોજનો આસપાસ ડ્રગ્સનું વેચાણ કરે છે. ત્યારે આ ઈસમ પણ અડાજણમાં નવરાત્રિના મોટા આયોજનના બેથી અઢી કિલોમીટરના વિસ્તારમાંથી ઝડપાતા અનેક સવાલો ઊઠી રહ્યા છે.

પોલીસને બાતમી મળી હતી કે સુરતના અડાજણ સ્ટાર બજારથી એલપી સવાણી રોડ તરફની સામે જાહેરમાં એક ઈસમ ડ્રગનું વેચાણ કરવા માટે ઊભો છે. બાતમીના આધારે તાત્કાલિક પોલીસે કાર્યવાહી કરીને આ ઈસમને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી ૩૫૨ ગ્રામ એમડી ડ્રગ્સનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

આ ઇસમનું નામ મહમદ આસિફ અબ્દુલ રસીદ શેખ છે અને તે પદ્માવતી સોસાયટી લીંબાયતનો રહેવાસી હોવાનું બહાર આવ્યું છે. આ ઉપરાંત આરોપી પાસેથી બે મોબાઈલ અને ડ્રગ્સના વેચાણના ૮૯,૯૦૦ રૂપિયા પણ પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવ્યા હતા.

આરોપી મોહમ્મદ આશિફની પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે, આરોપી કોઈ કામ ધંધો કરતો ન હતો અને મોજશોખ પૂરા કરવા માટે અને શોર્ટકટથી પૈસા કમાવવા માટે તે આ ડ્રગ્સનું વેચાણ કરતો હતો. મુંબઈથી યોગેશ ઈંગ્લે નામના વ્યક્તિ પાસેથી એમડી ડ્રગ્સ લાવતો હતો. આરોપી વિરુદ્ધ અડાજણ પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ હેઠળ ગુનો દાખલ કરી પોલીસે આ બાબતે વધુ તપાસ હાથ ધરી છે. ■

# અમદાવાદમાં ૧૫૦ વાલીઓએ આરટીઈનો ગેરલાભ લઈ બાળકોને શાળામાં પ્રવેશ અપાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની ૭ જાણીતી સ્કૂલોમાં આરટીઈ હેઠળ ૧૫૦થી વધુ બાળકોના ખોટી રીતે ગરીબ બનીને પ્રવેશ મેળવ્યો હતો.

સ્કૂલોએ આ અંગે ડીઈઓને રજૂઆત કરી હતી કે, બાળકોના વાલીઓએ ખોટા દસ્તાવેજો રજૂ કરીને પોતાનાં બાળકોને પ્રવેશ અપાવ્યો હતો. વાલી સામે પોલીસ કેસ નોંધાવવાની સુધીની કાર્યવાહી ડીઈઓ દ્વારા કરવામાં આવશે.

અમદાવાદની જાણીતી અંગ્રેજી માધ્યમની ૭ સ્કૂલો જેવી કે ઉદગમ સ્કૂલ, કેલોરેક્સ સ્કૂલ, ઝેબર સ્કૂલ, આર.પી. વસાણી સ્કૂલ, આનંદ નિકેતન સ્કૂલ, જેમ્સ જીનીસિસ સ્કૂલ, શાંતિ એશિયાટિક સ્કૂલ, કે.એન. પટેલ સ્કૂલમાં આરટીઈ હેઠળ અનેક એડમિશન થયા હતા. આ એડમિશનમાંથી ૧૫૦ કરતાં વધુ એડમિશનમાં વાલીઓએ ૧,૫૦,૦૦૦ સુધીની આવકના સર્ટિફિકેટ રજૂ કરીને વધુ આવક હોવા છતાં ખોટી રીતે પ્રવેશ મેળવ્યો હતો. સ્કૂલો દ્વારા આ મામલે તપાસ કરીને વાલીઓની યાદી બનાવીને ફરિયાદ કરવામાં આવી છે. આ મામલે ડીઈઓ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

આ અંગે ડીઈઓ રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે અમદાવાદમાં ૮૫૦૦ બેઠક હતી, જેમાંથી ૧૫૦ બેઠક પર ખોટી રીતે પ્રવેશ મેળવ્યા હોવાની ફરિયાદ થઈ છે. આઈટી રિટર્નના આધાર છુપાવીને અથવા અન્ય રીતે પોતાના બાળકને ધોરણ ૧માં પ્રવેશ અપાવ્યો હતો.

આગામી સમયમાં તપાસ કરીને હિયરિંગ રાખવામાં આવશે. આ હિયરિંગમાં વાલીઓ દોષિત સાબિત થશે તો વાલી સામે પોલીસ કેસ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે. ■

# રિયલ એસ્ટેટ પ્રોજેકટની જાહેરાતો-પ્રચાર સાહિત્યમાં 'ક્યુઆર' કોડ ફરજિયાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (ગુજરેરા) દ્વારા પ્રોજેકટ વિજ્ઞાપનોમાં કયુઆર કોડ ફરજીયાત કર્યો છે, રિયલ એસ્ટેટ ક્ષેત્રનાં પ્રોજેકટ વિશેની માહિતી હવે ગ્રાહકોને આસાનીથી ઉપલબ્ધ થઈ શકશે. ગુજરેરાના પરિપત્ર મુજબ રીઅલ એસ્ટેટ પ્રોજેકટની તમામ વિજ્ઞાપનો, બ્રોશર, પ્રોસ્પેકટસ સહિતની સામગ્રીમાં કયુઆર કોડ રાખવો પડશે. ગત ૧લી ઓકટોબરથી જ આ નિયમ અમલી બનાવી દેવામાં આવ્યો છે. કયુઆર કોડ અનિવાર્ય કરાતા લોકો આંગળીના ટેરવે જ બધી માહીતી મેળવી શકશે. આ કયુઆર કોડમાં બિલ્ડર-ડેવલપર તથા પ્રોજેકટને લગતી તમામ માહિતી હશે.અત્યાર સુધી વિજ્ઞાપનો કે પ્રચારમાં માત્ર ૮ આંકડાનો રેરા નંબર આપવાનું જ ફરજિયાત હતું.

ગુજરેરાના એક અધિકારીએ જણાવ્યું હતું કે, પ્રોજેક્ટ પ્રચાર સામગ્રીમાં કયુઆર કોડ રહેવાના સંજોગોમાં સંબંધિત લોકો સ્માર્ટફોનથી તે સ્કેન કરીને તમામ માહિતી મેળવી શકે તેવો ઉદ્દેશ આ નિયમ લાગુ કરવા પાછળનો છે. જોકે વેચાણ દસ્તાવેજ કે અન્ય કાનૂની દસ્તાવેજોમાં ૮ આંકડાના રેરા નંબરને બદલે આખો રેરા રજિસ્ટ્રેશન નંબર દર્શાવવાનો રહેશે. કોઈ કાનૂની વિવાદ સર્જાતો રોકવાના ઉદેશથી આ નિર્ણય કરવામાં આવ્યો છે. ■

# સમૃદ્ધિ માર્ગ પર હવે પથ્થરમારાની સમસ્યા, પ્રવાસીઓમાં ભય

બુલઢાણાઃ સમૃદ્ધિ માર્ગ પર પ્રવાસ કરતી વખતે, ખાસ કરીને રાતના સમયે બહુ સાવચેતી રાખવાની જરૂર છે, કારણ કે અહીં હવે વાહનો પર પથ્થરમારો કરવામાં આવતો હોવાની નવી સમસ્યા શરૂ થઇ છે. પહેલાથી સમૃદ્ધિ માર્ગમાં વિવિધ સમસ્યાઓથી પ્રવાસીઓ ત્રસ્ત છે તેમાં આ નવી સમસ્યાને કારણે લોકોમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. બહુ ઉતાવળ કરીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે હિન્દુ હૃદયસમ્રાટ સ્વ. બાળાસાહેબ ઠાકરે સમૃદ્ધિ એક્સપ્રેસ-વેનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ત્યારથી આ માર્ગ હંમેશાં વિવાદમાં ઘેરાતો રહ્યો છે.

સોમવારે રાત્રે અગિયાર વાગ્યાની આસપાસ સમૃદ્ધિ માર્ગ પર પ્રથમ વખત પથ્થરમારાની ઘટના બની હતી. ચેનલ નં. ૩૦૭.૧ નજીક દેઉળગાવ કોળથી બીબી તરફ જનારા ઓવરબ્રિજ પરથી ખાનગી બસ જઇ રહી હતી. ત્યારે અજ્ઞાત શખસો દ્વારા પથ્થરમારો કરાયો હતો જેમાં બસનો આગળનો કાચ તૂટ્યો હતો. આ ઘટનામાં ડ્રાઇવર અને બે પ્રવાસી જખમી થયા હતા.

# ભીખ માગવાને બહાને ચોરીઃ ૩૫ લાખના દાગીના જપ્ત

પુણેઃ પુણેમાં ભીખ માગવાને બહાને ઘરમાં ઘૂસી હાથફેરો કરનારી ૨૦ વર્ષની યુવતીને ચંદનનગર પોલીસે પકડી પાડી હતી, જ્યારે ગુનામાં સામેલ તેના સગીર સાથીને પણ તાબામાં લેવાયો હતો. તેમની પાસેથી ૩૫ લાખ રૂપિયાના દાગીના, ૨૬ હજારની રોકડ તથા વાહન જપ્ત કરવામાં આવ્યું હોવાનું પોલીસે જણાવ્યું હતું. ચંદનનગર પોલીસે ધરપકડ કરેલી યુવતીની ઓળખ મિલી દીપક પવાર (૨૦) તરીકે થઇ હોઇ તે નાશિકના આડગાવ નાકા ખાતે રહે છે. મિલી અને તેનો સગીર સાથીદાર ચંદનનગર વિસ્તારમાં ભીખ માગવાને બહાને ઘરની રેકી કરી રહ્યાં હતાં ત્યારે એક ઘર પર તેમની નજર પડી હતી, જેનો દરવાજો ખુલ્લો હતો. તકનો લાભ લઇને બંને જણ અંદર ઘૂસી ગયાં હતાં અને દાગીના ચોરી તેઓ પલાયન થઇ ગયા હતા. ચંદનનગર પોલીસે આ પ્રકરણે ગુનો નોંધીને તપાસ આદરી હતી. દરમિયાન ગુનામાં સંડોવાયેલી યુવતી અને તેનો સાથી દેવાચી આળંદી વિસ્તારમાં હોવાની માહિતી મળતાં પોલીસ ટીમે ત્યાં છટકું ગોઠવ્યું હતું અને બંનેને પકડી પાડ્યાં હતાં. પૂછપરછમાં બંનેએ ખડક અને ચંદનનગર વિસ્તારમાં ચોરી કર્યાનું કબૂલ્યું હતું. કેટલાક દિવસ અગાઉ તેમણે ભવાની પેઠે ખાતે ટિંબર માર્કેટ પરિસરમાં ઘરમાં ચોરી કરી હતી.

# પુણેની મેડિકલ કોલેજમાં એડમિશનને બહાને ૮૧ લાખની ઠગાઇઃ મુખ્ય આરોપીની ધરપકડ

મુંબઈઃ પુણેની બી.જે. મેડિકલ કોલેજમાં એમડીના કોર્સ માટે પુત્રને એડમિશન અપાવવાને બહાને મુંબઈના રહેવાસી સાથે ૮૧ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવા પ્રકરણે બોરીવલી પોલીસે મુખ્ય આરોપીની ધરપકડ કરી હતી.

આરોપીની ઓળખ અનિલ રામચંદ્ર તાંબટ તરીકે થઇ હતી. મુંબઈ પોલીસની ટીમે આ કેસની ૧૦ મહિના લાંબી તપાસ બાદ રવિવારે અનિલ તાંબટને છત્રપતિ સંભાજીનગરથી પકડી પાડ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર તાંબટ અને તેના સાથીદાર સંદીપ વાઘમારે, અભિજીત પાટીલ તથા ભૂષણ પાટીલ પર કાંદિવલીના રહેવાસી સાથે છેતરપિંડી કરવાનો આરોપ છે.

કાંદિવલીમાં રહેતો મંગેશ અનંત રાણે મેડિકલ અને સર્જિકલ સપ્લાયનો વ્યવસાય ધરાવે છે. એમડી પ્રોગ્રામમાં ૨૦૧૯માં એમબીબીએસ પૂરું કરનારા પોતાના પુત્રના એડમિશન માટે રાણે પ્રયાસ કરી રહ્યો હતો. જોકે એમડી કોર્સ માટે તેના પુત્રને એડમિશન મળ્યું નહોતું.

રાણે બાદમાં વાઘમારેના સંપર્કમાં આવ્યો હતો, જેણે તેનો પરિચય અભિજીત પાટીલ તાંબટ અને ભૂષણ પાટીલ સાથે કરાવ્યો હતો. તેમણે રાણેને ખાતરી આપી હતી કે તેના પુત્રને સરકારી ક્વોટા મારફત સીટ મળી જશે. તેમના સૂચનથી રાણેના પુત્રએ એનઇઇટી પીજી (નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ-પોસ્ટ ગ્રેજ્યુએટ) પરીક્ષા માટે ફરી અરજી કરી હતી.

ત્રણ દિવસ બાદ રાણેને ઇ-મેઇલ મળ્યો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેના પુત્રને પુણે સ્થિત બી.જે. મેડિકલ કોલેજમાં એડમિશન મળી ગયું છે. આ મેઇલ કોલેજનો હોવાનું માની રાણેએ તેના પુત્રના સર્ટિફિકેટ્સ સહિતના જરૂરી દસ્તાવેજો સબમિટ કર્યા હતા.

રાણેએ ત્યાર બાદ તાંબટને ૯૪ લાખ રૂપિયા, અભિજીત પાટીલને ૮.૫ લાખ રૂપિયા, વાઘમારેને ૨૩ લાખ રૂપિયા તેમ જ ભૂષણ પાટીલને ૧૧ લાખ રૂપિયા આપ્યા હતા. આમ રાણેએ કુલ ૧.૩૬ કરોડ રૂપિયા ચૂકવ્યા હતા.

પૈસા મળ્યા બાદ ચારેય જણે કોલેજનું આઇડી કાર્ડ સહિતના દસ્તાવેજો રાણેને મોકલ્યા હતા અને દાવો કર્યો હતો કે તેના પુત્રને કોલેજમાં એડમિશન મળી ગયું છે. જોકે રાણેને બાદમાં જાણવા મળ્યું હતું કે આઇડી કાર્ડ અને દસ્તાવેજો બોગસ છે. રાણેએ પોતાના પૈસા પાછા માગ્યા ત્યારે તેમણે તેને ૫૫ લાખ રૂપિયા પાછા કર્યા હતા, જ્યારે બાકીના ૮૧ લાખ રૂપિયા તેમણે આપ્યા નહોતા. ઉપરાંત જો પોલીસનો સંપર્ક કરશે તો પુત્રનું અપહરણ કરીને તેને મારી નાખવાની રાણેને તેમણે ધમકી આપી હતી. (પીટીઆઇ)

## પાંચમા પાનાનું ચાલુ

### બીકેસી અને

નોંધાયો હતો. ચોમાસા બાદ સામાન્ય રીતે મુંબઈમાં પવનોની દિશા બદલાઈ જતી હોય છે અને પવનો ધીમા પડી જતા હોય છે. તેથી હવામાં રહેલા ધૂળ અને પ્રદૂષણ હવાની સાથે જ આગળ વધવાને બદલે વાતાવરણમાં ભેજ હોવાને કારણે ત્યાં જ સ્થિર રહેતા હોય છે.

નૈસર્ગિક કારણની સાથે જ માનવનિર્મિત કારણો પણ મુંબઈના પ્રદૂષણમાં વધારો કરતા હોય છે.

મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડના જણાવ્યા મુજબ ૦-૫૦ શ્રેણીમાં આવતી હવે ચોખ્ખી, ૫૧-૧૦ની વચ્ચે સમાધાનકારક, ૧૦૧-૨૦૦ મધ્યમ, ૨૦૧-૩૦૦ ખરાબ અને ૩૦૧-૪૦૦ અત્યંત ખરાબ અને ૪૦૦થી વધુ અતિ જોખમી શ્રેણીમાં આવે છે.

**મુંબઈમાં અસહ્ય ગરમી અને બફારો**

મુંબઈગરા સતત બીજા દિવસે ગરમી અને ઉકળાટથી હેરાનપરેશાન થઈ ગયા હતા. સોમવારે મુંબઈમાં મહત્તમ તાપમાન ૩૬.૫ જેટલું ઊંચુ નોંધાયા બાદ મંગળવારે પણ તાપમાનનો પાલો ઊંચો નોંધાયો હતો.

દિવસ દરમિયાન સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૬.૪ ડિગ્રી અને કોલાબામાં ૩૩.૪ ડિગ્રી નોંધાયું હતું.

વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ ઊંચું રહ્યું હતું. હવામાન ખાતાના અધિકારીના જણાવ્યા મુજબ ચોમાસું પાછું ખેંચાયા બાદ ઑક્ટોબરમાં મુંબઈમાં ૩૬ ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન નોંધાવું સામાન્ય છે, જે સામાન્ય રીતે ૧૦ ઑક્ટોબર પછી થાય છે અને ઑક્ટોબર અંતમાં તાપમાનમાં પણ વધારો થતો હોય છે. મુંબઈમાં આ વર્ષે ચોમાસાની વિદાય આઠથી ૧૦ ઑક્ટોબર વચ્ચે થવાની છે.

### અજિત પવાર

જમ્મુ અને કાશ્મીરમાં સારું પ્રદર્શન છેલ્લા દસ વર્ષમાં મોદી સરકારની કામગીરી પર લોકોનો વિશ્વાસ દર્શાવે છે, એમ પટેલે કહ્યું હતું.

તેમણે આરોપ લગાવ્યો હતો કે વિપક્ષી પાર્ટીઓએ મીડિયા દ્વારા ખોટા નેરેટિવ ચલાવ્યા હતા કે ભાજપ ખેડૂતોના વિરોધ, ખાસ જાતિઓ અને રમતવીરોમાં અશાંતિ સહિતના ઘણા મુદ્દાઓ પર હરિયાણાની ચૂંટણી હારી જશે.

હરિયાણા અને જમ્મુ અને કાશ્મીરના પરિણામોથી મહાયુતિ ઉત્સાહિત છે. લોકસભાની ચૂંટણીમાં ખોટા નેરેટિવ ચલાવવામાં આવ્યા હતા, પરંતુ આજના પરિણામો બતાવે છે કે કોને જલેબી મળશે, એમ પટેલે રાહુલ ગાંધી પર સ્પષ્ટ કટાક્ષ કરતા કહ્યું.

તેમણે દાવો કર્યો હતો કે રાજ્ય સરકારની નીતિઓથી ડુંગળી અને કપાસના ઉત્પાદકો અને દૂધ ઉત્પાદકોને ફાયદો થયો છે. ગઈ ચૂંટણીઓથી ભાજપનો વોટ શેર અને બેઠકોની સંખ્યામાં વધારો થયો છે, એમ તેમણે ઉમેર્યું હતું.

### ભાજપ ફ્રન્ટ ફૂટ

ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએને છોડી દેવા બાબતે ફેરવિચાર કરશે, એમ તેમણે જણાવ્યું હતું.

બીજી તરફ કોંગ્રેસે તેના સાથી પક્ષો એનસીપી (એસપી) અને શિવસેના (યુબીટી) સાથે બેઠક વહેંચણી અંગે ચર્ચા કરતી વખતે ઝૂકતું માપ લેવું પડશે, એમ તેમણે ઉમેર્યું હતું.

જોકે, દેશપાંડેએ એમ પણ કહ્યું હતું કે મહારાષ્ટ્રનું રાજકીય લેન્ડસ્કેપ હરિયાણા કરતા અલગ છે.

ઉત્તરીય રાજ્યમાં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે સીધી લડાઈ હતી, પરંતુ મહારાષ્ટ્રમાં છ પક્ષો છે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેના, વંચિત બહુજન અઘાડી અને કેટલાક નાના પ્રાદેશિક પક્ષો પણ રાજકીય ક્ષેત્રે અસ્તિત્વ ધરાવે છે. વધુમાં હરિયાણાની વોટિંગ પેટર્ન મહારાષ્ટ્ર સાથે સરખાવી શકાય નહીં, એમ પણ તેમણે ઉમેર્યું હતું.

દેશપાંડેએ ધ્યાન દોર્યું હતું કે હરિયાણામાં મરાઠા વિરુદ્ધ ઓબીસી અને ધનગર વિરુદ્ધ અનુસૂચિત જાતિના મુદ્દાઓ અસ્તિત્વમાં નથી.

આ જ્ઞાતિનાં સમીકરણો જટિલ છે અને પશ્ચિમી રાજ્યમાં મતદાન પેટર્નને એક હદ સુધી અસર કરી શકે છે, એમ તેમણે કહ્યું હતું.

રાજકીય વિવેચક પ્રકાશ અકોલકરે કહ્યું હતું કે, એમવીએએ કોંગ્રેસના ઉદાહરણમાંથી ઘણું શીખવાનું છે.

કોંગ્રેસ લોકસભા ચૂંટણીમાં તેના પ્રદર્શન પછી ઉત્સાહિત હતી અને કોંકણ જેવા પ્રદેશોમાં જ્યાં તેની હાજરી ઓછી છે ત્યાં પણ બેઠકો પર દાવો કરી રહી હતી. કોંગ્રેસે સમજવું જોઈએ કે લોકોનો આદેશ ચાર મહિનામાં બદલાઈ શકે છે. તેમણે સીટ-શેરિંગ વાટાઘાટોમાં બિનજરૂરી દાવા ન કરવા જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

હરિયાણામાં કોંગ્રેસની હાર પાછળ જૂથવાદ એક પરિબળ હોઈ શકે છે તેની નોંધ લેતા અકોલકરે કહ્યું હતું કે પાર્ટીને મહારાષ્ટ્રમાં તેનું ઘર સાચવતા આવડવું જોઈએ.

શિવસેના (યુબીટી) એ પણ 'ગદ્દાર' અને 'વિશ્વાસઘાત'નું પુનરાવર્તન કરવાને બદલે લોકોને તે શું આપી શકે છે તે જણાવવાનો પ્રયાસ કરવો જોઈએ.

શિવસેનાના સાંસદ શ્રીકાંત શિંદેએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રના મતદારો હરિયાણામાં તેમના ભાઈઓની જેમ 'વિભાજનકારી યુક્તિઓ'ને નકારી કાઢશે અને ડબલ એન્જિન સરકાર દ્વારા ઓફર કરાયેલી સ્થિરતા અને પ્રગતિ પર પસંદગી ઉતારશે.

એનસીપીના કાર્યકારી પ્રમુખ પ્રફુલ્લ પટેલે જણાવ્યું હતું કે હરિયાણાના પરિણામો રાજકીય નેતાઓની 'આઉટગોઇંગ' અને 'ઇનકમિંગ' રાજકીય ચાલ પર ફેરવિચાર કરવાની ફરજ પાડશે. તેમણે કહ્યું કે ચૂંટણીનાં પરિણામોએ સીએમ એકનાથ શિંદેની આગેવાની હેઠળની મહાયુતિ સહયોગી શિવસેના, ભાજપ અને ડેપ્યુટી સીએમ અજિત પવારના નેતૃત્વમાં એનસીપીને ઉત્સાહિત કર્યા છે.

કોંગ્રેસના નેતાઓએ જો કે હરિયાણાની જેમ મહારાષ્ટ્રની ચૂંટણીમાં મહાયુતિ ચૂંટણીમાં સફળતા મેળવશે તેવી ધારણાને નકારી કાઢી હતી. વરિષ્ઠ નેતા રમેશ ચેન્નીથલાએ જણાવ્યું હતું કે હરિયાણાના પરિણામોની મહારાષ્ટ્રની ચૂંટણીઓ પર કોઈ અસર થશે નહીં અને ભારપૂર્વક જણાવ્યું હતું કે પાર્ટી કેડરમાં નિરાશા નથી.

૨૮૮ સભ્યોની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી આવતા મહિને યોજાય તેવી શક્યતા છે.

કોંગ્રેસ ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી) અને શરદ પવારની એનસીપી (એસપી) સાથે રાજ્યમાં વિપક્ષ મહા વિકાસ અઘાડીનો ઘટક છે.

'મહાવિકાસ અઘાડી (એમવીએ) એકનાથ શિંદેની આગેવાની હેઠળની સરકારને પોતાની એકતાથી હરાવી દેશે અને કોંગ્રેસ હરિયાણા વિધાનસભા ચૂંટણીના વલણોથી કોઈ નિરાશ થયું નથી, એમ મહારાષ્ટ્રના એઆઈસીસીના પ્રભારી ચેન્નીથલાએ અહીં જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે મહારાષ્ટ્ર અને હરિયાણામાં રાજકીય પરિસ્થિતિ સંપૂર્ણપણે અલગ છે.

દરમિયાન, જાલનામાં શ્રીકાંત શિંદેએ કહ્યું હતું કે હરિયાણાનાં પરિણામો કોંગ્રેસ અને જાતિવાદી રાજકારણમાં લિપ્ત વિપક્ષો માટે સ્પષ્ટ તમાચો છે. રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ડબલ એન્જિન સરકારની સકારાત્મક અસર લોકો જોઈ રહ્યા છે. મને ખાતરી છે કે, મહારાષ્ટ્રની આગામી ચૂંટણીમાં પ્રતિબિંબિત થશે, એમ તેમણે ઉમેર્યું હતું.

શિંદેએ માઝી લાડકી બહેન યોજના, લેક લાડકી, યુવા કાર્ય તાલીમ યોજના, ખેડૂતો માટે મફત વીજળી અને મહાયુતિ સરકાર દ્વારા શરૂ કરાયેલી સોલાર એગ્રીકલ્ચર પંપ યોજના સહિત અનેક યોજનાઓની વાત કરી હતી.

લોકો છેલ્લા બે વર્ષમાં મહાયુતિના કામથી સંતુષ્ટ છે, અને મુખ્ય પ્રધાન વિપક્ષની ટીકા છતાં લોકો માટે સકારાત્મક પરિણામો આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. મને વિશ્વાસ છે કે મહાયુતિ આગામી ચૂંટણીમાં નિર્ણાયક બહુમતી સાથે જીતશે, એમ એકનાથ શિંદેના પુત્ર શ્રીકાંત શિંદેએ જણાવ્યું હતું. સંસદમાં શિવસેના વિધાયક દળના નેતાએ કોંગ્રેસ અને વિપક્ષી નેતા રાહુલ ગાંધી પર લોકસભા ચૂંટણી દરમિયાન જાતિ અને ધર્મના આધારે વિભાજનને વેગ આપવાનો આરોપ લગાવ્યો હતો. ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ મહારાષ્ટ્રમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી હતી તેણે ૨૮૮માંથી ૧૦૫ બેઠકો મેળવી હતી, જ્યારે તેની તત્કાલીન સાથી શિવસેના (અવિભાજિત)એ છપ્પન બેઠકો જીતી હતી. (પીટીઆઈ)

### ગરબા રમતી વખતે

એટેક આવતા તેમનું નિધન થયું હતું. આ સમયે તેમનો દીકરો ભાવેશ પણ તેમની સાથે હતો.

વાઈરલ થઈ રહેલાં વીડિયોમાં જોવા મળે છે કે અશોક ગરબા કરતાં કરતાં ઢળી પડે છે અને આસપાસના લોકો કંઈ પણ સમજી શકે એ પહેલાં જ તેમનું પ્રાણ પંખેરુ ઊડી ગયું હતું. અશોકને સારવાર માટે નજીકની હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

અશોક મૂળ ધૂળે જિલ્લાના શિંદખેડા તાલુકાના હોલ ગામના રહેવાસી હતા અને વર્તમાનમાં પુણેના ચાકણમાં રહેતાં હતા. ગઈકાલે તેઓ પુણેમાં એક કાર્યક્રમમાં દીકરા સાથે ગરબા રમી રહ્યા હતા ત્યારે આસપાસના કેટલાક લોકો તેમના આ અનોખા ગરબાને મોબાઈલમાં કેદ રહી રહ્યા હતા, પરંતુ આ ગરબા અશોકના જીવનના છેલ્લાં ગરબા બની ગયા હતા. ગરબા કિંગના નિધનથી આસપાસના વિસ્તારમાં દુઃખનો માહોલ જોવા મળી રહ્યો છે.

### ઉદ્ધવ ગજથી

દાવો કર્યો કે સરકાર લોકોને તેમના પોતાના જ પૈસા (યોજના દ્વારા) આપીને 'મહારાષ્ટ્ર ધર્મ' સાથે દગો કરવાનો પ્રયાસ કરી રહી છે.

૨૮૮ સભ્યોની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી આવતા મહિને યોજાય તેવી શક્યતા છે. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, 'મહારાષ્ટ્રને બચાવવા માટે કૉંગ્રેસ અથવા એનસીપી (એસપી) દ્વારા જાહેર કરાયેલા કોઈપણ મુખ્ય પ્રધાનના ચહેરાને હું સમર્થન આપીશ, એમ ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું.

ઓગસ્ટમાં ઠાકરેએ સૌથી વધુ બેઠકો કોણ જીતે છે તેના તર્ક પર જવાને બદલે પ્રથમ એમવીએનો મુખ્ય પ્રધાનપદનો ચહેરો નક્કી કરવાનો આગ્રહ રાખ્યો હતો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેઓ કૉંગ્રેસ અને એનસીપી (એસપી) દ્વારા જાહેર કરાયેલ કોઈપણ ઉમેદવારને સમર્થન આપશે.

શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે ત્યારે કહ્યું હતું કે ઠાકરેએ હૃદયની વિશાળતા દર્શાવી છે (એમવીએ જે કોઈને મુખ્ય પ્રધાનપદ માટે યોગ્ય માને તેમને સમર્થન આપીને). (પીટીઆઈ)

### મુંબઈ હવે નહીં ડૂબે

વરસાદનાં પાણી ભરાઈ જવાથી પૂરજનક પરિસ્થિતિ નિર્માણ થાય નહીં તે માટે શહેરનાં નાનાં-મોટાં તમામ નાળાઓ અને ગટરની સફાઈ કરવામાં આવતી હોય છે. જોકે રસ્તા પર ગમે ત્યાં ફેંકી દેવામાં આવેલો અથવા ગટરમાં ફેંકવામાં આવેલા કચરો (ફ્લોટિંગ મટિરિયલ) વરસાદનાં પાણી સાથે દરિયામાં જતો હોય છે અને ભારે વરસાદ દરમિયાન દરિયા કિનારા પર પાછો ફેંકાતો હોય છે. તેથી સુધરાઈ શહેરમાં નવ જગ્યાએ ટ્રેશ બ્રૂમ બેસાડવાનો નિર્ણય લીધો હતો.

સુધરાઈએ માર્ચમાં પૂર્વ ઉપનગરમાં મીઠી નદીના આઉટલેટ્સ, નદી અને મુખ્ય નાળાઓ પર વધારાના ૧૬ ટ્રેશ બ્રૂમ બેસાડવા માટે ટેન્ડર બહાર પાડ્યા હતા. સુધરાઈને તે માટે ત્રણ બિડ મળી છે, તેમાં સૌથી ઓછી બિડ ૮૧ કરોડ રૂપિયાની હતી, જેને પ્રશાસને મંજૂરી આપી દીધી છે. ટૂંક સમયમાં વર્ક ઓર્ડર બહાર પાડવામાં આવશે. પાંચ વર્ષની જાળવણી સહિતનો કુલ ખર્ચ ૮૮.૪૬ કરોડ રૂપિયા છે.

હાલ ગઝ દર બંધ નાળું, મૅન એવેન્યુ, મોગરા નાળા સહિત અન્ય જગ્યાએ બેસાડેલા ટ્રેશ બ્રૂમમાં રોજનો ૧.૫ ટન તરતો કચરો જમા થાય છે. બ્રૂમ કચરા અને કાંપને પાણીમાં એકઠો થવામાં મદદ કરે છે. બ્રૂમ ટ્રેશમાં જમા થયેલા કચરાને કાઢીને ડમ્પિંગ સાઈટ પર લઈ જવામાં આવે છે. તરતા કચરાને દરિયામાં જતો રોકવા માટે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે ૨૦૨૦માં આપેલ આદેશ બાદ સુધરાઈએ બ્રૂમ ટ્રેશ બેસાડ્યા હતા.

### એકનાથ શિંદે

આચારસંહિતા જાહેર થયા પહેલા 'મુખ્યમંત્રી લાડકી બહેન' યોજનાના પ્રચારમાં સતત વ્યસ્ત હતા, તેમની તબિયત આજે સવારે 'સખત મહેનત'ને કારણે બગડી છે. પરિણામે ડોક્ટરની સલાહ મુજબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના આજના તમામ કાર્યક્રમો રદ્દ કરવામાં આવ્યા છે. મુંબઈની બહાર સોલાપુર શહેરમાં હોમ મેદાનમાં આયોજિત 'મુખ્યમંત્રી મારી લાડકી બહેન યોજના'ના પ્રચાર અને પ્રસાર માટેનો આ એક મુખ્ય કાર્યક્રમ હતો. હવે આ કાર્યક્રમ બે નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવારની હાજરીમાં યોજાશે.

મુખ્ય પ્રધાન મંગળવારે સવારે ૧૦.૩૦ કલાકે વીસી મારફત મુંબઈ મંડળના વિવિધ હાઉસિંગ પ્રોજેક્ટમાં ફ્લેટના વિતરણ માટેના ડ્રોઈંગ પ્રોગ્રામ માટે ઉપસ્થિત રહેવાના હતા. પરંતુ તે આ કાર્યક્રમમાં ગેરહાજર રહ્યા હતા. આ કાર્યક્રમ યશવંતરાવ ચવ્હાણ સેન્ટર, નરીમાન પોઈન્ટ, મુંબઈ ખાતે યોજાયો હતો, ત્યાર બાદ આજે બપોરે ૧૨.૩૦ કલાકે મુખ્ય પ્રધાનનો સોલાપુર પ્રવાસ શરૂ થવાનો હતો. જેમાં તેઓ 'મુખ્યમંત્રી મારી લાડકી બહેન યોજના'ના પ્રચાર અને પ્રસાર કાર્યક્રમમાં સામેલ થવા જઈ રહ્યા હતા. સોલાપુરના હોમ મેદાનમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની સોલાપુરની મુલાકાત પાંચમી વખત રદ કરવામાં આવી છે.

ત્યાર બાદ મુખ્ય પ્રધાનની અધ્યક્ષતામાં મુંબઈના સહ્યાદ્રી ગેસ્ટ હાઉસ ખાતે રાજ્ય મંત્રીમંડળની બેઠક મળી હતી. તે પણ રદ કરવામાં આવી છે. કેબિનેટની બેઠક બાદ, મુખ્ય પ્રધાન તે જ સ્થળે મહાત્મા ફૂલે રિન્યુએબલ એનર્જી એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટેક્નોલોજી લિમિટેડ (મહાપ્રીત)ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકમાં હાજરી આપવાના હતા.

### હૉર્ન નૉટ

રીતે ઘવાયો હતો. ખરાતને તાત્કાલિક નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. ખરાતની હાલત નાજુક હોવાથી વધુ સારવાર માટે તેને ખાનગી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ બોરીવલી પશ્ચિમમાં રેલવે ટ્રેક નજીકના નાળામાં એક વ્યક્તિનો મૃતદેહ નજરે પડ્યો હોવાની માહિતી પોલીસને મળી હતી. માહિતીને પગલે ખરાત ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. રેલવે પાટા નજીકના પરિસરમાં ઊભા રહીને ખરાત ઘટનાસ્થળનું નિરીક્ષણ કરી રહ્યો હતો.

કહેવાય છે કે તે જ સમયે એક ટ્રેન પસાર થઈ હતી, જેના કર્કશ અવાજને કારણે સંતુલન ગુમવવાથી ખરાત નાળામાં પડી ગયો હતો. લગભગ ૨૦ ફૂટ ઊંડા નાળામાં પથ્થરો પર ખરાતનું માથું પટકાયું હતું, જેને કારણે તે બેભાન થઈ ગયો હતો.

## હિન્દુ મરણ

**હાલાઇ લોહાણા**

મોરબી વતની હાલ સાંતાક્રુઝ બકુલેશભાઇ (ઉં. વ. ૬૬) તે સ્વ. મોતીબેન તથા સ્વ. ચુનિલાલ કાથરાણીના પુત્ર. તે કલ્પનાબેનના પતિ. તે સ્વ. ચંદુલાલ શાંતિલાલ લાખાણીના જમાઇ. તે ફોરમ નીરવ શાહના પિતા. તે જેષ્ઠારમ, સ્વ. મનહરભાઇ, જયંતભાઇ, હંસાબેન કાથરાણી, સ્વ. નિર્મળાબેન દેવીદાસ મોદીના ભાઇ. સોમવાર, તા. ૭-૧૦-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ**

બુધેલ નિવાસી ગં. સ્વ. નિર્મળાબેન વનરાવન શાહ (જુંજાણી)ના પુત્ર. પરેશભાઇ (ઉં. વ. ૫૬) તા. ૬-૧૦-૨૪ના રવિવારે શ્રીજીચરણ પામેલ છે. અંજનાના પતિ. માનસી તથા જશના પિતાશ્રી. જ્યોતિબેન, પ્રમોદીબેન, સ્વ. નયનાબેન, સ્વ. હીનાબેન, પૂર્ણિમાબેન, તથા સ્વ. મીનાબેનના ભાઇ. શ્વસુર પક્ષે સ્વ. મંજુલાબેન વૃજલાલ હેમાણીના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે.

**હાલાઇ બ્રહ્મક્ષત્રિય**

મૂળ લીંબડી હાલ મુંબઇ ચંદ્રકાંત ખત્રી (ખુડખુડિયા) (ઉ. વ. ૭૬) તે શિલ્પા ખત્રીના પતિ. પુનિત અને માનસીના પિતાશ્રી. પ્રીતેશ મોતાના સસરા. મોક્ષના નાના. તા. ૫ ઓક્ટોબરના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૦ ઓક્ટોબર ૨૪ના ૪થી ૬. ઠે. વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, પાર્લા (વેસ્ટ).

**જામનગર મોઢ વણિક**

ગં. સ્વ. કુસુમબેન (ઉં. વ. ૧૦૦) તે સ્વ. કરસનદાસ જયંતિલાલ શેઠના ધર્મપત્ની સ્વ. પાનાચંદ પ્રાગજી મહેતાના દીકરી. સ્વ. ડો. પ્રવીણા ધીરેન શાહ, સ્વ. પ્રફુલ્લા જીતેન્દ્ર મહેતા, ગં. સ્વ. ભારતી બાલકૃષ્ણ પટેલના માતુશ્રી. તા. ૭-૧૦-૨૪ના મુંબઇ મુકામે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

ભાવનગર નિવાસી હાલ બોરીવલી સ્વ. રમાબેન હરિલાલ બુદ્ધદેવ (ઠક્કર)ના પુત્ર દીપકભાઈ (ઉં.વ. ૬૬) તા. ૭/૧૦/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે હંસાબેનના પતિ. હેતલબેન નિખિલકુમાર મોરઝરીયા, મેઘાબેન કિન્નરકુમાર શીંગાળા તથા સાગરના પિતા. નરેશભાઈ, પરેશભાઈ, પિયુષભાઇના મોટાભાઈ. કાંતિલાલ કેશવલાલ સુરૈયા અમરાપુરવાળાના જમાઈ. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૦/૧૦/૨૪ના ૪ થી ૬. હાલાઇ લોહાણા મહાજનવાડી, પહેલે માળે, શંકરમંદિર પાસે, એસ. વી રોડ, કાંદિવલી વેસ્ટ.

**ગોહિલવાડ દશા શ્રીમાળી વણિક**

લાકડીયા નિવાસી હાલ દહાણુ રોડ સ્વ. કુસુમબેન હિંમતલાલ શાહના પુત્રવધૂ. સ્વ. પ્રવીણભાઈ શાહના ધર્મપત્ની ગં.સ્વ. યામિનીબેન (ઉં.વ. ૬૫) તા. ૫/૧૦/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે અંકિતના માતુશ્રી. યશાના સાસુ. સાનવીના દાદી. સ્વ. કુંદનબેન પ્રાણજીવનદાસ મોદીના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ગામ કચ્છ મોટી વમોટી હાલે ડોમ્બીવલી સ્વ. ઝવેરબેન વલ્લભજી ચંદનના વચેટ પુત્ર દિલીપભાઈ (ઉં.વ. ૬૪) તે જોસનાબેનના પતિ. તા. ૮-૧૦-૨૪ મંગળવારના અક્ષર નિવાસ પામેલ છે. કચ્છ ગામ મુરુ સ્વર્ગીય ભચીબાઈ કોરજી આઇયાના જમાઈ. સ્વ. કિશોરભાઈ, માધવજીભાઈ, મોહનભાઈ, મહેશભાઈ, ગં.સ્વ. નર્મદાબેન ખીમજી, ગં.સ્વ. જયશ્રીબેન હરીશભાઈ, રસીલા પ્રવીણ, લતા દિપકના ભાઈ. સૌભાગ્ય, ચિતલ, હર્ષિત જોઈસર, ચાંદની દીક્ષિત અનમ દયાપર, સાગરના પિતાશ્રી. બંને પક્ષની પ્રાર્થનાસભા બુધવાર, તા. ૯/૧૦/૨૪ના ૪.૩૦ થી ૬.૦૦. સ્વામિનારાયણ મંદિર હૉલ, બીજે માળે, રાજાજી પથ રોડ, ડોમ્બીવલી ઇસ્ટ.

**જામનગર ગિરીનારાયણ બ્રાહ્મણ**

પુષ્પા પ્રમોદ ભટ્ટ (ઉં.વ. ૮૦) સ્વ. પદ્માબેન ગિરિજાશંકર જેઠાલાલ જાનીની પુત્રી. સ્વ. વસંત જાની, સ્વ. હંસા યોગેશ ભટ્ટની બહેન. દેવાંશી ભટ્ટ મહાજન, ગૌરાંગ, પારુલનાં માતુશ્રી. દિનેશ મહાજન, કૃપા અને હિમાંશુ પંડ્યાનાં સાસુ. દેહુતિ નિમિષ પુરોહિત અને દ્વિજા પંડ્યાનાં નાનીમા. સંકીર્તન અને કેયાનાં દાદીમા, તા. ૭ ઓક્ટોબર ૨૦૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા મેવાડા વૈષ્ણવ**

મહેમદાવાદ નિવાસી સ્વ. વિમલાબેન રસિકલાલ પરીખની દિકરી ગં.સ્વ. ભારતીબેન પર્સી ઘીસ્તા, તા. ૭/૧૦/૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. પર્સી ઘીસ્તાના પત્ની. ખુશરુ, શેરમીનના મમ્મી. ઝરણા, પ્રશાંતકુમારના સાસુ. પરસીસના દાદી. દિવાના નાની. પ્રાર્થનાસભા ૧૦/૧૦/૨૪ના ૫-૮, વનિતા વિશ્રામ, ૩૯૨, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪.

**મોઘવાનિક વૈષ્ણવ**

જામનગર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. જયસુખલાલ ચુનીલાલ ભગતના પુત્ર અતુલ ભગત (ઉં.વ. ૬૮) તા. ૭-૧૦-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે રાધિકાબેનના પતિ. સ્વર્ગીય નીરુબેન અને લીનાબેનના ભાઈ. વરુણના પિતા. સિદ્ધિના સસરા. શ્લોક, આઈશા, વેદના દાદા અને મનસુખલાલ મોહનલાલ ઠક્કરના જમાઈ. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી. ૫ વાલ્મીકિ, ૬૦ ફૂટ રોડ, ઘાટકોપર - પૂર્વ, ચક્ષુદાન કારેલ છે.

## પારસી મરણ

**વલસાડ**

પેસી બમનશા ભરડા (ઉં. વ. ૭૮) તા. ૮-૧૦-૨૪એ ગુજરી ગયા છે. તે અબાનના હસબન્ડ. મરહુમ ધનમાઇ અને મરહુમ બમનશાના દીકરા. મરહુમ વીરબાઇજીના જમાઇ. હોશીના ફાધર. વીરાના સસરા. મરહુમ જાલના ભાઇ. ઉઠમણુંઃ તા. ૯-૧૦-૨૪ના બપોરે ૩.૪૫.

## જૈન મરણ

**સ્થાનકવાસી જૈન**

રાજકોટ નિવાસી હાલ ઘાટકોપર હરિલાલ ડી. ઉદાણીના પુત્રવધૂ તનમનબેન કિશોરકુમાર ઉદાણી (ઉં. વ. ૯૦) તા. ૭મી ઓક્ટોબર ૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રાજેશ્વર, ચાહનાના માતુશ્રી. પરાગ, સોનલના સાસુ. રોનક, સ્મિત, ક્રીયા, મીવાનના દાદી. તે ઉપલેટા નિવાસી પ્રતાપરાય કે. શેઠના પુત્રી સ્વ. રોહિતભાઇ, સ્વ. લલિતભાઇ, સ્વ. નલીનભાઇ, કનકભાઇ, મહેન્દ્રભાઇ અને કુસુમબેન નટુભાઇ વૈદ્યના ભાભી. પ્રાર્થનાસભા ૧૦મી ઓક્ટોબર ૨૪ ગુરુવારે ૫થી ૬.૩૦. ઠે. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર પૂર્વ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગોધરાના દામજી ચનાભાઈ ગાલા (ઉં.વ. ૭૯) તા. ૭-૧૦-૨૪ના અવસાન પામ્યા છે. લીલબાઈ ચનાભાઈ ખીમજીના સુપુત્ર. ચંપાબેનના પતિ. શિલ્પા, જયેશ, પારસના પિતાશ્રી. દેવરાજ ચના, કાંતિલાલ ચના, પદમશી ચના, ગોધરાના મણીબેન તલકશી રવજી, વિજ્યાબેન લાલજી દેવરાજના ભાઈ. નાના રતડીયાના સુંદરબેન કેશવજી દેવજી દેઢિયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. (ફોન રૂબરૂતુલ્ય). નિ. દામજી ચનાભાઈ ગાલા : ૧૪૮/બી, ભાવેશ્વર, ફ્લેટ નં.૨૧, ડો. એની બેસન્ટ રોડ, વરલી, મુંબઈ-૪૦૦૦૧૮.

**ઝાલાવાડી દશા શ્રીમાળી જૈન**

સ્વ. કુસુમબેન શાહ (ઉં.વ. ૭૫) તે રસિકલાલ સુખલાલ શાહના ધર્મપત્ની. નરોત્તમ મણિલાલ સલોતના દીકરી. અમીષ, અમીના માતુશ્રી. કાજલ તથા હેમાંગના સાસુ. ચંદ્રકાન્તભાઈ, મુકેશભાઈ, સ્વ. ઉષાબેન, મીનાક્ષીબેન, ગીતાબેનના ભાભી. તા. ૫/૧૦/૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

ગોધરા હાલે પૂનાના રમીલાબેન યુપીન છેડા (ઉં.વ. ૭૨) તા. ૧-૧૦-૨૪ના અવસાન પામેલ છે. નવલબેન શામજીના પુત્રવધૂ. સ્વ. યુપીનના પત્ની. નિર્મલ, પૂજાના માતુશ્રી. માતુશ્રી લક્ષ્મીબેન વલ્લભજીના પુત્રી. જયાના બેન. પ્રા. યોગી સભાગૃહ, દાદર (ઈ). ટા. : ૪.૩૦ થી ૬.૦૦. નિ.: નિર્મલ છેડા, બ્રહ્મા એવેન્યુ, બિલ્ડીંગ નં. ૧૪, ફ્લેટ નં. ૬૦૨, કોંધવા, પૂના-૪૮.

બિદડાના ચંદ્રકાંત કેશવજી ફુરીયા (ઉં.વ. ૭૮) તા. ૬-૧૦-૨૪ના અરિહંત શરણ પામેલ છે. વેલબાઈ કેશવજીના પુત્ર. રતનબેનના પતિ. કેતનના પિતા. હેમચંદ, વિમળાના ભાઈ. ફરાદીના પુરબાઈ નેણશી ગાલાના જમાઇ. પ્રા. શ્રી વ. સ્થા. જૈન શ્રાવક સંઘ, એસ.વી. રોડ, કાંદીવલી (વે) મધે બપોરે ૩ થી ૪.૩૦. નિ. ચંદ્રકાંત ફુરીયા, ૨૦૧, એ-વિંગ, મેરી ગોલ્ડ એ., રામ મંદિર રોડ, વજિરા નાકા, બોરીવલી (વે).

પત્રી હાલે ડોંબિવલીના કંચનબેન હરીલાલ વેલજી છેડા (ઉં.વ. ૭૩) તા. ૨-૧૦-૨૪ના અવસાન પામેલ છે. દેવકાબેન વેલજીના પુત્રવધૂ. હરીલાલના ધર્મપત્ની. ભારતીના માતા. રતાડીયાના મણીબાઈ નાનજી જાદવજી નંદુના સુપુત્રી. લક્ષ્મી, મંજુલા, વિનોદના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. સંજય કેનીયા, ૩૦૪ બાબુ નિવાસ, તુકારામ નગર, આયરે રોડ, ડોંબિવલી (ઈ).

ભુજપુર (યુ.એસ.એ.) હાલે માટુંગાના નવિન હીરજી શીવજી ભેદા (ઉં.વ. ૮૬) તા. ૫-૧૦-૨૪ના દેહ પરીવર્તન કરેલ છે. દિવાળીબેન હીરજીના સુપુત્ર. જયવંતીના પતિ. સુનીલ, નીના, અનિલના પિતા. બારોઇના નાનબાઇ પ્રેમજી કેનીયાના જમાઇ. હેમકુંવરબેન, નલીની, જયા, શાંતાના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠેકાણું : નવિન હીરજી શાહ, સંદીપ બીલ્ડીંગ, ફ્લેટ નં. ૭, લક્ષ્મીનારાયણ લેન, માટુંગા (સેન્ટ્રલ).

ભુજપુરના કલ્પેશ હીંમતલાલ દેઢીયા (ઉં.વ. ૪૬) તા. ૭-૧૦-૨૪ના અવસાન પામેલ છે. રતનબેન રતનશીના પૌત્ર. ભાનુમતિ હીંમતલાલના પુત્ર. જયેશ, તેજલ, દ્રષ્ટીના ભાઇ. ગામ : પ્રાગપરના લાડબાઇ રામજી ઉમરશીના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : હિંમતલાલ દેઢીયા, ૧૦૧, પ્રભાત બીલ્ડીંગ, આચોલે રોડ, નાલાસોપારા (ઇસ્ટ).

તુંબડીના કાંતીલાલ કાનજી પદમશી સાવલા (ઉં.વ. ૭૪) તા. ૩૦-૯-૨૪નાં દેશમાં અવસાન પામેલ છે. હેમલતાના પતિ. દેવકાબેન કાનજીના પુત્ર. મનીષ, નિતેષના પિતા. જસુમતી લક્ષ્મીચંદ, સ્વ. નલીની મેઘનાથના ભાઇ. ના.આસંબીયાના સ્વ. તેજબાઇ જેઠાલાલના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કાંતીલાલ સાવલા, ૧૭, ધનોદયા સોસા., દીંડોરી રોડ, નાશિક-૩.

ગુંદાલાના અ.સૌ. તારામતી રમેશ શાહ/સતરા (ઉં.વ. ૬૯) તા. ૭-૧૦-૨૪ના અવસાન પામ્યા છે. કસ્તુરબેન ધારસીના પુત્રવધૂ. રમેશ ધારસીના ધર્મપત્ની. હેમલના માતુશ્રી. અમૃતબેન હીરજી લખમશી વિસરીયાના સુપુત્રી. વસંત, ધવલ, વિવેકના બેન. પ્રાર્થના રાખેલ નથી. ફોન સંપર્ક રૂબરૂ તુલ્ય. નિ. રમેશ ધારસી શાહ, ડી-૧૫, નીતા એપા., ચાફેકર બંધુ માર્ગ, મુલુંડ (ઈસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ટંકારા નિવાસી હાલ થાણા પ્રફુલચંદ્ર દલીચંદ દોશી (ઉં.વ. ૭૪) તા. ૭-૧૦-૨૪ને સોમવાર અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ઉષાબેનના પતિ. રિદ્ધિ વિશાલ અકપાસી અને પૂજા હાર્દિક નંદુના પિતા. સ્વ. તનસુખભાઈ, સ્વ. લાલચંદભાઈ, સ્વ. ડૉ. હિંમતભાઈ, સ્વ. પ્રવિણભાઈ, સ્વ. દિનેશભાઈ, કિશોરભાઈ, મનોજભાઈ, ગં.સ્વ. જ્યોતિબેન હસમુખલાલ શેઠ તથા સ્વ. ચંદ્રિકાબેન પરેશભાઈ મહેતાના ભાઈ. કાંતિલાલ ગોકળદાસ મહેતાના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ગરબા રમતી વખતે એકટરને આવ્યો હાર્ટ અટેક, જીવ ગયો



પુણેમાં ગરબા કિંગ તરીકે ઓળખાતો (જમણે)અશોક માળી (ઉપર) ગરબા રમી રહ્યો હતો ત્યાં જ (નીચે)તેને હાર્ટ અટેક આવતા તે ઢળી પડ્યો હતો.





પુણેઃ ગરબા કિંગના નામથી ઓળખાતા પુણેના પ્રખ્યાત ખેલૈયા અને એક્ટર અશોક માળીનું ગઈકાલે નિધન થયું હતું. આ દુર્ઘટના એ સમયે થઈ હતી જ્યારે તેઓ પોતાના દીકરા સાથે એક કાર્યક્રમમાં ગરબા રમી રહ્યા હતા.

છેલ્લાં કેટલાય સમયથી અશોક માળી એક કોચની ભૂમિકા ભજવી રહ્યા હતા અને અનેક યુવાનોને પોતાની આ કળા શીખવી રહ્યા છે. તેમણે પોતાની આ કળાથી જ સમાજમાં એક ખાસ ઓળખ ઊભી કરી હતી. હાર્ટ એટેક અશોક માળીનું નિધન થયું હતું અને તેમના નિધનનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે.

મળી રહેલી માહિતી અનુસાર અશોક માળીએ પોતાના ગરબા સ્ટાઈલથી સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી હતી અને પુણેમાં તેઓ ગરબા કિંગ સેનના નામથી ઓળખાતા હતા. એટલું જ નહીં પણ પુણેના અનેક ગરબાના આયોજકો તેમને આમંત્રણ મોકલતા હતા. ગઈકાલે પુણેના ચાકણ ખાતે અશોક આવા જ એક કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચ્યા હતા, જ્યાં ગરબા કરતાં કરતાં હાર્ટ (જુઓ પાનું ૪)

# મુંબઈ નહીં ડૂબે વરસાદી પાણીમાં, આવી રહ્યા છે ૧૬-૧૬ ટ્રેશ બ્રૂમ

## ડ્રેનેજ આઉટલેટમાં આવતા અવરોધ ટ્રેશ બ્રૂમ દૂર કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આગામી ચોમાસા દરમિયાન પૂર્વ ઉપનગરમાં ચોમાસાનાં પાણી રસ્તા પર ભરાવવાની સમસ્યાથી રાહત મળી શકે છે. મુંબઈ મહાનગરપાલિકાએ કચરાને દરિયામાં પ્રવેશતા અટકાવવા તથા ડ્રેનેજ આઉટલેટમાં અવરોધ ઊભો કરતા રોકવા માટે પૂર્વ ઉપનગરના મુખ્ય નાળાઓમાં ટ્રેશ બ્રૂમ સાથે સજ્જ ૧૬ બાર્જ બેસાડવાની છે. ચાલુ વર્ષમાં ચોમાસા દરમિયાન તેને બેસાડવામાં વિલંબ થઈ ગયો હતો. હવે જોકે આવતા વર્ષે એટલે કે જૂન ૨૦૨૫ સુધી તે કામ કરતા થઈ જશે એવો દાવો સુધરાઈએ કર્યો છે. ચોમાસામાં (જુઓ પાનું ૪)



**ભારતીય જનતા પાર્ટીની 'પાર્ટી':** હરિયાણામાં સતત ત્રીજી વખત વિજયરથ હંકારી જનારી ભારતીય જનતા પાર્ટી(ભાજપ)ના કાર્યકરોએ થાણેમાં ઉજવણી શરૂ કરી દીધી હતી. તસવીરમાં ભાજપના ખુશખુશાલ કાર્યકરો જોઈ શકાય છે. (પીટીઆઇ)

# અજિત પવાર તો બારામતીથી જ લડશે

મુંબઈઃ અજિત પવારના નેતૃત્વ હેઠળની એનસીપીએ મંગળવારે જણાવ્યું હતું કે હરિયાણામાં ભાજપની જીત અને જમ્મુ અને કાશ્મીરમાં સારું પ્રદર્શન નરેન્દ્ર મોદી સરકારના શાનદાર પ્રદર્શનને દર્શાવે છે.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના કાર્યકારી પ્રમુખ પ્રફુલ્લ પટેલે આગામી વિધાનસભાની ચૂંટણીઓ માટે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના ગઢ બારામતીમાંથી ઔપચારિક રીતે ઉમેદવારીની જાહેરાત કરી હતી અને આની સાથે જ અજિત પવાર અન્ય મતવિસ્તારમાં શિફ્ટ થશે તેવી અટકળોનો અંત આવ્યો હતો.

આગામી ચૂંટણી માટે મહાયુતિની બેઠક વહેંચણીની વાટાઘાટો પર બોલતા, પટેલે કહ્યું કે એનસીપીને લડવા માટે સન્માનજનક ૬૦ બેઠકો મળશે.

મહાયુતિના સાથી પક્ષો-એનસીપી, શિવસેના અને ભાજપમાં ૨૩૦ બેઠકો પર સર્વસંમતિ સધાઈ છે અને બાકીની બેઠકો પરના મતભેદોને ઉકેલવામાં આવશે, એમ તેમણે ઉમેર્યું હતું.

હરિયાણાની ચૂંટણીનો ચુકાદો મહારાષ્ટ્રમાં આઉટ-ગોઇંગ અને ઇન-કમિંગ રાજકીય નેતાઓને તેમની રાજકીય ચાલ પર ફરીથી વિચાર કરવા દબાણ લાવશે. હરિયાણામાં ભાજપની હેટ્રિક અને (જુઓ પાનું ૪)

# ઉદ્ધવ ગજથી હેઠા ઉતર્યા...

**મહારાષ્ટ્રને 'બચાવવા' માટે કૉંગ્રેસ કે એનસીપી (એસપી)ના કોઈપણ નેતા મુખ્ય પ્રધાન તરીકે હવે તેમને સ્વીકાર્ય છે**

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ મંગળવારે જણાવ્યું હતું કે તેઓ મહારાષ્ટ્રને 'બચાવવા' માટે સાથી પક્ષો કૉંગ્રેસ અથવા એનસીપી (એસપી) દ્વારા જાહેર કરાયેલા કોઈપણ મુખ્ય પ્રધાનપદના ઉમેદવારને સમર્થન આપશે.

એક કાર્યક્રમને સંબોધતા રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ મહારાષ્ટ્ર સરકાર પર આગામી મહિને યોજાનારી વિધાનસભાની ચૂંટણીઓ પહેલાં જાહેરાતો દ્વારા રાજ્યમાં ખોટી વાતોનો પ્રચાર કરવાનો આરોપ પણ લગાવ્યો હતો.

મહાયુતિ સરકારની ફ્લેગશિપ લાડકી બહેન યોજના જેના હેઠળ રાજ્યમાં લાયક મહિલાઓને ૧,૫૦૦ રૂપિયા આપવામાં આવે છે તેના પર કટાક્ષ કરતા ઠાકરેએ એવો (જુઓ પાનું ૪)

## મહારાષ્ટ્રમાં હરિયાણા ઈફેક્ટ

# ભાજપ ફ્રન્ટ ફૂટ પર, કૉંગ્રેસ બેક ફૂટ પર

## ભગવા પક્ષનું મનોબળ ચરમસીમાએ, કૉંગ્રેસ સોદાબાજીમાં ધાર ગુમાવશે

મુંબઈઃ રાજકીય વિશ્લેષકોના મતે હરિયાણાની જીત ભાજપનું મનોબળ વધારશે અને આગામી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે મહાયુતિની બેઠકોની વહેંચણીની વાટાઘાટોમાં તેની સોદાબાજીની શક્તિમાં વધારો કરશે.

તેનાથી વિપરીત મહારાષ્ટ્રમાં લોકસભા ચૂંટણી દરમિયાન સૌથી વધુ બેઠકો પર વિજય મેળવનારી કોંગ્રેસ મહાવિકાસ અઘાડીની બેઠકોની વહેંચણીની ચર્ચામાં પોતાની ધાર ગુમાવી શકે છે.

ભાજપે હરિયાણામાં અત્યાર સુધીમાં સૌથી વધુ બેઠકો સાથે હૅટ-ટ્રિક તરફ આગળ વધ્યું છે અને નેશનલ કોન્ફરન્સ-કોંગ્રેસ ગઠબંધન જમ્મુ અને કાશ્મીરમાં સરકાર બનાવવાની તૈયારીમાં છે, બંને જગ્યાએ મતદારોએ વિજેતાઓને સ્પષ્ટ જનાદેશ આપ્યો હતો.

રાજકીય વિશ્લેષક અભય દેશપાંડેએ કહ્યું હતું કે, બેઠકોની-વહેંચણીની વાટાઘાટો દરમિયાન (મહારાષ્ટ્રમાં સત્તાધારી મહાયુતિની) લોકસભા ચૂંટણીમાં નબળા પ્રદર્શનને કારણે શરૂઆતમાં ભાજપ પર સાથીઓનું દબાણ વધ્યું હતું.

જોકે, હરિયાણાનું પ્રદર્શન એ સંદેશ આપશે કે ભાજપે સામાન્ય ચૂંટણીઓમાં પલટવારથી પુનરાગમન કર્યું છે, એમ તેમણે જણાવ્યું હતું. વધુમાં, દિવાલ પર બેઠેલા રાજકારણીઓ વિરોધ પક્ષ એમવીએ માટે (જુઓ પાનું ૪)

# એકનાથ શિંદે બીમાર પડ્યાઃ તમામ કાર્યક્રમો રદ કરી નાખ્યા

મુંબઈઃ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની તબિયત અચાનક બગડવાના કારણે આજના તમામ કાર્યક્રમો રદ્દ કરવામાં આવ્યા છે. લાડકી બહેન યોજનાના પ્રચાર માટે આજે સોલાપુર પ્રવાસ અને રાજ્ય કેબિનેટની બેઠક રદ કરવામાં આવી છે.

મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના મંગળવારના તમામ કાર્યક્રમો રદ્દ કરવામાં આવ્યા છે. વિધાનસભાની ચૂંટણીની જાહેરાતને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે મુખ્ય પ્રધાનની આજની મુલાકાત રદ કરવામાં આવી છે. સૂત્રોએ માહિતી આપી હતી કે મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, જેઓ વિધાનસભાની (જુઓ પાનું ૪)

# ધનગર સમુદાયના લોકોના મંત્રાલયની નેટ પર ભૂસકા

મુંબઇ : અનામતના મુદ્દે ધનગર સમાજ આક્રમક બન્યો હોવાનું જોવા મળી રહ્યું છે. ધનગર સમાજના કેટલાક કાર્યકરોએ મંત્રાલયમાં જઈને અનામતની માંગણી સાથે ઉગ્ર વિરોધ કર્યો હતો. આ સમયે કેટલાક કાર્યકરો સરકારનું ધ્યાન દોરવા માટે મંત્રાલયના બીજા માળેથી સીધા જ સેફ્ટી નેટ પર કૂદી પડ્યા હતા. આ સમયે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અંતે, પોલીસે સેફ્ટી નેટ પર ઉતરી પ્રદર્શન-કારીઓને બહાર કાઢ્યા હતા. આ ઉપરાંત ધનગર સમાજના કાર્યકરોએ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર પણ કર્યા હતા. ■

# હૉર્ન નૉટ ઓકે, પ્લીઝ...

## બોરીવલીમાં તપાસ માટે રેલવે ટ્રેક પાસે ઊભેલો પોલીસ ટ્રેનનો કર્કશ હૉર્ન સાંભળી નાળામાં પડ્યો



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બોરીવલીમાં રેલવે ટ્રેક નજીક તપાસ માટે ઊભેલો પોલીસ અધિકારી ટ્રેનનો કર્કશ હૉર્ન વાગવાને કારણે નાળામાં પડી ગયો હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. લગભગ વીસેક ફૂટ ઊંડા નાળામાં પડવાને કારણે માથામાં ગંભીર ઇજા સાથે અધિકારી બેભાન થઈ ગયો હોવાનું વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. મળતી માહિતી અનુસાર સોમવારની સાંજે ૪.૩૦ વાગ્યાની આસપાસ બનેલી ઘટનામાં એમએચબી કોલોની પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો સબ-ઈન્સ્પેક્ટર મૂકેશ ખરાત ગંભીર (જુઓ પાનું ૪)

## મુંબઈમાં હવા બગડી

# બીકેસી અને શિવાજી નગરમાં ભારે પ્રદૂષણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાંથી ચોમાસાએ હજી સુધી સત્તાવાર વિદાય લીધી નથી અને શિયાળાના આગમનને પણ હજી સમય છે. જોકે તે અગાઉ જ મુંબઈના વાતાવરણમાં પ્રદૂષણનું પ્રમાણ વધી ગયું છે. મુંબઈની હવાની ગુણવત્તા કથળી ગઈ છે. મુંબઈમાં મંગળવારે સવારના બીકેસી, શિવાજી નગરમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ (એક્યુઆઈ) ઊંચો નોંધાયો હતો. મુંબઈનો સરેરાશ એક્યુઆઈ સવારના સરેરાશ ૧૧૪ નોંધાયો હતો.

મુંબઈમાં હાલ ભેજનું પ્રમાણ વધુ રહેતું હોવાથી વાતાવરણમાં ધૂળ અને પ્રદૂષણ સવારના સમયમાં પ્રમાણ વધારે હોય છે. તેથી સવારના સમયમાં ધુમ્મસિયું વાતાવરણ તો રહેતું હોય છે પણ સાથે વિઝિબિલિટી ઓછી રહેતી હોય છે. મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડના આંકડા મુજબ મંગળવારે સવારના બાન્દ્રા-કુર્લા કૉમ્પ્લેક્સમાં એક્યુઆઈ ૨૦૨, શિવાજી નગરમાં ૨૭૧, તો શિવડીમાં ૧૯૬, વરલીમાં ૧૪૧, ચેંબુરમાં ૧૦૮, ભાયખલામાં ૧૨૪, કોલાબામાં ૧૦૫ અને દેવનારમાં એક્યુઆઈ ૧૪૮ (જુઓ પાનું ૪)

# અનધિકૃત ફેરિયાઓ પર માત્ર શનિ-રવિ નહીં, રાતે પણ ત્રાટકશે સુધરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના રસ્તાઓ તથા ફૂટપાથો પર ગેરકાયદે રીતે અંડિગો જમાવીને બેસી ગયેલા ફેરિયાઓ સામે દિવસે જ નહીં પણ રાતના પણ કાર્યવાહી કરવામાં આવવાની છે. એટલું જ નહીં પણ શનિવાર અને રવિવારની રજા દિવસે પણ ફેરિયાઓની સામે કાર્યવાહી ચાલુ રાખવાનો આદેશ સુધરાઈ કમિશનર ભૂષણ ગગરાણીએ આપ્યો છે. રસ્તા પર તથા ફૂટપાથો પર ગેરકાયદે રીતે અતિક્રમણ કરનારા ફેરિયાઓ સામે બોમ્બે હાઈ કોર્ટે અનેક વખત સુધરાઈને ઠપકો આપ્યો છે, છતાં ગેરકાયદે ફેરિયાઓને હટાવવામાં પાલિકા સતત નિષ્ફળ રહી છે. ભૂતકાળમાં હાઈ કોર્ટના ઠપકા બાદ સુધરાઈએ અનેક વિસ્તારોમાં ગેરકાયદે ફેરિયાઓ સામેની તેની કાર્યવાહી ઝડપી બનાવી હતી. રેલવે સ્ટેશન, સ્કૂલ, હૉસ્પિટલ જેવા વિસ્તારોમાં બેસતા ફેરિયાઓને હટાવવામાં આવ્યા હતા. જોકે પાલિકાની કાર્યવાહી ધીમી પડતા ફરી એક વખત ઠેર ઠેર જગ્યા પચાવીને રસ્તા પર વ્યવસાય કરનારા ફેરિયાઓની સંખ્યા વધી ગઈ છે. રસ્તા પર ફેરિયાઓના વધી રહેલા ત્રાસ અને તેમની દાદાગરી સામે સુધરાઈ કમિશનરે ફરી એક વખત તમામ વોર્ડના અધિકારીઓને તેમના વિસ્તારમાં ફેરિયાઓ સામેની કાર્યવાહી ફરી સક્રિય કરવાનો આદેશ આપ્યો છે. હવે ફક્ત દિવસના જ નહીં પણ રાતના સમયે તેમ જ શનિવાર અને રવિવારની રજાના દિવસે પણ ફેરિયાઓ સામે કાર્યવાહી કરવાની રહેશે. ■

# બળાત્કારના આરોપસર ભૂતપૂર્વ વિધાનસભ્ય ભાનુદાસ મુરકુટેની ધરપકડ

મુંબઈઃ ૨૦૧૯થી મહિલાની જાતીય સતામણી કરવાના આરોપસર રાજ્યના ભૂતપૂર્વ વિધાનસભ્ય ભાનુદાસ મુરકુટેની મંગળવારે અહિલ્યાનગર જિલ્લામાંથી ધરપકડ કરવામાં આવી હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. ભાનુદાસ મુરકુટે મુંબઈથી અહિલ્યાનગર પાછા ફર્યા ત્યારે રાહુરી પોલીસ સ્ટેશનની ટીમે તેમને તાબામાં લીધા હતા. મહિલાએ સોમવારે રાહુરી પોલીસનો સંપર્ક સાધીને ફરિયાદ નોંધાવી હતી, જેમાં મુરકુટેએ ૨૦૧૯થી અનેકવાર જાતીય સતામણી કર્યાનો આક્ષેપ કર્યો હતો. મહિલાની ફરિયાદને આધારે પોલીસે મુરકુટે વિરુદ્ધ ભારતીય દંડસંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો. અહિલ્યાનગરમાં શ્રીરામપુર ખાતેના તેમના નિવાસસ્થાનેથી મુરકુટેને તાબામાં લેવામાં આવ્યો હતો. (પીટીઆઇ)■

# મુંબઈમાં રેડ સેન્ડ બોઆની તસ્કરીઃ ચાર જણની ધરપકડ

મુંબઈઃ મુંબઈમાં રેડ સેન્ડ બોઆ (દુર્લભ પ્રજાતિનો સાપ)ની તસ્કરી બદલ ચાર જણની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું. કફ પરેડ પોલીસ સ્ટેશનના અધિકારીઓને માહિતી મળી હતી કે અમુક લોકો દુર્લભ પ્રજાતિનો સાપ વેચવા માટે કફ પરેડ વિસ્તારમાં આવવાના છે. આથી પોલીસની ટીમે સોમવારે કફ પરેડમાં મેકર ટાવર નજીક છટકું ગોઠવ્યું હતું. એ સમયે સફેદ રંગની એર્ટિગા કારમાં આવેલા ચાર જણની હિલચાલ શંકાસ્પદ જણાતાં તેમને તાબામાં લેવાયા હતા. ચારેયની ઓળખ નરસિંહા સત્યમાં ઘોટી (૪૦), શિવા મલ્લેશ આડપ (૧૮), રવિ વસંત ભોઇર (૫૪) અને અરવિંદ ચૌતુરામ ગુપ્તા (૨૬) તરીકે થઇ હતી. પોલીસે કારની તલાશી લેતાં પાછળની સીટ પર રાખેલી બેગમાંથી પાંચ કિલો વજનનો અને ૫૫ ઇંચ લાંબો રેડ સેન્ડ બોઆ મળી આવ્યો હતો, જેની કિંમત ૩૦ લાખ થાય છે. ■

# ખાડાઓ અને ખુલ્લા મેનહોલ્સઃ હાઈ કોર્ટે કેસ ફરી ઓપન કર્યો

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે મંગળવારે 'જાહેર કલ્યાણ અને જાહેર મહત્ત્વ'ને ધ્યાનમાં રાખીને શહેરના રસ્તાઓની ખરાબ સ્થિતિને પ્રકાશિત કરતી જાહેર હિતની અરજીની નોંધ લઇને તેના પર ફરીથી સુનાવણી હાથ ધરી હતી. કોર્ટે શહેર અને એમએમઆરના તમામ મહત્ત્વના માર્ગો પર ખાડાઓનું સમારકામ કરવા માટે પાલિકા સત્તાવાળાઓ દ્વારા ૨૦૧૮ના હાઈ કોર્ટના આદેશોનું પાલન ન કરવાનો આરોપ લગાવતી વકીલ દ્વારા દાખલ કરવામાં આવેલી તિરસ્કારની અરજીનો નિકાલ કર્યો હતો. મુખ્ય ન્યાયાધીશ ડી.કે. ઉપાધ્યાય અને ન્યાયામૂર્તિ અમિત બોરકરની બનેલી ખંડપીઠે મૂળ જાહેર હિતની અરજીની નોંધ લઇને તેના પર ફરીથી સુનાવણી હાથ ધરતાં કહ્યું હતું કે લોક કલ્યાણ અને જાહેર મહત્ત્વને ધ્યાનમાં રાખીને કલમ ૨૧ હેઠળ મૂળભૂત અધિકારીઓની માન્યતાને પ્રકાશમાં લાવવા અર્થે આ જાહેર હિતની ફરીથી સુનાવણી થશે. ત્યાર પછી બેન્ચે પ્રતિવાદી નાગરિક સંસ્થાઓને તાત્કાલિક સુધારાત્મક પગલાં લેવા અને ૨૦૧૮ની આ કોર્ટના નિર્દેશોનું સંપૂર્ણ પાલન કરવા સુનિશ્ચિત કર્યું હતું. પ્રતિવાદીએ આઠ અઠવાડિયાંની અંદર સોગંદનામા દ્વારા વિગતવાર જવાબ આપવા માટે કોર્ટે જણાવ્યું હતું. જો જવાબ આપવામાં નિષ્ફળ જશે તો પગલાં લેવામાં આવશે. ત્રીજી ડિસેમ્બરના રોજ જાહેર હિતની યાદી બનાવો એમ પણ કોર્ટે જણાવ્યું હતું. ■

# દેવા ભાઉ જો બોલતા હૈ, વો કરતા હૈ, ઔર જો નહીં બોલતા...

## ફડણવીસની ડાયલોગબાજી



**હવે મિશન મહારાષ્ટ્રઃ** હરિયાણામાં જીત બાદ હવે ભાજપનું લક્ષ્ય હવે મહારાષ્ટ્ર. દેવેન્દ્ર ફડણવીસ તેમ જ ચંદ્રશેખર બાવનકુળેએ મુંબઈમાં વિજયની ઉજવણી કરી હતી. (પીટીઆઇ)

મુંબઇઃ વિધાનસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે રાજ્યમાં ગજબની રાજકીય ચહલપહલ જોવા મળી રહી છે. તમામ નેતાઓએ પોત પોતાના મત વિસ્તારમાં પ્રચાર શરૂ કરી દીધો છે. મહા વિકાસ અઘાડી અને મહાયુતિના કેટલાક નેતાઓ રાજ્યના વિવિધ મત વિસ્તારની મુલાકાત લઈ સભાઓ કરી રહ્યા છે. વિવિધ મતદાર ક્ષેત્રોમાં રેલી યોજી ચૂંટણીની રણનીતિ તૈયાર કરવામાં આવી રહી છે. શાસક અને વિરોધ પક્ષ એકબીજા પર દોષારોપણ કરી રહ્યા છે.

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે સોલાપુર જિલ્લાના પંઢરપુર - મંગળવેઢા વિધાનસભા ક્ષેત્રમાં વિવિધ વિકાસ કાર્યોનું ભૂમિપૂજન કર્યું હતું. આ કાર્યક્રમમાં દેવેન્દ્ર ફડણવીસે ડાયલોગબાજી કરી વિપક્ષને ચેતવણી આપી જણાવ્યું હતું કે 'દેવા ભાઉ જો બોલતા હૈ, વો કરતા હૈ, ઔર જો નહીં બોલતા વો ડેફિનેટલી કરતા હૈ'. તેમના આ નિવેદનથી રાજ્યના રાજકીય વર્તુળોમાં ચર્ચાએ જોર પકડ્યું છે.

દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે 'હું સંતોષ આવતાડેના પ્રચાર માટે આવ્યો હતો ત્યારે મેં કહ્યું હતું કે ૧૦૬મો વિધાનસભ્ય ચૂંટી આપશો તો હું સરકારના કાર્યક્રમો અમલમાં મૂકીશ. મેં મારું વચન પાળ્યું ને? તમે મને જોઈતો વિધાનસભ્ય આપ્યો અને આપણી મહાયુતિની સરકાર એકનાથ શિંદેના નેતૃત્વમાં મહારષ્ટ્રમાં આવી. મારું બીજું વચન હતું મંગળવેઢા સિંચાઈ યોજના મારફત આ મતદારસંઘમાં પાણી પહોંચાડીશ. એક વાત યાદ રાખજો કે ભાઉ જો બોલતા હૈ વો કરતા હૈ, ઔર જો નહીં બોલતા વો ડેફિનેટલી કરતા હૈ.'

''તમે સંતોષ અવતાડેને મત આપ્યો અને તેમણે તમને સંતોષ આપ્યો. અમે ગઠબંધન સરકારમાં ઘણી યોજનાઓ શરૂ કરી હતી. જો કે આ તમામ યોજનાઓ વચ્ચે ૧૫ વર્ષ માટે બંધ કરી દેવામાં આવી હતી. લોકો કહેતા હતા કે પાણી પહોંચી શકતું નથી. જોકે, સત્તામાં આવ્યા બાદ મેં કેન્દ્ર સરકારની મદદ લીધી અને સોલાપુર સાંગલી અને સતારા જિલ્લામાં દુષ્કાળને ભૂતકાળ બનાવી દઈશ. આજે સતારાના કેટલાક તાલુકાઓને દુષ્કાળગ્રસ્ત તાલુકો કહેવામાં આવતો હતો. પરંતુ આજે તે તાલુકાઓ દુષ્કાળગ્રસ્ત નથી રહ્યા. સતારામાં આ કામગીરી કરવામાં આવી છે. સાંગલીમાં પણ આવું જ કરવામાં આવ્યું છે.'' ફડણવીસે કહ્યું હતું કે છેલ્લા કેટલાક દિવસોમાં અમે સાંગોલા લિફ્ટ ઇરિગેશન સ્કીમ કરી છે. ■

# આચારસંહિતાને લીધે ઓક્ટોબર, નવેમ્બરના લાડકી બહેન યોજનાના હપ્તા વહેલા જ જમા કરી દેવાશે

સોલાપુરઃ દિવાળી દરમિયાન વિધાનસભાની ચૂંટણી આચારસંહિતા અમલમાં રહેવાની હોવાથી 'માઝી લાડકી બહિણ યોજના'ના ઓક્ટોબર અને નવેમ્બર મહિનાના હપ્તા અગાઉથી જમા કરવામાં આવશે એમ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે જણાવ્યું હતું. વિરોધ પક્ષ મહા વિકાસ આઘાડી પર નિશાન સાધી ફડણવીસે મહિલાઓને કલ્યાણકારી યોજનાઓ રોકવાનો પ્રયાસ કરી રહેલા કેટલાક 'સાવકા ભાઈઓ'થી સાવચેત રહેવાની અપીલ કરી હતી.

ફડણવીસે સ્પષ્ટતા કરી હતી કે 'તમારા સગા ભાઈઓ જ્યાં સુધી મુંબઈમાં (મહાયુતિ જોડાણ) બેઠા છે ત્યાં સુધી અમે આ યોજના ક્યારેય બંધ નહીં થવા દઈએ.' મુખ્ય પ્રધાન માઝી લાડકી બહિણ યોજના હેઠળ, રાજ્ય સરકાર પાત્ર મહિલાઓના બેંક ખાતામાં દર મહિને ૧,૫૦૦ રૂપિયાની આર્થિક સહાય જમા કરે છે.

ભાઈ બીજ નવેમ્બરમાં ઉજવવામાં આવશે ત્યારે ચૂંટણી આચારસંહિતા લાગુ થવાની ધારણા સાથે સરકાર 'લાડકી બહિણ' યોજનાના ઓક્ટોબર અને નવેમ્બરના હપ્તા અગાઉથી જમા કરી રહી છે. સોલાપુર જિલ્લાના અક્કલકોટ શહેરમાં જાહેરસભામાં ફડણવીસે જણાવ્યું હતું કે 'નવેમ્બરમાં 'ભાઈ બીજ' તમારા ખાતામાં અગાઉથી જમા થઈ જશે.' (પીટીઆઈ) ■

# એશિયા કપની હારનો બદલો આજે વર્લ્ડ કપમાં?

## મહિલા વિશ્વકપમાં ભારતને શ્રીલંકા સામે જુલાઈના પરાજયનો હિસાબ ચૂકતે કરવાની તક

ઈજાગ્રસ્ત હરમનપ્રીત કદાચ ન પણ રમે, ભારતે સારા રનરેટથી જીતવું પડશે

દુબઈ: મહિલાઓના ટી-૨૦ વર્લ્ડ કપના લીગ રાઉન્ડમાં હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતીય ટીમ એક મૅચ જીતી અને એક હારી છે એટલે સેમિ ફાઇનલની આશા જીવંત રહી છે, જ્યારે બીજી બાજુ શ્રીલંકાની ટીમ બન્ને મુકાબલા હારી છે એટલે ગ્રૂપ-એના પૉઇન્ટ્સ-ટેબલમાં તળિયે છે. આજે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) ભારતને ન્યૂ ઝીલૅન્ડની જેમ શ્રીલંકા પણ ભારે પડી શકે એનું સૌથી મોટું કારણ એ છે કે જુલાઈમાં એશિયા કપની ફાઇનલમાં ભારતનો શ્રીલંકા સામે જ પરાજય થયો હતો અને હારની એ પરંપરા જળવાય નહીં એવી પ્રાર્થના ભારતીય ક્રિકેટપ્રેમીઓએ કરવી પડશે. જોકે ભારતીય ટીમ એશિયા કપની હારનો બદલો લેવા કોઈ કસર બાકી નહીં રાખે એ વાત પણ કોઈ નકારશે નહીં.


રવિવારે પાકિસ્તાન સામેની મૅચ દરમ્યાન ક્રીઝમાં પડી જતાં હરમનપ્રીત કૌરની ગરદનના સ્નાયુઓ ખેંચાઈ ગયા હતા.

શુક્રવારે વર્લ્ડ કપમાં ભારતે ન્યૂ ઝીલૅન્ડ સામે ૫૮ રનથી કારમી હાર સહન કરવી પડી હતી, પણ રવિવારે ભારતે પાકિસ્તાનને છ વિકેટે પરાજય ચખાડ્યો હતો.

પાકિસ્તાન જેવી કટ્ટર અને મજબૂત હરીફ ટીમને હરાવ્યું હોવાથી સ્વાભાવિક છે કે ભારતીય ટીમનો જુસ્સો બુલંદ જ હશે. બીજું, ટી-૨૦ના ઇતિહાસમાં શ્રીલંકા સામે ભારતનો હાથ ઉપર પણ છે. ૨૪માંથી ૧૯ ટી-૨૦માં ભારતની અને ફક્ત પાંચ મૅચમાં શ્રીલંકાની જીત થઈ છે. છેલ્લે જુલાઈમાં તો ભારતનો શ્રીલંકા સામે દામ્બુલામાં પરાજય થયો જ હતો, પણ એ પહેલાંની દસ ટી-૨૦ મૅચમાંથી નવમાં ભારતનો વિજય થયો હતો એટલે શ્રીલંકનો પર ભારતનું ૯૦ ટકા જેટલું પ્રભુત્વ તો કહેવાય જ.

આ વર્લ્ડ કપમાં ભારતીય મહિલા ટીમની સૌથી મોટી ચિંતા એ છે કે બૅટિંગ સતતપણે સારી નથી જોવા મળી. ખાસ કરીને વિસ્ફોટક બૅટિંગ કરી જાણતી શેફાલી વર્મા અને વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાના ધાર્યા જેટલું સારું નથી રમી શકી. પહેલી બે મૅચમાં શેફાલીના નામે અનુક્રમે બે તથા ૩૨ રન અને સ્મૃતિના નામે અનુક્રમે ૧૨ તથા ૭ રન છે.

બન્ને ઓપનરે બુધવારે શ્રીલંકા સામે જોડીમાં ચમકવું જ પડશે. એવું થશે તો જ મિડલ-ઑર્ડર પરનું માનસિક દબાણ આપોઆપ ઓછું થઈ શકશે.

જેમાઇમા રૉડ્રિગ્સ, દીપ્તિ શર્માએ અને વિકેટકીપર રિચા ઘોષે પણ રનનો ઢગલો કરીને ટીમને જિતાડવાની જવાબદારી ઉપાડવી પડશે.

પેસ બોલર અરુંધતી રેડ્ડી પાકિસ્તાન સામે ૧૯ રનમાં ત્રણ વિકેટના પર્ફોર્મન્સ સાથે બહુ સારું રમી હતી, પરંતુ સામા છેડે તેને રેણુકા સિંહ અને પૂજા વસ્ત્રાકરનો પૂરતો સપોર્ટ મળવો જોઈશે.

યાદ છેને, કૅપ્ટન હરમનપ્રીત કૌરને રવિવારે પાકિસ્તાન સામેની મૅચમાં સ્ટમ્પ-આઉટથી બચવા ગરદનમાં ઈજા થઈ હતી. તે બુધવારે શ્રીલંકા સામે કદાચ ન પણ રમે.

યુવા ઑફ-સ્પિનર શ્રેયંકા પાટીલ અને લેગ-સ્પિનર આશા શોભનાએ ટીમને વિકેટો અપાવી છે અને એ જ દેખાવ તેમણે શ્રીલંકા સામે જાળવી રાખવો પડશે.

છેલ્લી મૅચમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયા રાહ જોઈને બેઠું હશે, એટલે રવિવારની એ 'કરો યા મરો' જેવી મૅચ પહેલાં બુધવારે ભારતીય ટીમે સારા નેટ રન-રેટથી જીતવું જ પડશે.

ભારતને સૌથી મોટો ડર શ્રીલંકાની કૅપ્ટન ચમારી અથાપથ્થુનો છે. આ ઑલરાઉન્ડર મહિલાઓના રૅન્કિંગમાં (બૅટર્સમાં) છઠ્ઠા નંબરે અને (ઑલરાઉન્ડર્સમાં) પાંચમા નંબરે છે.

**બન્ને દેશની ટીમ:**

**ભારત:** હરમનપ્રીત કૌર (કૅપ્ટન), સ્મૃતિ મંધાના (વાઇસ-કૅપ્ટન), શેફાલી વર્મા, જેમાઇમા રૉડ્રિગ્સ, દીપ્તિ શર્મા, રિચા ઘોષ (વિકેટકીપર), યસ્તિકા ભાટિયા (વિકેટકીપર), પૂજા વસ્ત્રાકર, અરુંધતી રેડ્ડી, રેણુકા સિંહ ઠાકુર, દયાલન હેમલતા, આશા શોભના, રાધા યાદવ, શ્રેયંકા પાટીલ અને સજીવન સજના.

**શ્રીલંકા:** ચમારી અથાપથ્થુ (કૅપ્ટન), વિશ્મી ગુણરત્ને, હર્શિતા સમરાવિક્રમા, હાસિની પરેરા, અનુષ્કા સંજીવની (વિકેટકીપર), નિલાક્ષીકા સિલ્વા, કવિશા દિલહારી, ઍમા કંચના, ઇનોશી પ્રિયદર્શની, શશીની ગિમહાની, અચીની કુલાસુરિયા, સુગંદીકા કુમારી, સચિની નિસન્સાલા, ઉદેશિકા પ્રબોધની અને ઇનોકા રણવીરા. ■

# ટીમ ઈન્ડિયા માટે દિલ્હીમાં આજે 'રેડ અલર્ટ'

## બાંગ્લાદેશે ભારત સામેનો એકમાત્ર વિજય પાટનગરમાં મેળવ્યો અને ત્યાં જ રમાશે શ્રેણીની બીજી મૅચ: સાંજે ૭.૦૦ વાગ્યે આરંભ

નવી દિલ્હી: ભારત ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં બાંગ્લાદેશ સામે ૧૫ મૅચ રમ્યું છે જેમાંથી ૧૪ જીત્યું છે, પરંતુ જે એકમાત્ર મૅચમાં ભારતીય ટીમે પરાજય જોવો પડ્યો એ મૅચ દિલ્હીમાં રમાઈ હતી અને આજે (સાંજે ૭.૦૦ વાગ્યાથી) બન્ને દેશ વચ્ચે સિરીઝનો બીજો મુકાબલો આ જ સ્થળે થવાનો હોવાથી ટીમ ઇન્ડિયાએ આ મુકાબલામાં ખાસ કાળજી રાખીને રમવું પડશે.

૨૦૧૯ની ત્રીજી નવેમ્બરે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રોહિત શર્માના સુકાનમાં ભારતનો મહમુદુલ્લાની કૅપ્ટન્સીમાં રમતી બાંગ્લાદેશની ટીમ સામે ત્રણ બૉલ બાકી રહી જતાં સાત વિકેટના માર્જિનથી પરાજય થયો હતો. બાંગ્લાદેશના આઠ બોલરના આક્રમણ વચ્ચે ભારતીય ટીમ છ વિકેટે ૧૪૮ રન બનાવી શકી હતી જેમાં એકેય ભારતીયની હાફ સેન્ચુરી નહોતી. શિખર ધવનના ૪૧ રન એમાં હાઈએસ્ટ હતા અને ધવન હવે નિવૃત્ત થઈ ચૂક્યો છે. બાંગ્લાદેશે વિકેટકીપર મુશ્ફીકુર રહીમના અણનમ ૬૦ રનની મદદથી ૧૯.૩ ઓવરમાં ત્રણ વિકેટે ૧૫૪ રન બનાવ્યા હતા અને માંડ-માંડ જીત્યું હતું.

જોકે આ વખતે વાત અલગ છે. સૂર્યકુમાર યાદવના સુકાનમાં રમતી ભારતીય ટીમમાં આઇપીએલ સ્પેશિયાલિસ્ટ ખેલાડીઓ છે અને એમાંના મોટા ભાગના પ્લેયર મૅચ-વિનર બની શકે છે એટલે બાંગ્લાદેશ માટે દિલ્હીમાં જ ફરી જીતવું એટલે 'દિલ્હી બહોત દૂર' જેવું કહી શકાય.

સૂર્યાના સુકાનમાં ભારતીય ટીમ રવિવારે ગ્વાલિયરમાં ૪૯ બૉલ બાકી રાખીને સાત વિકેટે જીતીને ત્રણ મૅચની શ્રેણીમાં ૧-૦થી આગળ થઈ ગઈ છે અને બુધવારે ફરી જીતીને ૨-૦થી વિજયી સરસાઈ મેળવી શકશે.


અર્શદીપને રવિવારે ૧૪ રનમાં ત્રણ વિકેટ લેવા બદલ મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો.

રવિવારની પ્રથમ ટી-૨૦માં ભારતીય ટીમે પ્રવાસી ટીમ પર સંપૂર્ણ પ્રભુત્વ મેળવ્યું હતું. રિષભ પંત, અક્ષર પટેલ અને જસપ્રીત બુમરાહની ગેરહાજરી છતાં ભારતીય ટીમમાં બૅટિંગ અને બોલિંગ, બન્નેમાં ડેપ્થ છે જે બાંગ્લાદેશને ભારત સામેના ટી-૨૦ ઇતિહાસમાં ફક્ત બીજા વિજયથી વંચિત રાખી શકે.

વિકેટકીપર-બૅટર સંજુ સૅમસન સામાન્ય રીતે મિડલ-ઑર્ડરમાં બૅટિંગ કરતો હોય છે, પરંતુ રવિવારે તેને ઓપનિંગની નવી જવાબદારી અપાઈ હતી જેમાં તેણે પ્રમાણમાં સારું પર્ફોર્મ કર્યું હતું, પરંતુ અભિષેક શર્મા (૧૬ રન, સાત બૉલ, એક સિક્સર, બે ફોર)ની જેમ ટી-૨૦ના ફૉર્મેટને છાજે એવું પર્ફોર્મ નહોતો કરી શક્યો. સૅમસને ૧૯ બૉલમાં છ ફોરની મદદથી ૨૯ રન બનાવ્યા હતા. તેનું અને કૅપ્ટન સૂર્યકુમાર (૨૯ રન, ૧૪ બૉલ, ત્રણ સિક્સર, બે ફોર)નું એકસરખું યોગદાન હતું. જોકે સૅમસનના ૧૫૨.૬૩ના સ્ટ્રાઇક-રેટ સામે સૂર્યાનો સ્ટ્રાઇક-રેટ ૨૦૭.૧૪ હતો.

હાર્દિક પંડ્યા (૩૯ અણનમ, ૧૬ બૉલ, બે સિક્સર, પાંચ ફોર)એ ધમાકેદાર બૅટિંગથી ભારતને વહેલી જીત અપાવી દીધી હતી. ૧૨૮ રનના લક્ષ્યાંક સામે ભારતે ૧૧.૫ ઓવરમાં ત્રણ વિકેટે ૧૩૨ રન બનાવ્યા હતા.

જો કોઈ પ્લેયરને પ્રૅક્ટિસમાં ઈજા નહીં નડી હોય તો કૅપ્ટન સૂર્યકુમાર યાદવ અને હેડ-કોચ ગૌતમ ગંભીર સહિતનું ટીમ-મૅનેજમેન્ટ રવિવારની જ મૅચ-વિનિંગ ઇલેવન જાળવી રાખશે. દેશના ફાસ્ટેસ્ટ બોલર મયંક યાદવે (૪-૧-૨૧-૧) હરીફ બૅટર્સ પર પ્રેશર જાળવી રાખ્યું હતું. અર્શદીપ સિંહે (૩.૫-૦-૧૪-૩) પેસ પાવરની મદદથી પેસ-આક્રમણની આગેવાની સંભાળી હતી. સ્પિનર વરુણ ચક્રવર્તી (૪-૦-૩૧-૩)એ ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી નિવૃત્ત થઈ ચૂકેલા રવીન્દ્ર જાડેજા અને આરામ ફરમાવી રહેલા અક્ષર પટેલ તથા કુલદીપ યાદવની ખોટ નહોતી વર્તાવા દીધી.

બાંગ્લાદેશ માટે નબળી બૅટિંગ સૌથી મોટી ચિંતા છે. વરિષ્ઠ બૅટર લિટન દાસ (વિકેટકીપર) અને મહમુદુલ્લા અસરદાર રમશે તો જ ભારતને બાંગ્લાદેશની ટીમ ટક્કર આપી શકશે. ■


**રવિવાર પછી આજે પણ બન્ને ભારતીય ટીમને જીતવાની તક:** રવિવારે દુબઈમાં ભારતની મહિલા ટીમે (એકદમ ઉપર) ટી-૨૦ વર્લ્ડ કપમાં પાકિસ્તાનની ટીમને પરાસ્ત કરી હતી એ જ દિવસે ગ્વાલિયરમાં ભારતની મેન્સ ટીમે બાંગ્લાદેશને પહેલી ટી-૨૦માં હરાવ્યું હતું. આજે મહિલાઓ શ્રીલંકા સામે મેન્સ ટીમ બાંગ્લાદેશ સામે રમશે. (બીસીસીઆઇ)

# ભારતીય હૉકી કૅપ્ટન રાની રામપાલ કેમ ઍર ઇન્ડિયાના સ્ટાફ પર ભડકી ગઈ?

નવી દિલ્હી: ભારતીય મહિલા હૉકી કૅપ્ટન તેમ જ પદ્મશ્રી પુરસ્કાર વિજેતા રાની રામપાલે દિલ્હીમાં ઍર ઇન્ડિયાની ફ્લાઇટમાંથી ઊતર્યા બાદ સોશિયલ મીડિયા પર આ ઍરલાઇન્સના સ્ટાફની





આકરી ટીકા કરી હતી. રાનીએ જે આઘાત અને નિરાશા વ્યક્ત કરી એની વિગત જાણીને તેના અસંખ્ય ચાહકોએ તેના પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી.

વાત એવી છે કે રાની કૅનેડાથી દિલ્હી પાછા આવ્યા બાદ ઍરપોર્ટ પર પોતાની બૅગ પાછી લેવા ગઈ ત્યારે તેણે જોયું કે તેની બૅગ તૂટેલી હાલતમાં હતી. પછીથી ઍર ઇન્ડિયાના સત્તાધીશો તરફથી રાનીની માફી માગવામાં આવી હતી.

રાનીએ પોતાની બૅગ તૂટેલી હોવાનું જણાતાં એક્સ (ટ્વિટર) પર તૂટેલી બૅગના ફોટો સાથે પોસ્ટમાં લખ્યું હતું, 'ઍર ઇન્ડિયા, આ ખૂબ જ સુંદર આશ્ચર્ય બદલ તમારો આભાર. તમારો સ્ટાફ અમારી બૅગની કેવી રીતે કાળજી રાખતો હોય છે એ અમે જોઈ લીધું. હું કૅનેડાથી તમારી ફ્લાઇટમાં ભારત પાછી આવી ત્યારે મારી બૅગ મને તૂટેલી હાલતમાં મળી હતી.' ઍર ઇન્ડિયાએ રાનીની પોસ્ટના જવાબમાં લખ્યું, 'ડિયર મિસ રામપાલ, તમને જે અગવડ પડી એ બદલ અમે માફી માગીએ છીએ. પ્લીઝ અમને તમારી ટિકિટની વિગતો, બૅગનો ટૅગ નંબર અને બૅગ નુકસાન પામેલી હાલતમાં મળી એ વિશેની ફરિયાદનો નંબર/ડીબીઆર કૉપી અમને મોકલી દો. અમે આ વિષયમાં તપાસ કરીશું.'

૨૯ વર્ષની રાની ભારત વતી ૨૫૪ મૅચ રમી છે જેમાં તેણે અનેક મૅચોમાં કૅપ્ટન્સી સંભાળવા ઉપરાંત ૧૨૦ ગોલ કર્યા છે. તે ભારતની ઇન્ડિયા અન્ડર-૧૭ ટીમને કોચિંગ આપી ચૂકી છે. તેના સમાવેશવાળી ભારતીય ટીમ એશિયા કપ, એશિયન ચૅમ્પિયનશિપ અને સાઉથ એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતી ચૂકી છે. ■

# ક્રિસ વૉક્સે સૂર્યકુમારની જેમ અદ્‌ભુત કૅચ પકડવાનો પ્રયાસ કર્યો અને...



મુલતાન: ૨૯મી જૂને બ્રિજટાઉનમાં ભારતના વર્તમાન ટી-૨૦ કૅપ્ટન સૂર્યકુમાર યાદવે ટી-૨૦ વર્લ્ડ કપમાં સાઉથ આફ્રિકા સામેની ફાઇનલમાં લૉન્ગ-ઑફ પરથી દોડી આવીને બાઉન્ડરી લાઇનની આર-પાર જઈને ડેવિડ મિલરનો અદ્‌ભુત અને ટાઇટલ-વિનિંગ કૅચ પકડ્યો એનું રીરન મંગળવારે મુલતાનમાં પાકિસ્તાન અને ઇંગ્લૅન્ડ વચ્ચેની પ્રથમ ટેસ્ટના બીજા દિવસે થતાં રહી ગયું હતું. ઇંગ્લૅન્ડના ક્રિસ વૉક્સે લૉન્ગ-ઑફ પરથી દોડી આવ્યા પછી બાઉન્ડરી લાઇનની આર-પાર જઈને સલમાન આગાનો કૅચ પકડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ એમાં તે જરાક માટે નિષ્ફળ રહ્યો હતો.

વાત એવી છે કે પાકિસ્તાનની પ્રથમ ઇનિંગ્સમાં ૧૧૬મી ઓવર ઇંગ્લૅન્ડના લેફ્ટ-આર્મ સ્પિનર જૅક લીચે કરી હતી. સલમાન આગા ૧૫ રન પર રમી રહ્યો હતો. લીચના ત્રીજા બૉલમાં સલમાને ઊંચો શૉટ માર્યો હતો. બાઉન્ડરી લાઇન પાસે દોડી આવેલા વૉક્સે બૉલ ઝીલી લીધો હતો, પરંતુ કૅચ કમ્પ્લીટ થાય એ પહેલાં તે બૉલ હવામાં છોડીને બાઉન્ડરી લાઇનની બહાર જતો રહ્યો હતો અને બીજી જ ક્ષણે અંદર આવતી વખતે તેણે બૉલ ફરી ઝીલી લીધો હતો. જોકે ફરી બૉલ ઝીલ્યો ત્યારે (બીજા પ્રયાસમાં) તેનો જમણો પગ બાઉન્ડરીની બહાર જમીનને અડકેલો જ હતો. તેણે કૅચ પકડ્યો હોવાનો દાવો કર્યો હતો, પરંતુ અમ્પાયરે રિપ્લે જોઈને સિક્સર જાહેર કરી દીધી હતી.

સલમાન આગાએ એ જીવતદાનનો પૂરો ફાયદો લીધો હતો, કારણકે તે ત્રીજી ટેસ્ટ સદી (૧૦૪ અણનમ, ૧૧૯ બૉલ, ત્રણ સિક્સર, દસ ફોર) ફટકારવામાં સફળ રહ્યો હતો. પાકિસ્તાને મુલતાનની બૅટિંગ-પિચ પર રનનો ઢગલો કરી દીધો હતો. પાકિસ્તાનના ૫૫૬ રનમાં ત્રણ બૅટરની સેન્ચુરી સામેલ હતી. સલમાન આગા ઉપરાંત કૅપ્ટન શાન મસૂદે ૧૫૧ રન અને ઓપનર અબ્દુલ્લા શફીકે ૧૦૨ રન બનાવ્યા હતા. સાઉદ શકીલ (૮૨ રન) અઢાર રન માટે સદી ચૂકી ગયો હતો.

ઑલી પોપની કૅપ્ટન્સીમાં આ ટેસ્ટ રમતા ઇંગ્લૅન્ડ વતી જૅક લીચે ત્રણ તેમ જ ગસ ઍટકિન્સન અને બ્રાયડન કાર્સે બે-બે વિકેટ લીધી હતી. ■

# બાર્સેલોના ૩-૦થી જીત્યું, ત્રણેય ગોલ લેવાન્ડૉવ્સ્કીએ કર્યા!

વિટોરિયા (સ્પેન): અહીં લા લિગા લીગ નામની ફૂટબૉલ સ્પર્ધામાં મોખરાની ટીમ બાર્સેલોનાને રોબર્ટ લેવાન્ડૉવ્સ્કીએ હૅટ-ટ્રિક ગોલથી અલાવેઝ સામેની મૅચ ૩-૦થી જિતાડી આપી હતી. એ સાથે, પૉઇન્ટ્સ-ટેબલમાં બાર્સેલોનાની ટીમ મોખરે ટકી રહી છે અને બીજા નંબરની રિયલ મૅડ્રિડથી ત્રણ પૉઇન્ટ આગળ છે. લેવાન્ડૉવ્સ્કીએ ફર્સ્ટ હાફમાં જ પચીસ મિનિટની અંદર ત્રણેય ગોલ કર્યા હતા. તેણે સાતમી, બાવીસમી અને ૩૨મી મિનિટમાં ગોલ કર્યો હતો. ■


ઇન્ટરનૅશનલ માસ્ટર્સ લીગના મુંબઈમાં ગઈ કાલે લૉન્ચિંગ પ્રસંગે ઉપસ્થિત ઇંગ્લૅન્ડનો ઓઇન મૉર્ગન, વેસ્ટ ઇન્ડિઝનો બ્રાયન લારા, ભારતનો સચિન તેન્ડુલકર, સાઉથ આફ્રિકાનો જૉન્ટી રહોડ્સ, શ્રીલંકાનો રોમેશ કાલુવિથરણા અને ઑસ્ટ્રેલિયાનો શેન વૉટ્સન. ૧૭મી નવેમ્બરે શરૂ થનારી આ લીગમાં ભારતીય ટીમનું સુકાન સચિન સંભાળશે. (પીટીઆઇ)

# મહમુદુલ્લાએ જાહેર કરી નિવૃત્તિ

નવી દિલ્હી: ૧૩૯ ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સના અનુભવી અને ૩૮ વર્ષીય ભૂતપૂર્વ બાંગ્લાદેશી કૅપ્ટન તથા ઑલરાઉન્ડર મહમુદુલ્લાએ જાહેર કર્યું છે કે તે ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મૅચોમાંથી રિટાયર થઈ રહ્યો છે. તેણે કહ્યું હતું કે ભારત સામેની વર્તમાન સિરીઝની ત્રીજી અને છેલ્લી ટી-૨૦ આ ફૉર્મેટની તેની અંતિમ મૅચ બનશે.

ભારત-બાંગ્લાદેશની ત્રીજી અને છેલ્લી ટી-૨૦ શનિવાર, ૧૨મી ઑક્ટોબરે હૈદરાબાદમાં રમાશે.

મહમુદુલ્લાએ ૨૦૦૭ની સાલમાં (ભારત સૌપ્રથમ ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યું હતું એ અરસામાં) પ્રથમ ટી-૨૦ મૅચ રમ્યો હતો. તેણે ૧૩૯ મૅચમાં આઠ હાફ સેન્ચુરીની મદદથી ૨,૩૯૫ રન બનાવ્યા છે અને ૪૦ વિકેટ લીધી છે. મહમુદુલ્લાએ ૨૦૨૧માં ટેસ્ટ-ક્રિકેટમાંથી રિટાયરમેન્ટ લીધું હતું. ૫૦ ટેસ્ટમાં તેના ૨,૯૧૪ રન હતા અને તેણે ૪૩ વિકેટ લીધી હતી.

તેણે ૨૩૨ વન-ડેમાં ૫,૩૮૬ રન છે અને તેણે ૮૨ વિકેટ લીધી છે. ■


**ચંદ્રક ચૂકી ગયા પછી ચૂંટણીમાં જીતી:** કુસ્તીબાજ વિનેશ ફોગાટ ગઈ કાલે હરિયાણાની વિધાનસભાની ચૂંટણીમાં કૉન્ગ્રેસની જુલાના બેઠક પરથી જીતી ગઈ હતી. તેણે ભાજપના હરીફ ઉમેદવાર યોગેશ કુમારને ૬,૦૧૫ મતથી હરાવ્યા હતા. ફોગાટ પૅરિસ ઑલિમ્પિક્સમાં ૧૦૦ ગ્રામ વધુ વજનને કારણે ફાઇનલમાંથી ગેરલાયક ઠરાવાતાં ગોલ્ડ અથવા સિલ્વર મેડલ ચૂકી હતી. (પીટીઆઇ)


**ઈરાની કપ ચૅમ્પિયન મુંબઈની ટીમને એમસીએનું એક કરોડનું ઈનામ:** તાજેતરમાં રેસ્ટ ઑફ ઇન્ડિયા સામેની ઈરાની કપ મૅચમાં વિજેતા બનેલી રણજી ચૅમ્પિયન મુંબઈની ટીમનું સોમવારે વાનખેડેમાં સન્માન કરવામાં આવ્યું હતું. મુંબઈ ૨૭ વર્ષે ૧૫મું ઈરાની કપ ટાઇટલ જીત્યું છે. ટીમના બહુમાનના પ્રસંગે મુંબઈ ક્રિકેટ અસોસિયેશન (એમસીએ)ના પ્રમુખ અજિંક્ય નાઇક, સેક્રેટરી અભય હડપ, જોઇન્ટ સેક્રેટરી દીપક પાટીલ, ખજાનચી અરમાન મલિક તેમ જ ઍપેક્સ કાઉન્સિલના અન્ય સભ્યો ઉપસ્થિત હતા. અજિંક્ય રહાણેના સુકાનમાં ચૅમ્પિયન બનેલી ટીમના ખેલાડીઓએ ટ્રૉફી સાથે યાદગાર સેલિબ્રેશન કર્યું હતું. એમસીએ તરફથી ચૅમ્પિયન ટીમ માટે એક કરોડ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું છે.

# ફૂટબોલરે હરીફ ખેલાડીને લાફો મારી દીધો!

નૉટિંગહૅમ: રવિવારે ઇંગ્લિશ પ્રીમિયર લીગમાં ભારે રસાકસી વચ્ચે ચેલ્સી અને નૉટિંગહૅમ ફૉરેસ્ટ વચ્ચેની મૅચ ૧-૧થી ડ્રૉ રહી હતી, પરંતુ મુકાબલાની છેલ્લી ક્ષણોમાં જે બન્યું એવું રમતના મેદાન પર ભાગ્યે જ બનતું હોય છે. આ મૅચમાં ૬૬ ટકા સમય દરમ્યાન બૉલ ચેલ્સીના ખેલાડીઓના કબજામાં રહ્યો હતો અને આ ટીમ ડ્રૉના પરિણામ સાથે ૧૪ પૉઇન્ટ સાથે ચોથા સ્થાને રહી હતી, જ્યારે ફૉરેસ્ટ ૧૦મા સ્થાને હતી. મુદ્દાની વાત એ છે કે ચેલ્સીના ૮૧મી મિનિટમાં ક્રિસ્ટોફર ઍન્કુન્કુના સ્થાને સબસ્ટિટ્યૂટ તરીકે રમવા બોલાવવામાં આવેલા નિકોલસ જૅક્સને એક તકરાર દરમ્યાન (વીડિયો ફૂટેજમાં બતાવાયા મુજબ) ફૉરેસ્ટના મૉરાટાને તમાચો મારી દીધો હતો. ગરમાગરમી વધી જતાં જૅક્સનને સાથી ખેલાડીઓ ખેંચીને દૂર લઈ ગયા હતા અને ત્યાર બાદ બન્ને ટીમના ખેલાડીઓ વચ્ચે દલીલબાજી ચાલુ જ રહી હતી.

૮૮મી મિનિટમાં જ્યારે ફૉરેસ્ટના એક ખેલાડીને કારણે ચેલ્સીનો પ્લેયર નીચે પટકાયો ત્યારથી બન્ને ટીમ વચ્ચેનો ઝઘડો શરૂ થયો હતો. થોડી જ વારમાં બેઉ ટીમના સપોર્ટ સ્ટાફના મેમ્બર્સ, કોચ, બૅક-રૂમ સ્ટાફ તેમ જ બાકીના તમામ સબસ્ટિટ્યૂટો મેદાન પર આવી ગયા હતા અને તકરાર વધી ગઈ હતી.

રેફરીએ કેટલાક ખેલાડીઓને યલો કાર્ડ બતાવ્યા હતા. ચેલ્સીની હવે પછીની મૅચ લિવરપુલ સામે છે. ■

# છ દિવસની મંદીને બ્રેકઃ બ્લુચિપ શૅરોના સહારે સેન્સેક્સ ૫૮૪ પોઈન્ટ ઊછળ્યો, માર્કેટ કૅપમાં આઠ લાખ કરોડ રૂપિયાનો ઉમેરો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શેરબજારે મંગળવારના સત્રમાં મિડલ ઇસ્ટના મિસાઇલ મારા, ચીનના સ્ટિમ્યુલસની અસર, એફઆઇઆઇની વેચવાલી અને આરબીઆઇના નિર્ણય તથા વિધાનસભાની ચૂંટણીના પરિણામોની ચિંતાને બાજુએ મૂકીને છ દિવસની મંદીને બ્રેક મારી હતી. બ્લુચિપ શેરોમાં વધારો થતાં સેન્સેક્સ ૫૮૪ પોઈન્ટ ઊછળ્યો અને માર્કેટ કેપમાં અંદાજે રૂ. આઠ લાખ કરોડનો વધારો થયો છે. ઈન્ડેક્સ હેવીવેઈટ્સ એચડીએફસી બેન્ક, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રામાં તેજીને પગલે છ દિવસની મંદી પછી મંગળવારે ઈક્વિટી બેન્ચમાર્ક સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટીમાં તીવ્ર ઉછાળો આવ્યો હતો.

બીએસઇનો ત્રીસ શેર ધરાવતો મુખ્ય ઈન્ડેક્સ સેન્સેક્સ ૫૮૪.૮૧ પોઈન્ટ અથવા ૦.૭૨ ટકા વધીને ૮૧,૬૩૪.૮૧ પોઇન્ટના સ્તર પર અને એનએસઇ નિફ્ટી ૨૧૭.૪૦ પોઈન્ટ અથવા ૦.૮૮ ટકા વધીને ૨૫,૦૧૩.૧૫ પોઇન્ટ પર પહોંચ્યો હતો. નોંધવું રહ્યું કે, શેરબજારની તેજીને અવરોધતા તમામ પરિબળ યથાવત રહેવા સાથે સપ્તાહના પહેલા દિવસે વેચવાલીનું બોમ્બાર્ડિંગ ચાલુ રહેતા નિફ્ટી ૨૫,૦૦૦ની સપાટી તોડતો ૨૪,૮૦૦ની નીચે ધસી ગયો હતો, જ્યારે સેન્સેક્સ પણ ૮૧,૦૦૦ની સપાટી માંડ માંડ ટકાવી શક્યો હતો.

સેન્સેક્સ પેકમાંથી, અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઇકોનોમિક ઝોન, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, એચડીએફસી બેંક, લાર્સન એન્ડ ટુબ્રો, એનટીપીસી, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, અલ્ટ્રાટેક સિમેન્ટ અને કોટક મહિન્દ્રા બેંક બેન્ચમાર્કના ટોપ ગેનર હતા. તેનાથી વિપરીત, ટાટા સ્ટીલ, ટાઇટન, બજાજ ફિનસર્વ, જેએસડબ્લ્યુ સ્ટીલ, બજાજ ફાઇનાન્સ, હિન્દુસ્તાન યુનિલિવર, આઇટીસી, ટાટા મોટર્સ અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ બેન્ચમાર્કના ટોપ લુઝર બન્યા હતા.

ઓલા ઇલેક્ટ્રિક મોબિલિટીને સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેકશન ઓથોરિટીએ ગેરમાર્ગે દોરનારી જાહેરખબરો અને ગેરવાજબી વ્યાપાર પ્રવૃત્તિ બદ્દલ નોટીસ ફટકારી હોવાના સમાચરે તેના શેરમાં ૬.૧૭ ટકાનો મોટો કડાકો જોવા મળ્યો હતો. ઇન્ડોસ્પેસે તમિલનાડુમાં લોજિસ્ટિક અને વેરહાઉસ પાર્કમાં રૂ. ૪,૫૦૦ કરોડ સુધીના રોકાણની જાહેરાત કરી છે. હીરો મોટર્સ લિમિટેડે તેના રૂ. ૯૦૦ કરોડના આઇપીઓની યોજના હાલ પડતી મૂકી છે અને તે માટેના દસ્તાવેજ પાછાં ખેંચી લીધા છે. ઘરોના ભાવમાં ઝડપી વધારા સાથે નવા સપ્લાઇમાં ઘટાડો થવાથી દેશના ટોચના આઠ હાઉસિંગ માર્કેટમાં ઘરોના વાર્ષિક વેચાણમાં પાંચ ટકાનો ઘટાડો થયો હોવાનું પ્રોપ ટાઇગરે પોતાના રિપોટ૪માં જણાવ્યું છે, અગાઉ એનારોકના રિપોર્ટમાં પણ સાત શહેરોમાં ઘરોનું વેચાણ ૧૧ ટકા ઘટ્યું હોવાનું ટાંકવામાં આવ્યું હતું.

ચીનની ઇકોનોમિક પ્લાનિંગ એજન્સીએ અર્થતંત્રને ટેકો આપવા માટે બીજા સ્ટિમ્યુલસની જાહેરાત કરી હતી, જોકે તેનું કદ બજારની અપેક્ષાથી નીચું હોવાને કારણે શાંઘાઇ એક્સચેન્જનો સુધારો ધોવાઇ ગયો હોવાના અહેવાલ હતા.

નેશનલ ડેવલપમેન્ટ એન્ડ રિફોર્મ્સ કમિશને ૨૦૨૫ના સરકારી બજેટમાંથી ૧૦૦ અબજ યુઆન ( ૧૪.૧ અબજ ડોલર)ના ખર્ચની અને કન્સ્ટ્રકશન પ્રોજેક્ટ માટે ૧૦૦ અબજ યુઆનના ખર્ચની જાહેરાત કરી હતી. જોકે, આ આંકડા અબજો અબજ યુઆનના એક્સપેન્ડિચરના ખર્ચની અપેક્ષા કરતા ઘણો નાનો હોવાથી સટોડિયા વર્ગ નિરાશ થયો હતો. પશ્ચિમ એશિયામાં ધમાસાણ યુદ્ધ આગળ વધી રહ્યું છે અને



ઇઝરાયલ હવે કશું વધુ ભયંકર કરશે કે શું એવી ચિંતા પ્રસરી રહી છે. ઇરાને પાછલા મંગળવારે ઇઝરાયલ પર ૧૮૦ મિસાઇલ ફાયર કરી હતી ત્યાર બાદ ઇઝરાયલે લેબેનોન પર જોરદાર હલ્લો કર્યો હતો અને ગ્રાઉન્ડ ઓપરેશન્સ પણ શરૂ કર્યા હતા. શનિવારે અને રવિવારે હિઝબુલ્લા સહિતના જૂથોએ ઇઝરાયલ પર વધુ મિસાઇલ એટેક કર્યા છે. અત્યારે આ સત્રમાં તો બજારે જાણે મિડલ ઇસ્ટની લશ્કરી અથડામણો, ચીનના સ્ટિમ્યુલસ પેકેજની અસર અને એફઆઇઆઇના પલાયન જેવા પરિબળોને કોરાણે મુક્યા છે, પરંતુ યુદ્ધની અસરો હંમેશા દૂરગામી હોય છે.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે અદાણી પોર્ટ્સ ૪.૭૬ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૩.૪૨ ટકા, રિલાયન્સ ૨.૦૧ ટકા, એચડીએફસી બેન્ક ૧.૯૫ ટકા, લાર્સન ૧.૮૩ ટકા, સ્ટેટ બેન્ક૧.૫૯ ટકા, એનટીપીસી ૧.૪૨ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૩૫ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૦.૯૩ ટકા, અને કોટક બેન્ક ૦.૮૯ ટકા વધ્યા હતા.

જ્યારે ટાટા સ્ટીલ ૨.૮૯ ટકા, ટાઈટન ૨.૫૯ ટકા, બજાજ ફિનસર્વ ૨.૨૭ ટકા, જેએસડબલ્યુ સ્ટીલ ૧.૯૮ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૧૨ ટકા, ટાટા મોટર્સ ૦.૮૯ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૦.૬૩ ટકા, આઈટીસી ૦.૫૧ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૦.૪૯ ટકા, ભારતી એરટેલ ૦.૨૮ ટકા અને પાવર ગ્રીડ ૦.૨૬ ટકા ઘટ્યા હતા.

વૈશ્વિક મોરચે યુરોપીયન બજારો મધ્ય સત્રના સોદામાં નીચા મથાળે ટ્રેડ થઇ રહ્યા હતા. સોમવારે અમેરિકન બજારો નકારાત્મક ક્ષેત્રમાં બંધ રહ્યા હતા. એશિયન બજારોમાં, ટોક્યિો, હોંગકોંગ અને સિઓલ નેગેટિવ ઝોનમાં ગબડ્યા હતા.

જ્યારે શાંઘાઈ શેરબજારમાં સુધારાનો પવન જોવા મળ્યો હતો. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૮૪ ટકા ઘટીને ૭૯.૪૪ ડોલર પ્રતિ બેરલ થયું હતું. સોમવારે બીએસઇ સેન્સેક્સ ૬૩૮.૪૫ પોઈન્ટ ગગડીને ૮૧,૦૫૦ પર સ્થિર થયો હતો. નિફ્ટી ૨૧૮.૮૫ પોઈન્ટ ઘટીને ૨૪,૭૯૫.૭૫ પર બંધ રહ્યો હતો.

શેરબજારમાં અનેક વિપરીત પરિબળો વચ્ચે મંગળવારે બાઉન્સ બેક જોવા મળ્યું હતું અને છ સત્રની પીછેહઠને બ્રેક લાગી હતી. સેકટરલ ઈન્ડાયસીસમાં એકમાત્ર મેટલ સિવાય બધા ઈન્ડેક્સ વધ્યા હતા અને બીએસઇના કુલ માર્કેટ કેપિટલમાં રૂ.૭.૫૧ લાખ કરોડનો વધારો થયો હતો. મંગળવારે બીએસઈ સેન્સેક્સ ગત સોમવારના ૮૧,૦૫૦.૦૦ના બંધથી ૫૮૪.૮૧ પોઈન્ટ્સ (૦.૭૨ ટકા) વધ્યો હતો. માર્કેટ કેપ રૂ.૭.૫૧ લાખ કરોડ વધીને રૂ. ૪૫૯.૫૦ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૮૦,૮૨૬.૫૬ ખૂલીને ઊંચામાં ૮૧,૭૬૩.૨૮ સુધી અને નીચામાં ૮૦,૮૧૩.૦૭ સુધી જઈને અંતે ૮૧,૬૩૪.૮૧ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. બીએસઈ સેન્સેક્સની ૧૯ સ્ક્રિપ્સ વધી હતી અને ૧૧ સ્ક્રિપ્સ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૦૪૫ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૩,૦૨૪ સ્ટોક્સ વધ્યા હતા, ૯૨૩ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૯૮ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૩૭ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૦૫ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૧.૮૬ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૨.૪૪ ટકા વધ્યો હતો. સ્ટ્રટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૩.૫૭ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૨.૭૮ ટકા વધ્યો હતો.

સેકટરલ ઈન્ડાયસીસમાં એકમાત્ર મેટલ ઈન્ડેક્સ ૧.૧૨ ટકા ઘટ્યો હતો, જ્યારે અન્ય બધા ઈન્ડેક્સ વધ્યા હતા. સર્વિસીસ ૩.૨૫ ટકા, કેપિટલ ગુડ્સ ૨.૮૨ ટકા, , ઈન્ડસ્ટ્રિયલ્સ ૨.૮૧ ટકા, પાવર ૨.૪૪ ટકા, , ટેલિકોમ્યુનિકેશન ૨.૩૫ ટકા, યુટિલિટીઝ ૨.૨૩ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૨.૧૧ ટકા, હેલ્થકેર ૧.૯૨ ટકા, ઓટો ૧.૬૮ ટકા, એનર્જી ૧.૬૮ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૨૬ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૧.૨૪ ટકા, બેન્કેક્સ ૧.૧૧ ટકા, રિયલ્ટી ૧ ટકા, એફએમસીજી ૦.૭૧ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૭૧ ટકા, કોમોડિટીઝ ૦.૬૨ ટકા અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૦.૫૬ ટકા વધ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં મંગળવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૮૧.૮૫ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૬૮૭ સોદામાં ૧૦૦૦ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૩,૦૫,૯૫૦ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૩,૧૪,૫૬૬.૪૦ કરોડનું રહ્યું હતું.

# ડૉલર સામે રૂપિયામાં ત્રણ પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સતત છ સત્ર સુધી નરમાઈનું વલણ રહ્યા બાદ આજે જોવા મળેલા સુધારા ઉપરાંત વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં વધ્યા મથાળેથી પીછેહઠને પગલે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે ત્રણ પૈસાના સુધારા સાથે ૮૩.૯૭ની સપાટીએ બંધ રહ્યો હતો.

જોકે, બજારના અમુક વર્તુળોનું માનવું છે કે આજે હરિયાણાની વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો વિજય થતાં ઈક્વિટી માર્કેટમાં સુધારો આવ્યો છે અને ઈક્વિટી માર્કેટના સુધારાની અસર રૂપિયા પર જોવા મળી છે.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૪ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૩.૯૭ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૯૭ અને ઉપરમાં ૮૩.૯૨ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ત્રણ પૈસા વધીને ૮૩.૯૭ની સત્રની સપાટીએ બંધ રહ્યો હતો.

આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, વૈશ્વિક બજારમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું બીએનપી પારિબાસના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે અમારા મતે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીના દબાણ અને મધ્ય પૂર્વના દેશોના તણાવને ધ્યાનમાં લેતા ડૉલર સામે રૂપિયામાં એકંદરે નરમાઈનો અન્ડરટોન જોવા મળે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન આજે આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૩ ટકા ઘટીને ૧૦૨.૪૦ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૯ ટકા ઘટીને બેરલદીઠ ૭૯.૩૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૫૮૪.૮૧ પૉઈન્ટનો અને ૨૧૭.૪૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો, પરંતુ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૮૨૯૩.૪૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# વૈશ્વિક ચાંદી એક ટકો તૂટતાં સ્થાનિક ચાંદીમાં ₹ ૧૫૨૮ તૂટ્યા, સોનામાં ₹ ૨૦૭નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની મિનિટ્સની આવતીકાલે થનારી જાહેરાત પૂર્વે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં રોકાણકારોનો સાવચેતીનો અભિગમ, ડૉલર ઈન્ડેક્સ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં વધારો થવાથી હાજરમાં સોનાના ભાવ ગઈકાલના ઘટ્યા મથાળેથી સાંકડી વધઘટે અથડાઈ ગયા બાદ મધ્ય પૂર્વના દેશોના તણાવને કારણે સલામતી માટેની માગને ટેકે ભાવમાં સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં એક ટકા કરતાં વધુ ઘટાડો આવ્યો હોવાના અહેવાલ હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલીના દબાણે ભાવ કિલોદીઠ રૂ. ૧૫૨૮ તૂટ્યા હતા, જ્યારે સોનામાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૦૭નો ઘટાડો આવ્યો હતો.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ પણ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૫૨૮ના કડાકા સાથે રૂ. ૯૧,૦૦૦ની સપાટી ગુમાવીને રૂ. ૯૦,૪૧૨ના મથાળે રહ્યા હતા. વધુમાં સોનામાં પણ વૈશ્વિક ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલે નરમાઈનું વલણ રહ્યું હોવા ઉપરાંત રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની લેવાલી ખપપૂરતી રહેતાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૦૭ ઘટીને ૯૯૫ ટચ સોનાના રૂ. ૭૫,૪૨૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૫,૭૨૬ના મથાળે રહ્યા હતા.


આવતીકાલે અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની જાહેરાત થવાની હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોએ સોનામાં નવી લેવાલીમાં સાવચેતીનો અભિગમ અપનાવ્યો હતો. વધુમાં આજે ડૉલર ઈન્ડેક્સ તથા અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં વધારો થવાથી સોનાના ભાવ દબાણ હેઠળ રહ્યા બાદ મધ્ય પૂર્વના દેશોમાં તણાવની સ્થિતિને ધ્યાનમાં લેતાં સલામતી માટેની માગ ખૂલતા હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૨૬૫૦.૨૨ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૨ ટકા વધીને ૨૬૭૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૧ ટકાના કડાકા સાથે ઔંસદીઠ ૩૧.૩૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. આજે હિઝબુલ્લાએ ઈઝરાયલના ત્રીજા ક્રમાંકના સૌથી મોટા શહેર હૈફા પર રોકેટ હુમલા કર્યાના અહેવાલને પગલે સોનામાં સલામતી માટેની માગને ટેકે ઘટ્યા મથાળેથી બાઉન્સબૅક જોવા મળ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

એકંદરે ડૉલર ઈન્ડેક્સ અને ટ્રેઝરીની યિલ્ડની મજબૂતીને કારણે હાલમાં સોનાએ તેજીનો તાલ ગુમાવ્યો હોવા છતાં મધ્ય પૂર્વના દેશોમાં પ્રવર્તી રહેલા તણાવ અને ક્રૂડતેલના ભાવમાં થઈ રહેલા વધારાને કારણે સલામતી માટેની માગનો ટેકો જરૂર મળી રહ્યો હોવાનું કેસીએમ ટ્રેડના ચીફ માર્કેટ એનાલિસ્ટ ટીમ વૉટરરે જણાવ્યું હતું.

જોકે, હવે રોકાણકારોની નજર ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની આવતીકાલની જાહેરાત, ગુરુવારે જાહેર થનારા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ તેમ જ શુક્રવારે જાહેર થનારા પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સ પર સ્થિર થઈ છે અને કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સમાં અનપેક્ષિત વધારો જોવા મળે તો ડૉલર ઈન્ડેક્સમાં વધારો થતાં સોનાના ભાવ દબાણ હેઠળ આવે તેવી શક્યતા વૉટરરે વ્યક્ત કરી હતી.

અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી નવેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૮૭ ટકા શક્યતા ટ્રેડરો સીએમઈ ફેડ વૉચ ટૂલ પર મૂકી રહ્યા હતા. દરમિયાન ગઈકાલે સેન્ટ લુઈસ ફેડના પ્રમુખ આલ્બર્ટો મુસાલેમે આર્થિક વૃદ્ધિને ટેકો આપવા માટે વ્યાજદરમાં વધુ વધારા અંગે તરફેણ કરી હોવાના અહેવાલ હતા.

# વિશ્વ બજાર પાછળ વિવિધ ધાતુઓમાં પીછેહઠ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીને આર્થિક વૃદ્ધિને ટેકો આપવા માટે સ્ટિમ્યુલસ પેકેજની જાહેરાત કરી હોવા છતાં તેના અમલીકરણના અવઢવ વચ્ચે આજે લંડન ખાતે સત્રના આરંભે કોપર સહિતની ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં ટીન અને નિકલ સહિતની અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની વેચવાલી અને નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૬૫ સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે ચીનના સ્ટિમ્યુલસ પેકેજના અમલીકરણની અવઢવ વચ્ચે કોપરનાં એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૧.૫૦ ટકા ઘટીને ટનદીઠ ૯૮૦૦.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ અન્ય ધાતુઓમાં પણ નરમાઈનું વલણ જોવા મળ્યું હતું.

આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિકમાં ખાસ કરીને ટીન, નિકલ, કોપર વાયરબાર અને કોપર આર્મિચરમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ અને ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૬૫ ઘટીને ૨૮૬૯, રૂ. ૨૩ ઘટીને રૂ. ૧૫૦૨, રૂ. ૧૯ ઘટીને રૂ. ૮૬૭ અને રૂ. ૧૦ ઘટીને રૂ. ૭૯૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ મર્યાદિત રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. નવ ઘટીને રૂ. ૭૪૩, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૫૨૩, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. છ ઘટીને રૂ. ૨૪૨, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૨૮૭, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૫૭૨, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૮૨૦ અને રૂ. ૮૧૧ના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૯૮ અને રૂ. ૧૯૧ના મથાળે ટકેલાં રહ્યાં હતાં.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં નરમાઈ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે એકંદરે રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતા સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, પરંતુ મિડિયમ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી આવતા ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠનો સાધારણ ઘટાડો આવ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔધ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. વધુમાં ગઈકાલે મહારાષ્ટ્રના મથકો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૦૦થી ૩૬૫૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૪૬થી ૩૮૦૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી હોવાથી તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠના ઘટાડા સાથે રૂ. ૩૮૦૨થી ૩૯૪૨માં થયાના અહેવાલ હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૭૦થી ૩૭૨૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૬૦થી ૩૮૨૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

# મલયેશિયા પાછળ આરબીડી પામોલિનમાં ₹ ૧૫નો ઘટાડો

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના ઑક્ટોબર, ડિસેમ્બર અને જાન્યુઆરી વાયદામાં અનુક્રમે ૪૫, ૭૦ અને ૭૨ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ઑક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બર વાયદામાં અનુક્રમે ૪૫ રિંગિટ, ૭૦ રિંગિટ અને ૭૨ રિંગિટનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે મલયેશિયાના પામતેલના વાયદામાં



ઘટાડાતરફી વલણ અને સ્થાનિકમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહેતા આરબીડી પામોલિનના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫નો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે આજે મથકો પાછળ દેશી તેલમાં મિશ્ર વલણ રહેતાં કપાસિયા રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ વધી આવ્યા હતા અને સરસવમાં રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ગોલ્ડન એગ્રી, રૂચી અને રિલાયન્સ રિટેલના આરબીડી પામોલિનના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૦૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હોવાનું સૂત્રોએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે માત્ર સેલરિસેલ ધોરણે છૂટાછવાયા બે-ચાર ટ્રક આરબીડી પામોલિનના વેપાર થયા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૯૫, સોયા રિફાઈન્ડ અને સનરિફાઈન્ડના રૂ. ૧૨૯૦, સિંગતેલના રૂ. ૧૫૨૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૪૦ અને સરસવના રૂ. ૧૪૪૦ના રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૭૫માં થયા હતા.

આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાબીનની ૩.૨૫ લાખ ગૂણીની આવક હતી, જેના મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૪૫૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૫૭૫થી ૪૬૭૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# સોશિયલ મીડિયા યુઝર્સને યુરોપમાં મળશે નવું ફોરમ

## ફેસબુક, યુ-ટ્યુબ અને ટિકટોક કન્ટેન્ટ વિરુદ્ધ કરી શકશે ફરિયાદ

લંડનઃ યુરોપિયન યુનિયનમાં સોશિયલ મીડિયા યુઝર્સને ટૂંક સમયમાં એક ફોરમ મળશે જ્યાં તેઓ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તેના નિયમોનો ભંગ કરનારા પોસ્ટ્સ અને વીડિયોને હટાવવા અથવા તેનો ભંગ કરનારા અન્ય લોકોને મુક્ત કરવાના તેમના નિર્ણયને પડકારી શકશે.

'અપીલ સેન્ટર યુરોપ' નામની આઉટ ઓફ કોર્ટ ડિસપુટ સેટલમેન્ટ બોડીએ મંગળવારે જણાવ્યું હતું કે તેને આઇરિશ નિયમનકારો દ્વારા ૨૭ દેશોના યુરોપિયન સંઘમાં કન્ટેન્ટ મોડરેશન વિવાદો પર રેફરીના રૂપમાં કામ કરવા માટે પ્રમાણિત કરવામાં આવ્યું છે જેની શરૂઆત ફેસબુક, યુટ્યુબ અને ટિકટોક સંબંધિત મામલાથી થશે. આ કેન્દ્ર મેટાના ઓવરસાઇટ બોર્ડ સમાન છે જેને ૨૦૨૦માં સ્થપાયેલ અર્ધ-સ્વતંત્ર સંસ્થા છે જે વિશ્વભરના યુઝર્સ દ્વારા સબમિટ કરવામાં આવેલા ફેસબુક, ઇન્સ્ટાગ્રામ અને થ્રેડ્સ પર કન્ટેન્ટ મોડરેશન મુદ્દાઓ અંગે કડક નિર્ણયો માટે સર્વોચ્ચ અદાલતની જેમ કાર્ય કરે છે.

ડિજિટલ સેવા અધિનિયમ અથવા ડીએસએના રૂપમાં ઓળખાતા ડિજિટલ રૂલબુક્સ હેઠળ ટેક કંપનીઓ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સને વિવાદના ઉકેલ માટે સંસ્થાઓ સાથે કામ કરવું અને તેઓ જે પણ નિર્ણય લે છે તેનું પાલન કરવું જરૂરી છે.

બ્રસેલ્સમાં યુરોપિયન યુનિયનના અધિકારી નાગરિકોને બિગ ટેક કંપનીઓ દ્વારા લેવામાં આવેલા કોઈપણ નિર્ણયોને પડકારવાનો રસ્તો આપવા માગતા હતા કારણ કે તે ઑનલાઇન જોખમો પર અંકુશ લગાવવાના લક્ષ્યના વિરુદ્ધ મુક્ત ભાષણને કાબૂમાં રાખવાના ધ્યેય સામે વાણી સ્વતંત્રતાના અધિકારને સંતુલિત કરવા માંગતા હતા. સીઇઓ થોમસ હ્યુજીસે જણાવ્યું હતું કે સીઈઓ થોમસ હ્યુજીસે જણાવ્યું હતું કે, ''કેન્દ્ર યુરોપિયન યુનિયનમાં સ્થિત યુઝર્સ અથવા ગ્રુપોમાંથી હિંસા અને ઉશ્કેરણીજનક ભાષણથી લઇને ગુંડાગીરી અને ઉત્પીડન સહિતની તમામ બાબતોની અપીલ સાંભળશે. ■

# ઇઝરાયલની સેનાનો દાવોઃ હિઝબુલ્લાહનો વરિષ્ઠ કમાન્ડર માર્યો ગયો

જેરુસલેમઃ બેરુતમાં ઇઝરાયલની આર્મીના હુમલામાં હિઝબુલ્લાહનો એક વરિષ્ઠ કમાન્ડર માર્યો ગયો હતો. આ જાણકારી ઇઝરાયલની આર્મીએ આપી હતી. ઇઝરાયના સૈન્યએ મંગળવારે જણાવ્યું હતું કે તેણે બેરુત પર હુમલો કર્યો હતો જેમાં હિઝબુલ્લાહનો એક વરિષ્ઠ કમાન્ડર માર્યો ગયો હતો.

ગાઝામાં પેલેસ્ટિનિયન આતંકવાદીઓએ સોમવારે ઇઝરાયલમાં રોકેટ છોડ્યા હતા. ગાઝામાં ઇઝરાયલના હુમલાઓમાં અત્યાર સુધી લગભગ ૪૨,૦૦૦ પેલેસ્ટિનિયનો માર્યા ગયા હતા. સ્થાનિક હેલ્થ અધિકારીઓના મતે લગભગ ૯૦ ટકા સ્થાનિક લોકો સ્થળાંતર કરી ચૂક્યા છે. ■

# મુંબઈ સમાચાર

**દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી નિમિત્તે**




## રમો, ઝૂમો અને જીતો

**૩ ઓક્ટોબરથી ૧૧ ઓક્ટોબર**

મુંબઈ સમાચારની મહાસ્પર્ધા મુંબઈનાં આઠ સેન્ટરોમાંથી રોજેરોજ અનેક કેટેગરીમાં વિજેતાઓની પસંદગી કરવામાં આવશે. વિજેતાઓનો ફાઈનલ રાઉન્ડ રમાડવામાં આવશે. મુંબઈ સમાચાર દ્વારા નિયુક્ત કરવામાં આવેલા પ્રોફેશનલ જજ દ્વારા વિજેતાઓની પસંદગી કરવામાં આવશે. જજોનો નિર્ણય આખરી રહેશે.

***

મહાસ્પર્ધામાં પ્રોફેશનલ જજની નિમણૂક કરવામાં આવી છે અને તેમના દ્વારા પસંદગી કરાયેલા વિજેતાઓને ટ્રોફી અને ગિફ્ટ એનાયત કરવામાં આવશે. વિજેતાઓને તેમનાં ઈનામો ફાઈનલને દિવસે મળશે.

**સાતમું નોરતું** — રાસ રંગે કે સાથ... ઓક્ટ્રોય ગ્રાઉન્ડ કોપરી થાણે, ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, હરિઓમ નગરની નજીક, થાણે (ઈસ્ટ)

**આજના જજ :**

ચૈતાલી ગડા, સિમરન આહુજા અને પરેશ જોશી.

આટલું જ નહીં, રોજેરોજ જે ખેલૈયાઓ વિજેતા બનશે તેમનો ફોટો અને અહેવાલ મુંબઈ સમાચારમાં પ્રકાશિત કરવામાં આવશે.

**ફાઈનલ શુક્રવાર, તા. ૧૧-૧૦-૨૦૨૪**

**સ્થળઃ સફાયર બેન્ક્વેટ હૉલ, સહારા સ્ટાર હોટેલ, વિલે પાર્લે**

### કેટેગરી — ખેલૈયાઓની ઈંતેજારીનો અંત

| | | | |
|---|---|---|---|
| ૧) ફર્સ્ટ બેસ્ટ મેલ ડાન્સર | ૧) ફર્સ્ટ બેસ્ટ ફિમેલ ડાન્સર | ૧) ફર્સ્ટ બેસ્ટ ડાન્સર બોય | ૧) ફર્સ્ટ બેસ્ટ ડાન્સર ગર્લ |
| ૨) સેકન્ડ બેસ્ટ મેલ ડાન્સર | ૨) સેકન્ડ બેસ્ટ ફિમેલ ડાન્સર | ૨) સેકન્ડ બેસ્ટ ડાન્સર બોય | ૨) સેકન્ડ બેસ્ટ ડાન્સર ગર્લ |
| ૩) થર્ડ બેસ્ટ મેલ ડાન્સર | ૩) થર્ડ બેસ્ટ ફિમેલ ડાન્સર | ૩) થર્ડ બેસ્ટ ડાન્સર બોય | ૩) થર્ડ બેસ્ટ ડાન્સર ગર્લ |
| ૪) ફોર્થ બેસ્ટ મેલ ડાન્સર | ૪) ફોર્થ બેસ્ટ ફિમેલ ડાન્સર | ૪) ફોર્થ બેસ્ટ ડાન્સર બોય | ૪) ફોર્થ બેસ્ટ ડાન્સર ગર્લ |
| ૫) ફિફ્થ બેસ્ટ મેલ ડાન્સર | ૫) ફિફ્થ બેસ્ટ ફિમેલ ડાન્સર | ૫) ફિફ્થ બેસ્ટ ડાન્સર બોય | ૫) ફિફ્થ બેસ્ટ ડાન્સર ગર્લ |
| ૬) સિક્સ્થ બેસ્ટ મેલ ડાન્સર | ૬) સિક્સ્થ બેસ્ટ ફિમેલ ડાન્સર | ૬) સિક્સ્થ બેસ્ટ ડાન્સર બોય | ૬) સિક્સ્થ બેસ્ટ ડાન્સર ગર્લ |
| ૭) સેવન બેસ્ટ મેલ ડાન્સર | ૭) સેવન બેસ્ટ ફિમેલ ડાન્સર | ૭) સેવન બેસ્ટ ડાન્સર બોય | ૭) સેવન બેસ્ટ ડાન્સર ગર્લ |

| | | | |
|---|---|---|---|
| ૧) ફર્સ્ટ બેસ્ટ મેલ ડાન્સર અંકલ | ૧) ફર્સ્ટ બેસ્ટ ફિમેલ ડાન્સર આંટી | ૧) ફર્સ્ટ બેસ્ટ કપલ | ૪) ફોર્થ બેસ્ટ કપલ |
| ૨) સેકન્ડ બેસ્ટ મેલ ડાન્સર અંકલ | ૨) સેકન્ડ બેસ્ટ ફિમેલ ડાન્સર આંટી | ૨) સેકન્ડ બેસ્ટ કપલ | ૫) ફિફ્થ બેસ્ટ કપલ |
| ૩) થર્ડ બેસ્ટ મેલ ડાન્સર અંકલ | ૩) થર્ડ બેસ્ટ ફિમેલ ડાન્સર આંટી | ૩) થર્ડ બેસ્ટ કપલ | |

**ખાસ નોંધ**

- ૮ સેન્ટરમાંથી પસંદગી કરાયેલા વિજેતાઓએ પોતાની પાસે ઓળખપત્ર રાખવું જરૂરી રહેશે.
- મુંબઈ સમાચારનો ફાઈનલ રાઉન્ડ ૪૫ મિનિટનો રહેશે. રાઉન્ડ ૮.00 વાગ્યે શરૂ થશે અને ૮.૪૫ વાગ્યે પૂરો થશે. વિવિધ સેન્ટરોમાંથી પસંદગી થયેલા વિજેતાઓએ ૭.30 વાગ્યે શાર્પ હાજર થવાનું રહેશે.

## મુંબઈ સમાચારના ફાઈનલ રાઉન્ડના વિજેતાઓ માટે ઈનામોની વણઝાર અને ટ્રોફીઓ તો ખરી જ

થાઈલેન્ડ સ્ટે (૧૦ કપલ) | ભૂતાનમાં ત્રણ રાત અને ચાર દિવસનો સ્ટે (બે કપલ) | ગિફ્ટ વાઉચર્સ, અન્ય ઈનામો ને રોકડ ઈનામો તો ખરાં જ.

Trophy partner — B.N. JEWELLERS INDIA PRIVATE LIMITED. Gifting partners. Event sponsored by. DIGITAL GLOBAL GARBA

સહયોગઃ જિતુભાઈ મહેતા, દુષ્યંત સોની, અમિત સોની અને મનીષા શેઠ

**...જો જો હોં, મહાસ્પર્ધાની ફાઈનલમાં સમય પર પહોંચવાનું ચૂકતા નહીં.**

# પાટીદાર સહારા સ્ટાર નવરાત્રિ જલસોમાં ફક્ત જલસો, જલસો ને જલસો જ

મુંબઈ સમાચાર નવરાત્રિ સ્પેશિયલ





હિન્દુ ધર્મનાં પૌરાણિક શાસ્ત્રો પ્રમાણે કાત્યાયની માતા એ નવદુર્ગાનું છઠ્ઠું સ્વરૂપ છે. તેમને ચાર ભુજાઓ છે જેમાંથી એક હાથમાં કમળ, બીજા હાથમાં ચંદ્રહાસા નામની તલવાર ધારણ કરી છે. ત્રીજો અને ચોથો હાથ અભયમુદ્રા અને વરદમુદ્રામાં છે. તેમનું વાહન સિંહ છે. માતાજીને લાલ રંગના ફૂલ પ્રિય હોવાને કારણે મંગળવારે ખેલૈયાઓએ લાલ રંગના વસ્ત્રો પરિધાન કર્યા હતા. માતાજીની કૃપાથી પાટીદાર સહારા સ્ટાર નવરાત્રિ જલસો-૨૦૨૪નો જલસો અને ખ્યાતિ દિવસે ને દિવસે વધતી જ જાય છે.

પાટીદાર સ્વજન, શ્રી વિલેપાર્લા પાટીદાર મંડળ દ્વારા આયોજિત સહારા સ્ટાર નવારત્રિ જલસો-૨૦૨૪ના આયોજકો ભાર્ગવ પટેલ અને જગત કિલ્લાવાલાનો આટલું સુંદર આયોજન કરવા બદલ ખેલૈયાઓ પાડ માનતા થાકતા નથી. રંગેચંગે વાજતા-ગાજતા પાટીદાર સહારા સ્ટારની નવરાત્રિ હવે પા પા પગલી ભરતાં ભરતાં હવે દોડવા લાગી છે. છેલ્લા ચાર દિવસથી 'બૂક માય શો' પર ટિકિટ માટે 'કમ્પ્લિટલી સોલ્ડ આઉટ' દેખાઇ રહ્યું છે એ જ એનું પ્રમાણ છે. પાટીદાર સહારા સ્ટાર નવરાત્રિ જલસોએ જે વિરાટ, ભવ્ય અને દિવ્ય સ્વરૂપ ધારણ કર્યું છે એની પાછળ ઘણા બધા મહાનુભવોના આશિષ છે. ભાર્ગવભાઇ પટેલે જણાવ્યું હતું કે 'હું સૌથી પહેલાં શ્રી વિજયભાઇ પારેખનો આભાર વ્યક્ત કરું છું. આ સિવાય રિલાયન્સ ગ્રુપ, સેલો, ડી. બી. રિયલ્ટી અને રુસ્તમજીનો પણ ઘણો ઘણો આભાર.'



વિલે પાર્લે ઈસ્ટ ખાતે આવેલી સહારા સ્ટાર હોટેલના એર-કન્ડિશન્ડ સેફાયર બેન્કવેટ હોલમાં સર્વશ્રેષ્ઠ દિવ્ય ધ્વનિ બેન્ડ, અપ્રતીમ ગાયકો, સરસ મજાના સ્વાદિસ્ટ અને હાઇજેનિક નાસ્તા, વોલેટ પાર્કિંગ , કાર્પેટ ફ્લોરિંગ , નીટ એન્ડ ક્લીન વૉશરૂમ... ખેલૈયાઓને તો આ 'સર્વગુણસંપન્ન' આયોજન એક જ જગ્યાએ મળી ગયું છે.

આઠમના દિને એટલે નવરાત્રિના નવમા દિને સહારા સ્ટારનો ફાઈનલ રાઉન્ડ છે અને એ જ દિવસે 'મુંબઈ સમાચાર'ની મહાસ્પર્ધાનો ફાઈનલ રાઉન્ડ પણ રાખવામાં આવ્યો છે. રાતના ૮ વાગ્યાથી શરૂ થતો આ રાઉન્ડ પોણો કલાક ચાલશે અને બાદમાં ગરબામાં સારું પર્ફોર્મ કરનારા ખેલૈયાઓને ઈનામોનું વિતરણ કરવામાં આવશે. ■





**જલસો ટુ ફૂડીસઃ** સહારા સ્ટારમાં ખાણીપીણીની ઉત્તમ વ્યવસ્થા કરાઇ છે. પાસ્તા, નૂડલ્સ, પિત્ઝા, પાણીપુરી વગેરે વાનગીઓ સ્વચ્છ અને હાઈજિન જગ્યાએ મળી રહે છે. ગરબે ઘૂમ્યા બાદ ભૂખ લાગે ત્યારે ખેલૈયાઓ રીતસરના આ વાનગીઓનો આસ્વાદ માણવા તૂટી પડતા હોય છે. આયોજકો તરફથી ખેલૈયાઓની ખાણીપીણીની વ્યવસ્થા પર પણ બારીકાઇથી નજર રાખવામાં આવી છે.

## ષષ્ઠી તું નારાયણી મહિષાસુર માર્યો...

# પ્રેરણા રાસ ૨૦૨૪માં છઠ્ઠે નોરતે કરવામાં આવી જગદંબાની વિશેષ આરાધના

## કર્મકાંડી બ્રાહ્મણ પરિવારોએ ઉતારી આદ્યશક્તિની મહાઆરતી

મુંબઈ સમાચાર નવરાત્રિ સ્પેશિયલ





લોકવાયકા પ્રમાણે આદ્યશક્તિ જગદંબાએ મહિષાસુર નામના અસુરનો વધ કરીને સમગ્ર સંસારનું રક્ષણ કર્યું હતું. આ યુદ્ધ નવ દિવસ ચાલ્યું હતું અને એટલે નવરાત્રીના રૂપમાં ઉત્સવ ઉજવવામાં આવે છે. આ નવરાત્રી દરમિયાન માતાજીની આરાધના, સ્તુતિ, ભક્તિ કરવાની આપણી પરંપરા રહી છે અને તે જ પરંપરાને પ્રેરણા રાસ ૨૦૨૪માં પણ જાળવી રાખી છે.

પ્રિન્સ ઓફ સબર્બ કહેવાતા મુલુંડની બરાબર મધ્યમાં આવેલા કાલિદાસના વિશાળ ગ્રાઉન્ડ પર છેલ્લા ૧૭ વર્ષોથી મનોજ કોટકના માર્ગદર્શન હેઠળ પ્રેરણા રાસનું આયોજન થાય છે. દર વર્ષે અને તેમાં પણ દરેક દિવસે નવા નવા ગરબાઓ અને પ્રસિદ્ધ લોકગીતો દ્વારા ખેલૈયાઓને મોજ કરાવવામાં આવે છે. ફક્ત યુવાન ખેલૈયાઓ જ નહિ પરંતુ બાલ અબાલ પણ પ્રેરણા રાસમાં થીરકતા જોવા મળે છે.

ગઈકાલે વિશેષ આયોજનના ભાગરૂપે પ્રેરણા રાસમાં કર્મકાંડી બ્રાહ્મણ પરિવારો દ્વારા આદ્યશક્તિની મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં ભૂદેવ પરિવારોએ જગદંબાની આરતી ઉતારી હતી.

*****

સંગીતની દુનિયામાં 'એમજે' નામથી પ્રસિદ્ધ એવા વર્સેટાઈલ સિંગર મનિષ જોશી પોતાની સુમધુર ગાયકીના સુર રેલાવ્યા, જ્યારે તેમના બેન્ડ 'સુર ધ સોલ'ના વાદ્ય વૃંધકારો સંગીતના સૂર રેલાવ્યા.

*****

જેમણે પોતાની લોકગાયકી દ્વારા અપાર ચાહના મેળવી છે તેવા અષાઢી ગાયક નીરવ બારોટ, પ્રેરણા રાસની નાડ પારખનાર કોકિલ કંઠી ગાયિકા અર્પિતા ઠક્કર અને મખમલી અવાજના ધણી રાહુલ પુરેચાએ પણ તેમના સુમધુર અવાજમાં ભકિતગીતો, લોકગીતો તથા સુપ્રસિદ્ધ ગીતોની જમાવટ કરી.

*****

ગઈકાલે પ્રેરણા રાસમાં અમે મૈયારા રે ગોકુળ ગામનાં..., કચ્છ નહીં દેખા તો કુછ નહિ દેખા..., ઇંધણા વીણવા ગઈ તી મોરી સૈયર..., ખેલ ખેલ રે ભવાની મા જય જય અંબે મા..., જેવા ગરબાઓ અને ભક્તિગીતો પર ખેલૈયાઓ થનગનાટ કરતાં જોવા મળ્યા હતા.

### પ્રેરણા રાસ ૨૦૨૪ ઓન સોશ્યલ મીડિયા

ઈન્સ્ટાગ્રામઃ https://www.instagram.com/prernaraasnavratri
ફેસબુકઃ https://www.facebook.com/PrernaRaasNavratri

**પ્રેરણા રાસ ૨૦૨૪નો ઘર બેઠા લાઈવ આનંદ માણો**

* Prerna Events યુટ્યુબ ચેનલ
https://youtube.com/prernaevents

**તે ઉપરાંત...**

* Hathway Cable Channel No. 871, * In Cable Channel No. 992, * Home Cable Channel No. 985

### ગઈ કાલે પ્રેરણા રાસમાં પધારેલા મહાનુભાવો, સમાજો અને સંસ્થાઓ...

શ્રી અશોકરાય (બીજેપી-જિલ્લા અધ્યક્ષ)
શ્રીમતી બિંદુ ત્રિવેદી (બીજેપી-નગરસેવિકા ઘાટકોપર)
શ્રી નંદકુમાર વૈતી (બીજેપી-મંડળ મહામંત્રી)
શ્રી રાજા મિરાણી (ઘાટકોપર)
શ્રી કૌસ્તુભ દેશમુખ (આરએસએસ મુલુંડ)
શ્રી અનીશ જોષી (બીજેપી)
શ્રી ભાસ્કર વિચારે (અજિત પવાર ગટ- એનસીપી મુંબઈ ઉપાધ્યક્ષ)
શ્રીમતી સમીતા કાંબલે (બીજેપી-નગરસેવિકા મુલુંડ)

શ્રી મુલુંડ બ્રાહ્મણ સમાજ
શ્રી કચ્છ દેશીય સારસ્વત બ્રાહ્મણ સમાજ
શ્રી કચ્છી રાજગોર બ્રાહ્મણ સમાજ
શ્રી મુલુંડ બેંગાલી બ્રાહ્મણ સમાજ
શ્રી ઉત્તર ભારતીય બ્રાહ્મણ સમાજ
શ્રી સાઉથ ઈન્ડિયન બ્રાહ્મણ સેવા સમિતિ
શ્રી મુલુંડ તેલુગુ બ્રાહ્મણ સેવા સમાજ
જી. એસ. બી.
શ્રી બ્રાહ્મણસમાજ મહિલામંડળ ચે. ટ્રસ્ટ
શ્રી જલારામ સત્સંગ મંડળ
સાઉથ ઈન્ડિયન ઓર્ગેનાઈઝેશન વાણી વિદ્યાલય
શ્રી મુલુંડ સિંધી બ્રાહ્મણ સમાજ
શ્રી મુલુંડ પંચાલ સમાજ
શ્રી ઉત્કર્ષ મિત્ર મંડળ - ભાંડુપ
શ્રી મુંબઈ ફાર્મા એસોસિયેશન
શ્રી બ્રાહ્મણ સોશિયલ ગ્રુપ - મુલુંડ
શ્રી ઘોઘારી શ્રેયાંસ્કાર પરિવાર
વિઝન સ્માર્ટ ઈન્ડિયા ગ્રુપ - ઘાટકોપર
ઉત્તર ભારતીય મોરચા મુલુંડ

મુંબઈ સમાચાર નવરાત્રિ સ્પેશિયલ
સૌરાષ્ટ્ર આવૃત્તિ ■ બુધવાર ■ તા. ૯-૧૦-૨૦૨૪



ગૌરી રાજા


વૃષભ નીસર


સેમીલા શાહ


પરી કોટક


નિધિ ઠક્કર


ઉપેન્દ્ર વેદ


વીરા ગજરા


છાયા શાહ

બૃહદ્ મુંબઈ નવરાત્રિ મહાસ્પર્ધા

# પ્રેરણા રાસ અને 'મુંબઈ સમાચાર'ને સથવારે...

મુલુંડ પશ્ચિમમાં પી. કે. રોડ પરનું કવિ કાલિદાસ ગ્રાઉન્ડ એટલે ખેલૈયાઓ માટેનો જાણે મોટો રંગમંચ. ભાતભાતની વેશભૂષા અને વિવિધ સ્ટેપ્સથી રોજેરોજ રમાતા ગરબામાં રંગરસિયાઓ તરબોળ થઈ જાય છે અને જોનારાઓ મંત્રમુગ્ધ. આવી અનેક ખાસિયતોને કારણે જ પ્રેરણા રાસ-૨૦૨૪ લોકોના દિલમાં વસી ગઈ છે. આવી અનેરી નવરાત્રિમાં છઠ્ઠા નોરતે મંગળવારે 'મુંબઈ સમાચાર'ની મહાસ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં દુષ્યંત સોની, અમિત સોની અને મનીષા શેઠનો સહયોગ સાંપડ્યો છે.

મહાસ્પર્ધાના પ્રાયોજક ચંદન માઉથફ્રેશનર, જેવીએમ સ્પેસીસ, ઈવેન્ટ સ્પોન્સર્ડ રચના સલૂન, ટ્રોફી પાર્ટનર બીએન જ્વેલર્સ, ગિફ્ટિંગ પાર્ટનર નેનો નાઈન, રેન્ડેઝેવોસ, પાલખી, દામજી શામજી ગ્રુપ, ફ્રેન્ડ્સ રિસોર્ટસ, અરોન રિસોર્ટ, સમર પ્લાઝા, જશ હોલિડેસ એન્ડ મેમોરીસ, ખાનવેલ રિસોર્ટ-સિલવાસા, અરિહંત હોલિડેસ, ટ્રિપ ટુ થાઈલેન્ડ, બીસીન અને હેરલોજિક બ્રાન્ડ-મિશા ઈમ્પેક્સ, હેર સ્ટુડિયો છે.

પ્રેરણા રાસમાં રંગબેરંગી લાઈટિંગથી ઝગમગતા વિશાળ સ્ટેજ પર 'એમજે ફેમ' મનીષ જોશીના બૅન્ડ 'સૂર ધ સોલ'ના મ્યુઝિશિયનોએ ખેલૈયાઓને ડોલાવી દીધા હતા, જેમાં નીરવ બારોટ, અર્પિતા ઠક્કર, શ્રુતિ કલ્યાણી અને રાહુલ પુરેચાએ સુરીલા ગીતોથી સાથ પુરાવ્યો હતો.

મેદાનમાં બનાવાયેલા મંદિરમાં માતાજીની આરતી પછી નોરતાની રાત આવી નોરતાની રાત ગીતથી ગરબાની શરૂઆત થઈ હતી. ૭૦૦૦થી વધુ લોકોની ક્ષમતા ધરાવતું આ મેદાન ખેલૈયાઓથી ખીચોખીચ ભરેલું હતું. કેડિયુ અને ચણિયા-ચોળી તેમ જ ફૅશનેબલ વસ્ત્રોમાં સજ્જ રંગરસિયાઓએ મુંબઈ સમાચારની નવરાત્રિ સ્પર્ધા માટે ઘણો ઉત્સાહ દાખવ્યો હતો. પ્રેરણા રાસ સોશિયલ મીડિયા પર પણ ઘણી લોકપ્રિય બની ગઈ છે.

'મુંબઈ સમાચારે' યોજેલી મહાસ્પર્ધા 'રમો ઝૂમો અને જીતો'માં જે સ્પર્ધકોને ઈનામ મળ્યાં હતાં તેમને 'મુંબઈ સમાચાર' બિરદાવે છે. દરેક સ્પર્ધકોને ટ્રોફી અને ગિફ્ટ આપવામાં આવશે. મહાસ્પર્ધામાં પસંદ કરાયેલા વિજેતાઓ માટે 'મુંબઈ સમાચાર' સતત ત્રીજું વર્ષ બમ્પર ઈનામોની વણઝાર લઇને આવ્યું છે, જેમાં ૧૦ દંપતી માટે થાઈલેન્ડની ટ્રિપ, બે કપલ માટે ભૂતાનમાં સ્ટે ઉપરાંત ગિફ્ટ વાઉચર્સ અને રોકડ તો છોગામાં... આવાં ઈનામો મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

## રમતી આવે માડી રમતી આવે આજ મારી મેલડી રમતી આવે



### સૌ વિજેતાઓને અભિનંદન

આજે બુધવારે સાતમા નોરતે 'મુંબઈ સમાચાર' સંગાથે થાણે પશ્ચિમમાં કોપરી સ્થિત ઓક્ટ્રોય ગ્રાઉન્ડ પર ખેલૈયાઓ ઝૂમશે અને ઈનામો પણ મેળવશે.



**છઠ્ઠા નોરતાના જજ:**
મનીષા શેઠ, અમિત સોની,
મનોજ કોટક (ભૂતપૂર્વ સાંસદ) સ્વાતિ ઠક્કર,
અરુણા પંચાલ, આકૃતિ બાગવે. (તસવીરોઃ અમય ખરાડે)


ક્રિષ્ના પટેલ


યશ્વી ગાલા


વીર દેઢિયા


ઝીલ ગોસ્વામી


તાન્યા શાહ


મનન મોતા


ક્વિ નંદુ


નીલેશ ઠક્કર

મુંબઈ સમાચાર નવરાત્રિ સ્પેશિયલ

# ડોંબિવલી રાસ રંગ-૨૦૨૪ તળપદાં ગુજરાતી ગીતોથી ગુંજી ઊઠ્યું



ડોંબિવલી એટલે મિની કચ્છ-કાઠિયાવાડ. આ મિની કચ્છ-કાઠિયાવાડીઓ ડૉ. શ્રીકાંત શિંદેસાહેબના ફેન છે. કારણ તે લોકોને ઘરઆંગણે કચ્છ-કાઠિયાવાડને ભુલાવી દે એવી નવરાત્રિનો લ્હાવો મળ્યો છે.

ડોંબિવલી રાસ રંગમાં સતત બીજા વર્ષે નૈતિક નાગડા અને પ્રિન્સ હિયાન નૈતિક નાગડાના ઢોલનો તાલમેલ અદ્‌ભુત છે. દરરોજ સાંજની ભાવપૂર્વકની આરતી બાદ નૈતિકનો ઢોલ ઢબુકે ને તેના સાજિંદાઓ સંગીતની સુરાવલી રેલાવે ત્યાં અવનવી વેશભૂષા પરીધાન કરીને ધર્મેશ બારોટ, સવાયા ગુજરાતી ગાયક અક્ષય કાંબળે, કચ્છી કોયલ કોશા પંડ્યા, ગલવી ગુજરાતણ દિવ્યા જોશી, વિરલ સુરાણા વગેરે કચ્છ કાઠિયાવાડને યાદ કરાવતા ગીતો લલકારે છે, 'હે આવી આશોની રઢિયાળી રાત મોરી મા, હે મા-હે મા, આવી રઢિયાળી રાત મોરી મા, કુમકુમ પગલે માડી પધારો રે, કુમકુમ પગલે માડી પધારો, કુમકુમ પગલે આવો અંબા, આવો જગદંબા, હે શુભારંભ, હો શુભારંભ મંગલ બેલા આયી સપનોં કી દેહરી પર દિલ કી બાજી રે શબનાઈ, શહનાઈ.'



નૈતિક નાગડાની ફેન એવી ઘાટકોપની જાણીતી કોરિયોગ્રાફર ઝમકુડી વિદ્યા છેડા પોતાના સ્ટુડન્ટ સાથે ડોંબિવલી રમવા આવે છે. તેના સ્ટુડન્ટો પ્રાઈસ જીતે છે. તે ડોંબિવલી રાસ રંગના પરફેક્ટ અને સુંદર આયોજન બદલ ડૉ. શ્રીકાંત શિંદેસાહેબની ટીમને ખૂબ અભિનંદન આપે છે.

# થાણે શહેરમાં પાવો વાગ્યો, હાલોને થાણે રાસ રંગમાં રમવા હનીફ-અસલમ સંગ

મુંબઈ સમાચાર નવરાત્રિ સ્પેશિયલ

ક્રેડાઈ એમસીએચઆઈ, થાણે આયોજિત થાણે રાસ રંગ-૨૦૨૪નું આયોજન હનીફ અસલમ સંગ જાહેર થયું હતું. તેમની ટીમમાં સોરઠિયા સાવજ પહાડી અવાજ ધરાવતો ઉમેશ બારોટ અને તેમને સાથ આપવા માટે કોકીલકંઠી રૂપાલી કશ્યપ, હેલી મજમુદાર, દ્રવિતા ચોકસી તેમ જ યુવાનોનો લાડકવાયો ફિરોઝ લાકડાએ પાવા સહિત અવનવાં વાજિંત્રોના તાલે થાણે રાસ રંગના પટાંગણમાં આબાલ વૃદ્ધોને રમવા મજબૂર કરી દીધા છે. રોજ સાંજ પડે લોકોનો એક જ સૂર હાલોને થાણે રાસ રંગમાં રમવાને.



થાણે રાસ રંગના મુખ્ય આયોજક જિતુભાઈ મહેતા કે જેઓ પરફેક્ટ ટાઈમ અને પરફેક્ટ પ્રોગ્રામના આગ્રહી છે. તેઓ પરિવાર સાથે દરરોજ સમયસર સાંજે નિયમિત રીતે સાત વાગ્યે માતાજીના મંદિરમાં હાજર થઇ જાય છે. તેઓ પાસે મંદિરમાં પ્રશાંત મહારાજ ભક્તિભાવથી પૂજા-પાઠ કરાવે છે. ત્યાર બાદ તરત જ આરતી શરૂ થાય છે અને દરરોજ આરતી કોરસમાં રૂપાલી કશ્યપ, હેલી મજમુદાર, દ્રવિતા ચોકસી સુરીલા અવાજમાં સૂર પુરાવે છે. આરતીના પ્રસાદ બાદ તરત ચુલબુલી એન્કર હેમાલી ઠક્કર આગવા વેશ પરીધાન સાથે પ્રાસ્તાવિક જાહેરાતો સાથે હનીફ-અસલમ અને તેના સાજિંદાઓને બેન્ડ પ્રારંભ કરાવે છે.



થાણે રાસ રંગમાં દરરોજ કોમ્પિટિશન હોય છે. પીઆર વર્ક સંભાળતા હરેશ અવલાણી જણાવે છે કે થાણે રાસ રંગમાં રમવું અને કોમ્પિટિશનમાં વિનર થવું એ રંગરસિયાઓ માટે પ્રાઉડનો પ્રસંગ છે. જય ઠક્કર અને દીપ્તિ વોરા દ્વારા નિયુક્ત થયેલા જજોની પસંદગી એકદમ પરફેક્ટ હોય છે. વિજેતાઓને ઈનામો એમસીએચઆઈના હોદ્દેદારો ભાવેશ ગાંધી, ફયાઝ વીરાણી, સચિન મીરાણી, ભાવેશ ગાંધી, જિતુભાઈ મહેતા વગેરેને હાથે આપવામાં આવે છે.

### થાણે રાસ રંગ-૨૦૨૪ કોમ્પિટિશનના આજના જજ

હેમેન્દ્ર મિસ્ત્રી, ખુશ્બૂ ઠક્કર, હાર્દિક સંપટ, શાંતિલાલ છાડવા અને કસ્તુરી ગડા.

### ડાઈવર્સ મીડિયાને મળી અનેરી તક

ડાઈવર્સ મીડિયાએ સોશિયલ મીડિયા એજન્સી છે. જેની સ્થાપના ૨૦૨૨માં તેજવી પ્રવર કોટિયાએ કરી છે. આ કંપનીની સ્થાપના પાછળ તેજવીનું વિઝન એક જ છે કે નાના ઉદ્યોગગૃહોને પોતાના બિઝનસને ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા વિકાસ કરવામાં મદદરૂપ થાય. ૨૦૨૨થી જિતુભાઈ મહેતાએ ડાઈવર્સ મીડિયા સોશિયલ મીડિયાના માધ્યમથી તેજવી પ્રવર કોટિયાને મુંબઈની સૌથી મોટી નવરાત્રિનું આયોજન રાસ રંગ, થાણેના સોશિયલ મીડિયા પેજ પર કામ કરવાની તક આપી અને તેમણે શાનદાર પર્ફોર્મન્સ આપ્યું. આ પ્રોજેક્ટમાં તેના પાર્ટનર વરુણ ઓરંગાબાદવાલા તેમ જ તેમના યુવા સ્ટાફે ઈન્સ્ટાગ્રામ, ફેસબુક, યુ-ટ્યુબ પર રિલ્સ પોસ્ટ કરીને લાઈવ પર બહુ ઉમદા પર્ફોર્મન્સ આપ્યું છે. હાલમાં તેઓ ૫૦થી વધારે ક્લાયન્ટનું સોશિયલ મીડિયા સંભાળી રહ્યા છે. તેમણે ટૂંક સમયમાં જ સફળતાનાં શિખરો સર કર્યાં છે.



કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com



# શેરબજારમાં સત્તાપલટો!

## ડીઆઈઆઈનો દમ: ભારતીય રોકાણકારોએ વિદેશીઓ કરતાં દસગણું વધુ રોકાણ કરીને તાકાતનો પરચો આપવા સાથે બજારને ઉગારી લીધું

શેરબજારમાં તાજેતરમાં રોજ નવા શિખરની હારમાળા રચાતી જોવા મળી હતી અને પછી અચાનક પશ્ચિમ એશિયામાં મિસાઇલના દાવાનળ વચ્ચે કડાકાની ભરમાર જોવા મળી રહી છે. સેન્સેક્સ અને નિફ્ટીએ પાંચ ટકાનો કડાકો તો માત્ર ચોથી ઓક્ટોબરે પૂરા થયેલા પાંચ સત્રમાં જ નોંધાવ્યો હતો.

આ પાંચ સત્રમાં બીએસઇ પર લિસ્ટેડ તમામ કંપનીઓના બજાર મૂલ્યમાં રૂ. ૧૭.૫૨ લાખ કરોડનું પણ ધોવાણ થયું હતું અને સેન્સેકસે લગભગ ૫૦૦૦ પોઇન્ટ ગુમાવ્યા છે.

શેરબજારમાં કડાકાના કારણો તો મુંબઇ સમાચારના સુજ્ઞવાચકો જાણે જ છે અને એનું અપડેટ પણ અહીં નિયમિત પીરસવામાં આવે છે, એટલે એની ચર્ચા નથી કરવી, પરંતુ બજારને પાતાળ તરફ તાણી જનારા પરિબળોમાં જેને એક અત્યંત મહત્ત્વનું પરિબળ ગણવામાં આવે છે તેના વિશે વાત કરવી છે.

આ પરિબળ છે વિદેશી સંસ્થાકીય રોકાણકારો એટલે કે એફઆઇઆઇ દ્વારા કરવામાં આવતું ઇન્વેસ્ટમેન્ટ. એક જમાનામાં વિદેશી ફંડો ડોલરના દમ પર ખૂબ શક્તિશાળી ગણાતા અને તેમની વેચવાલી કે લેવાલી બજારની રૂખ બદલી નાખતી! આપણે જોકે ડોલરની દાદાગીરી ખતમ થવાને આરે, એવા મતલબનો લેખ અગાઉ પણ પ્રસ્તુત કર્યો હતો.

હવે આ દિશામાં બજાર આગળ વધી રહ્યું હોવાના સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે. તાજેતરમાં બજારના કડાકાનું એક મહત્ત્વનું કારણ વિદેશી ફંડોની એકધારી વેચવાલી ગણવામાં આવે છે. જોકે એ બાબત પણ મહત્ત્વની છે કે પાછલા અનેક મહિનાઓથી એફઆઇઆઇની વેચવાલી સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ બમણી લેવાલી કરીને બજારને સ્થિરતા બક્ષી હતી.

હાલ પશ્ચિમ એશિયામાં યુદ્ધના મંડાણ ઉપરાંત અમેરિકા દ્વારા વ્યાજદરમાં થયેલા વધારા સાથે ભારતીય બજારના ઊંચા વેલ્યુએશન્સ અને ચીન તથા હોંગકોંગના આકર્ષક વેલ્યુએશન્સ જેવા કારણોસર વિદેશી ફંડો ભારતીય શેરબજારમાંથી ઉચાળા ભરીને અન્ય એશિયાઇ બજારો તરફ ફંટાઇ રહ્યો હોય એવું ચિત્ર ઊપસ્યું છે.

ચીનના ઉપરાછાપરી સ્ટિમ્યુલસ પેકેજ અને તાજેતરના જાપાનના વ્યાજદરના વધારાને કારણે પણ ભારતીય બજારમાંથી વિદેશી ફંડોની વેચવાલી વધી છે.

શેરબજારના પંડિતો જોકે માને છે કે હવે આપણે એફઆઇઆઇના પલાયનથી ગભરાવા જેવું નથી! આનું કારણ એ છે કે, હવે પાસું પલટાયું છે. બજારમાં હવે વિદેશી ફંડો કરતા સ્થાનિક ફંડો પાસે પ્રવાહિતાનું જબરું જોર છે.

શેરમાર્કેટમાં પ્રવેશ કરનારા રિટેલ ઇન્વેસ્ટર્સની સંખ્યા ઝડપી ગતિએ વધી રહી છે. દેશમાં અત્યારે કુલ ૧૭ કરોડ ડિમેટ એકાઉન્ટ છે, જે આંકડો ડિસેમ્બર ૨૦૨૩ સુધી ૧૩.૯ કરોડ હતો. માર્ચ ૨૦૨૦માં તો આ આંકડો માત્ર ચાર કરોડ જ હતો.

**સ્થાનિક ફંડોએ માત્ર ત્રણ જ સત્રમાં ચાર અબજ ડોલર ઠાલવ્યાં!**

આનો અર્થ એ થયો કે માત્ર ચાર વર્ષમાં જ ચાર ગણો વધારો થયો છે. તેની અસર એ થઇ છે કે માર્કેટમાં સ્થાનિક અને વિદેશી રોકાણકારોની હિસ્સેદારીમાં અદલાબદલી થઇ ગઇ છે.

જાણીને આશ્ચર્ય થશે, પરંતુ આ વર્ષે જાન્યુઆરીથી ઓગસ્ટની વચ્ચે રૂ. ૪.૬૭ લાખ કરોડનું રોકાણ નોંધાયું હતું અને તેમાં અધધધ રૂ. ૩.૧૦ લાખ કરોડના રોકાણનો સિંહફાળો સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ નોંધાવ્યો છે. એટલું જ નહીં, પરંતુ સામાન્ય રોકાણકારોએ રૂ. ૧.૧૪ કરોડના શેર્સ ખરીદ કર્યા છે.

આની સામે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ માત્ર રૂ. ૪૨,૮૮૬ કરોડનું રોકાણ કર્યું હતું. બીજા શબ્દોમાં કુલ રોકાણમાં ડીઆઇઆઇનો હિસ્સો ૬૬.૩૮ ટકા, રિટેલ રોકાણકારોનો ૨૪.૪૧ ટકા હતો અને એફઆઇઆઇનો હિસ્સો માત્ર ૯.૨૧ ટકા રહ્યો હતો.

આ હિસાબે વિદેશી રોકાણકારોની તુલનામાં સ્થાનિક રોકાણકારોએ અંદાજે દસગણું વધારે રોકાણ કર્યું છે. જ્યારે માત્ર એક વર્ષ પહેલાં ૨૦૨૩માં એફઆઇઆઇએ રૂ. ૯.૧ લાખ કરોડ, ડીઆઇઆઇએ રૂ. ૧.૮ લાખ કરોડ અને રિટેલ રોકાણકારોએ રૂ. ૫.૨ હજાર કરોડના શેર્સની ખરીદી કરી હતી.

નોંધવું રહ્યું કે, દેશમાં મ્યુચ્યુઅલ ફંડમાંથી વધુ રોકાણ આવ્યું છે અને સળંગ ૩૬ મહિનાથી તે સતત વધતું રહ્યું છે. આ પ્રવાહિતાને કારણે માર્કેટને સ્થિરતા મળી રહી છે. મ્યુચ્યુઅલ ફંડ હેઠળની કુલ એસેટ (એસેટ અંડર મેનેજમેન્ટ) ૨૦૨૦માં રૂ. ૧૨ લાખ કરોડ હતી, જે ઓગસ્ટ ૨૦૨૪ સુધી પાંચ ગણાં ઉછાળા સાથે ૬૬ લાખ કરોડ રૂપિયા પહોંચી છે.

એ જ સાથે એસઆઇપીનો માસિક સરેરાશ આંકડો રૂ. ૨૨ હજાર સુધી પહોંચ્યો છે. એક્સચેન્જ પાસે નોંધાયેલા આંકડા અનુસાર ૨૦૧૨માં વિદેશી રોકાણકારોએ રૂ. ૧,૨૮,૩૬૧ લાખનું રોકાણ કર્યું, જ્યારે આ દરમિયાન સ્થાનિક રોકાણકારોએ રૂ. ૫૫,૮૦૦ કરોડ તેમજ રિટેલ રોકાણકારોએ ૨૪,૯૦૦ કરોડ રૂપિયા ઉપાડ્યા હતા. જ્યારે ૨૦૨૪માં વિદેશી રોકાણકારોએ રૂ. ૪૨,૮૮૬ કરોડનું રોકાણ કર્યું હતું, જેની સામે સ્થાનિક રોકાણકારોએ ૩.૧ લાખ કરોડ રોક્યા હતા.

શેરબજારના અભ્યાસુઓ કહે છે કે અત્યારે દેશના પાંચ ટકા નાણાં જ માર્કેટમાં છે, જે વિકસિત દેશોની તુલનાએ ખૂબ ઓછો છે. આપણી માત્ર ૧૩ ટકા વસતિ માર્કેટથી જોડાયેલી છે, જ્યારે અમેરિકામાં આ આંકડો ૫૫ ટકા અને બ્રિટનમાં ૩૩ ટકા સુધી છે.

દેશમાં રોકાણનું ચિત્ર પણ ઝડપી ગતિએ બદલાયું છે. મહારાષ્ટ્ર અને ગુજરાત જેવાં મોટાં રાજ્યોનો દબદબો ખતમ થઇ રહ્યો છે. મોટી વસ્તીવાળાં યુપી, બિહાર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, તમિલનાડુ, કર્ણાટક જેવાં રાજ્યોના રોકાણકારો આ વિકાસપથ પર દોડી રહ્યા છે. માર્કેટમાં આગામી લહેર રોકાણકારોના પરંપરાગત કેન્દ્રોને બદલે ટિયર ૩ જેવાં નાના શહેરો તેમજ ગામમાંથી આવવાનું અનુમાન છે. જેમ કે બિહાર, છત્તીસગઢ, જમ્મુ-કાશ્મીર, હિમાચલ અને મેઘાલય વગેરેમાં એક વર્ષમાં નવા ડિમેટ એકાઉન્ટ ૪૦ ટકા વધ્યાં છે.

નાણાં વર્ષ ૨૦૨૪માં ભારતીય શેરમાં રોકાણકારોની રૂચિ નવા સ્તરે પહોંચી છે. એક લાખ કરોડથી વધુનું માર્કેટ કેપિટલ ધરાવતી કંપનીઓની સંખ્યા ૪૮થી વધીને ૮૦ થઇ છે. બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ વેલ્યુએશન ૨૦૦૩ના ૧૦ લાખ કરોડની તુલનામાં ૪૫ ગણું વધીને ઓગસ્ટ ૨૦૨૪ સુધી ૪૫૦ લાખ કરોડ (પાંચ ટ્રિલિયન ડોલર) પહોંચી ગયું છે.

બીએસઇ ઇન્ડેક્સે લોંગ ટર્મમાં ૧૫ ટકાનું વળતર આપ્યું છે. આગામી સમયમાં પણ આ ટ્રેન્ડ યથાવત્ રહેશે. બીજા મહત્ત્વના ટ્રેન્ડમાં માર્કેટમાં આઇપીઓ મારફત અઢળક નાણાં ઠલવાઇ રહ્યા છે અને તેનાથી સંપત્તિનું સર્જન ઝડપી બન્યું છે. અનુમાન છે કે ૨૦૪૭ સુધી બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટકેપ ૪૫ ટ્રિલિયન (રૂ. ૪,૦૫૦ લાખ કરોડ) સુધી પહોંચી શકે છે. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

### પ્રાદેશિક યુદ્ધ તરફ આગળ વધી રહ્યું છે પશ્ચિમ એશિયા

# બે આખલાની લડાઈમાં વર્લ્ડ ઈકોનોમીનો ખો નીકળી જશે...

ઈરાન - ઈઝરાયલ વચ્ચેની આ રિવેન્જ (પ્રતિશોધ) અને રિટેલિયેશન (વળતો હુમલો)ની લડાઈએ આખા વિશ્વને સંકટમાં મૂકી દીધું છે. આ બે કટ્ટર દુશ્મન વચ્ચેનો જંગ પ્રાદેશિક યુદ્ધમાં ફેરવાશે તો આખા વિશ્વ પર આની વિપરિત અસર પડશે. પેટ્રોલના ભાવ વધી જશે, તેલ જેવા કુદરતી સાધનોનો નાશ થશે. વિનાશ અને ખુંવારીમાં આખા વિશ્વની ઈકોનોમી તળિયે બેસી જશે. હુથીના હુમલાને લીધે અખાતમાંથી તેલ લઈ જતાં જહાજો રાતા સમુદ્રનો ઉપયોગ કરી શકતા નથી અને તેમને મોટું ચક્કર કાપવું પડે છે. શિપિંગના ભાવ આને લીધે આ અગાઉ જ વધી ગયા છે. જો ઓમાન અને ઈરાન વચ્ચેની પટ્ટી જે 'હોરમુઝ'ને નામે ઓળખાય છે તેને ઈરાન બંધ કરી દેશે તો મોટી મુશ્કેલી ઊભી થશે, કારણ કે સઉદી અરેબિયા, ઈરાન, યુએઈ, કતાર વગેરે દેશ આ સમુદ્રી પટ્ટીની મદદથી જ તેલની નિકાસ કરે છે. ભારત પણ યુરોપમાં નિકાસ કરતી વખતે આ પટ્ટીનો જ ઉપયોગ કરે છે.

આર્થિક મૂલ્યાંકન કરતી સંસ્થા 'ગોલ્ડમેન સાશ'નો અંદાજ છે કે ઈઝરાયલના જવાબી હુમલામાં ઈરાનનું તેલ ઉત્પાદન પ્રભાવિત થશે તો તેલની કિંમત પ્રતિબેરલ ૨૦ ડૉલર વધી જશે. જો સ્થિતિ વધુ સ્ફોટક અને તંગ બનશે તો ત્રીજું વિશ્વયુદ્ધ આપણે ઉંબરે આવી જશે. આખું વિશ્વ ત્રણ વર્ષથી ચાલતા યુક્રેન અને રશિયા તથા એક વર્ષથી ચાલતા ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધનાં અનેકવિધ વિપરિત પરિણામ ભોગવી રહ્યું છે. રશિયા તો વારંવાર અણુ હથિયારો વાપરવાની ધમકી આપી રહ્યું છે.



અહીં એ પણ વાત ધ્યાન લેવાની જરૂર છે કે ઈઝરાયલ તો અણુસત્તા છે અને ઈરાન પણ ધારે ત્યારે એટમ બોમ્બ વિકસાવાની ક્ષમતા ધરાવે છે. આથી આ બે દેશ વચ્ચેના સીધા યુદ્ધના શું પરિણામ આવશે એની કલ્પના સુધ્ધાં ભયથી રુવાડાં ઊભા કરી દે છે.

ઈરાન અત્યાર સુધી ઈઝરાયલ સાથે તેના પ્રોક્સી જેવા કે પેલેસ્ટાઈનમાં હમાસ, લેબેનોનમાં હિજબુલ્લા, સીરિયા અને ઈરાકમાં શિયા લડાયકો તથા યમનમાં હુતીની મદદથી જંગ લડી રહ્યું હતું.

ઈઝરાયલે જે રીતે હમાસ અને હિજબુલ્લાના કમાન્ડરોને પેજર એટેક અને હવાઈહુમલા વડે ખતમ કરી દીધા અને પેલેસ્ટાઈન અને લેબેનોનમાં જમીની આક્રમણ કર્યું આને લીધે ઈરાને બનાવેલી 'એક્સિસ ઑફ રેસિસ્ટન્સ' નબળી બની હતી. તેમનું મનોબળ નીચે જઈ રહ્યું હતું. આને લીધે પોતાના સાથીદારોનો ઉત્સાહ વધારવા ઈરાને એક ઓક્ટોબરે ઈઝરાયલ પર મિસાઈલોનો વરસાદ વરસાવ્યો. ઈઝરાયલ દાવો કરે છે કે અમારી એર ડિફેન્સ સિસ્ટમે ઈરાનની બધી મિસાઈલને નિષ્ક્રિય બનાવી દીધી, જ્યારે ઈરાને દાવો કર્યો હતો કે અમારી મિસાઈલે ૭૦ ટકા લક્ષ્યોને ભેદ્યા હતા તથા ઈઝરાયલની જાસૂસી સંસ્થા 'મોસાદ'ના વડા મથક અને અમુક ફાઈટર વિમાનોનો નાશ કર્યો હતો.

આ હુમલા બાદ ઈઝરાયલે બદલો લેવાની વાત કરી છે. પરિસ્થિતિ વકરે નહીં એ માટે અમેરિકાના પ્રમુખ જો બાઈડેને ઈઝરાયલાના વડા પ્રધાન નેતન્યાહુને ઈરાનના અણુ મથક કે તેલના ભંડાર પર હુમલો ન કરવાની સલાહ આપી છે.

બીજી બાજુ, અમેરિકાના પ્રમુખપદ માટેના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે એક બેજવાબદાર નિવેદન કરીને ઈઝરાયલને ઈરાનના અણુમથક પર હુમલો કરવાનું ઈજન આપ્યું છે. વિશ્વનું ૨૫ ટકા તેલ ઈરાનમાં છે. જો ઈરાનના તેલના ભંડારો કે અણુમથક પર ઈઝરાયલ હુમલો કરશે તો આના દૂરગામી પરિણામો આવશે. ઈરાન મિડલ ઈસ્ટમાં રહેલી અમેરિકાના સંપત્તિ અને મથકો પર હુમલો કરશે અને અમેરિકાને પણ યુદ્ધમાં ઝંપલાવવું પડશે.

મિડલ ઈસ્ટની કટોકટી માટે જો કોઈ જવાબદાર હોય તો એક જ વ્યક્તિ છે ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ. હમાસે ઈઝરાયલ પર કરેલા આતંકવાદી હુમલાની બરાબર વર્ષ થયું છે ત્યારે નેતન્યાહુએ સત્તા પર યેનકેન પ્રકારે ચીટકી રહેવા યુદ્ધનો વ્યાપ વધારતા ગયા. હમાસ સમાધાન માટે તૈયાર થઈ ગયું હતું, પરંતુ નેતન્યાહુ છેલ્લી ઘડીએ ફરી ગયા. અમેરિકામાં પાંચ નવેમ્બરે પ્રમુખની ચૂંટણી છે એનો ફાયદો પણ નેતન્યાહુ ઉપાડી રહ્યા છે. ગાઝા પટ્ટી અને લેબેનોનમાં નાગરિકો, હોસ્પિટલો અને મસ્જિદો પર હુમલા કરીને ઈઝરાયલ દ્વારા થઈ રહેલા નરસંહારે તેને ખલનાયક બનાવી દીધું છે.

ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને તો ઈઝરાયલ નરસંહાર ન કરી શકે એ માટે તેને અપાતાં હથિયારોના સપ્લાઈ રોકી દેવાની વાત કરી છે. મેક્રોનના આ નિવેદનથી ભડકેલા નેતન્યાહુએ કહ્યું હતું કે અમારે ફ્રાન્સના ટેકાની જરૂર નથી. અમે દસ મોરચે લડી રહ્યા છીએ અને અમારો વિજય થશે.

હવે ઈઝરાયલે લેબેનોન સાથે જમીની યુદ્ધ શરૂ કર્યું છે. અગાઉ પણ ઈઝરાયલ લેબેનોન સામે આવો જંગ ખેલી ચુક્યું છે, પરંતુ છેવટે તેને પીછેહઠ કરવી પડી છે.

વિશાળ દેશ ઈરાન અને ટચૂકડા ઈઝરાયલની લશ્કરી તાકાત જોઈએ તો ઈઝરાયલ હવાઈ મોરચે સરસાઈ ધરાવે છે. ઈરાનનું લશ્કર ઈઝરાયલ કરતાં ઘણું મોટું છે. ઈરાન અને ઈઝરાયલ એકમેકના પડોશી નથી એટલે ઈઝરાયલે તેના પર હવાઈહુમલા કરવો પડે. ઈરાન પાસે ઈઝરાયલ જેવી એર ડિફેન્સ સિસ્ટમ નથી. તેની પાસે લડાયક વિમાનો છે, પરંતુ એ એફ-૧૬ કક્ષાના નથી. રશિયા ઈરાનને એર ડિફેન્સ સિસ્ટમ વિકસાવામાં મદદ કરી રહ્યું છે.

આ બધા વચ્ચે યુક્રેન અને ઈઝરાયલને મદદ કરવામાં અમેરિકાની ખાધ વધતી જાય છે. ચૂંટણીનો સમય છે અને યહૂદી લોબી અમેરિકામાં મજબૂત હોવાથી તેને જખ મારીને ઈઝરાયલને મદદ કરવી પડે છે. ઈઝરાયલ તો દેવાદાર બની ગયું છે. ઈઝરાયલના નાણાં મંત્રાલયના જણાવ્યા પ્રમાણે ઈઝરાયલે ઓગસ્ટ મહિના સુધી હમાસ સાથેના યુદ્ધમાં ૨૬.૩ અબજ અમેરિકન ડૉલરનો ખર્ચ કર્યો છે.

'બેન્ક ઑફ ઈઝરાયલ' કહે છે કે ૨૦૨૫ સુધી આ ખર્ચ ૬૫ અબજ ડૉલરનો થઈ જશે. અમેરિકાએ ગયા વર્ષે સાત ઓક્ટોબરે ગાઝા પટ્ટી પર યુદ્ધ શરૂ થયું ત્યારથી ઈઝરાયલને ૧૭.૯ અબજ ડૉલરની સહાય કરી છે. અમેરિકાએ ઈઝરાયલને ૪.૮૬ અબજ ડૉલરની વધારાની સહાય પણ કરી છે.

તહેરાન કે તેલ એવિવે સમજી લેવું જોઈએ કે યુદ્ધમાં ખુવારી, વિનાશ અને સંહાર સિવાય તેમને કશું મળવાનું નથી. ટચૂકડું ઈઝરાયલ હજારો વર્ષ જૂની સંસ્કૃતિ ધરાવતા ઈરાનને ખતમ કરી નાખશે એવું માનનારા મૂરખાના સ્વર્ગમાં રાચે છે. આવું દુ:સાહસ તો અમેરિકા પણ ન કરી શકે. ઈઝરાયલના લાખ પ્રયાસ છતાં હમાસ, હિજબુલ્લા અને હુથી જેવાં સંગઠનો તેને વર્ષોથી હંફાવી રહ્યા છે. રશિયા અને ચીનનો ઈરાનને ટેકો છે. જ્યારે સંયુકત રાષ્ટ્રસંઘ પેલેસ્ટાઈનને સ્વતંત્ર દેશ તરીકે માન્યતા આપશે તો જ સમાધાન- ન્યાય અને કાયમી શાંતિ સ્થાપાશે. ■

સાયબર સાવધાની
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# સોનાના નફાના મૃગજળે મૂડી-બચત બધું ડૂબાડ્યું

રિયલ એસ્ટેટ, શૅરબજાર, સોનું અને બોલીવૂડ આ ચાર ક્ષેત્રમાં રાતોરાત અબજોપતિ-કરોડપતિ થવાનાં સપનાં જોઈને અવનારાઓમાંથી ઘણાંને ફૂટપાથ પર આવી જતા વાર લાગતી નથી. કોઈ પણ ધંધા-વ્યવસાયને પૂરેપૂરો જાણ્યા સમજ્યા અને એનો થોડોઘણો અનુભવ લીધા વગર મોટેપાયે મૂડીરોકાણ કરવામાં માત્ર જોખમ નથી, ભયંકર અને નિશ્ચિત જોખમ છે.


આજકાલ ઘણાં ગોલ્ડ ટ્રેડિંગ એટલે કે સોનાની લે-વેચમાં રચ્યાપચ્યા રહે છે, પરંતુ આંતરરાષ્ટ્રીય પ્રવાહ અને રાજકારણને સમજ્યા વગર માત્ર કોઈના કહેવાથી આવા ધંધામાં ઝંપલાવવા બદલ ખૂબ મોટી કિંમત ચૂકવવાનો વારો આવી જતા વાર ન લાગે...

મુંબઈના એક અતિશિક્ષિત પ્રોફેશનલને રાતા પાણીએ રડવાનો વારો આવ્યાનો કરુણ કિસ્સો સાયબર પોલીસને ચોપડે નોંધાયો હતો. આ ભાઈને ન જાણે કોણે બુલિયન્સ કલબ ૧૯૮ના વોટ્સએપ ગ્રૂપમાં સામેલ કરી દીધા. આ ગ્રૂપના એડમિન તરીકેની વ્યક્તિએ પોતે સુપ્રીમ કોર્ટના વકીલ હોવાનો દાવો કર્યો હતો. પોતાની ઓળખ રોહિત શર્મા તરીકે આપી હતી. આ ગ્રૂપમાં કોઈની પણ દાઢ સળકી જાય અને લાળ ટપકવા



માંડે એવા મેસેજ આવતા હતા. ઈન્ટરનેશનલ ગોલ્ડ ટ્રેડિંગમાં સામેલ થઈને અધધ ૩૦૦ ટકાથી લઇને અકલવ્ય-અસંભવ ૧૦૦૦ ટકા નફો મેળવી આપવાનો દાવો કરાતો હતો.

આ ભાઈ વિચારમાં પડી ગયા. ગ્રૂપમાં અન્ય મોટા-સન્માનજનક નામ હોવાનું જોયું અને એમને વિશ્વાસ બેસી ગયો. તેમણે રોકાણ કરવાનું મન બનાવી લીધું આને પગલે એડમિન રોહિત શર્માએ એક લિન્ક મોકલી. એ ડાઉનલોડ કરતાં જ એમાં સોનાની લે-વેચ થતી હોવાનું દેખાઈ આવ્યું.




આપણા ભાઈઓ શરૂઆતમાં નાની રકમનું રોકાણ કર્યું. એમાં નફો દેખાયો તો વધુ પૈસા નાખ્યા. બે મહિનામાં કુલ ૩૭ સોદામાં ૫૬ લાખ જેટલા રૂપિયા સોનાના ધંધામાં લગાવી દીધા આની સામે એમના ખાતામાં ૪.૮ કરોડનો નફો દર્શાવાતો હતો.

કોઈ માણસને બીજું જોઈએ શું?... પરંતુ આ કરોડોની કમાણીમાંથી પૈસા ઉપાડવા ગયા, ત્યારે આંચકો લાગ્યો. ઉપાડ તો ન કરી શક્યા પણ સામેથી ડિમાન્ડ આવી કે પહેલા રૂા. ૧૫ લાખ કરવેરા પેટે ચુકવી આપો હવે આ ભાઈને શંકા જાગી કે ગ્રૂપમાં જે સોનેરી નફો દેખાતો હતો એ કદાચ છેતરપિંડી હોઈ શકે.

ગ્રૂપના નંબર પર ફોન કરતા જાણે વધુ તપાસમાં આંચકાજનક હકીકત બહાર આવી કે પોતે સાયબર ફ્રોડનો શિકાર બન્યા છે. જીવનમૂડી સમી બચત ઉપરાંત, ગોલ્ડ પર્સનલ લોન, ગોલ્ડ લોન અને દોસ્તો-સંબંધીઓ પાસેથી લીધેલી રકમ ડૂબી ગયેલી દેખાઈ.

સાયબર ગઠિયા એકય ક્ષેત્ર, તક કે વ્યવસાયીને છોડતા નથી એ ફરી સાબિત થયું ને? આમેય આવો તોતિંગ નફો હોય તો સૌ બાકી બધાં કામ-ધંધા છોડી ન દે.■




■ કિરણ રાયવડેરા

'પપ્પા, મારે તમને એક વાત કરવી છે.' કરણે રૂમમાં પ્રવેશતાં કહ્યું.

'કાલે કરજે. આજે હું બહુ જ થાક્યો છું. હમણાં જ વિક્રમ આવીને મારું માથું ખરાબ કરી ગયો છે.' જગમોહન વ્યથિત સ્વરે બોલ્યો.

'હું તમને ડિસ્ટર્બ કરવા નથી આવ્યો. એક સિરિયસ વાત કરવા આવ્યો છું. આ ઘરમાં મારો કોઈ હક ખરો છે કે નહીં?'

'જેનો હક હોય એને પૂછવાની જરૂર ન પડે. હક કોઈને દઈ ન શકાય. લાયકાત હોય તો અધિકાર આપોઆપ મળી જાય.' જગમોહન હવે દલીલ કરતાં થાકી ગયો હતો.

'પપ્પા, મને આવી અઘરી વાત સમજાતી નથી. આવતા અઠવાડિયાથી રૂપા આપણા ઘરે રહેવા આવશે...' કરણ બોલતો હતો.

જગમોહન મૌન રહ્યો.

'પપ્પા, અમે નવું જીવન શરૂ કરીએ છીએ ત્યારે અમારે ખાલી હાથે સફરની શરૂઆત કરવી? માણસ સામાન્ય પ્રવાસમાં જાય છે તો પણ ખિસ્સામાં રૂપિયા રાખે છે.'

'દીકરા, પ્રવાસમાં જતી વખતે માણસ યથાશક્તિ પોતાનું બજેટ નક્કી કરીને પ્રવાસ શરૂ કરે છે. તું પણ જીવનસફર શરૂ કરતી વખતે તારી શક્તિ પ્રમાણે તારું બજેટ બનાવ' જગમોહને કરણ સામે જોયા વિના કહ્યું.

'પપ્પા, હું જગમોહન દીવાનનો વારસદાર છું, એમ કંઈ સામાન્ય માણસની જેમ લગ્નજીવનની સફર નહીં આરંભું.'

જગમોહને જવાબ ન આપ્યો, બધાને નફરત કરનાર સંતાન પણ બાપના નામનો ઉપયોગ કરતાં અચકાતો નથી.

'પપ્પા, મારે પચ્ચીસ લાખ રૂપિયા જોઈએ છે!' કરણે છેવટે બોમ્બ ફોડી નાખ્યો.

'કેમ તું પણ શેરબજારમાં હાર્યો છે?' જરા પણ અસ્વસ્થ થયા વિના જગમોહને કહ્યું.

'વ્હોટ? પપ્પા તમે પણ શું ?; હું અહીં મારાં લગ્ન માટે રૂપિયા માગું છું અને તમે શેરબજારની વાત કરો છો'

કરણને પપ્પા પર ગુસ્સો ચડતો હતો.

'બેટા, તારે ક્યાં વિધિસર લગ્ન કરવાં છે કે તારે ખર્ચ આવે. આટલી મોટી રકમ તો શેરબજારમાં હાર્યા બાદ જ જરૂર પડે.'

'ના પપ્પા, હું રૂપાને ખાલી હાથે નહીં લાવું. એ આવશે તો હું એના માટે કંઈ બનાવીશ. એનાં કપડાં, ઘરેણાં, વગેરે. લગ્ન કર્યા છે તો રૂપિયા તો જોઈએ ને...'

'રૂપિયા જોઈએ એ વાત સાચી પણ એ રૂપિયા પોતાના હોવા જોઈએ. બાપાની સામે હાથ ફેલાવવા પડે ત્યાં સુધી તો દીકરાએ લગ્નનો વિચાર જ ન કરાય!'

જગમોહન હવે કંટાળ્યો હતો. અચાનક એને વિચાર આવ્યો કે શ્રીમંત હોવાને બદલે એ સામાન્ય માણસ રહ્યો હોત તો જીવનમાં આટલી કડવાશ પેદા ન થાત. સાધારણ માણસ તો એવા જ ભ્રમમાં જીવતો હોય છે કે ધન હોવાથી સુખ ખરીદી શકાય છે, પણ ખરીદતાં ન આવડે તો રૂપિયા ફક્ત દુઃખ જ ખરીદી શકે છે, એ વિચારતો હતો.

'પપ્પા, એટલે તમે એમ કહેવા માગો છો કે હું પરાયો છું? તમારા પુત્ર હોવાનો મને કોઈ લાભ નહીં? હું ક્યા બહારના માણસ સામે હાથ ફેલાવું છું?'

કરણના શબ્દો સાંભળીને જગમોહનનું હૃદય ભરાઈ આવ્યું પણ આ સમય ઢીલા પડવાનો નહોતો. દીકરા ભૂલ કરતા હોય ત્યારે ભલે અળખામણા થવું પડે પણ પુત્રને ટપારવો પડે. આવતી કાલે દુનિયા એને થપ્પડ મારે એને અટકાવવા બાપે એને આજે તમાચો મારવો પડે.

'તારે જે કરવું હોય તે કર કરણ. તને દેવા માટે મારી પાસે કંઈ નથી. હવે મને આરામ કરવા દે. હું ખરેખર ખૂબ જ થાક્યો છું.'

'પપ્પા, તમે મારું અપમાન કરી રહ્યા છો.' કરણનો અવાજ ઊંચો થયો.

હમણાં થોડી વાર પહેલાં વિક્રમ પણ આ જ શબ્દો બોલીને ગયો હતો. માન-સન્માન કમાવવાની ચિંતા કોઈને નથી, અપમાન થવાની ફિકર સહુને છે.

'કરણ પ્લીઝ, લીવ મી અલોન. તને રૂપિયા નહીં મળે.એક કામ કર, તારી વહુને કહે કે તું પચ્ચીસ લાખ કમાઈ ન લે ત્યાં સુધી ઘરે પગલાં ન કરે...! '

'પપ્પા, આ ઠીક નથી થતું. આનું પરિણામ સારું નહીં આવે.' કરણ ગર્જ્યો પણ એની ગર્જનામાં ડૂસકું સંભળાતું.

જગમોહને જવાબ આપવાનું ટાળ્યું.

'ઓ.કે. પપ્પા, હું જાઉં છું પણ યાદ રાખજો, હું આ અપમાનનો બદલો લઈને રહીશ.' કરણનું શરીર ધ્રૂજતું હતું.

'પપ્પા, છેલ્લીવાર પૂછું છું'

જગમોહનને નિરુત્તર જોઈને કરણ પગ પછાડતો રૂમની બહાર નીકળી ગયો.

હવે કંઈક કરવું પડશે. આવું કેટલા દિવસ ચાલશે. કોઈ પ્લાન વિચારવો પડશે. કોરિડોરમાં ચાલતાં કરણ વિચારતો હતો.

એના દિમાગમાં એક યોજના ધીમે ધીમે આકાર લઈ રહી હતી.

**************

અચાનક ગાયત્રીની નિદ્રા તૂટી ગઈ. બહાર કોઈ અવાજ થયો હતો. ગાયત્રીએ ઘડિયાળ સામે જોયું. સવારના સાડા ચાર થયા હતા.

અત્યારે બહાર કોણ હશે? પૂજા ભાભી ઊંઘમાં ચાલતા હશે? ગાયત્રીએ બારણું આસ્તેથી ખોલ્યું. બહારના અંધકારમાં એક પડછાયો જગમોહનના રૂમ તરફ આગળ વધતો હતો.

ગાયત્રીએ એક થડકાટ અનુભવ્યો. એણે તુરંત પલંગ પાસે આવીને સૂટકેસમાંથી રિવોલ્વર કાઢી.

હાથમાં રિવોલ્વર લઈને એ ફરી બારણાં પાસે આવી.

અંધકારમાં પણ પડછાયો સ્પષ્ટ દેખાતો હતો.

હાથમાં રિવોલ્વર લઈને ગાયત્રીએ બહાર આવીને બૂમ પાડી :

'એઈઈ. કોણ છે કોણ છે ત્યાં? ! '

* * *

'હજી કેટલા દિવસ અહીં રહેવાનો વિચાર છે?' જતીનકુમારે રેવતીને પૂછ્યું.

'અરે વાહ, આજે સૂરજ કઈ તરફ ઊગ્યો છે કે તમે સાસરેથી જવાની વાત કરો છો?' રેવતીએ હસતાં હસતાં કહ્યું.

'ગાંડી ન થા. સૂરજ સવારના ઊગે છે અને હમણાં રાત પડી છે. મારી વાતનો સીધો જવાબ આપ. મારો અહીં દમ ઘૂંટાય છે.' જતીનકુમારે વાત પકડી રાખી.

'કેમ તમને મારા પિયરમાં શું તકલીફ છે? બધાં તમારું માનપાન રાખે છે, કોઈ વાતે તમને તકલીફ પડવા નથી દેતાં... તો પછી ક્યાં વાંકુ પડ્યું?' રેવતીએ ગંભીર થઈ જતાં પૂછ્યું.

'હવે મઝા નથી આવતી. આ તારો બાપ ડાઇનિંગ ટેબલ પર ટ્રેજેડી કિંગ દિલીપકુમાર જેવા ભારેખમ સંવાદો બોલવા માંડે છે. કોઈ એમને મારી નહીં નાખે પણ શ્વસુરજી મોતની વાતો કરી કરીને આપણને મારી નાખશે.' જતીનકુમારે મોઢું બગાડ્યું.

'મારા પપ્પા વિશે એલફેલ બોલવાની જરાય જરૂર નથી. તમારે અહીંથી જવું હોય તો કહેજો. કાલે સવારના નીકળી જશું... પણ પ્લીઝ, મારા પપ્પાને તમારી અવળવાણીથી બાકાત રાખજો...' રેવતી નારાજ થઈ ગઈ.

'ઓહો, બાપનું નામ આવતાં કેવું માઠું લાગી જાય છે. બૈરાંઓની આ જ તકલીફ છે. ધણી વિશે કોઈ ઘસાતું બોલશે તો સાંભળી લેશે, પણ બાપ વિશે એક શબ્દ નહીં સાંખી લે.' જતીનકુમાર છંછેડવાના મૂડમાં હતા.

બોલ તો! જ્યારે ત્યારે તું તારા પપ્પાનું ઉપરાણું લે છે, પણ એમણે આપણા માટે શું કર્યું છે એ તો કહે?' જતીનકુમારે ઉશ્કેરાઈને કહ્યું.

'તમારી સાથે દલીલ કરવી નકામી છે. તમારા માટે કોઈ કંઈ પણ કરે તમને ઓછું જ લાગે છે. મને એટલી ખબર છે કે પપ્પા-મમ્મી ન હોત...' રેવતીનો અવાજ રડમશ થઈ ગયો.

'હવે દીકરી માટે તો ગરીબ માણસ પણ જાતને વેચીને કરે જ્યારે આ તો કરોડપતિ છે. કરોડપતિ સસરાનો મને લાભ ન મળે તો મારા જેવો બેવકૂફ જમાઈ કોઈ જ નહીં. આપણને એવાં ક્યાં રાજપાટ આપી દીધાં છે કે તું કહ્યા કરે છે કે એમણે આપણા માટે બહુ કર્યું?' જતીનકુમાર હવે રીતસરના ખિજાઈ ગયા.

'મારે તમારી સાથે વાત નથી કરવી' રેવતીએ પડખું ફેરવીને સૂવાની કોશિશ કરી.

'હવે વાતની શરૂઆત કરીને મોઢું ફેરવી લે એ ન ચાલે. કાલે સવારના હું એકલો જઉં છું. તું અહીં જ રહેજે તારા બાપ પાસે...' જતીનકુમારે પણ પીઠ ફેરવી લીધી.


રેવતીના મનમાં ધ્રાસકો પડ્યો. આ સાહેબનું ભલું પૂછવું! તોરમાં આવીને મને લઈ જવાની ના પાડી દે તો?

'જુઓ, તમે સમજવાની કોશિશ કરો. પપ્પાની જિંદગી જોખમમાં છે એટલે આપણે અહીં ફરી આવ્યાં છીએ. કાલે સાંજ સુધી આપણે રોકાઈને રાતે આપણા ઘરે નીકળી જશું...' રેવતીએ નરમાશથી કહ્યું.

'ના, હવે હું એકલો જ જઈશ. એક વાર હું સેટલ થઈ જઈશ પછી તને તેડી જઈશ.' જતીનકુમારે નિષ્ફિકરાઈથી કહ્યું. રેવતી બેઠી થઈ ગઈ.

'આ તમે શું માંડ્યું છે? આ ઉંમરે મને તરછોડીને જવાની વાત કેમ કરી શકો છો? મેં શુ બગાડ્યું છે તમારું?' રેવતી રડવા માંડી.

'તને હું આટલા દિવસથી સમજાવું છું કે તારા બાપ સાથે વાત કર પણ તારામાં તો હિંમત જ નથી. તારાં મમ્મીને વાત કરવાથી કોઈ હલ નહીં આવે. સીધી પપ્પા સાથે વાત કર.' જતીનકુમારે બેઠાં થઈને રેવતીના ખભે હાથ રાખતાં કહ્યું.




'શું કહું પપ્પાને? એ જ કે વસિયતનામામાં તમારું નામ છે કે નહીં?, ડૂસકાં વચ્ચે રેવતી બોલી.

'અરે, વસિયતનામું ગયું તેલ લેવા. જ્યાં સુધી તારો બાપ જીવતો છે ત્યાં સુધી કોઈના હાથમાં ફૂટી કોડી આવવાની નથી. એના માટે તારા બાપના મરવાની રાહ ન જોવાય. હમણાં જે હાથમાં આવે એ જ સાચું ગણાય.'

'એટલે?'

'એટલે એ જ કે તારા બાતને કહે કે તમારા જમાઈને તાબડતોબ ૫૦ લાખની જરૂર પડી છે. એમના હાથમાં એક પ્રોજેક્ટ છે અને નાણાંનું રોકાણ કર્યા વિના કામ થઈ ન શકે. પચાસ માગીશ તો પચ્ચીસ તો આપશે જ.' જતીનકુમારે લુચ્ચું હસતાં કહ્યું.

રેવતી એના ધણી સામે જોતી રહી. વળી પાછો શેતાનિયતનો હુમલો એમના પર આવી રહ્યો હોય એવું લાગતું હતું. વચ્ચે એવું લાગતું હતું કે આ માણસ સુધરી ગયો છે. એ દુઃખી છે અને એને સહાનુભૂતિ અને સહકારની જરૂર છે. પણ હમણાં જે રીતે નફ્ફટાઈથી રુપિયા માગે છે એના પરથી તો એમનામાં કોઈ પરિવર્તન આવ્યું હોય એવું લાગતું જ નથી.

રેવતીને લાગ્યું કે એ પોતે ભોળી અને બેવકૂફ છે એટલે પોતાના પતિને અળખી નથી શકતી. પતિનો સાચો ચહેરો કયો એ સમજવું મુશ્કેલ છે.

ખેર, હમણાં એમને છંછેડવા નથી. ક્યાંક એકલાં ચાલતા થઈજશે તો એ પિયરમાં કોઈને મોઢું નહીં બતાડી શકે.

'શું વિચારે છે? તારે બાપ પાસે ન જવું હોય તો હું જાઉં મારા ઘરે. હવે હું કંટાળ્યો છું. તારા બાપને મારી ફિકર નથી અને તને પણ મારી ચિંતા નથી.'

'તમે એવું નહીં બોલો...'

'હવે શું બાકી રહ્યું છે જિંદગીમાં. ઉપરવાળો પણ મને બોલાવી નથી લેતો એમની પાસે. રુપિયા વિના જીવવું એના કરતાં મરી જવું સારું.'

'પ્લીઝ, તમે આવું અશુભ નહીં બોલો. તમને મારા સમ, હું પપ્પા પાસે જઈશ, બસ. કાલે જ એમની પાસે જઈને પચાસ લાખ રુપિયાની માંગણી કરીશ.' રેવતી હજી રડતી હતી.

'કાલે? તારું માથું ખરાબ છે? કાલે તારા બાપને કંઈ થઈ જાય તો હું મંજીરા વગાડતો રહી જાઉં ને...કાલનું કામ આજે અને આજનું કામ...?'

'શું તમે પણ જે મોઢામાં આવે એ બોલો છો. મારા પપ્પાને કંઈ નથી થવાનું...'

'અરે હું ક્યાં ઇચ્છું છું કે એમને કંઈ થાય. આ તો જિંદગી ઉપરવાળાના હાથમાં છે પણ મોત ઉપરવાળા અને તમારા દુશ્મનોના હાથમાં છે. ન કરે નારાયણ ને...'

'હવે તમે મોઢું બંધ રાખો. હું અબઘડી પપ્પાને મળવા જઉં છું, બસ? હવે તો કંઈ નહીં બોલો ને...?'

'તમે ધર્મના કામમાં ઢીલ ન કરવાનાં હો તો હું શા માટે બોલું? જાઓ, ફતેહ કરો. પચાસ લાખથી ઓછા લાવતા નહીં અને ખાલી હાથે પાછાં ફરતાં નહીં.'

'સાંભળો, હું કાલે જાઉં તો ન ચાલે? હમણાં પપ્પા આરામ કરતા હશે. અમણાં એમની ઊંઘમાં ખલેલ પાડીને આ વાત ઉચ્ચારતાં જીભ નહીં ઊપડે...'

'ઠીક છે. તમારી મરજી. તમારી જીભ ભલે ન ઊપડે, મારા પગ જરૂર ઊપડશે. હું તો હમણાં જ મારા ઘેર ચાલ્યો જઈશ પછી જીવનભર બાપના ઘરે પડ્યાં રહેજો. દોમદોમ સાહ્યબીમાં આળોટ્યા કરજો.'

'ઠીક છે, ઠીક છે, હું જાઉં છું.'

'શાબ્બાશ, રેવતી રાણી, તેં મારી ઇજ્જત રાખી. જા અને સારા સમાચાર આપ, પછી આપણે કાલે સવારના સજોડે ઘરભેગાં થઈએ.'

રેવતી રડતા રડતા બહાર નીકળી ગઈ.

જતીનકુમાર હસતા હસતા એને જતા જોઈ રહ્યા.

****************

'કોણ છે? કોણ છે ત્યાં?' હાથમાં રિવોલ્વર લઈને ગાયત્રી પડછાયાને પડકાર્યો.

'ગાયત્રી, હું છું...કરણ...શું થયું? તું ડરી કેમ ગઈ?' કરણ પાછળ જોઈને પૂછ્યું.

ગાયત્રીએ રિવોલ્વર પીઠ પાછળ છુપાવી દીધી. કરણે કોરિડોરની લાઇટ કરવા જતો હતો પણ ગાયત્રીએ એને અટકાવ્યોઃ 'રહેવા દે કરણ, લાઇટ કરવાની જરૂર નથી. હું તો સમજી કોઈ ચોર ઘૂસી આવ્યો છે એટલે ડરી ગઈ હતી.' ગાયત્રીએ ખુલાસો કર્યો.

'વાહ, તારામાં હિંમત છે ગાયત્રી. અંધારામાં એકલી બહાર નીકળી પડી. સાચ્ચે જ ચોર હોત તો?'

(ક્રમશઃ)■

---

और ये मौसम हंसीं...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# અઢળક લોકનૃત્યોની આગવી સંસ્કૃતિનો દેશ છે આપણો!



ભારતની ઓળખ સાથે વૈવિધ્ય શબ્દ જોડાયેલો છે. આપણે ત્યાં વિશાળ રેન્જમાં જાતજાતના ભોજન, ભજન, ઉત્સવો, ધાર્મિક પરંપરાઓ, ભાષાઓ, રીતરિવાજો, જીવનશૈલી, કથાનકો, લોકકથાઓ, સ્થાપત્યો, કલરફુલ કપડાં છે. પ્રત્યેક વિષયમાં આટલી બધી વિવિધતા કદાચ દુનિયાના જવલ્લે જ દેશ પાસે સલામત રહી હશે. વિશ્વનો સૌથી લાંબો નૃત્ય ફેસ્ટિવલ નવરાત્રિમાં દરેક શહેર, સમાજ તથા વિસ્તાર મુજબ વિવિધતા જોવા મળે છે. મુંબઇ કરતાં અમદાવાદના ગરબા અને ફેશન અલગ, અમદાવાદ કરતાં રાજકોટ અલગ અને વડોદરા બધાં કરતાં અલગ દુનિયા ધરાવે છે. નવરાત્રિ એટલે ગરબા, રાસ, ગરબી, દોઢિયું સહિત લોકજીવનના અનેક રંગો સમાયેલા છે. નવરાત્રિ જેવા અદભુત લોકનૃત્યમાં આટલી વિવિધતા હોય તો દેશમાં કેટલા લોકનૃત્ય હશે? કોઈ આઇડિયા?

લોકનૃત્યોની પરમ્પરા હજારો વર્ષથી પરંપરાગત રીતે વિશ્વભરમાં વિકાસ પામેલી છે. લેટિન અમેરિકાના દેશોના પરંપરાગત નૃત્યો અને ફાર ઇસ્ટના દેશોનાં નૃત્યો વચ્ચે નૃત્ય સંબંધે કોઈ સમાનતા નહિ હોય પણ એક જ સમાનતા જરૂર જોવા મળે છે, હજારો વર્ષોથી વારસામાં ઊતરે છે. દરેક દેશો પાસે પોતાના રીતરિવાજો, સંગીત અને આગવું સાહિત્ય છે જેની ઝલક લોકનૃત્યના ઉત્સવમાં જોવા મળે છે, કેમ કે લોકનૃત્ય કરતાં કલાકારો પાસે ખાસ ટ્રેનિંગ હોવી જરૂરી નથી. વિશ્વમાં ફૈડન્ગો, ટારેટેલા, હોરા, કોલો, સેલી, પોલ્કા કે તલવાર જેવા હથિયાર સાથે લોકનૃત્ય થતાં હોય છે. વિશ્વભરના લોકનૃત્યના જાણકારો માને છે કે આ નૃત્ય એક જ વાર થાય, બીજી વાર એમાં બદલાવ થવાનો જ છે કેમ કે એનું ક્લાસિકલ ડાન્સ જેવું ફિક્સ ફોર્મેટ નથી. લોકનૃત્યનો આનંદ ક્ષણિક હોવાથી સમાધિ જેવી ભાવના સાથે પ્રકૃતિ અને ઈશ્વરની નજીક લઇ જાય છે.

ભારતીય ફોક ડાન્સનાં થોડાં નામોની ચર્ચા કરીએ અત્યંત કોમળતા સાથે ગીતો, રંગો, નૃત્યની સ્ટાઇલ સાથે ડમકચ નૃત્ય કરવામાં આવે છે તો એકબીજાના હાથ પકડીને નૃત્ય કરતી મહિલાઓ એટલે જનાની ઝૂમર નૃત્ય. ચાંદીનાં ઘરેણાં પહેર્યાં હોય અને ખૂબ મેકઅપ કર્યો હોય, રાધાકૃષ્ણના પ્રેમના ગીતને મહિલા દ્વારા નૃત્યમાં રજુ કરતું કલી નૃત્ય વિષે જાણવા જેવું છે. મહિલા દ્વારા પગથી થતું જદુર નૃત્ય, રાચા નૃત્ય જેમાં પહેલા ભાગમાં મહીલાઓ પુરુષોને તેજીથી પાછળ ખસેડે અને બીજા ભાગમાં પુરુષો મહિલાઓને ખસેડતા હોય છે, એવું જ મુંડા નૃત્ય છે.

ભારતીય નૃત્યોમાં ઋતુઓ તથા દેશી મહિનાઓનું ખાસ મહત્ત્વ છે. રમતો આવ્યો વાળો ફાગણ મહિનાનું સ્ત્રી પુરુષનું સમૂહમાં થતું બાહા નૃત્ય જોવા જેવું હોય છે. ઉનાળામાં ગ્રામ્ય વિસ્તારોમાં લગ્નો થાય ત્યારે ઘરના આંગણામાં બંને પક્ષના એન્જોય કરતાં દોહા નૃત્ય, પુરુષો શિકાર કરતાં હોય એવું દોંગેડ નૃત્ય, પુરુષોનું સોહરાય નૃત્ય, ભાદરવા માસનું પુરુષોનું એનર્જેટિક શિકારી નૃત્ય, ગરબા જેવું પુરુષ અને સ્ત્રીઓનું સમૂહ થાકી થતું માગે નૃત્ય, છોસમી નૃત્ય, હો નૃત્ય, સકરાત નૃત્ય, બા નૃત્ય, હેરો નૃત્ય, જોમનમા નૃત્ય, પુરુષોનું દશેરાનું દસંય નૃત્ય, સોહરાઇ નૃત્ય, ખડિયા નૃત્ય, ઘરનાં આંગણે થતું કિનભર નૃત્ય, યુવાનોનું એનર્જેટિક હરિયો નૃત્ય, હલકા નૃત્ય, જતરા નૃત્ય, ડોયોર નૃત્ય, હાથ પકડીને ઝૂકી ઝૂકીને થતા જદુરા નૃત્ય, દેશી જેઠ મહિનાનું લહસુઆ નૃત્ય... થાકી ગયા? હજી તો શરૂ કર્યું છે...

લોકસાહિત્ય અને લોકકલા પર રિસર્ચ કરી શકાય એવા આ નૃત્ય ધીમે ધીમે મૃતપ્રાય તો નહીં થઈ જાય ને? કોઈકે તો ડોક્યુમેન્ટ્સ કરવા પડશે.

ઝારખંડના આદિવાસીઓના ઉરાંવો નૃત્ય, જે લગ્ન કે ઉત્સવોમાં આખું વર્ષ કરવામાં આવે છે. પગના મુશ્કેલ તાલ સાથે ફગ્ગૂ ખદ્દી નૃત્ય, ખેતી સાથે ઘુડિયા નૃત્ય, ડોડોંગ નૃત્ય, છેછાડી નૃત્ય, દેશવાડી નૃત્ય, ઘડઘડિયા નૃત્ય, અસારી નૃત્ય, અંગનઇ નૃત્ય, કરમ નૃત્ય, ચલી નૃત્ય, ગંભીર લયબદ્ધ તુસગો નૃત્ય, લટકા ઝટકાનું જદિરા નૃત્ય, હોળી પર બિહારનું ફેમસ જોગીડા નૃત્ય, બિહારી મુસ્લિમોનું ઝરની નૃત્ય, ભોજપુરી છોકરાઓનું લૌંડા નૃત્ય જેમાં છોકરી જ છોકરો બનતો હોય છે. તમે થાકી તો નથી ગયા ને?

અહીં આપણે એની જ વાત કરીએ છીએ જે ભારતની સાચી ઓળખ છે. નૃત્યો અને કલા વિષે વંચાતું નથી કારણકે આમાં કશું મસાલેદાર નથી.

બિહારમાં લગ્ન પ્રસંગોમાં પ્રોફેશનલ ડાન્સર નૃત્ય રજૂ કરે છે એનું નામ છે, ખોડલિન નૃત્ય. મૂડીવાદી સામાજિક પરંપરાની ભેટ કહેવાય એવું આ નૃત્ય જેમાં મહિલાઓ લટકા ઝટકા કરીને પુરસ્કાર મેળવે છે. કેટલી ઉદાત્ત ભાવના જોડાયેલી છે કે નૃત્ય સાથે આવક થાય. પુરુષો પંવડિયા નૃત્ય કરે છે, તો શૃંગાર રસ સાથે ઘેબિયા નૃત્ય છે. દુર્ગા પૂજા પર ઝિઝીયા નૃત્ય થાય છે. વિદાયત નૃત્ય અને કઠગોવડા ખાસ શૈલીનું નૃત્ય છે. શૌર્ય અને શૃંગારનો સમન્વય માણવો હોય તો રાઇ નૃત્ય જોવું. ગણગોર નૃત્ય, દુલ દડી નૃત્ય, ગૌર નૃત્ય, ગેંડી નૃત્ય, ગ્રામ દેવતા સમક્ષ સહરુલ નૃત્ય, થાંભલાની આસપાસ થતું ખંભા નૃત્ય, મધુર સંગીત સાથે કેહરા નૃત્ય, પંથી નૃત્ય, બરેદી નૃત્ય, કસરત સાથે અખાડા નૃત્ય, દાદર નૃત્ય, ગણેશજી માટે કાનડા નૃત્ય, લગ્નમાં થતું પરઘૌની નૃત્ય, શરદ પૂનમની રાત્રે સૈલા નૃત્ય, બાયર નૃત્ય, હુલકી નૃત્ય, માંગરી નૃત્ય, બિલમા નૃત્ય, ઢોલક સાથે થાપટી નૃત્ય, લગ્ન પર બંને પક્ષના સ્ત્રી પુરુષ સવાલ જવાબ કરતાં હોય એવું કેમાલી નૃત્ય, ઘૂંઘટ તાણી હાથમાં થાળી વગાડતી શુભ પ્રસંગે મહિલાઓનું આડા ખડા નૃત્ય, લગ્ન પર શહનાઈ સાથે ફેફારિયા નૃત્ય, માંડલ્યા નૃત્ય, એક મીટર લાંબો ડંડો લઇને ખાસ શૈલીનું ડંડા લોકનૃત્ય એનર્જેટિક હોય છે....

રઘુવીર શ્રીવાસ્તવના પુસ્તક આધારિત આ વાતો પરથી સમજાય છે ને કે, ભારતીય સંસ્કૃતિ મહાન શા માટે ગણાય છે? આપણી જવાબદારી એટલી જ છે કે આ મહાન વારસાને જાળવી રાખવાનો છે. આ તો ભારતના માંડ દશ ટકા વિસ્તારના લોકનૃત્ય લખ્યા, હજી તો હિમાલય, નોર્થ ઇસ્ટ, ઉત્તરનાં રાજ્યો, દક્ષિણ ભારત, ગુજરાત મહારાષ્ટ્ર સહિત વિશાળ વિસ્તારનાં નૃત્યો વિષે વિચારવાનું આપ સહુ પર છોડી દઈએ છીએ. લોકનૃત્ય હોય તો લોકગીતો હોય, લોકગીતો હોય તો લોકસંગીત હોય અને સાથે સ્થાનિક પહેરવેશ હોય. અંતે સરસ મજાનું લોકસાહિત્ય હોય ... પણ સમસ્યા એ છે કે વ્યસ્ત જીવનમાં સમય કોને છે? ■

**ધ એન્ડ :**

***જો તમે નાચી શકતા હોવ તો સીધુંસાદું ચાલો છો જ શું કામ? (એલેન વેન ડેમ)***

---

તસવીરની આરપાર
ભાટી એન.
feedback@bombaysamachar.com

# ભારતના રેલવે સ્ટેશનોમાં અલગ ભાત પાડતું મોરબી રેલવે સ્ટેશન



**કાઠિયાવાડમાં** ઘણા રાજવીઓના શાસન હતા. મુખ્યત્વે ઝાલા, જાડેજા, પરમાર, ગોહિલ જેવા ઘણા ક્ષત્રિયોના સુશાસન ચાલતા તેમાં પ્રજાવત્સલ રાજાઓ રાજવી સમયમાં પ્રજાની ખેવના કરતા તેની સુખાકારી માટે નતનવી સુવિધા આપતા અને કલાત્મક મહેલો, મંદિરો, વાવ, કૂવા, કિલ્લા, ટાવર, ઝુલતો પુલ જેવા અનેકાનેક સ્થાપત્યો બનાવી અમર થઈ ગયા. તેમાં મયુરનગરી (મોર-બી)ના મહારાજા શ્રી વાઘજી ઠાકોર મોરબીની ગાદી પર ૧૮૭૯માં બિરાજમાન થયા ત્યારબાદ ૧૮૮૬માં મોરબીમાં રેલવેની સુવિધા શરૂ કરું. જે M.R. રેલવે (મોરબી રેલવે) તરીકે નામ ધારણ કરી વઢવાણથી મોરબી એમ સૌરાષ્ટ્રનાં ઘણાં બધાં સ્ટેશનો ફરીને પ્રવાસીઓને સુખ સગવડ આપી હતી ૯૪ માઈલની રેલવે શરૂ કરી. ઉપરાંત ટ્રામવે શરૂ કરી અને ૧૮૮૯માં મોરબીમાં ઘોડા જોડેલી ટ્રામ પણ શરૂ કરી હતી...! જે આખા કાઠિયાવાડમાં આકર્ષણનું કેન્દ્ર બની ગયેલ આ મોરબીની ટ્રામ મોરબીની મુખ્ય બજાર એટલે કે ગ્રીન ચોક, નગર દરવાજા વચ્ચેથી પસાર થતી હતી આજે બન્ને ટાવરો વચ્ચે વિશાળ જગ્યા છે. જેની યાદો જુનવાણી લોકો કરતા હતા.

મોરબીના રાજવીએ મોરબીને પેરિસ જેવું બનાવી દીધું હતું. મોરબી જેવી અત્યાધુનિક સુવિધા જુજ રાજવી પાસે હતી. પ્રજાવત્સલ રાજવી વાઘજી ઠાકોરે મોરબીનું રેલવે સ્ટેશન રાજ મહેલ જેવું ભવ્યતાતિભવ્ય બનાવેલ તે દૂરથી નિહાળતા કોઈ પેલેસથી કમ ન લાગે આ રેલવે સ્ટેશનને ફ્રિહેન્ડ સ્ટાઈલથી બનાવેલ સ્ટેશન ઉપર ક્લોક ટાવર જેમાં ચાર ઘડિયાળ રાખેલ અને ગુંબજો મોટા અને નાના ગુંબજો સ્ટેશનમાં પ્રવેશતા કોઈ રાજવી પેલેસના પોર્ચમાં જતા ગોળાકાર કમાનો અને વિશાળ જગ્યા મોરબી લખેલાં. બેનરોથી ભારતના અત્યારનાં રેલવે સ્ટેશનોમાં મુંબઈનું વી.ટી. ટર્મિનલ સ્ટેશન જાજરમાન બહારથી લાગે છે તેમ મોરબીનું રેલવે સ્ટેશન કલાત્મક બનાવી પેસેન્જરની તમામ સુવિધા તે સમયે આપી હતી.

માળીયા મિયાણા-વાંકાનેર સેક્શન શરૂઆતમાં મોરબી



સ્ટેટ રેલવેના વાઘજી ઠાકોર દ્વારા ૧૮૯૦માં ૨ ફૂટ ૬ ઈંચ (૭૬૨ મી.મી.) ગેજ રોડ સાઈડ ટ્રામવે તરીકે નાખવામાં આવ્યું હતું. આ લોકોની સુવિધા માટે મીઠા અને કાપડને નવલખીથી કોલસાની સ્ટીમ્બરોથી કોલસા આવતા તેના પરિવહન માટે કરવામાં આવેલ. વાઘજી ઠાકોરના અવસાન બાદ ૧૯૨૨ થી ૧૯૪૮ સુધી સર લખધીરજી ઠાકોરે શાસન કર્યું તેમણે સૌરાષ્ટ્રના અન્ય સમકાલીન શાસકોની જેમ વઢવાણ અને મોરબી, નવલખી વવાણીયાનાં બે બંદરોને જોડતા, રાજ્યના મીઠા અને કાપડના ઉત્પાદનની નિકાસ માટે રસ્તાઓ અને રેલવેનું નેટવર્ક (સિતેર માઈલનું) બનાવ્યું હતું, મોરબી રેલવે સ્ટેશન ભારતીય અને યુરોપિયન આર્કિટેકચરલ તત્ત્વોને જોડી, ૧૯૨૪માં અન્ય રજવાડી રેલ લાઈનો સાથે મેળ ખાતી તમામ લાઈનોને તે સમયે મીટરગેજમાં રૂપાંતરિત કરવામાં આવી હતી. વાંકાનેર-મોરબી પર રેલ બસનો કબજો લેવામાં આવે તે પહેલાં YG અથવા YP સ્ટીમ એન્જિન દ્વારા પેસેન્જર ટ્રેનો ચલાવી અને અત્યારે ભારતીય રેલવેએ બ્રોડગેજ રેલવે કરીને મોરબીના રાજવી સમયના સ્ટેશનને સફેદને ચોકલેટ રંગવાળું રંગી અફલાતૂન રાજવી પેલેસ જેવું સ્ટેશન બનાવેલ છે તો સ્ટેશન અંદર પણ કલાત્મક ડિઝાઈન બનાવેલ ને પ્લેટફોર્મને ૩૯૧ મીટરથી વધારે ૫૩૩ મીટરનું પ્લેટફોર્મ બનાવેલ છે અને મોરબીને કચ્છ સાથે જોડવામાં આવેલ છે. વાંચક મિત્રો એક વાર મોરબી રેલવે સ્ટેશન જોવા જેવું તો ખરું... ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## મૈં અઠરા બરસ કી, આપ અઠાસી બરસ કે...




ગીતકાર ઈન્દીવરના પ્રેમથી નીતરતા 'હોઠોં સે છૂ લો તુમ' ગીતની એક પંક્તિ 'ના ઉમ્ર કી સીમા હો, ના જન્મ કા હો બંધન, જબ પ્યાર કરે કોઈ તો દેખે કેવલ મન'નું જીવતું જાગતું ઉદાહરણ આપણા દેશથી ૭૭૦૦ કિલોમીટર દૂર સ્કોટલેન્ડમાં જોવા મળ્યું છે. ૧૦ વર્ષ પહેલા ૧૮ વર્ષની ઈઝાબેલ નામની તરુણીને ૮૮ વર્ષના ટોમ નામના વયોવૃદ્ધ સાથે દોસ્તી - મનમેળ થઈ ગયા. મોટેભાગે ઉંમરના આવા જંગી તફાવતના સંબંધ ધન મેળવવાની લાલચે બાંધવામાં આવતા હોય છે. જોકે, ઈઝાબેલ અને ટોમના રિલેશન આજે ૧૦ વર્ષ પછી પણ અકબંધ અને હેતાળ રહ્યા છે એનું અનેક લોકોને અચરજ થયું છે. ફેશનનું ભણવા ગયેલી ઈઝાબેલ ખર્ચ કાઢવા બુકીને ત્યાં નોકરી કરતી હતી એ દરમિયાન ત્યાં વારંવાર આવતા વડીલ ટોમ માટે હેત ઉભરાયું અને એક અદભુત મૈત્રીનો પ્રારંભ થયો. તાજેતરમાં સોશિયલ મીડિયા પર ઈઝાબેલે રજૂઆત કરી છે કે 'અઠવાડિયામાં બે ત્રણ વાર હું તેમના ઘરે જતી. જાતે રસોઈ બનાવી એ મને જમાડતા અને ક્યારેક હું એમને બહાર ડિનર કરવા લઈ જતી અને ફિલ્મ જોવા પણ સાથે જતા. જોકે, પછી મને બીજા શહેરમાં નોકરી મળી, પણ છેલ્લા ૧૦ વર્ષથી અમે દર છ અઠવાડિયે મળીએ છીએ, અલક મલકની વાતો કરીએ છીએ. એમણે મને જીવનના ઘણા પાઠ શીખવ્યા છે અને એમના અનુભવના નિચોડથી જ હું આગળ વધી શકી છું.' નર્યા સ્વાર્થથી ફાટફાટ થતી દુનિયામાં પ્રેમનો આવો નિઃસ્વાર્થ સંબંધ એક અજાયબી તો જરૂર કહેવાય.

## લ્યો કરો વાત!

*પતિ - પત્નીને પાંચ - છ કે એથી વધુ સંતાન હોય એ હવે ઈતિહાસ ગણાય છે. વાત તો 'હમ દો, હમારે દો' થી ઘટી 'હમ દો હમારા એક ભી નહીં' અને 'હમ એક દૂસરે કે ભી નહીં' સુધી મજલ મારી ચૂકી છે. આ વાતાવરણમાં ઈસ્ટ આફ્રિકાના યુગાન્ડા દેશમાં હાસિયા કસેરા નામનો ૬૭ વર્ષના શખ્સને ૧૨ પત્ની છે. એક ડઝન લગ્નને કારણે પુત્ર - પુત્રી, પૌત્ર - પૌત્રી, પ્રપૌત્ર - પ્રપૌત્રીની સંખ્યા ૬૭૨ છે. એક જ ઘરમાં આટલી મોટી સંખ્યાની વસ્તી હોવાથી એ લોકો રહે છે એને ઘર નહીં પણ 'જિલ્લો' તરીકે ઓળખ આપવી જોઈએ એવી મજેદાર દલીલ કરવામાં આવી છે.*

## કાખમાં ચોર ને પોલીસની ધમાધમ



વસ્તુ હાથવેંતમાં હોય અને એને શોધવા ગામ આખામાં હડિયાપટ્ટી કાઢતા ફરીએ એવો ભાવાર્થ ધરાવતી કહેવત છે 'કાખમાં છોકરું ને ગામમાં ધમાધમ'. યુકેની પોલીસને ગુનેગારીની દુનિયામાં આ કહેવતનો પરચો અલગ સ્વરૂપે થયો છે. યુકેની સસેક્સ નામની કાઉન્ટીના રોબર્ટ ફિટ્ઝગેરાલ્ડ નામના રહેવાસીને કેફી દ્રવ્યની હેરાફેરીના આરોપસર જેલની સજા થઈ હતી. જોકે, દોઢ વર્ષની સજા બાકી હતી ત્યારે જુગાડ કરી ફરાર થઈ ગયો. પોલીસે જાહેરનામું બહાર પાડી રોબર્ટને પકડવા માટે જનતાને અપીલ પણ કરી. કેદી સંતાવાની શંકા હતી એ સહિત દૂરદૂરના અનેક વિસ્તાર પોલીસ ફેંદી વળી. શાણા રોબર્ટે તો પોતાની કાઉન્ટીથી ૧૦૦ કિલોમીટર દૂર ઓક્સફર્ડ શહેરમાં જ ધામા નાખ્યા. કોઈની સાડીબારી રાખ્યા વિના અસલી નામ સાથે કામકાજ કરતો રહ્યો અને સરકારને ટેક્સ પણ ચુકવતો રહ્યો. જોકે, આઠ વર્ષ પોલીસને ઉલ્લુ બનાવનારા રોબર્ટની કોઈ નાણાકીય લેવડ દેવડની જાણ અચાનક પોલીસને થઈ અને 'હાયલા! આ તો આપણે શોધીએ છીએ એ જ છે' એવું બ્રહ્મજ્ઞાન થયું. આંખ ચોળતી પોલીસ ભાગી અને ફરાર કેદીને ઝબ્બે કર્યો.

## દીકરી મારી લાડકવાયી



દીકરીના લગ્ન એ કોઈ પણ બાપ માટે એવો પ્રસંગ છે જેનું વર્ણન કરવા શબ્દોનો પનો ટૂંકો પડે. વેંત ન હોય તો પણ લગ્ન માટે દીકરીની તમામ ઈચ્છાઓ પૂરી કરવા પિતા આકાશ પાતાળ એક કરવામાં પાછી પાની ન કરે. સંતાન સાથેના પેરન્ટ્સના સંબંધોમાં લાગણી લગભગ નામશેષ હોય છે એવા અમેરિકામાં પુત્રીના લગ્નમાં હાજર રહેવાની પિતાની કોશિશ હેરત પમાડે એવી છે. અત્યંત પ્રતિકૂળ પરિસ્થિતિની પરવા કર્યા વિના 'કન્યાદાન' કરવા પહોંચી ગયેલા પિતાની કથા 'દીકરી મારી લાડકવાયી'ની ભાવનાને ચરિતાર્થ કરે છે. પિતાશ્રી મિસ્ટર ડેવિડ જોન્સના નિવાસસ્થાનેથી દીકરીનું લગ્ન સ્થળ કારમાં પહોંચતા બે કલાક જેટલું જ દૂર હતું. જોકે, નીકળવાના દિવસે ભયંકર ખરાબ હવામાનને કારણે ખરાબ થયેલી સડક પર કાર ચલાવી પહોંચી શકાય એમ નહોતું. દીકરી માટેના હેતથી મક્કમ બનેલા પિતા જરાય ન ગભરાયા. એક સમયે મેરેથોન રનર રહેલા મિ. ડેવિડે સામાન ઉઠાવી પગપાળા મુસાફરી શરૂ કરી. કાદવ કીચડવાળા રસ્તા અને વરસાદની પરવા કર્યા વિના ૫૦ કિલોમીટર ચાલ્યા પછી સારી સડક આવતા કોઈ સજજને મિસ્ટર ડેવિડને લિફ્ટ આપી લગ્ન સ્થળ સુધી પહોંચાડી દીધા. પિતાને આવતા જોઈ પુત્રી કેવી લાગણીવશ થઈ એનું વર્ણન શબ્દોમાં કરી જ ન શકાય. 'મન હોય તો માળવે જવાય' કહેવત કેવી રીતે બની હશે એ આવા કિસ્સા પરથી સમજાય છે. ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમુજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**નવરાત્રિમાં તમે ગરબા ગાયા કે નહીં?**

* વાઈફ ગરબે ઘૂમતી હતી. હું બાબો તેડીને અને વાઈફનું મોટું પર્સ લઈ એની પાછળ ઘૂમતો હતો.

એ રમી... હૂં ઘૂમ્યો...

**સાવ રે, સોનાનું મારું ઝાંઝરિયું ખોવાણું રે..**

* ઓરિજિનલ બિલ અને એફિડેવિટ કરાવીને પોલીસ ફરિયાદ કરી દો.

**ફાઈલ પર વજન કેમ મૂકવું પડે છે?**

* ફાઈલ કોઈ અજાણ્યા ખૂણે ઊડી ના જાય એ માટે...

**દિવાળી સફાઈ માટે મારે માળિયે ના ચઢવું પડે એનો કોઈ આઈડિયા છે?**

* દિવાળી પર નહીં કરો તો તમારી 'એ' નિસરણી પર ઊભા રાખીને હોળી પર સફાઈ કરાવશે...

**મૂર્ખામીની હદ કોને કહેવાય?**

* મેચની શરતમાં હાર્યા પછી પણ મેચની હાઈલાઈટમાંય શરત લગાવે.

**રાજાને ગમે તે રાણી..તો રાણીનો વારો ક્યારે આવશે?**

* તમે રાજા બનશો ત્યારે...

**રાત રઢિયાળી, આંખ અણિયાળી, ચાલ નખરાળી, દેખાવમાં રૂપાળી...**

* તો, બનાવી લો એને ઘરવાળી...

**ગર્લ ફ્રેન્ડ હવે ગાર્ડનમાં આવવાની ના પાડે છે. શું કરું?**

* ગાર્ડન બદલો...ગર્લ ફ્રેન્ડ નહીં.

**ઘડિયાળ અને ઘરવાળીની ટકટક ના સાંભળવા શું કરું?**

* બહેરા બની જાવ.

**નારાજ પત્નીને પટાવવી કે મનાવવી સારી?**

* આમાં કેબીસીની જેમ ચાર ઓપ્શન અને ફોન અ ફ્રેન્ડ ના હોય....

**પોળમાં રખડતાં કૂતરાં માટે સ્ટ્રીટ ડોગની જેમ પોળમાં રખડતી ગાયને સ્ટ્રીટ કાઉ કેમ કહેતા નથી?**

* કૂતરાંએ કોપીરાઈટ લીધા હશે.

**ચંદ્ર પર જીવન છે. તમે શું માનો છો?**

* હું એટલું જાણું કે ચંદ્રિકા, મારું જીવન છે!

**રામરાજ્યની સ્થાપના ક્યારે થશે?**

* પહેલાં લક્ષ્મણરેખા દોરી બતાવો.

**આસોપાલવમાં પાલવ તો ક્યાંય દેખાતો નથી?**

* પહેલાં તમે ગુલાબજાંબુમાં ગુલાબ અને જાંબુ શોધી લો. એટલે પાલવ શોધતાં આવડી જશે.

**દુનિયા ગોળ છે, એવું કેમ બોલાય છે?**

* કારણ કે દુનિયા ચોરસ છે- દુનિયા લંબચોરસ છે એવું કોઈ બોલતું નથી...

**નાપાસ થનારને સ્કૂલવાળા ઉપર ચડાવી આપે છે તો પ્રેમની પરીક્ષામાં નાપાસ થનારને શું ?**

* એને વારંવાર પ્રેમમાં પડવાની સજા ..

**એક મિત્રની પ્રેમિકા સાથેનું બ્રેકઅપ થઈ ગયું. હવે શું કરું?**

* બીજા ફ્રેન્ડની ફિયાન્સ સાથે પેચઅપ ટ્રાય કરો.

**ગેરંટી અને વોરંટીમાં શું ફરક હશે?**

* ગેરંટી વિશે વડા પ્રધાનશ્રીને અને વોરંટી વિશે કોઈ શો રૂમવાળાને પૂછી લેજો.

**અફવા અને આગાહી વિશે સમજાવશો?**

* એક હીરોઈન પ્રેગનન્ટ બન્યાની અફવા ફેલાઈ તો એક આશિકે લખ્યું: હીરોઈનને બાબો આવશે! ■

## કચ્છી ચોવક__કિશોર વ્યાસ

kishor.vyas@bombaysamachar.com

# ભાગ્ય પ્રમાણે ભોગવે જ છૂટકો! ચોવકની શિખામણ

એક વિધાતા જ એવી હોય છે કે, જે કોઈને કાંઈ એક સરખું આપતી નથી. દરેક વ્યક્તિએ તેના લખેલા લેખ મુજબ જ ભોગવવાનું હોય છે, તેવા સંદર્ભમાં જ એક કચ્છી ચોવક પણ પ્રચલિત છેઃ "લાંણ સૈં લપણ" અહીં જે પ્રથમ શબ્દ 'લાંણ' પ્રયોજવામાં આવ્યો છે, તેનો અર્થ થાય છેઃ લ્હાણી. બીજો શબ્દ છે 'સૈં' એટલે સરખું હે સમાન અને 'લપણ'નો અર્થ થાય છેઃ થપ્પડ! શબ્દાર્થ જોવા જઈએ તો તેનો અર્થ થાય છેઃ થપ્પડ! શબ્દાર્થ જોવા જોઈએ તો તેનો અર્થ એવો થાય છે કેઃ લ્હાણીમાં જો બધાને થપ્પડ પણ મળતી હોય તો, સમાન છે અને તેને સન્માનથી સ્વીકારી લેવી જોઈએ. થપ્પડ તો થપ્પડ પણ તેનો માર સહન કરી લેવો જોઈએ! પણ ભાવાર્થ એવો થાય છે કેઃ ભાગ્ય પ્રમાણે દરેકે ભોગવવું પડતું હોય છે!

કોઈને કોઈ કામ સોંપ્યું હોય અને તેણે બરાબર ન કર્યું હોય તો ગુજરાતીમાં કહેવત છે કે, 'પગે કમાડ વાસવાં પણ એજ અર્થમાં ચોવકનો પ્રયોગ આ રીતે થાય છેઃ "લાલી લૂગ઼ડ઼ા, ધૂતેં તેડ઼ા ન ધૂતેં" અહીં ચોવકમાં જે 'લાલી' શબ્દ પ્રયોજાયો છે તે પ્રતીકાત્મક છે. ઘણી વાર ઘરમાં દીકરી કે બહેનને આપણે વ્હાલથી 'લાલી' શબ્દથી બોલાવતા હોઈએ છીએ.. હા, એ જ આ લાલી! 'લૂગ઼ડ઼ા' એટલે કપડાં અને 'ધૂતેં'નો અર્થ થાય છેઃ ધોયાં. 'તેડ઼ા' એટલે તેવાં અને 'ન ધૂતેં' એ બે શબ્દોના સમૂહનો અર્થ થાય છેઃ ન ધોયાં. વપરાયેલા શબ્દો મુજબ તેનો અર્થ થાય છેઃ લાલીએ કપડાં ધોયાં તેવાં ન ધોયાં! મતલબ કે કપડાં ધોવા બરાબર ન ધોયાં! નામ લાલીનું લઈને ચોવક એમ કહેવા માગે છે કે, 'કોઈને સોંપેલું કાર્ય ન થવા બરાબર થયું! એટલે કે જેવું થવું જોઈએ તેવું ન થયું!

સોંપેલાં કાર્ય તો તરત જ અને ચીવટ પૂર્વક થવાં જોઈએ. તેના માટે પણ ચોવક છેઃ "લાગી ને ધાગ઼ી" અહીં જે 'ધાગી' શબ્દ પ્રયોજાયો છે તેનો મૂળ શબ્દ 'ધાગણ' છે. જેનો અર્થ થાય છે દાગવું તે! બંદૂકની ગોળી દાગવી કે તોપનો ગોળો દાગવો! 'લાગી'નો કચ્છીમાં મૂળ શબ્દ 'લાગ઼' હોય તેવું જણાય છે. શબ્દાર્થ એવો થાય કે, કામ તો જેવું સોંપવામાં આવે એટલે બનતી ત્વરાએ તે શરૂ કરી દેવું જોઈએ, જેમ તોપને દાગવાથી ગોળો છૂટે તેવી ઝડપથી! શબ્દાર્થ અને ભાવાર્થમાં ભેદ ન હોવાનું સમજાય છે. તરત કામ શરૂ કરી દેવું એ જ ભાવાર્થ જળવાઈ રહે છે.

આપણે કોઈ કામ કરતાં હોઈએ અને તેમાં કોઈ વિક્ષેપ કરે તો ચોવક કહે છેઃ "લંભ મેં ટાંઢો" બહુ નાની અને સુંદર ચોવક છે, મિત્રો! 'લંભ' એટલે સૂકું ઘાસ, 'મેં' એટલે માં અને 'ટાંઢો' એટલે તણખો! મતલબ કે, સૂકા ઘાસમાં આગનો તણખો પડવો! એટલે કે, કામમાં વિક્ષેપ નાખવો.

એક બીજી પણ અર્થ સમજવાની મજા આવે તેવી ચોવક છેઃ "લડ કાં છડ" 'લડ' એટલે 'અહીંથી' જા અને 'છડ' એટલે છેડો મૂક! કોઈ બાબતે વિવાદ જ્યારે પરાકાષ્ઠા પર પહોંચ્યો હોય ત્યારે કોઈ ડાહી વ્યક્તિ વિવાદ વધારનારને એવી સલાહ આપે છે કે, કાંતો તું દલીલો છોડ અને કાંતો તું હવે અહીંથી 'લડ' એટલે કે જા... કારણ કે નિર્ણય પર આવવું જરૂરી છે... બસ ચોવક એજ વાત કહેવા માગે છેઃ નિર્ણય પર આવવું!

એક ચોવક છેઃ "લગ઼ો ત તીર નિકાં તુકો" ગુજરાતીમાં પણ આપણે કહેતા હોઈએ છીએં કે, "લાગ્યું તો તીર નહીં તો તુક્કો". 'લગ઼ો' એટલે લાગ્યું (નિશાના પર) 'ત' એટલે તો, 'નિકાં' એટલે નહીંતર કે નહીં તો... મતલબ કે, કોઈ પ્રાપ્તિ માટે કે સફળતા મેળવવા માટે કેવા પ્રયાસો કરવા તેની સમજ ન પડતી હોય ત્યારે 'અંધારામાં તીર છોડવા' જેવા પ્રયાસ કરવા તરફનો નિર્દેશ ચોવક કરે છે. ■


## મગજ મંથન_વિઠ્ઠલ વઘાસિયા

feedback@bombaysamachar.com

# દૃષ્ટિકોણ બદલાય તો તમારી દુનિયા બદલાઈ જાય

કબીરજી કહે છે :

બુરા દેખન મૈ ચલા, બુરા ના મિલા કોઈ
જો મન ખોજા અપના, મુજ સે બુરાના કોઈ....!



સંત ઓગસ્ટિન

આ સુંદર સૃષ્ટિ અને એનું નયનરમ્ય અને આહલાદક ચિત્ર તથા પ્રકૃતિના અનેક રંગ એ ભગવાનની માનવજાત અને પ્રાણીઓને એક મોટી દેન છે, પરંતુ આ દુનિયા અને પ્રકૃતિ કેટલી સુંદર છે એ જોનારની આંખો પર આધારિત છે એટલે કે જોનારના ઈરાદા અને એના મન પર આધારિત હોય છે.મનુષ્યનું શરીર અને એનું મન હંમેશાં જોડાયેલું રહે છે. મનની શરીર પર અને શરીરની મન પર સતત અસર થતી રહે છે. જેવું આપણું મન એવું જ આપણું શરીર.વેદો અને શાસ્ત્રોમાં એ સ્પષ્ટ અને સિદ્ધ કરવામાં આવ્યું છે કે આખા સંસારની ગતિવિધિનું નિર્માણ મન દ્વારા જ થાય છે એટલે એવું કહી શકાય કે શરીર અને મન એ એક સિક્કાની બે બાજુ જેવા છે.

જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ એટલે કે આપણે જેવા હોઈએ તેવી જ આ દુનિયા આપણને લાગે છે.જો આપણો અભિગમ કે દ્રષ્ટિકોણ સકારાત્મક હોય તો આપણને બધું જ સકારાત્મક દેખાશે ને જો આપણો અભિગમ કે દ્રષ્ટિકોણ નકારાત્મક હશે તો આપણને આ દુનિયામાં કશું જ સારું કે સકારાત્મક નહીં જ દેખાય. સામાન્ય રીતે એવું કહેવાય છે કે જેવો આપણો અભિગમ કે દ્રષ્ટિકોણ હોય તેવું આપણે જોઈ-સાંભળી કે સમજી શકીએ છીએ. જેવી આપણી ભાવના,ઈચ્છા, વાસના અથવા કલ્પના હોય તે જ પ્રમાણે આપણને શરીર મળે છે. આપણી બહારની દુનિયા એ આપણો પડછાયો માત્ર છે.

જો આપણી આંખોના ચશ્માં પર ધૂળ જામેલી હોય તો આપણને આખી દુનિયા ધૂંધળી જ દેખાય. જો આંખો પર કોઈ રંગના ચશ્માં પહેર્યા હોય તો આ દુનિયા એ જ રંગની દેખાય.પોતાની દ્રષ્ટિ અનુરૂપ જ આ દુનિયા આપણને દેખાય છે. એક જ પ્રસંગ કે કોઈ વાતને કોઈ વ્યક્તિ નકારાત્મક રીતે જોશે તો કોઈ એને હકારાત્મક રીતે.કોઈને પ્યાલો અર્ધો ભરેલો દેખાશે તો એ જ પ્યાલો કોઈને અર્ધો ખાલી.

મહાભારત કાળની એક ખૂબ જ પ્રચલિત કથા છે, જેમાં ગુરુ દ્રોણાચાર્ય દુર્યોધન અને યુધિષ્ઠિરની પરીક્ષા કરે છે.સૌ પ્રથમ ગુરુ દ્રોણાચાર્યએ દુર્યોધનને બોલાવ્યો અને કહ્યું કે નગરમાં જાઓ અને કોઈ સારા માણસને શોધી લાવો.ગુરુની આજ્ઞા માની દુર્યોધન નગરમાં સારા માણસની શોધમાં નીકળી પડ્યો.થોડા સમય પછી એ પાછો આવ્યો અને ગુરુને કહે : 'હે ગુરુદેવ, હું આખાયે નગરમાં ફર્યો પણ મને કોઈ સારો માણસ જડ્યો નહિ....'

એ પછી ગુરુએ યુધિષ્ઠિરને બોલાવીને નગરમાંથી કોઈ એક ખરાબ માણસને શોધવાની આજ્ઞા કરી.ગુરુની આજ્ઞા માની યુધિષ્ઠિર નગરમાં ખરાબ માણસની શોધમાં નીકળી પડ્યા.જે રીતે દુર્યોધનને કોઈ સારો માણસ ન મળ્યો તેવી જ રીતે યુધિષ્ઠિરને કોઈ ખરાબ માણસ ન મળ્યો. તે પણ ખાલી હાથે પાછા આવ્યાં અને ગુરુ સમક્ષ કહે : ગુરુ, મને કોઈ ખરાબ માણસ ન મળ્યો...'

આ પછી ત્યાં હાજર અન્ય શિષ્યોએ ગુરુ દ્રોણાચાર્યને પૂછ્યું :

'હે ગુરુદેવ, આ તે કેવું ?દુર્યોધનને કોઈ સારો માણસ ન દેખાયો, જ્યારે યુધિષ્ઠિરને કોઈ ખરાબ ન દેખાયું....?'

ત્યારે ગુરુ દ્રોણાચાર્યએ કહ્યું કે આપણો જોવાનો દ્રષ્ટિકોણ જેવો હોય તેવું જ આ વિશ્વ આપણને દેખાય છે...

ટૂંકમાં વાત આપણી નજરની છે.આપણા દ્રષ્ટિકોણની છે.જો આપણો દ્રષ્ટિકોણ સાફ હોય અને સકારાત્મક હોય તો જીવનની દિશા જ બદલાઈ જાય છે.પગમાં પહેરેલા જોડામાં ખૂંચતી ખીલીનું દુઃખ થતું હોય ત્યારે જેને પગ નથી અને જોડા પહેરી શકે એવી સ્થિતિમાં નથી એવા માણસનો વિચાર કરતા ખૂંચતી ખીલીનું આપણું દુઃખ ભુલાઈ જાય છે.

આ દુનિયાની અંદર ભગવાનની કૃપાથી દરેકને આંખ મળી છે, પરંતુ આંખથી માણસ કેવું જોવે છે તે મહત્ત્વનું છે. આંખથી માણસ સારું તથા ખરાબ પણ જોઈ શકે છે તેથી માણસે શ્રેષ્ઠ દ્રષ્ટિ કોણ કેળવવો જોઈએ.

સુખ કે દુઃખ લેવું તે આપણા હાથમાં છે.આપણે સારું કે ખરાબ કેવું જોઈએ છે,કેવું ગ્રહણ કરીએ છીએ તેના ઉપર સુખ અને દુઃખ મળે છે.તેથી જીવનમાં દરેક પરિસ્થિતિને પોઝિટિવ જોવાથી સુખી થઈ શકાય છે.બાકી ગમે તેટલું તમારી પાસે હશે, પણ શ્રેષ્ઠ દ્રષ્ટિકોણ નહીં હોય તો તમે દુઃખી જ રહેશો.

સંત ઓગસ્ટિનનું જીવન જાણવા જેવું છે. એ ક્યારેય કોઈનું ખરાબ જોતા નહીં,કોઈનું ખરાબ બોલતા નહીં અને કોઈને ખરાબ બોલવા દેતા પણ નહીં.સંત ઓગસ્ટિન પાસે કોઈ વ્યક્તિ કોઈના અવગુણ,અપરાધ કે નિંદાની વાત કરે તો એને એ અટકાવતા અને ખોટા માર્ગેથી પાછા વાળતા.એમના ઘરની દીવાલ પર એમણે બોર્ડ લગાવેલું : 'ચુગલીખોર માટે અહીં જગ્યા નથી અહીં માત્ર સચ્ચાઈ અને સહાનુભૂતિનું રાજ્ય છે.'

એક દિવસ એમના ઘેર મળવા માટે કેટલાક બાળપણના મિત્રો આવ્યા.વાતવાતમાં એક મિત્રના અવગુણ કહેવા લાગ્યા અને નિંદા કરવા લાગ્યા ત્યારે સંત ઓગસ્ટિને તરત એમના મિત્રોને કહ્યું :

'તમે મહેરબાની કરીને આવી નબળી વાતો અહીંયા ન કરશો અને તમે મારી આ વિનંતીનો સ્વીકાર નહીં કરો તો મારે આ દીવાલ પરના બોર્ડ પર લખેલા શબ્દો ભૂંસી નાખવા પડશે.... ! ' મિત્રોએ તરત જ અવગુણ - નિંદાની વાત બંધ કરી દીધી. તેથી સદગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી કહે છે કે,

'મુક્ત કહે વચનમેં સંત સાર ગ્રહી લેત,
જ્યું હંસા પય પીત તબ,નીર સબ હી તજ દેત.'

અર્થાત્ જેમ હંસ હોય છે તે મણ પાણીમાંથી પાશેર દૂધને જુદું પાડીને ગ્રહણ કરી લે છે તેમ આપણે જે સારું હોય તે જોવાની દ્રષ્ટિ કેળવવી જોઈએ. ■

# હરિયાણામાંથી સૌથી મોટો બોધપાઠ, ચૂંટણીમાં ક્યારેય વધુ આત્મવિશ્વાસ ન રાખોઃ કેજરીવાલ

નવી દિલ્હીઃ મતગણતરીનાં પ્રારંભિક વલણોમાં હરિયાણામાં ભાજપ આગળ વધી રહી છે, એમ જણાવતાં આપના કન્વીનર અરવિંદ કેજરીવાલે મંગળવારે જણાવ્યું હતું કે ચૂંટણીનાં પરિણામોનો 'સૌથી મોટો બોધપાઠ' એ છે કે ચૂંટણીમાં ક્યારેય 'વધારે આત્મવિશ્વાસ' ન હોવો જોઈએ.

ભાજપ હરિયાણામાં ૯૦માંથી ૫૦ વિધાનસભા બેઠકો પર આગળ રહીને આરામદાયક જીતની અપેક્ષા રાખે છે.

'ચાલો જોઈએ કે હરિયાણામાં શું પરિણામો આવે છે. આનો સૌથી મોટો બોધપાઠ એ મળ્યો છે કે ચૂંટણીમાં ક્યારેય વધારે આત્મવિશ્વાસ ન હોવો જોઈએ, એમ કેજરીવાલે આપના નગરસેવકોની સભાને સંબોધતા કહ્યું.

'કોઈ પણ ચૂંટણીને હળવાશથી ન લેવી જોઈએ. દરેક ચૂંટણી અને દરેક બેઠક અઘરી હોય છે,' એમ તેમણે ઉમેર્યું હતું.

આપ હરિયાણામાં કૉંગ્રેસ સાથે ચૂંટણી પૂર્વેના ગઠબંધન કરવામાં નિષ્ફળ રહી હતી, કારણ કે તેના દ્વારા લડવામાં આવનારી બેઠકોની સંખ્યા અંગે મતભેદ થયો હતો.

રાજ્યની કુલ ૯૦ બેઠકોમાંથી ૮૯ બેઠકો પર આપ સ્વતંત્ર રીતે ચૂંટણી લડી હતી જ્યારે કૉંગ્રેસ દ્વારા ૯ બેઠકો આપવાની તેની માગણીને ફગાવી દેવામાં આવી હતી.

આપના ઉમેદવારો લગભગ તમામ બેઠકો પર તેમના ભાજપ અને કૉંગ્રેસના હરીફોથી પાછળ રહ્યા હતા.

કેજરીવાલે અગાઉ હરિયાણામાં ચૂંટણી પ્રચાર દરમિયાન ભારપૂર્વક જણાવ્યું હતું કે આપના સમર્થન વિના રાજ્યમાં કોઈ સરકાર રચાશે નહીં.

તેમણે પાર્ટીના નગરસેવકોને આગામી વર્ષે ફેબ્રુઆરીમાં યોજાનારી દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે સખત મહેનત કરવા અને તેમના વોર્ડમાંથી કચરો યોગ્ય રીતે એકત્ર કરવામાં આવે અને તેનો નિકાલ કરવામાં આવે તેની ખાતરી કરવા જણાવ્યું હતું.

'આ (દિલ્હી) ચૂંટણીમાં તમારી સૌથી મહત્ત્વની ભૂમિકા હશે. જો તમે તમારા વિસ્તારોમાંથી યોગ્ય કચરો એકત્ર અને નિકાલની ખાતરી કરશો તો જ આપણે ચૂંટણી જીતીશું જે ખૂબ જ મૂળભૂત બાબત છે,' એમ દિલ્હીના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને કહ્યું હતું. ■



**દુર્ગાપૂજાઃ** કોલકાતામાં 'મહા પંચમી' વખતે દુર્ગાપૂજામાં ત્રણ પરિમાણવાળી મૂર્તિઓ. (પીટીઆઇ)

# નેપાળમાં દુનિયાના સાતમા સૌથી ઊંચા શિખર પરથી પડવાથી પાંચ રશિયન પર્વતારોહકોનાં મોત

કાઠમંડુ : નેપાળમાં વિશ્વના સાતમા સૌથી ઊંચા શિખર 'માઉન્ટ ધૌલાગિરી' પર લપસીને પડી જવાથી પાંચ રશિયન પર્વતારોહતોનું મૃત્યું થયું હતું. પર્વતારોહણ અભિયાનના એક આયોજકે મંગળવારે આ માહિતી આપી હતી.

નેપાળની પાનખર પર્વતારોહણ સિઝન દરમિયાન રશિયન પર્વતારોહકો ૮,૧૬૭ મીટર ઊંચા ધૌલાગિરી પર્વતના શિખર પર ચઢી રહ્યા હતા. કાઠમંડુસ્થિત આઇ એએમ ટ્રેકિંગ એન્ડ એક્સપિડિશન્સના પેમ્બા જંગબૂ શેરપાએ જણાવ્યું હતું કે પર્વતારોહકો રવિવારથી ગુમ થયા હતા અને મંગળવારે રાહત બચાવ કામગીરી માટે જનારા હેલિકોપ્ટરે તેમના મૃતદેહ શોધ્યા હતા.

ધૌલાગિરિ પર્વત પરથી મૃતદેહોને ક્યારે અને કેવી રીતે નીચે લાવવામાં આવશે તે હજુ નક્કી નથી કારણ કે તેના માટે વ્યાપક યોજના, માનવબળ અને સાધનોની જરૂર પડશે. એવું કહેવાય છે કે પર્વતારોહકોમાંથી બે શિખર પર પહોંચ્યા પરંતુ અન્ય શિખર પર પહોંચ્યા વિના પરત ફર્યા હતા. આ પછી તેમની અને બેઝ કેમ્પમાં હાજર ટીમના સભ્યો વચ્ચે રેડિયો સંપર્ક તૂટી ગયો હતો. ■



## શ્રીમતી સ્વાતિ આર. પરાડકર 'લિજ્જત'નાં પ્રમુખ તરીકે નિમાયાં

મુંબઈઃ 'શ્રી મહિલા ગૃહ ઉદ્યોગ લિજ્જત પાપડ' સંસ્થાની કારોબારી સમિતિની થયેલ મીટિંગમાં વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે નીચે મુજબના પદાધિકારીઓ નિમાયેલ છે. ▶ શ્રીમતી સ્વાતી આર. પરાડકર - પ્રમુખ, ▶ શ્રીમતી પ્રતિભા ઈ. સાવંત - ઉપ-પ્રમુખ, ▶ શ્રીમતી પ્રિયંકા જી. રેડકર - સચિવ, ▶ શ્રીમતી વસુધા આર. સારંગ - સચિવ, ▶ શ્રીમતી સાક્ષી એસ. પાલવ - ખજાનચી, ▶ શ્રીમતી લક્ષ્મી સી. સુવર્ણા - ખજાનચી. ■

## વડા પ્રધાન મોદી બે દિવસના પ્રવાસ પર જશે લાઓસ, ઈસ્ટ એશિયા સમિટમાં લેશે ભાગ

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૦ થી ૧૧ ઓક્ટોબર દરમિયાન બે દિવસીય લાઓસની મુલાકાત લેશે અને આ દરમિયાન તેઓ ૨૧મી આસિયાન-ભારત શિખર સમિટ અને ૧૯મી પૂર્વ એશિયા શિખર સંમેલનમાં ભાગ લેશે. વિદેશ મંત્રાલયે મંગળવારે આ જાણકારી આપી હતી. લાઓસ દક્ષિણ પૂર્વ એશિયન દેશોના સંગઠનનું વર્તમાન અધ્યક્ષ છે.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે લાઓસમાં પોતાના સમકક્ષ સોનેક્સે સિફાનદોનના આમંત્રણ પર વડા પ્રધાન મોદી ૧૦-૧૧ ઓક્ટોબરના રોજ લાઓસની રાજધાની વિએતિયાનેની મુલાકાત લેશે. વિદેશ મંત્રાલયે કહ્યું કે આ દરમિયાન મોદી લાઓસની યજમાનીમાં યોજાનારી ૨૧મી આસિયાન-ભારત શિખર સંમેલન અને ૧૯મી ઈસ્ટ એશિયા સમિટમાં ભાગ લેશે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, મોદી બંને શિખર સંમેલન દરમિયાન દ્વિપક્ષીય બેઠકો પણ કરે તેવી અપેક્ષા છે.

વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે , ભારત આ વર્ષે એક્ટ ઈસ્ટ' નીતિનો એક દાયકો પૂર્ણ કરી રહ્યું છે. ''આસિયાન સાથેના સંબંધો એ 'એક્ટ ઈસ્ટ' નીતિ અને અમારા ઈન્ડો-પેસિફિક વિઝનનો કેન્દ્રિય આધારસ્તંભ છે.'' વિદેશ મંત્રાલયે કહ્યું, દક્ષિણ એશિયા અને પૂર્વ એશિયાના કેટલાક દેશોના મંચ પૂર્વીય એશિયા સમિટ ક્ષેત્રમાં વ્યૂહાત્મક વિશ્વાસનો માહોલ બનાવવામાં યોગદાન આપે છે. ■

# બંગાળમાં આંદોલનકારી જુનિયર ડોકટરોના આમરણાંત ઉપવાસમાં સિનિયરો જોડાયા

### આ આંદોલનમાં સિનિયર ડોકટરો પણ જોડાયા હોવાના સમાચાર

કોલકાતા : પશ્ચિમ બંગાળમાં રાજ્ય સરકારની કામ પર પાછા ફરવાની વિનંતી નકારતા આંદોલનકારી જુનિયર ડોકટરોએ સોમવારે સતત ત્રીજા દિવસે તેમના આમરણાંત ઉપવાસ ચાલુ રાખ્યા હતા, અને એમનાં આંદોલનમાં હવે કેટલાક સિનિયર ડોકટરો પણ જોડાયા હોવાના સમાચાર જાણવા મળ્યા હતા.

પશ્ચિમ બંગાળ જુનિયર ડોક્ટર્સ ફોરમના આંદોલનકારી ડોકટરોએ મંગળવારે સાંજે મધ્ય કોલકાતાના કોલેજ સ્ક્વેરથી ધર્મતલા સુધી વિરોધ રેલીનું આયોજન કર્યું હતું.

એમણે જણાવ્યું હતું કે ''આવતીકાલે, અમે રાજ્યભરની તમામ મેડિકલ કોલેજો અને હોસ્પિટલોમાં પ્રતીકાત્મક ભૂખ હડતાળ પણ કરીશું. વિવિધ ડોક્ટરોના સંગઠનોના પ્રતિનિધિઓ તેમાં ભાગ લેશે.

આ સવારે ૯ વાગ્યે શરુ થશે અને રાત્રે ૯ વાગ્યા સુધી ચાલુ રહેશે. કોલકાતામાં એક રેલી સાથે અમે ધરણા કરીશું.''

શનિવાર સાંજથી જ જુનિયર ડોક્ટરો આમરણાંત ઉપવાસ પર છે.

ઉપવાસ પર બેઠેલા જુનિયર તબીબોમાં આરજી કર મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલના અનિકેત મહતો, કોલકાતા મેડિકલ કોલેજના સ્નિગ્ધા હાઝરા, તનાયા પંજા અને અનુસ્તુપ મુખોપાધ્યાય, કેપીસી મેડિકલ કોલેજના ઘોષ હઝરા, એસએસકેએમ હોસ્પિટલના અર્નબ મુખોપાધયાય, એનઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલના પુલસ્થ આચાર્ય અને સયાંતણીનો સમાવેશ થાય છે.


વરિષ્ઠ ડોકટરો શ્રબની મિત્રા અને શ્રબની ચક્રવર્તીએ તેમના જુનિયરોનાં ટેકામાં વિરોધ સ્થળ પર ૨૪ કલાકના ઉપવાસ શરૂ કર્યા હતા.

મિત્રાએ જણાવ્યું હતું કે ''અમે યુવા ડોક્ટરોને ટેકો આપવા માટે જોડાયા છીએ. વધુમાં, ૧૦-૧૩અન્ય વરિષ્ઠ ડોક્ટરો તેમની સાથે જોડાશે. તેઓ પણ ૨૪ કલાક માટે ઉપવાસ કરશે.''

મિત્રા અને ચક્રવર્તી બંને આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ છે.

દરમિયાન, ડોક્ટર્સ પશ્ચિમ બંગાળના સંયુક્ત પ્લેટફોર્મના ડો હીરાલાલ કોનારે જણાવ્યું હતું કે વરિષ્ઠ ચિકિત્સકો મંગળવારથી રિલે ભૂખ હડતાળ શરૂ કરશે.

જુનિયર ડોકટરોને કામ પર પાછા ફરવાની વિનંતી કરતા મુખ્ય સચિવ મનોજ પંતે જણાવ્યું હતું કે રાજ્યની મેડિકલ કોલેજોમાં હાથ ધરાયેલા ૯૦ ટકા પ્રોજેક્ટ્સ આવતા મહિના સુધીમાં પૂર્ણ થઈ જશે. ■



**વાહ તાજઃ** આગ્રામાં તાજમહાલ ખાતે માલદીવ્સના પ્રમુખ મહંમદ મુઈઝુ અને તેમના પત્ની સાજિદા મહંમદ. ભારત સાથેના ઝઘડા બાદ માલદીવ્સમાં પર્યટકોની સંખ્યા બહુ ઘટી ગઈ છે. ભારત સાથે મડાગાંઠ ઊભી થઇ તે પછી માલદીવ્સના પ્રમુખ પહેલી વખત ભારત આવ્યા હતા. (પીટીઆઇ)

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી ગુરુવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

નૃત્ય - સ્થળ જોડી જમાવો

| A | B |
|---|---|
| મંજીરા નૃત્ય | સૌરાષ્ટ્ર |
| ગોફ ગૂંથણ નૃત્ય | ગોહિલવાડ |
| ઢોલો રાણો નૃત્ય | ભાલ પ્રદેશ |
| જાગ નૃત્ય | મહેસાણા |
| રૂમાલ નૃત્ય | રાધનપુર |

### ઓળખાણ રાખો



'ઊંચી મેડી તે મારા સંતની' અને 'ઓધાજી મારા વાલાને વઢીને કેજો' જેવી અવિસ્મરણીય ભજનિક રચનાના ગાયકની ઓળખાણ પડી?

અ) અવિનાશ વ્યાસ બ) ઓસમાણ મીર ક) પ્રાણલાલ વ્યાસ ડ) પ્રફુલ દવે

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મુ | નિ | ૨ વ | ર | ■ | ૩ કા | ૪ ત્મા | ૫ ય | ની | ■ |
| ક | ■ | ર | ■ | ૬ કા | ■ | ૭ ગ | જ | ■ | ૮ ચ |
| ૯ સે | હ | ત | ■ | ૧૦ લ | ૧૧ ત | ■ | ૧૨ ન | મ | તુ |
| વ | ■ | ■ | ૧૩ દ્વા | ■ | ૧૪ ર | દી | ■ | ■ | રા |
| ૧૫ ક | લા | ૧૬ કા | ર | ■ | ફ | ■ | ૧૭ ભ | વા | ઇ |
| ■ | ■ | મુ | ■ | ૧૮ મ | ■ | ૧૯ ગ | ડ | ■ | ■ |
| ૨૦ ત્રં | ૨૧ બ | ક | ■ | ૨૨ જા | ૨૩ દુ | ઇ | ■ | ૨૪ અ | ૨૫ રૂ |
| ૨૬ બા | ળ | ■ | ૨૭ લ | ક | વા | ■ | ૨૮ અ | જં | પા |
| વ | ■ | ૨૯ વા | ખ | ■ | ૩૦ ર | ૩૧ જા | ■ | ૩૨ તા | વ |
| ૩૩ ટી | પ | ણી | ■ | ૩૪ કં | કા | વ | ટી | ■ | ટી |

### શબ્દલાલિત્ય સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | ૬ | | ■ |
| ૭ | | | ■ | ૮ | ■ | ૯ | | ■ | ૧૦ |
| | ■ | ૧૧ | | | ૧૨ | ■ | | ■ | |
| ■ | ૧૩ | | ■ | ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | |
| ૧૭ | | | ■ | | ■ | | ■ | ૧૮ | |
| ૧૯ | | ■ | ૨૦ | | ૨૧ | ■ | ૨૨ | | ■ |
| | ■ | ૨૩ | | ■ | ૨૪ | | | ■ | ૨૫ |
| ૨૬ | ૨૭ | ■ | ૨૮ | ૨૯ | | ■ | | ■ | |
| ■ | ૩૦ | ૩૧ | | | ■ | ૩૨ | ■ | ૩૩ | |
| ૩૪ | | | ■ | | ■ | ૩૫ | | | |

**આડી ચાવી**

૧. રાજા, દેવ કે આચાર્યનું આસન (૪)
૪. હિસ્સેદારી (૪)
૭. રાવણે સીતાનું --- કર્યું (૩)
૯. નક્કી (૨)
૧૧. આગતાસ્વાગતા (૪)
૧૩. કીડીને ---- હાથીને મણ (૨)
૧૪. બીકણ, ડરપોક (૩)
૧૬. ---ચકીની વાર્તા બધાએ સાંભળી હોય (૨)
૧૭. ટેવો (૩)
૧૮. ઋતુ (૨)
૧૯. ગયે વર્ષે કે આવતે વર્ષે (૨)
૨૦. ખેંચાણ (૩)
૨૨. મહિનો (૨)
૨૩. જેવો એટલે મૂરખ (૨)
૨૪. જૈનો કાંદા --- ન ખાય (૩)
૨૬. પસ, પાચ (૨)
૨૮. ભાર, વજન, દાબ (૩)
૩૦. પરિવર્તન (૪)
૩૩. પવિત્ર, દિવ્ય, વિવાહ (૨)
૩૪. ચોક્કસ (૩)
૩૫. વૃદ્ધાવસ્થા (૪)

**ઊભી ચાવી**

૧. સિંહની વાઇફ (૩)
૨. પરાજય પછી ગળામાં પહેરો (૨)
૩. મેં એને --- જવાબ આપી દીધો (૫)
૫. --- અમે ગોત્યુ ગોત્યું ને ક્યાંય ના જડ્યું (૨)
૬. દસ વર્ષનો સમૂહ (૩)
૮. શુભેચ્છા (૫)
૧૦. યોગ્યતા (૪)
૧૨. અભિપ્રાય, મત (૨)
૧૩. ઘટતી કિંમત કરવી તે (૩)
૧૫. ખરબચડું (૨)
૧૬. નશીલો પદાર્થ (૩)
૧૭. પોતાની જાતે (૪)
૨૦. બદલી, ટ્રાન્સફર (૪)
૨૧. વૃત્તિ, ઝોક, ઊથલો (૩)
૨૨. માનવ, મનુષ્ય (૩)
૨૫. ખેંચાણ (૪)
૨૭. સમક્ષ, સન્મુખ, મોઢામોઢ (૩) (જો.છૂ.)
૨૯. પૂતળું (૩)
૩૧. --- વર્ષે નવરાત્રિ આવે (૨)
૩૨. પૂરનું પાણી, પ્રવાહ (૨)
૩૩. તમને માન આપું? (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'હાલાજી તારા હાથ વખાણું કે પટી તારા પગલાં વખાણું' પંક્તિમાં પટી શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) પતિ બ) પગ ક) ઘોડી ડ) ઊંટ

### માતૃભાષાની મહેક

'આનંદનો ગરબો'માં શક્તિની ભક્તિ અને બહુચરાજીનું સંકીર્તન છે. 'મહાકાળીનો ગરબો'માં પાવાગઢની મહાકાળીના કોપનું કથાગીત છે. 'આરાસુરનો ગરબો'માં ભવાનીની સ્તુતિ છે અને 'અંબાજીના શણગારનો ગરબો'માં વર્ણન છે. આ રીતે ત્રણેય શક્તિપીઠોનો ઉલ્લેખ જોવા મળે છે.

### ગુજરાત મોરી મોરી રે

'નવરાત્રી જેવા આયોજન સાંસ્કૃતિક ધરોહરને બચાવવાની દિશામાં પગલું છે' વાક્યમાં ધરોહરનો અર્થ જણાવો.

અ) ધરતી બ) પ્રાથમિકતા ક) વારસો ડ) પ્રમાણપત્ર

### ઈર્શાદ

હમ્બો હમ્બો વિંછૂડો અરરર માડી રે,
છાણાં વીણવા ગઇ'તી, રે,
મા, વિંછૂડો, હમ્બો હમ્બો વિંછૂડો

### સુડોકુ-૭૦૦૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | | | | | | ૧ |
| ૫ | ૧ | | ૬ | | ૯ | | ૪ | ૩ |
| | ૯ | | | ૩ | | | ૬ | |
| ૬ | | | ૨ | | ૫ | | | ૪ |
| | | ૮ | | | | ૫ | | |
| ૯ | | | ૩ | | ૭ | | | ૨ |
| | ૬ | | | ૧ | | | ૨ | |
| ૧ | ૩ | | ૫ | | ૮ | | ૭ | ૬ |
| ૮ | | | | | | | | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૦૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૨ | ૧ | ૬ | ૪ | ૭ | ૯ | ૫ | ૩ |
| ૭ | ૩ | ૯ | ૫ | ૨ | ૧ | ૬ | ૪ | ૮ |
| ૬ | ૪ | ૫ | ૮ | ૯ | ૩ | ૨ | ૭ | ૧ |
| ૫ | ૧ | ૪ | ૭ | ૬ | ૨ | ૮ | ૩ | ૯ |
| ૨ | ૭ | ૬ | ૩ | ૮ | ૯ | ૪ | ૧ | ૫ |
| ૯ | ૮ | ૩ | ૪ | ૧ | ૫ | ૭ | ૬ | ૨ |
| ૩ | ૯ | ૮ | ૧ | ૭ | ૬ | ૫ | ૨ | ૪ |
| ૧ | ૬ | ૨ | ૯ | ૫ | ૪ | ૩ | ૮ | ૭ |
| ૪ | ૫ | ૭ | ૨ | ૩ | ૮ | ૧ | ૯ | ૬ |

### માઈન્ડ ગેમ

પારંપરિક ગરબા ભૂલાતા ગયા અને એની જગ્યાએ આધુનિક શૈલીના ગરબા આવ્યા. આપેલા વિકલ્પોમાંથી ગરબાના સ્ટેપ્સનું નામ ઓળખો.

અ) પંચિયું બ) ત્રેવડ
ક) દોઢિયું ડ) સપ્તમી

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ૧૯૧૭ | સાબરમતી આશ્રમ |
| ૧૯૧૯ | નવજીવનનો પ્રથમ અંક |
| ૧૯૨૫ | સત્યના પ્રયોગો |
| ૧૯૩૧ | ગોળમેજી પરિષદ |
| ૧૯૪૨ | 'ભારત છોડો' આંદોલન |

ઓળખાણ પડી? રાજકોટ

માઈન્ડ ગેમ જમનાલાલ બજાજ

ચતુર આપો જવાબ અર્થ જણાવો કાયા

ગુજરાત મોરી મોરી રે આરોગ્યની ચાવી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ભારતી બુચ (૪) નીતા દેસાઈ (૫) ડૉ. પ્રકાશ કટકિયા (૬) ભારતી પ્રકાશ કટકિયા (૭) સુભાષ મોમાયા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) તાહેર ઔરંગાબાદવાલા (૧૦) ધીરેન્દ્ર ઉદેશી (૧૧) ગીતા ઉદેશી (૧૨) પ્રતીમા પમાણી (૧૩) વિભા મહેશ્વરી (૧૪) મહેશ દોશી (૧૫) લજિતા ખોના (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) પુષ્પા પટેલ (૧૯) ખુશરૂ કાપડિયા (૨૦) જ્યોતિ ખાંડવાલા (૨૧) શ્રદ્ધા આશર (૨૨) નૂતન વિપીન (૨૩) મીનળ કાપડિયા (૨૪) નિતીન બજરિયા (૨૫) ભાવના કર્વે (૨૬) મનીષા શેઠ (૨૭) ફાલ્ગુની શેઠ (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) અશોક સંઘવી (૩૦) મીના ભગત (૩૧) રજનીકાંત પટવા (૩૨) સુનીતા પટવા (૩૩) વિણા સંપટ (૩૪) દેવેન્દ્ર સંપટ (૩૫) અંજુ ટોલિયા (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) હર્ષા મહેતા (૩૮) શિલ્પા શ્રોફ (૩૯) સુરેખા દેસાઈ (૪૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૧) જગદીશ ઠક્કર (૪૨) પ્રવીણ વોરા (૪૩) જ્યોત્સના ગાંધી (૪૪) હિના દલાલ (૪૫) ઈનાક્ષી દલાલ (૪૬) રમેશ દલાલ (૪૭) અરવિંદ કામદાર (૪૮) જયવંત પદમશી ચિખલ (૪૯) કલ્પના આશર

# રાજ્યમાં તા.૧૧ ઓક્ટોબરે આયુષ્માન આરોગ્ય શિબિર યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)
અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ૧૪મા મુખ્ય પ્રધાન તરીકે તા.૭ ઓક્ટોબર, ૨૦૦૧ના દિવસે શપથ લઈને રાજ્યની વિકાસ યાત્રાની કરવટ બદલી હતી. આ વિકાસની ગતિ સતત ચાલુ રહે તે માટે ગુજરાત સરકાર દ્વારા તા. ૭ થી ૧૫ ઓક્ટોબર સુધી ગુજરાતમાં 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. ૧૧ ઓક્ટોબરે રાજ્યમાં પેટા આરોગ્ય કેંદ્ર, આયુષ્માન આરોગ્ય મંદિર, તેમ જ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આયુષ્માન આરોગ્ય શિબીરનું આયોજન કરવામાં આવશે.

રાજ્યના આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર આયુષ્માન આરોગ્ય શિબીરમાં જિલ્લાના કોઈ પણ એક સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે નિષ્ણાંત સેવાઓની ઉપલબ્ધતા એટલે કે સ્ત્રીરોગ ચિકિત્સક, બાળરોગ નિષ્ણાત, સર્જન, એનેસ્થેટીસ્ટ, આંખના નિષ્ણાત, ઇએનટી નિષ્ણાત, ત્વચા રોગ ચિકિત્સક, મનો ચિકિત્સક, ડેન્ટલ સર્જન વગેરે નિષ્ણાતો ની નાગરિકોને સેવા મળશે, ઓપરેશન (માઇનર-મેજર), એમટીપી, મોતિયાના ઓપરેશનો વગેરે કરવામાં આવશે. પાત્રતા ધરાવતા લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ જારી કરવામાં આવશે તેમ જ આભા (આરોગ્ય આઇડી) જનરેટ કરવાના રહેશે. આર એમ એન સી એચપ્લસ એની સેવાઓ, ટીબી સ્ક્રીનીંગ અને સારવાર અને સીબેક ફૉર્મ જે આશા દ્વારા ભરવા, એનસીડીની સ્ક્રીનીંગ અને સારવાર, સિકલ સેલ સ્ક્રીનીંગ અને સારવાર ની સુવિધા નાગરિકોને આપવામાં આવશે. ■

# મોહંમદ પયગંબર અંગે સોશિયલ મીડિયામાં અનુચિત ટીપ્પણી કરનાર સામે પાસા લગાડો

## ભુજના મુસ્લિમ યુવા સંગઠનની માંગ





(અમારા પ્રતિનિધિ તરફથી)
ભુજઃ ઈસ્લામ ધર્મના પયગંબર સાહેબ વિરુદ્ધ સોશિયલ મીડિયા પર અણછાજતી ટીપ્પણીના સંદેશા પોસ્ટ કરનારા કેટલાક સ્થાનિક શખ્સો વિરુદ્ધ પાસા તળે કાર્યવાહી કરવા મુસ્લિમ યુવા સંગઠને ભુજમાં વહીવટી તંત્ર સમક્ષ રજૂઆત કરી છે. તાજેતરમાં ગાંધીધામ ખાતે હરિસિંહ જાડેજા અને વિદેશમાં બેસીને ભુજના કોડકી ગામના વતની વિમલ રબારી નામના યુવકે પયગંબર સાહેબ વિરુદ્ધ સોશિયલ મીડિયામાં ધાર્મિક લાગણી દુભાય એવી અનુચિત પોસ્ટ કરતાં બંને સામે ફોજદારી ફરિયાદો નોંધાવાઈ છે.

મુસ્લિમ યુવા સંગઠને હરિસિંહના કૃત્યને સમુદાયો વચ્ચે વૈમનસ્ય ફેલાવતું ગંભીર કૃત્ય ગણી તેને પાસામાં ફીટ કરવા રજૂઆત કરી છે. તો, વિમલ રબારી નામના યુવકનું સોશિયલ મીડિયા એકાઉન્ટ બ્લોક કરાવી તેની સામે કડક કાર્યવાહી કરવા રજૂઆત કરાઈ છે. જો કોઈ કિસ્સામાં આરોપી મુસ્લિમ હોય તો પોલીસ ખુદ ફરિયાદી બની પોતાની બધી તાકાત લગાડી આરોપીને રાઉન્ડ અપ કરી કડક કાર્યવાહી કરે છે. પરંતુ, જ્યારે મુસ્લિમ સમાજનું અપમાન કરતી આવી કોઈ ઘટના હોય તો મુસ્લિમોને દર વખતે મોટી સંખ્યામાં ટોળાં સ્વરૂપે પોલીસ મથકે જઈ રજૂઆત કરવાની ફરજ પડે છે. જો ત્રીસ દિવસમાં તેમની માગણી પર નક્કર કાર્યવાહી નહીં કરાય તો ભુજથી ગાંધીધામ એસ.પી કચેરી સુધી તિરંગા યાત્રા દ્વારા કૂચ કરવામાં આવશે તેમ દેશની સુપ્રીમ કોર્ટના દિશા નિર્દેશો મુજબ કાયદાનું અમલીકરણ કરવાની માગણી સાથે મુસ્લિમ યુવા સંગઠને ચીમકી ઉચ્ચારી છે. ■

# વેળાવદર કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન મુલાકાતીઓ-પ્રવાસીઓ માટે ૧૬ ઓક્ટોબરથી ખુલ્લું મુકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)
ભાવનગરઃ જિલ્લામાં આવેલા કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન તા.૧૬મી ઓક્ટોબરથી મુલાકાતીઓ માટે રાષ્ટ્રીય ઉદ્યાન સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી ખુલ્લુ મૂકવામાં આવનાર છે.

કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન એ ભાલ વિસ્તાર, ભાવનગર જિલ્લાનું એક બહુમૂલ્ય નજરાણું છે. અહીંનું જૈવ વૈવિધ્ય લોકોના અભ્યાસ માટે એક આકર્ષણનું કેન્દ્ર છે. મુક્ત રીતે વિહરતા કાળિયારો ઉપરાંત વરુ અને ખડમોર જેવા વન્યજીવોની ભારતભરમાં સંખ્યા ઘટી રહી છે ત્યારે આ વિસ્તાર અને તેનું વન્યજીવન સંરક્ષણ અને લોકોના સહકારથી ખૂબ સારી રીતે સચવાયેલા છે. ખાસ કરીને ઓક્ટોબરથી ફેબ્રુઆરી મહિના સુધી યાયાવર પક્ષીઓ માટે આ વિસ્તાર અભય સ્થાન છે. હેરીયર કુળના (પટ્ટાઈઓ) પક્ષીઓનું સામુદાયિક રાત્રી રોકાણ આ રાષ્ટ્રીય ઉદ્યાનને સમગ્ર વિશ્વમાં નોંધ લેવા પ્રેરે છે.

પ્રવાસીઓને રાત્રી રોકાણ માટે ઈકો-ટુરિઝમ ડેવલપમેન્ટ કમિટી, વેળાવદર હસ્તકની ડોરમેટરીમાં જ બુકિંગ ઉપલબ્ધ રહેશે. ડોરમેટરીના અગાઉથી બુકિંગ માટે મોબાઈલ નં.૬૩૫૩૨૧૫૧૫૧ - ૯૩૨૭૦૪૧૮૫૯ ઉપર સંપર્ક કરવો તેમજ નેશનલપાર્કની મુલાકાત માટેનું બુકિંગ પોર્ટલ મારફતે ઓનલાઈન થઈ શકશે જેની તમામ પ્રવાસીઓ અને પ્રકૃતિ પ્રેમીઓએ નોંધ લેવા વિનંતી કરવામાં આવી છે. ■

# ગાંધીધામના મોડવદર પાસે આખલો ભટકાતાં મોટરસાઇકલ સવારનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)
ભુજઃ તહેવારોના ચાલી રહેલા સપરમા દિવસોમાં સરહદી કચ્છમાં માર્ગ અકસ્માતની બનેલી બે જુદી-જુદી ઘટનાઓમાં બે લોકોના અકાળે મોત થતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી જવા પામી છે. એક દિવસ અગાઉ રાપર ખાતે ભૂરાંટા થયેલા અખલાઓની અડફેટે આવી ગયેલા સ્થાનિક અગ્રણીના મોતનો બનાવ હજુ લોકોના માનસપટ પર તાજો છે તેવામાં ગાંધીધામના મોડવદરથી ભચાઉ તરફ જતાં ધોરીમાર્ગ પરનો ઓવરબ્રિજ ચઢતી વખતે યમદૂત બનીને આવી ચઢેલો આખલો ભટકાતાં મોટરસાઇકલ પર જઈ રહેલા યુવકનું ગંભીર ઈજા પહોંચવાથી મૃત્યુ નીપજ્યું હતું. મરણ જનાર સંજયકુમાર ચૌધરી મૂળ બિહારના ભાગલપુરનો વતની હતો અને મીઠીરોહરમાં આવેલા લાકડાના બેન્સોમાં નાના ભાઈ સાથે મજૂરી કરીને પેટિયું રળતો હતો. ■

# ધ્રાંગધ્રાના સોલડીમાં સૂચિત મેડિકલ વેસ્ટ પ્લાન્ટના વિરોધમાં ૨૪ ગામમાં લોકોની રેલી યોજાઇ

અમદાવાદઃ ધ્રાંગધ્રાના સોલડી ગામમાં બાયોમેડિકલ વેસ્ટના પ્લાન્ટને મંજૂરી આપવાની તજવીજ શરૂ થતા સોલડી સહિત આજુબાજુના ૨૪ ગામડાના લોકોના આરોગ્યને અને ફળદ્રુપ જમીનને અસર થવાની દહેશત વ્યક્ત કરીને ગામે ગામ રેલી કાઢી પ્લાન્ટને મંજૂરી નહીં આપવાની માગણી કરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર ધ્રાંગધ્રા તાલુકાના સોલડી ગામની સીમમાં મોટો બાયો મેડિકલવેસ્ટ પ્લાન્ટ સ્થાપવા માટેની મંજૂરીની તજવીજ ચાલુ કરી દેતા પ્લાન્ટને મંજૂરી નહી આપવાની માંગણી સાથે યુવાનો દ્વારા ૨૪ ગામડામાં બાઇક રેલી દ્વારા પ્લાન્ટનો ખુલ્લો વિરોધ કરી રહ્યા છે. બીજી તરફ આ પ્લાન્ટને મંજૂરી આપવામાં આવશે તો ૨૪ ગામડાના લોકો ગાંધી ચીંધ્યા માર્ગે વિરોધ કરવાની પણ ચીમકી આપી છે. આ પ્લાન્ટમાં મોટા ભાજપના નેતાની ભાગીદારી હોવાનો પણ ગણગણાટ ચાલી રહ્યો છે. હવે આજુબાજુના ૨૪ ગામડાના લોકો એકસાથે આ બાયોમેડિકલ પ્લાન્ટનો વિરોધ કરી રહયા છે. બાયોમેડિકલ વેસ્ટ પ્લાન્ટને મંજૂરી અપાશે તો આ પ્લાન્ટના કારણે ફળદ્રુપ જમીનને પણ કાયમી નુકસાન થતું હોવાથી દાડમ, જીરા, કપાસ સહિતના પાકનો ખાત્મો થઇ શકે જેથી પ્લાન્ટની આજુબાજુની જમીનના ભાવ પણ તળીયે જઇ શકે છે એવી દહેશત વ્યક્ત કરવામાં આવી છે. ■

# સુરેન્દ્રનગર એસ.ટી.બારી હવે રાતના નવ વાગ્યા સુધી ખુલ્લી રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)
અમદાવાદઃ સુરેન્દ્રનગર એસ.ટી.ડેપોમાં અગાઉ એડવાન્સ બુકિંગની બારી બે શીફટમાં ચાલતી હતી. પરંતુ છેલ્લા ૯ માસથી આ બારી ૧ શિફટમાં ફકત સવારના ૯ થી સાંજના ૫ સુધી કરી દેવાતા મુસાફરો પરેશાન થતા હતા. આ અંગેની છેક વિભાગીય નીયામક, રાજકોટ સુધી રજૂઆતો બાદ એડવાન્સ બુકીંગની બારી બે શિફટમાં કરી દેવાઈ છે.

સુરેન્દ્રનગર એસ.ટી.ડેપોમાંથી ઉપડતી બસોના સમય પહેલા અડધો કલાક પહેલા એડવાન્સ બુકિંગ અને ઈન્કવાયરીની બારી ખુલી જતી હતી. જેમાં ૨ શીફટમાં કામ થતું હતું. ત્યારે સવારે સુરેન્દ્રનગરથી સૌ પ્રથમ ૪-૪૫ કલાકે ઉપડતી સુરેન્દ્રનગર-પાવગઢ રૂટ, ત્યારબાદ સુરેન્દ્રનગર-અમદાવાદ વોલ્વો સહિતની બસો માટે મુસાફરો થોડો સમય પહેલા જઈને એડવાન્સ બુકીંગ કરાવી શકતા હતા. પરંતુ છેલ્લા ૯ માસથી આ બારીની શીફટ ૨ માંથી ૧ કરી નાંખવામાં આવી છે. અને તેનો સમય સવારના ૯ થી સાંજના ૫ નો કરી દેવાયો હતો. જેને લીધે મુસાફરોને સવારના સમયે એડવાન્સ બુકિંગ કરાવવામાં મુશકેલી પડે છે. આ ઉપરાંત કોઈને મુસાફરી રદ થાય અને રિફંડ લેવુ હોય તો પણ તેઓને મળી શકતુ નથી. આ વાત ધ્યાને આવતા સુરેન્દ્રનગર એસ.ટી.સલાહકાર સમિતીના સભ્ય વનરાજસિંહ રાણાએ ધારાસભ્ય અને નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણા, જિલ્લા ભાજપ પ્રમુખ હિતેન્દ્રસિંહ ચૌહાણ, કલેકટર કે.સી.સંપત અને છેક રાજકોટ વિભાગીય નિયામક સુધી રજૂઆતો કરી હતી. એસ.ટી.વિભાગ દ્વારા હવે ફરી એડવાન્સ બુકિંગની બારીની બે શીફટ કરાતા મુસાફરોમાં આનંદ ફેલાયો છે. ■

# પીઓપીના પાઉડરની આડમાં દારૂની હેરાફેરીનો પર્દાફાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)
અમદાવાદઃ સુરેન્દ્રનગર પોલીસે પીઓપી પાઉડરની આડમાં લઈ જવાતા દારૂ સહિત રૂ. ૪૩,૦૭,૫૪૬ના મુદ્દામાલ સાથે ચાલકને ઝડપી લીધો હતો.

સુરેન્દ્રનગર જિલ્લામાંથી પસાર થતા અમદાવાદ-રાજકોટ હાઈવે પર અને અમદાવાદ-કચ્છ હાઈવે પર અવારનવાર દારૂની હેરાફેરી ચાલી રહી હોવાની બાતમીના આધારે એલસીબી ટીમ માલવણ હાઈવે પર પેટ્રોલીંગ કરી રહ્યા હતા. આ દરમિયાન માલવણથી ધ્રાંગધ્રા તરફ વિદેશી દારૂ ભરેલી ટ્રકને અખીયાણા પાસે શંકાસ્પદ ટ્રક આવતા તેને રોકી તપાસ કરતા તેમાં પીઓપી પાવડરની આડમાં દારૂ લઈ જવાતો હોવાનું ધ્યાને આવ્યુ હતુ. પોલીસે ટ્રક ચાલક રાજસ્થાનના હનુમાનગઢ જિલ્લાના બલકરણસિંહ જટને દારૂની ૩૪૩૨ બોટલ, બીયરના ૫૬૮૮ ટીન મળી કુલ રૂ.૨૭,૭૬,૨૯૬, રૂ. ૧૫ લાખનો ટ્રક, રૂ.૫ હજારનો મોબાઈલ અને પીઓપી પાવડરની ૪૨૫ થેલી કિંમત રૂપિયા ૨૧,૨૫૦ સહિત કુલ રૂ. ૪૩,૦૭,૫૪૬ની મતા સાથે ઝડપી લીધો હતો. આ શખ્સની પ્રાથમિક પૂછપરછમાં આ દારૂ પંજાબથી મંગાવી બલવીરકુમાર સોનદાસ સ્વામીએ ભરી આપ્યો હતો. અને બાડમેરનો હિરસીંગ ફોનમાં ડાયરેકશન આપે તે મુજબ દારૂ માળીયા તરફ લઈ જવાનો હતો. ત્રણેય સામે પોલીસે મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઇ છે. ■

# માલવણ હાઈવે પરથી ટેન્કરોમાંથી ખાદ્યતેલની ચોરી કરનાર મુખ્ય આરોપી પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)
અમદાવાદઃ ધ્રાંગધ્રા-માલવણ હાઇવે ઉપરના પીપળીના પાટીયા પાસેની હોટલની પાછળ ટેન્કરોમાંથી તેલ ચોરનારી ટોળકીનો પર્દાફાશ કરીને પોલીસે આ તેલચોર ગેંગના મુખ્ય આરોપીને ઝડપી લીધો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર માલવણ વિસ્તારના વર્ષોથી ચાલુ વાહને ચોરી,લોખંડચોરી અને આવા તેલ કે કેમિકલ ચોરી માટે પંકાયેલો છે. ધ્રાંગધ્રા-મલાવણ હાઇવે ઉપરના પીપળી ગામના પાટિયા પાસે આવેલી હોટલની પાછળ ગેરકાયદેસર ખાદ્ય તેલનો કારોબાર ચાલતો હોવાની બાતમીના આધારે સી.આઇ.ડી.ક્રાઇમની ટીમે રેડ કરીને રેકેટનો પર્દાફાસ કર્યો હતો. ખાદ્યતેલ માટે ટેંકર ચાલકોનો સંપર્ક કરી હોટેલે ઉતારી વેચવાનો મુખ્ય આરોપી નરેદ્રસિંહ જાડેજા અને ત્રણ મજુરોને ઝડપી રાજકોટ લઇ જઈ સીઆઈડી ક્રાઇમ બ્રાન્ચે બાકીનાની તપાસ હાથ ધરી છે. રેડ દરમ્યાન તેલના મુંદ્રાથી આવેલા ટેન્કરોમાંથી પ્લાસ્ટિકના ૨૦૦ લિટરના બેરલોમાં તેલ કાઢતા હોવાનું ઝડપાયુ હતુ. પોલીસે તેલ ભરેલા ટેન્કરો,કાર,પ્લાસ્ટીકના બેરલો ભરેલો ટેમ્પો,મોબાઇલ મળી કુલ રૂ.૧.૫૭ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી ૧૩ શખ્સો અને નામ ખુલે એ તમામ સામે સી.આઇ.ડી.ક્રાઇમ રાજકોટમાં પોલીસ ફરિયાદ દાખલ કરી તપાસ હાથ ધરી છે. ■

# મોરબીના ગૂંગણ ગામે માતા અને દીકરીના ખેત તલાવડીમાં ડૂબી જતા મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)
અમદાવાદઃમોરબીના ગૂંગણ ગામની સીમમાં ખેત તલાવડીમાં ડૂબી જતા ૨૦ વર્ષીય માતા અને સાત માસની પુત્રીનું મોત થતા પંથકમાં ગમગીની વ્યાપી ગઈ છે. મોરબી ફાયર ટીમે મૃતદેહ બહાર કાઢી પીએમ અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ગૂંગણ ગામની સીમમાં ખેત તલાવડીમાં માતા અને પુત્રી ડૂબ્યા હોવાની માહિતી મળતા મોરબી ફાયર ટીમ દોડી ગઈ હતી અને તરવૈયાઓની ટીમે માતા તથા દીકરીની શોધખોળ ચલાવી હતી. મૃતક વિલાશબેન કલ્પેશભાઈ ડામોર (ઉ.વ. ૨૦) અને તેની દીકરી શરીના (ઉં.વ. ૭ માસ) એમ બંનેના મૃતદેહ બહાર કાઢી પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ બાળકી શૌચક્રિયા કરી હોય જેથી માતા ધોવા માટે લઇ ગઈ હતી અને પગ લપસી જતા બંને પાણીમાં ખાબકી હતી અને ડૂબી જતા મોત થયા હતા. ■

# ધંધુકામાં ભક્તિ ફેરીના બહાને આવેલી બે મહિલા ઠગોએ સોનાના દાગીના તફડાવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)
અમદાવાદઃધંધુકા શહેરના અંબાપુરા વિસ્તારમાં ભક્તિ ફેરી માટે આવ્યાનું બહાનું આપી બે બહેનોએ ત્રણ લોકોને કેફી વસ્તુ સુંઘાડી સોનાનો ચેન તથા રોકડ સાથે કુલ ૬૩ હજારની ચોરીને ભરચક વિસ્તારમાં ભર બપોરે અંજામ આપી રફુચક્કર થઈ જવાની ઘટના પોલીસ ચોપડે નોંધાઇ છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર નવરાત્રીના પાવન દિવસોમાં જ પોલીસ મથકની પાછળના જ વિસ્તારમાં ઠગ ટોળીએ કારસ્તાન કરતા લોકો ભયભીત બન્યા છે અને ધંધુકા શહેર અને પંથકમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોવાના આક્ષેપો થઇ રહ્યાં છે. ધંધુકા અંબાપુરા વિસ્તારમાં રહેતા મીનાબેન હસમુખભાઈ મેળજીયા તેમના ઘરે હતા ત્યારે બે બહેનો ભક્તિ ફેરી કરવા આવ્યા છીએ તેવું જણાવતા મીનાબેનના પતિ પણ ઘરે આવ્યા હતા અને ત્યાર બાદ બન્ને અજાણી બહેનોએ પર્સમાંથી કંઈક કાઢી હસમુખભાઈ અને તેમના મમ્મીને સુંઘાડી દીધું હતું અને ચા બનાવવા ગયેલા મીનાબેનને પણ કંઈક સુંઘાડી દેતા ત્રણેય લોકો બેભાન થઈ ગયા હતા અને બન્ને ઠગ બહેનોએ હસમુખભાઈના ગળામાં પહેરેલ સોનાનો ચેન અને રોકડ રકમ લઈ રફુચક્કર થઈ ગઈ હતી.થોડા સમય બાદ પડોશી તેમના ઘરે આવતા તેમણે બેભાન અવસ્થામાં પડેલા ત્રણેય લોકોને પાણી છાંટતા ભાન આવ્યું હતું અને તેમની સાથે આવી અઘટિત ઘટના ઘટી ગઈ હોવાનું માલુમ પડતા ધંધુકા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી. ધંધુકા શહેર અને પંથક વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સતત કથળી રહી છે લોકો પોલીસની સક્રિયતાને લઈ સવાલો ઉઠાવી રહ્યા છે. ■

# આડા સંબંધમાં મારી પુત્રીની હત્યા કરીઃ થાનમાં સાસુનો જમાઈ સામે આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)
અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લાના થાનમાં આવેલા આંબેડકરનગરમાં રહેતી પરિણીતાએ પતિ સહિતના સાસરીયાના ત્રાસથી ગળેફાંસો ખાઇ આપઘાત કરી લેતા મૃતક પરિણીતાના માવતર પક્ષે જમાઇને બીજી મહિલા સાથે આડા સંબંધ હોવાથી પુત્રીને મારી નાખ્યાનો આક્ષેપ કર્યો છે.

પોલીસે આક્ષેપના પગલે પરિણીતાના મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો અને પરિણીતાને ત્રાસ આપી મરવા મજબૂર કરનાર પતિ સહિતના સાસરિયા વિરુદ્ધ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પ્રાપ્ત વિગતો મુજબ થાનમાં આંબેડકરનગરમાં જૂના વાસમાં રહેતી બિન્કલબેન ઉર્ફે રીન્કલબેન દર્શનભાઇ પારધી (ઉં.વ. ૨૭) નામની પરિણીતા પોતાના ઘરે હતી, ત્યારે સવારના દસેક વાગ્યાના અરસામાં લાકડાની આડીમાં ચુંદડી બાંધી ગળેફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. મૃતક પરિણીતાની માતા સહિતના પરિવારે હત્યાનો આક્ષેપ કરતા પોલીસે શારીરિક માનસિક ત્રાસ આપી મરવા મજબૂર કરનાર પતિ દર્શન ભૂપતભાઇ પારધી, સસરા ભૂપત ગોવિંદભાઇ પારધી, સાસુ શાન્તુબેન પારધી, જેઠ માલાભાઇ પારધી, નણંદ જયોતીબેન હરેશભાઇ અને નણંદોઈ હરેશભાઇ વિરુદ્ધ થાન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

મૃતક પરિણીતાની માતા હંસાબેન વિરજીભાઇ પરમાર (રહે. નવી મોરવાડ, તા.ચુડા)એ ફરિયાદમાં જણાવ્યું હતું કે, જમાઇ દર્શન પારધીને આડા સંબંધ હોવાથી તે મારકૂટ કરતો હતો. પતિ સહિતના સાસરીયાઓ ત્રાસ ગુજારતા હતા. ■

# દ્વારકા-જામનગર હાઈવે પર અકસ્માતમાં સાતનાં મોતઃ ૨૦થી વધુ ઘાયલ

અમદાવાદઃ દ્વારકા- જામનગર હાઇવે પર ગોઝારા અકસ્માતની ઘટના બની હતી. જૂનાગઢની કાર, અમદાવાદની કાર અને એક ખાનગી ટ્રાવેલ્સની લકઝરી બસ વચ્ચે અકસ્માત થયો હોવાના પ્રાથમિક અહેવાલ મળ્યા હતા. આ અકસ્માતમાં ૭ લોકો મૃત્યુ પામ્યાં હોય તેવા પણ સમાચાર મળ્યા હતા. જ્યારે અનેક લોકો ઇજાગ્રસ્ત થતા નજીકની હૉસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. સ્થાનિક પોલીસની ટીમ, ૧૦૮ ઇમરજન્સી સેવા ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

આ ગમખ્વાર અકસ્માત અંગે મળતી માહિતી મુજબ દ્વારકાથી ૬ કિમી દૂર બરડિયા ફર્ન હોટેલ પાસે બસ, ઇકો, સ્વીફ્ટ અને બાઇક વચ્ચે અકસ્માત સર્જાતાં ૭ લોકોનાં મોત થયાં હતાં. જ્યારે ૨૦થી વધુ લોકો ઘાયલ થયા હોવાની માહિતી મળી હતી. ઘાયલ લોકોને ખંભાળિયા તેમ જ દ્વારકા હૉસ્પિટલ લઈ જવાયા છે. મૃત્યુઆંક વધવાની સંભાવના હોવાથી જામનગરની જી. જી હૉસ્પિટલના સ્ટાફને પણ સ્ટેન્ડ બાય રખાયો છે.

અકસ્માતની જાણ થતાં જ જામનગરના સાંસદ પૂનમ માડમ, કેબિનેટ પ્રધાન મુળુભાઇ બેરા, ધારાસભ્ય પબુભા માણેક સહિતના નેતાઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ■

# સાયલા નજીક હોટેલમાંથી વેપારીના સાડીના પાર્સલ ચોરી કરનારા ત્રણ ચોર પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)
અમદાવાદઃ સાયલા હાઈવે પરની હોટલમાં મૂળીના વેપારીના આવેલા સાડીના પાર્સલો ચોરાયા બાદ પોલીસે ગણતરીના દિવસોમાં જ ત્રણ ચોરને ઝડપી લઇને તેમની પાસેથી ચોરેલી સાડી, રોકડ અને વાહન સહિત રૂપિયા ૧૦,૭૬,૨૬૦ની મત્તા કબજે કરી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર મુળી તાલુકાના ગઢાદ ગામે રહેતા ૩૮ વર્ષીય મયુરસીંહ રાણુભા પરમાર સાડીનો વેપાર કરે છે. તેઓએ સુરતમાંથી સાડીના પાર્સલો મગાવ્યા હતા. આ પાર્સલ સુરતથી ખાનગી ટ્રાવેલ્સમાં મોકલવામાં આવ્યુ હતુ. છેલ્લાં પાંચેક વર્ષથી મયુરસીંહ તેમના આવતા પાર્સલો સાયલા હાઈવે પર આવેલ શિવશકિત હોટલે મુકાવે છે. ગત તા. ૧૫મીના રોજ પણ આવેલા પાર્સલ તેઓએ ત્યાં ઉતરાવ્યા હતા. બે દિવસ પછી તેઓ પાર્સલ લેવા જતા પાર્સલ ચોરાયાની જાણ થઈ હતી. સીસીટીવીમાં ચેક કરતા પાર્સલ છોટા હાથીમાં કોઈ ચોરી ગયાનું ધ્યાને આવ્યું હતું. મયૂરસિંહે સાયલા પોલીસ મથકે તા. ૬ઠ્ઠીએ અજાણ્યા શખ્સો સામે ૭૨,૨૬૦ની સાડીઓ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ નોંધાવી હતી. આ બનાવની ફરિયાદ નોંધાતા પોલીસે તપાસના અંતે રાજકોટના પ્રકાશ સંજયભાઈ વણપરા, શૈલેષ વીરજીભાઈ સાસકીયા અને મુકેશ રામાભાઈ વડુચીયાની પૂછપરછ કરતા તેઓએ આ પાર્સલ ચોર્યાની કબૂલાત કરી હતી. પોલીસે રૂ.૩૪ હજારની સાડી, રોકડા રૂપિયા ૩૮,૨૬૦ અને રૂપિયા ૧૦ હજારના છોટા હાથી સહિત કુલ રૂપિયા ૧૦,૭૨,૨૬૦ની મત્તા સાથે ત્રણેયને ઝડપી ગુનાનો ભેદ ગણતરીની કલાકોમાં ઉકેલ્યો હતો. ■

# રાજકોટમાં મોડી રાત સુધી ગરબા રમવા અંગે પિતાએ ઠપકો આપતા પુત્રએ કર્યો આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)
અમદાવાદઃ રાજકોટમાં નવરાત્રીની શરૂઆતમાં જ ગરબે રમવા જવાની પિતાએ ના પાડતા કોલેજીયન યુવતીએ આપઘાત કરી લીધો હતો, આવો જ વધુ એક બનાવ સામે આવ્યો છે. જેમાં વાલ્મિકી વાડી કવાર્ટરમાં મોડે સુધી ગરબા રમવા બાબતે પિતાએ ઠપકો આપતા નવપરિણીત પુત્રએ ગળેફાંસો ખાઇ આપઘાત કર્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ વાલ્મિકી વાડી આવાસ યોજનાના ક્વાર્ટર નંબર ૧૧૬માં રહેતા વિનય બારૈયા (ઉ.વ.૨૩) નામના યુવકે સવારે પોતાના ઘરે રૂમમાં લાકડાની આડી સાથે ચુંદડી બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.વિનય સવારે મોડા સુધી રૂમમાંથી બહાર ના આવતા પત્ની, બહેન સહિતના લોકોએ દરવાજો ખટખટાવ્યો હતો. જો કે દરવાજો ના ખુલતા તોડીને અંદર જોતા ચુંદડીના છેડે મૃતદેહ લટકતો હતો. જેથી તેને ઉતારી સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબોએ મૃત જાહેર કર્યો હતો. આ બાબતે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરીને જાણ કરતા પ્ર.નગર પોલીસનો કાફલો હોસ્પિટલ દોડી આવ્યો હતો. જ્યાં જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. ■